શ્રી ગુણહેતોતમ હારમાળા

# પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

કિમત

સદુપયોગ

:: છપાવી પ્રસિદ્ધ કરનાર ::

શા. અભેચંદ વંદ્રાવન

પોરબંદરવાલા.

॥ ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી ગુણહેતોત્તમ હરમાળા

# પ્રાચિન સ્તવનાદિ સંગ્રહ

( આવૃતિ ચોથી )

★

જામનગરવાળા પૂ. હેતશ્રીજી મહારાજના સદ્દઉપદેશથી
પોરબંદરવાલા શા. અભેચંદ વંદ્રાવનના ધર્મપત્નિ
બાઇ માણેક તરફથી ભેટ.

:: છપાવી પ્રસિદ્ધ કરનાર ::

શા. અભેચંદ વંદ્રાવન

★

સંવત્ ૨૦૧૫] પ્રતિ ૫૦૦ [સને ૧૯૫૮

કિંમત—સદુપયોગ

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
શ્રીમાન બાળબ્રહ્મચારી આચાર્ય મહારાજ
શ્રીમાન વિજયકમળસૂરીશ્વરેભ્યો નમઃ
શ્રીમાન આગમોદ્ધારક આચાર્ય મહારાજ
સાગરાનંદસૂરીશ્વરેભ્યો નમઃ
મહાન ઉપકારી દીર્ઘદીક્ષિત
પૂજ્ય ગુરુશ્રીજી મહારાજને નમઃ

# સાધ્વીજી મ. શ્રી હેતશ્રીજીનું જીવનચરિત્ર

જીવનચરિત્ર લખવું એ મુશ્કેલ કાર્ય તો છે જ, પણ તેમાં ય હૈયાત માનવીના જીવનના પાસાંઓનું દર્શન કરાવવું અતિ મુશ્કેલ છે. કેટલીક વખત તેમના જીવનને સમજવામાં જ મુશ્કેલી પડે છે. સંભવ પણ હોય છે કે આપણે તેમના જીવનને પૂર્ણ ન્યાય ન પણ આપી શકીએ પણ મહાન આત્માઓના કેટલાક ગુણો, તેમના કર્તવ્યો આપણી નજરે તરે છે. તેથી જ તેમના માનવગુણોને આપણે એક નાની પુસ્તિકામાં પણ બતાવીએ ત્યારે જ સંતોષ થાય છે.

પૂ. મહારાજશ્રી હેતશ્રીજી મહારાજનું જીવન તો અનેરું છે. તેમનું જન્મસ્થાન ગગનચુંબી જિનાલયોથી શણગારિત જામનગર. સંવત ૧૯૩૪ના માહ સુદ ૫ના રોજ તેમનો જન્મ થયો. તેમનું નામ ઉજમ બાઇ. પૂ. માતુશ્રી તેમજ પૂ. પિતાશ્રીનું નામ કડવીબાઇ અને પ્રાગજી હતું ''પુત્રના લક્ષણ પારણામાંથી'' એ ન્યાયે બાળપણથી જ એનું તેજ પ્રકાશવા માંડ્યું. દુધ સાથે સાકર ભળે તેમ તેના ઉત્તમ સંસ્કારોમાં ધાર્મિક સંસ્કારો મળ્યા. બહુજ નાની ઉંમરે —માત્ર તેર વર્ષની ઉંમરે તેમના લગ્ન થયાં. હજુ તો પિયરમાં ઉછરતાં હતાં ત્યાં જ લગ્ન પછી ૭ માસમાં જ કર્મસંયોગે તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું.

કર્મસત્તાનું જોર માનવી ક્યાં સુધી ટકે ? કર્યાં ભોગવવાના જ છે,

જેમના સદુપદેશથી આ બુક છપાવી
પ્રસિદ્ધ થઇ છે.



ગુરૂણીજી મહારાજ શ્રી હેતશ્રીજી મહારાજ

જન્મ સં. ૧૯૩૪
માહ શુદ ૫ ને ગુરૂ

દીક્ષા સં. ૧૯૫૯
કારતક વદ ૭ ને બુધ

તો પછી મહામુલો માનવ દેહ તેનો લાભ કેમ ન ઉઠાવવો ? એવી વિચારણા કરતાં દુર્લભ એવા ચારિત્રના પંથે જવા તેમનો વિચાર થયો. પરંતુ હજુ સંસારની સાંકળ તુટે તેમ ન હતી. ભાતૃપ્રેમના બળ આગળ તેમણે સંસારમાં રહેવું પડ્યું. પરંતુ સંસારમાં પણ વૈરાગ્યની સાધના ઉત્તમ રીતે થઇ શકે છે એમનો દાખલો એમણે પુરો પાડયો પવિત્ર તીર્થોની યાત્રા કરી. નવાણું, ચોમાસું વિ યાત્રાઓ કરી. તપશ્ચર્યા તો જાણે સામાન્યે બની ગઇ. વીશસ્થાનકની ઓળી, વરસીતપ, કલ્યાણક વિ. તપશ્ચર્યા તેણે કરી.

છતાં યે સંસાર એ સંસાર. ચારિત્ર વિના સિદ્ધિ નથી. એ ન્યાયે ૨૪ વર્ષની ઉંમરે સંસારના તાપને છોડી ઇ. સ ૧૯૫૯ કારતક વદ ૭ના દિને સંતોકબાઇ સાથે પૃ મ શ્રી ગુણશ્રીજી પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. પછી તો ઉજ્જવલ સંસાર જીવન માફક વૈરાગ્ય જીવનને પણ શ્રેષ્ઠ બનાવવાના પ્રયત્ન શરૂ કર્યો.

જૈનધર્મના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવા શરૂ કર્યો. આજપણ એજ એનું ધ્યેય છે. સતત અભ્યાસને તપશ્ચર્યાથી વૈરાગ્ય જીવનને એ અંગીકાર કરે છે. શાંત સ્વભાવ એમની સુવાસ પાથરી રહ્યો છે.

તેમની વાણી પણ મધુરી છે. તેમની અસરકારક સમજાવટ ભલ ભલાના હૃદયમાં સોંસરવી ઉતરી ગઇ છે. તેમનાજ ઉપદેશથી મહિલાઓ આગળ આવે એમ ધારી જામનગર, રાણપુર, સુરેન્દ્રનગર, ભાવનગર શિહોર ચૂડા, તળાજા વિ. ગામોમાં મહિલા મંડળો સ્થપાયા છે. બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવવા માટે જામનગર, રાણપુર અને લાલમાં પાઠશાળાઓ ખુલી છે. રાણપુરમાં વર્ધમાનતપનું ખાતું તેણે ખોલાવેલ છે.

આજ તો એમની અવસ્થા થઇ છે. છતાંય તેમની વૈરાગ્યભાવના એટલીજ ઉંડી છે. તેમની શાંતિ વિચારમાં નાખી દે તેવી છે. આપણે તો એમની પાસે કઇ આશા રાખી શકીએ. એમના આશીર્વાદ મળે એજ અભિલાષા આપણે રાખીએ. એજ અસ્તુ.

## જામનગરવાળા પૂજ્ય ગુરૂણીજી શ્રી તલકશ્રીજી તેમના શિષ્યા ધીરશ્રીજી તેમના શિષ્યા ગુણશ્રીજી તેમના શિષ્યા હેતશ્રીજી પરિવારે કરેલા ચોમાસાની યાદી

૧ જામનગર
૨ વાંકાનેર
૩ રાજકોટ
૪ રાણુપુર
૫ રાજકોટ
૬ વેરાવલબંદર
૭ લીંબડી
૮ ભાવનગર
૯ ચાણસ્સમા
૧૦ ધ્રોલ
૧૧ વડાલિ
૧૨ સિદ્ધપુરપાટણ
૧૩ અમદાવાદ
૧૪ સુરત
૧૫ સિધ્ધક્ષેત્ર
૧૬ જામનગર
૧૭ સિધ્ધક્ષેત્ર
૧૮ રાણુપુર
૧૯ ધ્રાંગધ્રા
૨૦ સુરેન્દ્રનગર
૨૧ સુરત
૨૨ બારડોલી
૨૩ મહુધા
૨૪ રાજકોટ
૨૫ પ્રભાસપાટણ
૨૬ જામનગર
૨૭ ધ્રાંગધ્રા
૨૮ લીંબડી
૨૯ રાણુપુર
૩૦ અમદાવાદ
૩૧ માંડલ
૩૨ જામનગર
૩૩ સુરેન્દ્રનગર
૩૪ જામનગર
૩૫ સિદ્ધક્ષેત્ર
૩૬ વલ્લભીપુર
૩૭ ચુડા
૩૮ શિહોર
૩૯ સિદ્ધક્ષેત્ર
૪૦ જામનગર
૪૧ બોટાદ
૪૨ કોઠ
૪૩ અમદાવાદ
૪૪ સિદ્ધપુરપાટણ
૪૫ કોઠ
૪૬ ધ્રોલ
૪૭ જામનગર
૪૮ જામનગર
૪૯ જામનગર
૫૦ જામનગર
૫૧ જામનગર
૫૨ જામનગર
૫૩ જામનગર
૫૪ જામનગર
૫૫ જામનગર

# સાધ્વીજી હરખશ્રીજીનું જીવન ચરિત્ર

---

જીવનચરિત્ર લખવાની જરૂર શું ? એ પ્રશ્ન તો અનેકને મુંઝવે છે. માનવી અનેક જન્મે છે. તેઓનું મૃત્યુ પણ નિશ્ચિત છે. પણ આપણે બધાને યાદ કરતા નથી. બધાંના જીવનચરિત્રો પણ લખતા નથી. પણ કેટલાક મહાન આત્માઓનું સુંદર જીવન અને તેમના કર્તવ્યો મૃત્યુ બાદ પણ આપણને તેઓની ઝાંખી કરાવે છે. ; તેઓના મૃત્યુ બાદ તેઓની સુવાસ તેમને જીવંત રાખે છે. એમનું જીવન કેવું હતું ? એ જાણવાની તો સહેજે જ ઇચ્છા થાય એટલે જ પૂ. મહારાજશ્રી હરખશ્રીજી મહારાજ સાહેબના જીવનચરિત્રનું ટુંક, આલેખન અસ્થાને નહિં જ ગણાય.

પૂ. મહારાજશ્રી હરખશ્રીજીનો જન્મ અર્ધ શત્રુંજય, છોટીકાશી પેરિસ વિ. અનેક ઉપનામોથી બિરદાવાએલા અલબેલા નગર જામનગરમાં વિ. સ. ૧૯૩૧માં વોરા કુટુંબમાં થયેલ. તેમના પુ. માતુશ્રી અને પુ. પિતાશ્રીના નામ અનુક્રમે હેમકોરબાઇ અને રવજીભાઇ હતા. તેમનુ નામ દેવકરબાઇ રાખવામાં આવેલ. બાલ્યવયમાં જ તેમનાં સંસ્કારો ઉત્તમ હતા. ધર્મ તરફ તેને અનુરાગ હતો. ૧૯૩૯માં ૮ વર્ષની ઉંમરે શ્રી ઓશવાલ જ્ઞાતિમાં અગ્રગણ્ય ગણાતા ઝવેરી કુટુંબમાં શ્રી કપુરચંદ પ્રાગજીના સુપુત્ર વીરજીભાઇ સાથે તેના લગ્ન થયા. સંસાર સુખ ભોગ-વતા તેમને બે પુત્રો અને એક પુત્રી થયાં એવામાં કર્મસંજોગે તેમના પતિનું અવસાન થયું.

એ એમના જીવનનો ફટકો હતો. સંસારની વિચિત્રતાઓ તેમણે નિહાળી આવેલા સૌ જવાનાં જ તો પછી ધર્મકાર્યમાંજ પછીનું જીવન

ગાળવું એવા વિચારો કરતાં તેમનાં પુણ્યકર્મ જાગી ઉઠયાં. સંસારના રાગ પર અનુરાગ ઉડી ગયો. અને ઈ. સ. ૧૯૬૯માં જન્મસ્થાનમાં જ પૂ. મ શ્રી હેતશ્રીજી મહારાજ સાહેબ પાસે ધર્મનો આશ્રય લઇ દીક્ષા ગ્રહણ

એમનું વૈરાગ્ય જીવન એ જ એમનું શ્રેષ્ઠ જીવન. એમના વૈરાગ્ય જીવનમાં દ્દષ્ટિપાત કરતાં જ તેમના ઉત્તમ ગુણો આપણી નજરે તર્યા વગર નહિ રહે. ગુરૂ ભક્તિ એ જ તેમનો આદર્શ. ધાર્મિક અભ્યાસ એ જ તેમની અભિલાષા. તપશ્ચર્યા એ જ તેમનું જીવન બન્યું ગુરૂ ભક્તિ બાબત તો તેમના ગુરૂની તેમના માટેની શાંતિ જ તેમનું પ્રમાણ પત્ર હતું વ્યવહારિક અભ્યાસ ઓછો હોવા છતાં ધાર્મિક અભ્યાસે તેનું વળતર વાળી દીધેલ. વીશ સ્થાનકની ઓળી, અઠ્ઠાઇ વિ. અનેક વિધ તપ કરી તેમણે તેમના જીવન૦ ઉચ્ચ બનાવ્યું. અને આ બધા ગુણોમાં સોનામાં સુગંધ મળે તેમ શાંતિ એમના જીવન આસપાસ જાણે કે વણાઇ ગઇ. ગમે તેવા સંજોગોમાં અત્યંત શાંતિ રાખી એમણે એમના ચારિત્ર્યને ગૌરવવાળું બનાવ્યું. એમના સંયમને દીપાવ્યો.

પણ કાળ કોઇને છોડતો નથી. ભલભલા મહાપુરૂષોને પણ એણે ખપ્પરમાં લીધા છે. ૪૪ વર્ષનું લાંબું વૈરાગ્ય જીવન ગાળતાં સુખ સમાધિપૂર્વક દીક્ષાપર્યાય પાળી સં ૨૦૧૩ના જેઠ સુદ ૧૧ના રોજ ૮૨ વર્ષની ઉંમરે એમને કાળે આપણી પાશેથી ખેંચી લીધા. —એ કાળધર્મ પામ્યા આજ એ ગયા છે. એમની સુવાસ જીવંત છે. એમના ગયાની ખોટ પુરી શકાય એમ નથી.

હા. એક વસ્તુ સત્ય છે. જીવનચરિત્ર લખવાથી આપણું કાર્ય પૂર્ણ થતું નથી. એમના જીવનમાં રહેલા ઉદાત્ત ગુણોને આપણે આપણા જીવનમાં ઉતારી આપણા જીવનને પણ શ્રેષ્ટ બનાવવા પ્રયત્ન કરીએ ત્યારે જ તેમના તરફની સાચી ભક્તિ બતાવી કહેવાય. પરમ કૃપાળુ શાસનદેવ આપણને એ શક્તિ અર્પે. એજ. અસ્તુ.

ગુરૂણીજી મહારાજ શ્રી હરખશ્રીજી મહારાજ



જન્મ સં. ૧૯૩૧ દીક્ષા સં. ૧૯૬૯

કાળધર્મ સાં. ૨૦૧૩ ના જેઠ શુદ ૧૧

ઉંમર વર્ષ ૮૨

# શ્રી ગુણશ્રીજી મહારાજ

- દેવશ્રીજી
  - ચંદનશ્રીજી
    - મણીશ્રીજી
      - રમણીકશ્રીજી
        - સુર્યપ્રભાશ્રીજી
    - સોભાગશ્રીજી
      - રંજનશ્રીજી
        - વીનયપ્રભાશ્રીજી
  - પ્રધાનશ્રીજી
  - મુક્તિશ્રીજી
    - અમૃતશ્રીજી
- માણેકશ્રીજી
  - વિવેકશ્રીજી
  - ચંદનશ્રીજી
- નિધાનશ્રીજી
- હેતશ્રીજી

સ્વ. હરકોરશ્રીજી ઉત્તમશ્રીજી સ્વ. જસશ્રીજી હરખશ્રીજી સ્વ. વલ્લભશ્રીજી સુબોધશ્રીજી સ્વ.પ્રભાશ્રીજી

તથા-સ્વ મહીમાશ્રીજી હેમશ્રીજી ચંદ્રશ્રીજી સુમતીશ્રીજી લાવણ્યશ્રીજી મયણાશ્રીજી

ૐ શ્રી પાર્શ્વજિન પ્રણમ્ય

માણેકબાઇ તે અભેચંદ વનરાવનના ધર્મપત્નીનું

# ટુંકું જીવન ચરિત્ર

માણેકબેનનો જન્મ હાલાર દેશમાં જામનગર શહેરમાં સાં. ૧૯૭૦ માગશર વદી ૫ ગુરૂવારના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ વેલજીભાઈ હતું તથા માતુશ્રીનું નામ સમસ્ત બાઇ હતું. માણેકબાઈના લગ્ન સંવત ૧૯૮૫ પોષ વદ ૬ના દિવસે પોરબંદરના રહીશ શાહ અભેચંદ વનરાવન સાથે થયેલ છે. તે બહુજ ભદ્રીક પરિણામી. શાંત સ્વભાવી અને ઉદાર દિલનાં છે. તેમણે નાની વયમાં વીશ સ્થાનકની ઓળી તથા શ્રી સિદ્ધચક્રની ઓળી, જ્ઞાનદર્શન, ચારિત્રનો અઠ્ઠમ, બાવન જિનાલયનો તપ, ઉપધાન તપ, અઠાઈ પાંચ. ચાર ઉપવાસ, પાંચમ, આઠમ, દશમ, અગિયારશ, ચૌદશ, એક અઢી માસી વિગેરે તપશ્ચર્યાઓ કરી છે વર્ધમાન તપ ચાલુ છે. જામનગરમાં વર્ધમાનશાહના દેરાસરજીમાં બે પ્રતિમા તેમણે ભરાવેલ છે.

તેમણે પુત્રના લગ્ન વખતે શાંતિસ્નાત્ર કરેલ છે. હાલમાં વિમલનાથ ભગવાનની પ્રતિષ્ઠા તથા પાંચમની ઉધાયન નિમિતે આ પુસ્તક છપાવેલ છે.

તેઓ ધાર્મિક ભાવનાવાળા છે.

દ્રવ્ય સહાયક.



અ. સૌ. મંજુલાબેન તે શેઠ અભેચંદ વંદ્રાવનદાસ કોઇમથુરવાલાના ધર્મપત્નિ

જન્મ સંવત ૧૯૭૦ માગશર વદી ૫ ને ગુરૂવાર



સ્વ. વાલુબાઈ તે અભેચંદભાઇના માતુશ્રી

# અનુક્રમણિકા


| અનુક્રમ | વિષય | | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | પ્રભુ પાસે બોલવાના દુહા | | ૧ |
| ૨ | ચૈત્ય વંદનની વિધિ | | ૧ |
| ૩ | સંખેશ્વર પાર્શ્વનાથ | ચૈત્યવંદન | ૬ |
| ૪ | અદિજિન સ્તવન | | ૮ |
| ૫ | સિદ્ધાચલનું | ચૈત્યવંદન | ૧૦ |
| ૬ | સિદ્ધ પરમાત્માનું | ,, | ૧૧ |
| ૭ | સામાન્ય જિન | ,, | ૧૧ |
| ૮ | ચોવીશ તીર્થંકરના અરૂપનું | ,, | ૧૨ |
| ૯ | ચોવીશ તીર્થંકરના દેહમાનનું | ,, | ૧૨ |
| ૧૦ | અઢારદોષ વર્જીત જિન | ,, | ૧૩ |
| ૧૧ | શાંતિનાથનું | ,, | ૧૩ |
| ૧૨ | રોહીણી તપનું | ,, | ૧૩ |
| ૧૩ | મહાવીર સ્વામીનું | ,, | ૧૪ |
| ૧૪ | નેમિનાથ જિન | ,, | ૧૫ |
| ૧૫ | શ્રી સિદ્ધચક્રના | ,, | ૧૫ |
| ૧૬ | વર્ધમાન તપનું | ,, | ૧૭ |
| ૧૭ | બીજ તથા જ્ઞાન પાંચમનું | ,, | ૧૭ |
| ૧૮ | અષ્ટમી તથા અગીયારસનું | ,, | ૧૮ |
| ૧૯ | ચૌદશ તથા પંચતીર્થનું | ,, | ૧૯ |
| ૨૦ | પર્યુષણના | ,, | ૨૦થી ૨૪ |
| ૨૧ | દીવાળીનું | ,, | ૨૪ |
| ૨૨ | સિદ્ધચક્રની થોય | | ૨૫ |
| ૨૩ | દીવાળીની સ્તુતિ | | ૨૬ |
| ૨૪ | પાર્શ્વનાથની ,, | | ૨૭ |
| ૨૫ | કુલપાકજી ચાણિક્ય સ્વામી સ્તુતિ | | ૨૭ |
| ૨૬ | નેમનાથ તથા વીશ સ્થાનકની ,, | | ૨૯ |
| ૨૭ | સિદ્ધાચલની | ,, | ૩૦ |

| | | |
|---|---|---|
| ૨૮ | મહાવીર સ્વામીની થેય ,, | ૩૧ |
| ૨૯ | બીજ તથા પાંચમની ,, | ૩૩ |
| ૩૦ | અષ્ટમી તથા અગિયારસની ,, | ૩૫ |
| ૩૧ | મહાવીર જિન સ્તુતિ | ૩૬ |
| ૩૨ | પર્યુંષણ પર્વની થોય | ૩૭ |
| ૩૩ | રોહીણીની સ્તુંત | ૩૯ |
| ૩૪ | મૌન એકાદશીની થેય | ૪૦ |
| ૩૫ | સીમંધર જિન સ્તુતિ | ૪૧ |
| ૩૬ | સંખેશ્વર પાર્શ્વનાથ સ્તુતિ | ૪૨ |
| ૩૭ | ઉપધાન તથા વર્ધમાન તપ થોય | ૪૩ |
| ૩૮ | શ્રી સીમંધર સ્વામીનું સ્તવન | ૪૪ |
| ૩૯ | આદિજિન વિનંતિ | ૪૫ |
| ૪૦ | સિધ્ધાચલજીનું સ્તવન | ૪૯ થા પર |
| ૪૧ | સુમતિનાથનું ,, | પર |
| ૪૨ | સુપાર્શ્વનાથનું ,, | ૫૩ |
| ૪૩ | મલ્લીનાથનું સ્તવન | ૫૪ |
| ૪૪ | નેમનાથનું ,, | ૫૫ |
| ૪૫ | પાર્શ્વનાથનું , | ૫૬ |
| ૪૬ | મહાવીર સ્વામીનું ,, | ૫૭ |
| ૪૭ | ગૌતમ સ્વામી વિલાપનું સ્તવન | ૫૭ |
| ૪૮ | સામાન્ય જિન .. | ૫૯ |
| ૪૯ | સીમંધર સ્વામીની વિનંતી | ૬૦ |
| ૫૦ | મહાવીર સ્વામીનું સ્તવન | ૬૧ |
| ૫૧ | વર્ધમાન તપનું સ્તવન | ૬૪ |
| ૫૨ | જામનગર ચૈત્ય પરિપાટીકાનું ,, | ૬૫ |
| ૫૩ | રોહણી તપનું ,, | ૬૫ |
| ૫૪ | સિદ્ધચક્રનું ,, | ૬૮ |
| ૫૫ | મલ્લિનાથ જિન ,, | ૭૦ |
| ૫૬ | મહાવીર સ્વામી પંચકલ્યાણનું ,, | ૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૫૭ | અટ્ઠાઈનું | ,, | ૭૯ |
| ૫૮ | ગોડીજી પાર્શ્વનાથનું | ,, | ૮૫ |
| ૫૯ | મહાવીર સ્વામીના ૨૭ ભવનું | ,, | ૯૭ |
| ૬૦ | મહાવીર સ્વામી પંચકલ્યાણક | ,, | ૧૦૪ |
| ૬૧ | શ્રી દીવાળીનું | ,, | ૧૧૨ |
| ૬૨ | બીજનું | ,, | ૧૨૪ |
| ૬૩ | પાંચમનું | ,, | ૧૨૫ |
| ૬૪ | આઠમનું | ,, | ૧૩૦ |
| ૬૫ | અગિયારસનું | ,, | ૧૩૩ |
| ૬૬ | ચોવીશ દંડકનું | ,, | ૧૩૮ |
| ૬૭ | સિદ્ધાચલજીનો ઉધ્ધાર | ,, | ૧૪૨ |
| ૬૮ | જંબુ સ્વામીના ઢાળીયા | | ૧૫૪ |
| ૬૯ | મહાવીર સ્વામીનું પારણું | | ૧૫૭ |
| ૭૦ | મહાવીર સ્વામીનું હાલરણું | | ૧૬૦ |
| ૭૧ | નેમનાથજીના સલોકો | | ૧૬૨ |
| ૭૨ | પુન્ય પ્રકાશનું સ્તવન | | ૧૬૯ |
| ૭૩ | પદ્માવતીનો સંથારો | | ૧૭૭ |
| ૭૪ | ધમ્મો મંગલની | સજ્ઝાય | ૧૭૯ |
| ૭૫ | મદનરેખાની | ,, | ૧૮૦ |
| ૭૬ | સીતાજીની | ,, | ૧૮૧ |
| ૭૭ | કમલાવતીની | ,, | ૧૮૨ |
| ૭૮ | દરિયાવહીની | ,, | ૧૮૪ |
| ૭૯ | પડિકમણા તથા ગૌતમ સ્વામીની | ,, | ૧૮૬ |
| ૮૦ | તપ તથા માનત્યાગની | ,, | ૧૮૮ |
| ૮૧ | ચંદન બાલાની | ,, | ૧૮૯ |
| ૮૨ | જંબુ સ્વામીની | ,, | ૧૯૦ |
| ૮૩ | ત્રિશલા માતાની | ,, | ૧૯૧ |
| ૮૪ | વૈરાગ્યની | ,, | ૧૯૨ |

| | | | |
|---|---|---|---|
| ૮૫ | રાગ્યની | ,, | ૧૯૩ |
| ૮૬ | નેમરાજીમતીન | ,, | ૧૯૩ |
| ૮૭ | નવકાર મંત્રની | ,, | ૧૯૪ |
| ૮૮ | ગણધરની | ,, | ૧૯૫ |
| ૮૯ | ગૌતમ સ્વામીની | ,, | ૧૯૬ |
| ૯૦ | કર્મ ઉપરની | ,, | ૧૯૬ |
| ૯૧ | રાજુલાની | ,, | ૧૯૭ |
| ૯૨ | ત્રીજા આચાર્યપદની | ,, | ૧૯૮ |
| ૯૩ | પંચમપદ | ,, | ૧૯૯ |
| ૯૪ | વર્ધમાન તપ | ,, | ૨૦૦ |
| ૯૫ | સુંદરી આયંબલ | ,, | ૧૦૧ |
| ૯૬ | રાજકુમાર તથા બીજ | ,, | ૨૦૨ |
| ૯૭ | પંચમીની | ,, | ૨૦૩ |
| ૯૮ | આઠ મદની | ,, | ૨૦૫ |
| ૯૯ | એકાદશીની | ,, | ૨૦૬ |
| ૧૦૦ | સોળ સુપનાની | ,, | ૨૦૮ |
| ૧૦૧ | પજુષણની | ,, | ૨૦૯ |
| ૧૦૨ | નવપદની | ,, | ૨૧૦ |
| ૧૦૩ | નવપદ મહાત્મ્ય શ્રીપાલની | ,, | ૨૧૧ |
| ૧૦૪ | નાગકેતુની | ,, | ૨૧૨ |
| ૧૦૫ | દેવાનંદીની | ,, | ૨૧૪ |
| ૧૦૬ | શાંતિનાથ | ચૈત્યવંદન | ૨૧૫ |
| ૧૦૭ | નેમનાથનું | ,, | ૨૧૫ |
| ૧૦૮ | પોતાના પગલા ઠાવાનો કોઠો | | ૨૧૬ |

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ કમલસૂરીભ્યો નમઃ ॥

# પ્રાચીન સ્તવનાદી સંગ્રહ.

## પ્રભુ પાસે બોલવાના દુહા

પ્રભુજી માહરા પ્રેમથી નમું, મુરતિ તાહરી જોઇને ઠરૂં;
અરર હો પ્રભુ પાપ મે કર્યા, શું થશે હવે મે બહુ કર્યાં.
માટે હો પ્રભુ તુમને વિનવું, તારજો હવે પ્રભુજીને સ્તવું;
દીનાનાથજી દુઃખ કાપજો, ભવિક જીવને સુખ આપજો.
વિમલનાથજી સ્વામી માહરા, ગુણ ગાઉં છું નિત્ય તાહરા.

૨

જન્માંતરો કરી બહુ પ્રભુ કાળ ખોયો,
તોયે નથી હજુ સુધી પ્રભુ અંત જોયો,
કયારે થશે તુમ સમો પ્રભુ આત્મા મારો,
બોલો પ્રભુ હવે નહિ ઘણું મૌન ધારો.

૩

આત્મા તણા આનંદમાં મશગુલ રેવા ઇચ્છતો,
સંસારનાં દુઃખ દર્દથી ઝટ છુટવાને ઇચ્છતો,
આપો અનુપમ આશરો પ્રભુ દીન બંધુ દેવ છો,
હુ શરણે આવ્યો તાહરે તારો પ્રભુ તારો મને

## ચૈત્ય વંદનની વીધી.

સકલ કુશલ વલ્લિ પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિરભાનુઃ કલ્પ વૃક્ષોપમાનંઃ
ભવજલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુ,
સભવતુ સતતં વઃ શ્રેયસે શાંતીનાથ. શ્રેયસે પાર્શ્વનાથ.

૪

## શ્રી વિમલનાથ જિન ચૈત્યવંદન

અષ્ટમ સ્વર્ગ થકી ચવી કંપિલપુરમાં વાસ
ઉત્તર ભાદ્ર પદે જનિ માનવ ગણ મીન રાશ
યોનિ છાગ સુહંકરૂ વિમલનાથ ભગવંત
દોય વરસ તપ નિર્જલે જંબુતલે અરિહંત
ષટ સકસ મુનિ સાધશું એ વિમલ વિમલ પદ પાય
શ્રી શુભ વીરને સાંઇશું મલવાનું મન થાય.

## જંકિંચિ

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ; જાઈં જિણબિંબાઈં, તાઇં સવ્વાઈં વંદામિ ॥ ૧ ॥

## નમુત્થુણં અથવા શક્રસ્તવ.

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઇગરાણં તિત્થયરાણં, સયંસબુદ્ધાણં, પુરિસુત્તમાણં પુરિસસીહાણં, પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, અપ્પડિહયવરનાણદંસધરાણં, વિઅટ્ટછઉમાણં, જિણાણં, જાવયાણં, તિન્નાણં, તારણાયં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં મોઅગાણં સવ્વન્નૂણં, સવ્વદરિસીણં સિવ-મયલ મરુઅ-મણંત - મક્ખય—મવ્વાબાહ - મપુણરાવિત્તિ, સિદ્ધિગઇનામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં, જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએકાલે; સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥

## જાવંત ચેઈઆઈં.

જાવંતિ ચેઇઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએઅ;
સવ્વાઇં તાઇં વંદે, ઈહિ સંતો તત્થ સંતાઇં ॥૧॥

## ખમાસમણું.

ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

## જાવંત કે વિ સાહૂ.

જાવંત કે વિ સાહૂ ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં
તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥

## શ્રી પંચ પરમેષ્ટિ-નમસ્કાર.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥

## સ્તવન

### શ્રી વિમલનાથ જિન સ્તવન.

સેવો ભવિયાં વિમલજિનેશ્વર, દુલ્લહા સજ્જન સંગાજી,
એહવા પ્રભુનું દરિશણ લેહવું તે આળસ માંહિ ગંગાજી. સે.૧
અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલો જી,
ભૂખ્યા ને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સે.૨
ભવ અનંતમાં દરિશણ દીઠું, પ્રભુ એહવા દેખાડે જી,
વિકટ ગ્રંથી જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડે જી. સે.૩
તત્વ પ્રીતીકર પાણી પાએ, વિમલા લોકે આંજી જી,
લોચણ ગુરૂ પરમાન દીએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજી જી, સે.૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુ શું પ્રેમે, વાત કરૂં મન ખોલી જી,
સરલ તણે જે હીયડે આવે, તેહ જણાવે બોલી જી. સે.૫

શ્રી નય વિજય વિબુધ પય સેવક, વાચક જસ કહે સાચું જી,
કોડિ કપટ જો કોઇ દિખાવે, તોહી પ્રભુ વિણુ નવિ રાચું જી. સે.૬

---

### જય વીયરાય (બે હાથ જોડી કપાળે રાખી)

જય વીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં !; ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધિ ॥ ૧ ॥ લોગવિરૂદ્ધ-ચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થકરણંચ; સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા ॥ ૨ ॥ વારિજ્જઈ જઇવિ નિઆણુ-બંધણં વીયરાય ! તુહ સમએ; તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥ દુક્ખખ્ખઓ કમ્મખ્ખઓ, સમાહિ-મરણં ચ બોહિલાભો અ; સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥ ૪ ॥ સર્વમંગલ માંગલ્યં, સર્વકલ્યાણકારણમ્; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

### શ્રી વિમલનાથ સ્વામીની થોય.

વિમલ જિન જુહારો પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો વિશ્વ કીર્તિ વિહારો;
યોજન વિસ્તારો જાસ વાણી પ્રસારો,
ગુણ ગણ આધારો પુન્યના એ પ્રકારો.

卐
卐卐

## અરિહંત ચેઇઆણં. (ઉભા થઇને)

અરિહંતચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિ-લાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ સદ્ધાએ, મેહાએ, ધીઇએ, ધારણાએ, અણુપ્પેહાએ વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં ॥

## અન્નત્થ ઊસસિએણં

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં. ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્ત-મુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં. સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં । એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ હુજ્જ મે કાઉસગ્ગો જાવ અરિહંતાણં ભગવં-તાણં નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥

(પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો, કાઉસ્સગ્ગ પારી 'નમોઽર્હત્૦' કહી સ્તુતિ કહેવી.)

## શ્રી વિમલનાથ સ્વામીની થોય.

વિમલ જિન જુહારો પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો વિશ્વ કીર્તિ વિહારો;
યોજન વિસ્તારો જાસ વાણી પ્રસારો,
ગુણ ગણ આધારો પુન્યના એ પ્રકારો.

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન.

ૐ નમઃ પાર્શ્વનાથાય વિશ્વચિંતામણીયતે
ૐ ધરણેન્દ્ર વૈરૂટ્યા પદ્માદેવી યુતાયતે
શાન્તિ તુષ્ટિ મહા પુષ્ટિ ધૃતિ કિર્તિ વિદ્યાયિને
ૐ હ્રીઁ દ્વિડ વ્યાલ વૈતાલ સર્વાધિ વ્યાધિ નાશને
જયા જિતાખ્યા વિજયાખ્યા પરાજિતયાન્વિતઃ
દિશાં પાલે ગ્રૈંહે યંક્ષે વિંદ્યા દેવી ભિરન્વિતઃ
ૐ અસિઆઉસાય નમઃ તત્ર ત્રૈલોકય નાથતાં
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે ભાસંતે છત્ર ચામરૈઃ
શ્રી શંખેશ્વર પુર મંડન પાર્શ્વ જિન પ્રણુત કલ્પતરૂકલ્પ
ચૂરય દુષ્ટ વ્રાતં પૂરય મે વાંછિતં નાથ.

૨

સકલ ભવિજન ચમત્કારી ભારી મહિમા જેહનો
નિખિલ આતમ રમા રાજિત નામ જપીએ તેહનો
દુષ્ટ કર્માષ્ટક ગંજ રીજે ભવિક જન મન સુખ કરો
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેશ્વરો. ૧

બહુ પુન્ય રાશી દેશ કાશી તત્થ નયરી વણારસી
અશ્વસેન રાજા રાણી વામા રૂપે રતિ તનુ સારીસી
તસ કુંખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો નિત્ય. ૨

પોષ માસે કૃષ્ણ પક્ષે દશમી દિન પ્રભુ જનમીયા,
સુર કુમરી સુરપતિ ભક્તિ ભાવે મેરૂ શૃંગે સ્થાપીયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે જન્મ મહોચ્છવ અતિ કર્યો. નિ. ૩

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે ભામિની પરણાવીયા;
કમઠ શઠ કૃત અગ્નિ કુંડે નાગ બલતો ઉદ્ધર્યો. નિ. ૪

પોષ વદિ એકાદશી દિને પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજી ભક્તિ તાજી સેવના ઝાઝી કરે;
કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે કીધ પરીષહ આકરો. નિ. ૫

તવ ધ્યાન ધારા રૂઢ જિન પતિ મેઘધારે નવિ ચલ્યો,
તિહાં ચલિત આસન ધરણ આવ્યો કમઠ પરિષદ અટકલ્યો;
દેવાધિ દેવની કરે સેવા કમઠને કાઢી પરો. નિ. ૬

અનુક્રમે કેવલજ્ઞાન કમલા સંઘ ચઉવિદ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમ્મતશિખરે માસ અણુસણ પાલીને;
શિવ રણુણી રંગે રમે રસિયો ભવિક તસ સેવા કરો. નિ. ૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર જલણ જલોદર ભયટલે,
રાજા રાણી રમા પામે ભક્તિ ભાવે જો મલે;
કલ્પતરૂથી અધિક દાતા ;જગત ત્રાતા જય કરો. નિ ૮

જરા જર્જરી ભૂત યાદવ સૈન્ય રોગ નિવારતા
વઢીયાર દેશે નિત બિરાજે ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણાં પદ પદ્મ સેવા રૂપ કહે પ્રભુતા વરો. નિ. ૯

### ૩

જય જય શિખર ગિરીશઇશ વીશ જિનેશ્વર નામી,
અણુસણ કરી ઇહાંકણે પંચમી ગતિ પામી. ૧

બીજા પણ બહુ મુનિવરા શિવગતિના ગામી,
પરમાતમ પદ પામીઆ વંદું શિર નામી. ૨

એ અવદાત સુણી કરી હું એ પદ કામી,
આવ્યો છું તુજ આગળે કિમ કાજે ખામી. ૩

શ્રી શામળીઆ પાર્શ્વનાથ તું છે દીન દયાળ,
એ અરજી સુણી માહરી દ્યો શિવપદ શાળ. ૪

હું અનાર્થ ભમીયો ઘણું ન મળ્યો તુમ સમનાથ,
આપી પદ પોતાતણું રાખો નિજ સાથ. ૫

રાગદ્વેસ ક્રોધે ભર્યો નિંદક ને અવિવેક,
એ સઘળું ઉવેખીને રાખો મુજ ટેક. ૬

મુજ પાપીના પાપને દૂરે કરી હજુર
નિજ લક્ષ્મીને આપશો આશા છે ભરપૂર. ૭

૪

પુરીસા દાણી પાસજી પૂજો ભવિ ભાવે,
રોગ શોક સંકટ ટળે દુઃખ દોહગ નાવે. ૧

દોસ અઢાર રહીત પ્રભુ ચોત્રીસ અતિશય વંત,
વાણી પાંત્રીસ ગુણે ભર્યા પૂજો ભવિ ભગવંત. ૨

જળ ચંદન કુસુમે કરી ધૂપ દીપ મનોહાર,
અક્ષત ફળ નૈવેદ્યની પૂજા અષ્ટ પ્રકાર. ૩

અષ્ટ પ્રકારી ઇણીપરે એ પૂજા કરશે જેહ,
અષ્ટ મહા મદ ટાળીને અષ્ટમી ગતિ લહે તેહ. ૪

સુર તરૂ સુર મણિ સારીખોએ શ્રી જગવલ્લભ પાસ.
મોતીવિજય કહે આપજો મુજને અવિચળ વાસ. ૫

૧

## આદિજિનનું ચૈત્યવંદન.

ધુર સમરૂં શ્રી આદી દેવ વિમલાચલ સોહીએ
સુરતિ મુર્તિ અતી સફળ ભવિયણનાં મન મોહીએ. ૧

સુંદર રૂપ સોહામણો જોતાં તૃપ્તિ ન હોય,
ગુણ અનંત જીનવર તણાં કહી નવ શકે કોય. ૨

વીતરાગ દર્શનવિના ભવ સાગરમાં રૂલીયો,
કુ ગુરૂ કુ દેવે ભોળવ્યો ગાઢો જલ ભરીઓ. ૩

પૂર્વ પુણ્ય પસાઉલે વીતરાગ મેં આજ,
દર્શન દીઠો તાહરો તરણ તારણ જહાજ. ૪

સુર ઘટને સુર વેલડી આંગણે મુજ આઇ,
કલ્પવૃક્ષ ફળીઓ વળી નવ નિધિ મેં પાઇ. ૫

તુજ નામે સંકટ ટળે નાસે વિષમ વિકાર,
તુજ નામે સુખ સંપદા તુજ નામે જયકાર. ૬

આજ સફળ દિન માહરોએ સફળ થઈ મુજ જાત્ર,
પ્રથમ તીર્થંકર ભેટીઆ નિર્મલ કીધાં ગાત્ર, ૭

સુરનર કિન્નર કિન્નરી વિદ્યાધરની કોડ,
મુક્તિ પહોંચ્યા કેવલી વંદુ બે કર જોડ. ૮

શત્રુંજય ગિરિ મંડણોએ મરૂદેવા માત મલ્હાર,
સિદ્ધિવિજય સેવક કહે તુમ તરીઆ મુજતાર ૯

૨

સોના રૂપાકે ફુલડે સિદ્ધાચલ વધાવું
ધ્યાન ધરી દાદાતણું આનંદ મનમાં લાવું. ૧

પૂજાયે પાવન થયો અમ મન નિર્મલ દેહ
રચના રચું શુભ ભાવથી કરું કર્મનો છેહ. ૨

અભવીને દાદા વેગળા ભવીને હૈયડા હજુર,
તનમન ધ્યાન એક લગ્નથી કીધાં કર્મ ચકચૂર. ૩

કાંકરે કાંકરે સિદ્ધિ થયાં સિદ્ધ અનંતનું ઠામ;
શાશ્વત જીનવર પૂજતાં જીવ પામે વિશ્રામ. ૪

દાદા દાદા હું કહું દાદા વસીયા દૂર,
દ્રવ્યથી દાદા વેગળા ભાવથી હૈયડા હજુર. ૫

દુષમ કાલે પૂજતાં ઇંદ્ર ધરી બહુ પ્યાર,
તે પ્રતિમાને વંદના શ્વાસ માંહે સો વાર. ૬

સુવર્ણ ગુફાએ પૂજતાંએ રત્ન પ્રતિમાં ઇંદ્ર,
જયોતિમાં જયોતિ મીલે પૂજો મીલે ભવી સુખકંદ. ૭

ઋદ્ધિ સિદ્ધિ ઘેર સંપજે એ પહોંચે મનની આશ,
ત્રિકરણ શુદ્ધે પૂજતાં જ્ઞાનવિમલ પ્રકાશ. ૮

---

## સિદ્ધાચલનું ચૈત્યવંદન.

શ્રી તરણ તારણ કુગની વારણ સુગતિ કારણ જગગુરૂ,
ભવ ભ્રમણ કરતા મનુષ્યના વાંછિત કરવા સુરતરૂ. ૧

સંસાર તાપથી તપ્ત જંતુ જાતને છાયા કરૂં,
છત્રા કૃતિ સિદ્ધાચલે રૂષ ભેશ કલશ મનોહરૂ. ૨

શ્રી રૂષભદેવ પ્રપૌત્ર દ્રાવિડ વારિ ખિલ્લ સહોદરા,
આદીનાથ ભક્ત શું વલ્લગું તાપસ બોધથી તાપસ વર્યા. ૩

ચારણ મુનિવર સાથ સર્વે, તીર્થ કરવા સંચર્યા;
પ્રતિબોધથી મુનિરાજના, સર્વે મુનીશપણું વર્યા. ૪

પુણ પુણ્ય પુંજ સમ પુંડરિકગિરિ નિરખતા નયણે ઠરી,
ઉલ્લાસ પામી દોષ વામી, હર્ષથી હૃદયે ધરી. ૫

વંદન કરીને આવ્યા, ગિરિરાજ ઉપર પદચરી,
રાયણને આદિનાથ ચરણે, પ્રેમે પ્રદક્ષિણા ફરી. ૬

પુંડરિક ગણધર સાથ, આદિનાથને પાયે પડી,
ચારણ મુનિના કેણથી, લગાવી ધ્યાન તણી ઝડી. ૭

દશક્રોડ મુનિવર સાથ, કાર્તિક પુનમે મુક્તિ જડી,
હંસાવતાર તીર્થ સ્થાપ્યું, હંસ દેવે તિણ ઘડી. ૮

## સિદ્ધ પરમાત્માનું ચૈત્યવંદન.

અજ અવિનાશિ અકલ જે, નિરાકાર નિરધાર,
નિર્મમ નિર્ભય જે સદા, તાસ ભક્તિ ચિત્તધાર. ૧

જન્મ જરા જાકુ નહી, નહી શોક સંતાપ,
આદિ અનંત સ્થિતિ કરી, સ્થિતિ બંધન રૂચિ કામ. ૨

તીજે અંશ રહિત શુચી, ચરમ પીંડ અવગાહ,
એક સમે સમ શ્રેણીએ, અચળ થયો શિવનાહ. ૩

સમ અરૂ વિષમપણે કરી, ગુણ પર્યાય અનંત,
એક એક પદે શમે, શક્તિ સુ જંગ મહંત. ૪

રૂપાતીત અતીતમલ, પૂર્ણાનંદિ ઈશિ,
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિશશીશ. ૫

## સામાન્ય જીન ચૈત્યવંદન.

પરમાનંદ પ્રકાશ ભાસ ભાસિત ભવ કીલા;
લોકા લોકને લોકવે નિત એહવી લીલા. ૧

ભાવ વિભાવ પણે કરી, જેણે રાખ્યો અલગો;
તદ્રુપણે પય મેળવી તેહ થકી નવિ વલગો. ૨

તેણીપરે આતમ ભાવને એ, વિમલ કર્યો જેણે પુર;
તે પરમાતમ દેવનું, દિન દિન વધતું નુર. ૩

નામે તો જગમાં રહ્યો, થાપના પણ તિમહી;
દ્રવ્યે ભવ માંહે વસે, પણ ન કળે કિમહી. ૪

ભાવ થકી સવિ એકરૂપ, ત્રિભુવનમેં ત્રિકાલ;
તે પારંગને વંદીએ, ત્રિહું યોગેં સ્વભાલે. ૫
પાલે પાવન ગુણ થકીએ, યોગ ક્ષે મંકર જેહ;
જ્ઞાનવિમલ દર્શન કરી, પૂરણ ગુણ મહિ ગેહ. ૬

---

## શ્રી ચોવીશ તીર્થંકરનાં આઉખાનું ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર આવખું, પૂર્વ ચોરાશી લાખ;
બીજા બહાંતેર લાખનું, ત્રીજા સાયઠ લાખ. ૧
પચાશ ચાલીશ ત્રીશને, વીશ દશને હોય;
એક લાખ પૂર્વ તણું, દશમા શીતલ જોય. ૨
હવે ચોરાશી લાખ વર્ષ, બારમા બહાંતેર લાખ;
સાયઠ ત્રીશને દશનું, શાન્તિ એકજ લાખ ૩
કુંથુ પંચાણુ હજારનું, અર ચોરાશી હજાર;
પંચાવન ત્રીશને દશનું, નેમ એક હજાર. ૪
પ્રાર્શ્વનાથ સો વરસનું, બહુતેર શ્રી મહાવીર;
એહવા જિન ચોવીશનું, આયુ સુણો સુધીર. ૫

---

## ચોવીશ તીર્થંકરના દેહમાનનું ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર દેહડી, ધનુષ પાંચસે માન;
પચાશ પચાશ ઘસડતાં, સો સુધી ભગવાન. ૧
સોથી દશ દશ ઘટતું, પચાસથી પાંચ પાંચ;
નેમનાથ બાવીશમાં, દશ ધનુષનું માન. ૨
પાર્શ્વનાથ નવ હાથનું, સાત હાથ મહાવીર;
એવા જિન ચોવીશનું, કવિયણ કહે સુધીર. ૩

## અઢાર દોષ વર્જિત જિન ચૈત્યવંદન.

દાન લાભ ભોગપભોગ, બલપણ અંતરાય,
હાસ્ય અરતિ રતિ ભય દુગંછા, શોક ષટ કહેવાય. ૧
કામ મિથ્યાત્વ અજ્ઞાન નિદ્રા, અવિરતિ એ પાંચ,
રાગ દ્વેષ દોય દોષ એ, અઢારસ સંચ. ૨
એ જેણે દૂરે કર્યા એ, તેને કહીએ દેવ.
જ્ઞાનવિમલ પ્રભુ ચરણુની, કીજે અહોનિશ સેવ. ૩

## શાન્તીનાથનું ચૈત્યવંદન.

શાંતિકરણ પ્રભુ શાન્તિજિણંદ, અચિરા રાણીનો નંદ.
વિશ્વસેન રાય કુલ તીલક, અમૃત તણો એ કંદ. ૧
ધનુષ ચાલીસની દેહડી, લાખ વરસનું આય,
મૃગ લંછન બિરાજતા. સોવન સમ કાય. ૨
શરણુ આવ્યો પારેવડો, જીવ દયા પ્રતિપાલ,
રાખ રાખ તું રાજવી, મુજને સાંચાણો ખાય. ૩
જીવથી અધિક પારેવડો, રાખ્યો તેં પ્રભુ નાથ,
દેવ માયા ધારણુ સમે, ન ચળ્યાં મેઘરથ રાય, ૪
દયાથી દોય પદવી લહીએ, સોળમા શ્રી શાન્તિનાથ,
પ્રભુ મુક્તિ વધુ વર્યા, સિદ્ધિ વર્યા હાથો હાથ. ૫

---

## રોહિણી તપનું ચૈત્યવંદન.

વાસુપૂજ્ય જિન વંદીએ, જગ દીપક જિનરાજ,
રોહિણી તપ ફળ વર્ણવું, ભવજલ તારણુ જહાજ. ૧

શુદિ વૈશાખે રોહિણી, ત્રીજ તણે દીન જાણ;
શ્રી આદીશ્વર જિનવર, વર્ષી પારણે જાણ. ૨

રોહિણી નક્ષત્રને દિને, ચઉવિહાર ઉપવાસ;
પોસહ પડિક્કમણું કરી, તોડો કર્મનો પાસ. ૩

તે દિનથી તપ માંડીએ, સાત વર્ષ લગ સીમ;
સાત માસ ઉપર વળી, ધરીએ એહિજ નીમ. ૪

જીમ રોહિણી કુંવરી અને, અશોક નામે ભૂપાલ;
એ તપ પૂરણ ધ્યાઇઓ, પામ્યા સુર અતિ શાળ. ૫

તિમ ભવિજન તપકીજીએ, શાસ્ત્ર તણે અનુસાર;
જન્મ મરણના ભય થકી, ટાળે એ તપસાર. ૬

તપ પૂરણ તેહજ સમે, કરો ઉજમણું :સાર;
યથા શકિત હોય જેહની તિમ કરીએ ધરી પ્યાર. ૭

વાસુપૂજ્ય જિન બિંબની. પૂજા કરો ત્રણ કાળ;
દેવ વંદો વળી ભાવશું, સ્વસ્તિક પર્ય વિશાળ. ૮

એ તપ જે સહી આદરે પહોંચે મનની કોડ;
મન વંછિત ફળે તેહના, હંસ કહે કરજોડ. ૯

## મહાવીર સ્વામીનું ચૈત્યવંદન.

શાસનના શણગાર વીર, મુકિતપુરી શણગારી;
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંત સમયે વીસારી. ૧

દેવશર્મા પ્રતિ બોધવા, મોકલે મુજને સ્વામી;
વિશ્વાસી પ્રભુ વીરજી, છેતર્યો મુજને આમ. ૨

હાં હાં વીર આ શું કર્યું, ભારતમાં અંધારૂં;
કુમતી મિથ્યાત્વી વધી જશે, કોણ કરશે અંજવારૂં. ૩

નાથ વિનાના સૈન્ય જેમ, થયા અમે નિરધાર;
ઇમ ગૌતમ પ્રભુ વલવલે, આંખે આંસુડાની ધાર. ૪
કોણુ વીર ને કોણુ તું, જાણી એહવો વિચાર;
ક્ષપક શ્રેણીયે આરોહતા, પ્રભુ પામ્યા કેવલસાર. ૫
વીર પ્રભુ મોક્ષે ગયા એ, દીવાલી દીન જાણુ;
ઓચ્છવ રંગ વધામણાં, જસ નામે કલ્યાણ. ૬

---

## શ્રી નેમનાથ જિન ચૈત્યવંદન.

સમુદ્રવિજય કુલ ચંદ નંદ, શિવાદેવી જાયા;
જાદવ વંદ નભો મણિ, શૌરિપુર ઠાયા. ૧
બાળ થકી બ્રહ્મચર્ય ધર, ગત માર પ્રચાર;
ભક્તિ નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર. ૨
નિષ્કારણ જગ જીવનોએ, આશાનો વિશ્રામ;
દીન દયાળ શિરોમણી, પૂરણ સુરતરૂ કામ. ૩
પશુ પોકાર સુણી કરી, છાંડી ગૃહ વાસ;
તત્ક્ષણ સંજમ આદરી, કરી કર્મનો નાશ. ૪
કેવળ શ્રી પામી કરી એ, પહોંચ્યા મુક્તિ મોઝાર;
જન્મ મરણ ભવ ટાળવા, જ્ઞાન સદા સુખકાર. ૫

---

## શ્રી સિદ્ધચક્રજીના ચૈત્યવંદન.

શીવસુખ દાયક સીદ્ધચક્ર, આરાહો ભાવે;
દુઃખ દોહગ દૂરે ટલે, સુખ સંપદા પાવે. ૧
નવ દીન આંબેલ તપ કરી, જિન પૂજા કીજે;
ત્રણ ટંક દેવ વાંદીએ, નર ભવ સફલ લીજે. ૨

તેર સહસ ગુણણું ગણોએ, નિર્મલ પાલો શીલ;
એણી પરે નિત્ય આરાધતાં, લહીએ અવીચલ લીલ, ૩

૨

## સીદ્ધચક્રનું ચૈત્યવંદન.

ચંપાપુરીનો નરવરૂ, નામે તે શ્રીપાલ,
મયણા સાથે તપ તપી, જિન પૂજે ત્રણ કાલ. ૧
સિદ્ધચક્રના નમણથી કષ્ટાદિક રોગ.
નાઠા તેહના અંગથી, થયુ અંગ સુ ચંગ. ૨
સાતસે કોઢી હતા એ, તે થયા સોવનવાન;
સિદ્ધચક્ર મહીમા સુણી, ધરીયે તેહનું ધ્યાન. ૩

૩

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન. ૧
આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદ ઉપાધ્યાયના, ગુણ ગાવો ઉદાર. ૨
સકલ સાધુ વંદો સહી, અઢી દ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ. ૩
છઠ્ઠે પદ દર્શન નમો, દરિસણ અજુવાલો;
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાલો. ૪
આઠમે પદ આદર કરી, ચારિત્ર શુ ચંગ;
પદ નવમે બહુ તપતણો, ફળ લીજે અભંગ. ૫
એણીપરે નવપદ ભાવશું એ, જપતાં નવ નવ કોડ;
પંડિત શાન્તિવિજય તણો, શિષ્ય કહે કરજોડ. ૬

## વર્ધમાન તપનું ચૈત્યવંદન.

વર્ધમાન જિન પતિ નમી, વર્ધમાન તપ નામ;
ઓળી આંબેલની કરૂ, વર્ધમાન પરિણામ. ૧
એકાદિ આયત શત, ઓળી સંખ્યા થાય;
કર્મનિ કાચિત તોડવા, વજ્ર સમાન ગણાય. ૨
ચૌદ વરશ ત્રણ માસની, સંખ્યા દિનની વીશ;
યથા વિધિ આરાધતાં, ધર્મ રત્ન પદ ઇશ. ૩

---

## બીજનું ચૈત્યવંદન.

દુવિધ બંધને ટાળીએ જે વળી રાગ ને દ્વેષ,
આર્ત રૌદ્ર દોય અશુભ ધ્યાન, નવિ કરો લવલેશ ૧
બીજ દિને વળી બોધિ બીજ, ચિત્ત ઠાણે વાવો.
જેમ દુઃખ દુર્ગતિ ન'વ લહો, જગમા જશ ચાવો. ૨
ભાવો રૂડી ભાવનાએ, વાધો શુભ ગુણ ઠાણ,
જ્ઞાનવિમલ તપ તેજથી, હોયે કોડી કલ્યાણ. ૩

## જ્ઞાન પાંચમનું ચૈત્યવંદન.

શ્યામલ વાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર. ૧
પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ;
પાંચ વરસ પાંચ માસનો, એ છે તપ પરિમાણ. ૨
જિમ વરદત્ત ગુણ મંજરીએ, આરાધ્યો તપ એહ;
જ્ઞાનવિમલ ગુરુ એમ કહે, ધન ધન જગમા તેહ. ૩

---

## અષ્ટમીનું ચૈત્યવંદન.

રાજગૃહી ઉદ્યાનમાં, વીર જિનેશ્વર આવ્યા;
દેવ ઇંદ્ર ચોસઠ મળ્યા, પ્રણમે પ્રભુ પાયા, ૧
રજત હેમ મણિ રયણનાં, તિહુયણ કોટ બનાય;
મધ્ય મણિમય આસને, બેઠા શ્રી જિનરાય. ૨
ચઉવિહ ધર્મની દેશના, નિ સુણે પરષદા બાર;
તવ ગૌતમ મહારાયને, પૂછે પર્વ વિચાર. ૩
પંચ પર્વી તુમે વર્ણવી, તેમા અધિકી કોણ;
વીર કહે ગૌતમ સુણો, અષ્ટમી પર્વ વિષેણ. ૪
બીજ ભવી કરતાં થકાં, બીહુ વિધ ધર્મ મુણંત;
પંચમી તપ કરતાં થકાં, પાંચે જ્ઞાન ભણંત. ૫
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટ કર્મ હણંત;
એકાદશી કરતાં થકાં, અંગ અગીયાર ભણંત. ૬
ચૌદે પૂરવધર ભલાએ, ચૌદશે આરાધે;
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટમી ગતિ સાધે. ૭
દંડ વીરજ રાજા થયો. પામ્યો કેવળ નાણ;
અષ્ટમી તપ મહિમા વડો ભાખે શ્રી જિનભાણ. ૮
અષ્ટ કર્મ હણવા ભણીએ, કરીએ તપ સુજાણ;
ન્યાય મુનિ કહે ભવી તુમે, પામો પરમ કલ્યાણ. ૯

## અગીઆરસનું ચૈત્યવંદન

અંગ અગ્યાર આરાધીએ, એકાદશી દિવસે,
એકાદશ પ્રતિમા વહો, સમકિત ગુણ વિકસે. ૧

એકાદશી દિવસે થયાએ, દીક્ષા ને નાણ,
જન્મ લહ્યા કેઇ જિનવરા, આગમ પરમાણ. ૨
જ્ઞાનવિમલ ગુણ વાધતાંએ, સકલ કળા ભંડાર,
અગીઆરશ આરાધતાં, લહીએ ભવજલ પાર. ૩

## ચૌદશનું ચૈત્યવંદન

ચૌદ સ્વપ્ન લહે માવડી, સવિ જિનવર કેરી;
તે જિન નમતાં ચૌદરાજ, લોકે ન હોય ફેરી. ૧
ચૌદ રત્ન પતિ જેહના, પ્રણમે પદ આવી;
ચૌદ વિદ્યાના થયા જાણ, સંયમ શ્રી ભાવી. ૨
ચૌદ રાજ શિર ઉપરે, સિદ્ધ સકળ ગુણ ઠાણ;
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાનથી હોયે અચળ અહિ ઠાણ. ૩

## પંચ તીર્થનું ચૈત્યવંદન.

ધુર પ્રણમુ શ્રી આદિ દેવ, વિમલચલ મંડન:
નાભિરાયા કુળ કેસરી, મારૂ દેવી નદન. ૧
ગીરનારે ગીરૂઓ વાંદશું, સ્વામી નેમકુમાર;
બાલપણે ચારિત્ર લીયો, તારી રાજુલ નાર ૨
બંભણ વાડે વીરજિણંદ, મન વાંછિત પૂરે;
સાયણ દાયણ ભુત પ્રેત, તેહના મદ ચૂરે. ૩
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, મહિમાએ મહંત;
ગોડી દોડી જોઇએ, પૂરે મનની ખાંત. ૪
ચક્રવર્તી પદવી તજી, લીધો સંજમ ભાર;
શાંતિ જિતેશ્વર સોલમા નિત્ય નિત્ય કરૂં જુહાર. ૫

પાંચે તીરથ જે નમે, પ્રહ ઉઠી નર નાર;
કમલવિજય કવિ એમ કહે, તસ ઘર જય જય કાર. ૬

## પર્યુષણનું ચૈત્યવંદન

૧

શત્રુંજય શૃંગાર હાર, શ્રી આદિ જિનંદ,
નાભિ રાય કુળ ચંદ્રમા, મરૂદેવી નંદ. ૧
કાશ્યપ ગોત્ર ઈક્ષ્વાકુ વંશ, વિનીતાનો રાય;
ધનુષ પાંચસો દેહ માન, સુવર્ણ સમ કાય. ૨
વૃષભ લંછન ધુર વંદીએ, એ સંઘ સકળ શુભ રીત;
અઠ્ઠાઈ ઘર આરાધીએ, આગમ વાણી વીનિત. ૩

## પર્યુષણનું ચૈત્યવંદન.

૨

પ્રણમું શ્રી દેવાધિ દેવ, જિનવર મહાવીર;
સુરનર સેવા શાંત દાંત, પ્રભુ સાહસ ધીર ૧
પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવી પ્રાણી;
જૈન ધર્મ આરાધીએ, સમકિત હિત જાણી. ૨
શ્રી જિન પ્રતિમા પૂજીએ, એ કીજે જન્મ પવિત્ર;
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત. ૩

## પર્યુષયનુ ચત્યવંદન.

૩

કલ્પ તરૂવર કલ્પ સુત્ર, પૂરે મન વાંછિત;
કલ્પ ધરે ધુરથી સુણો, શ્રી મહાવીર ચરિત્ર. ૧

ક્ષત્રિ કુંડે ગામનગરી સિદ્ધારથ રાય
રાણી ત્રિશલા તણીકુંખે કંચન સમ કાય ૨
પુષ્પોત્તર વરથી ચ્યવ્યા એ ઉપજ્યા પુણ્ય પવિત્ર
ચતુરા ચૌદ સુપનલહે ઉપજે વિનય વિનીત ૩

## પર્યુષણનું ચૈત્યવંદન

૪

સ્વપ્નવિધિ કહે સુત હોશે ત્રિભુવન શણગાર
તે દિનથી ઋધ્ધે વધ્યાં ધન અખુટ ભંડાર ૧
સાડા સાત દિવસ અધિક જન્મ્યા નવ માસે
સુરપતિ કરે મેરૂશિખર ઉત્સવ ઉલ્લાસે ૨
કુંકુમ હાથા દીજીએએ તોરણ ઝાક ઝમાળ
હરખે વીર ફુલ રાવીએ વાણી વિનય રસાળ ૩

## પર્યુષણનું ચૈત્યવંદન

૫

જિનની બહેન સુદર્શના ભાઈ નંદિવર્ધન
પરણી યશોદા પદમણી વીર સુકોમળ રત્ન ૧
દેઈ દાન સંવત્સરી લેઇ દીક્ષા સ્વામી
કર્મ ખપાવી કેવલી પંચમી ગતિ પામી ૨
દીવાળી દીવસ થકીએ સંઘ સકળ શુભ રીત
અઠ્ઠમ કરી તેલાધરે સુણજો એકે ચિત્ત ૩

## પર્યુષણનું ચૈત્યવંદન

૬

પાર્શ્વજિનેશ્વર નેમનાથ સમુદ્ર શ્રી વિષ્ણુકુમાર
સુણીએ આદીશ્વર ચરિત્ર વળી જિનના અંતર ૧
ગૌતમાદિક સ્થવિરાવલી શુદ્ધ સમાચારી
પર્વ દિન ચોથે દિને ભાખ્યો ગણધારી ૨
જ્ઞાન દર્શન ચારિત્ર તપ જિન ઘરમે નિજ ચિત્ત
જિન પ્રતિમાજિન સારિખી વંદું સદા વિનીત ૩

## પર્યુષણનું ચૈત્યવંદન

૭

પર્વરાજ સંવત્સરી દિન દિન પ્રતિ સેવો
શ્લોક બારસો કલ્પસૂત્ર વીરનું નિસુણેવો ૧
પરમ પટ્ટધર બાર બોલ ભાખ્યા ગુરૂ હીર
સંપ્રતિ શ્રી વિજયદાનસુરિ ગચ્છાગ્રણી ધીર ૨
જિન શાસન શોભાકરૂએ પ્રીતવિજય કહે શિષ્ય
વિનયવિજય કહે વીરને ચરણે નામું શિષ ૩

## પર્યુષણનું ચૈત્યવંદન

૮

વડા કલ્પ પૂરવ દિને ઘરે કલ્પને લાવો
રાત્રિ જાગરણ પ્રમુખ કરી શાસન સોહાવો ૧
હય ગય શણગારી કુમર લાવો ગુરૂ પાસે
વડા કલ્પદિન સાંભળો વીર પરિત ઉલ્લાસે ૨

છઠ્ઠદ્વાદશ તપ કીજીએ ધરીએ શુભ પરિણામ
સાધર્મી વત્સલ પ્રભાવના પૂજા અભિરામ ૩

જિન ઉત્તમ ગૌતમ પ્રતેએ કહેજો એકવીશવાર
ગુરૂ મુખ પદ્મે ભાવશું સુણતાં પામે પાર ૪

## પર્યુષણનું ચૈત્યવંદન

૯

નવ ચોમાસી તપ કર્યા ત્રણ માસી હોય
દોય દોય અઢી માસી તેમ દોઢ માસી હોય ૧

બહોંતેર પાસ ખમણ કર્યાં માસ ખમ કર્યા બાર
ષડશ્રી માસી તપ આદર્યા બાર અઠ્ઠમ તપ સાર ૨

ષડ માસી એક તીમ કર્યો પંચદિન ઉણુષડ માસ
બસો ઓગણત્રીસ છઠ્ઠ ભલા દીક્ષા દિન એકખા ૩

ભદ્ર પ્રતિમા દોય તીમ મહાભદ્રદિના ચાર
દશ દિન સર્વ તો ભદ્રનો લાગઠ નિરધાર ૪

વિણ પાણી તપ આદર્યો પારણાદિન એક જાસ
દ્રવ્યાદારે પારણા કર્યા ત્રણુસો ઓગણ પચાસ ૫

છદમસ્થા એણી પરે રહ્યા એ સહ્યા પરિસહ ઘોર
શુકલ ધ્યાન અનલે કરી બાળ્યાં કર્મ કઠોર ૬

શુકલ ધ્યાન અંતે રહ્યાએ પામ્યા કેવળ જ્ઞાન
પદમવિજય કહે પ્રણમતાં લહીએ નિત્ય કલ્યાણ ૭

## પર્યુષણનું ચૈત્યવંદન

૧૦

પર્વ પર્યુષણ ગુણનીલો નવ કલ્પી વિહાર
ચાર માસાન્તર સ્થિર રહે એહીજ અર્થ ઉદાર ૧
અષાડ શુદ ચઉદશથકી સંવત્સરી પચાશ
મુનિવર દિન સિત્તોરમેં પડિકકમતા ચૌમાસ ૨
શ્રાવક પણ સમતા ધરી કરે ગુરૂના બહુમાન
કલ્પ સુત્ર સુવિહિત મુખે સાંભલે થઈ એકતાન ૩
જિનવર ચૈત્ય જુહારીએ ગુરૂ ભક્તિ વિશાલ
પ્રાયે અષ્ટ ભવાંતરે વરીએં શીવ વરમાલ ૪
દર્પણથી નિજ રૂપનો જુવે સુદૃષ્ટિ રૂપ
દર્પણ અનુભવ અર્પણો જ્ઞાન રમણ મુનિભૂપ ૪
આત્મ સ્વરૂપ વિલોકતાં પ્રગટયો મિત્ર સ્વભાવ
રાય ઉદાયી ખામણા પર્વ પર્યુષણ દાવ ૫
નવ વખાણ પૂજી સુણે શુકલ ચતુર્થી સીમા
પંચમી દીન વાંચે સુણે હોય વિરાધક નિયમા ૬
એહ નહિ પર્વ પંચમી સર્વ સામણી ચોથે
ભવભીરૂ મુનિ માનશે ભાખ્યું અરિહાનાથે ૭
શ્રુત કેવલી વયણાં સુણીએ લહી માનવ અવતાર
શ્રી શુભ વીર ને શાસને પામ્યા જય જય કાર ૮

---

## દીવાળીનું ચૈત્યવંદન

૧૧

મગધ દેશ પાવાપુરી પ્રભુ વીર પધાર્યા
સોલ પહોર દીએ દેશના ભવિજીવને તાર્યા ૧

ભૂપ અઢારે ભાવે સુણે અમૃત જીસી વાણી
દેશના દીએ રયણીએ પરણ્યા શિવરાણી ૨

રાય ઉઠી દીવા કરે અંજવાલાને હેતે
અમાવાસ્યા તે કહી વલી દીવાળી કીજે ૩

મેરૂ થકી આવ્યા ઇંદ્રિ હાથે લેઈ દીવી
મેરઇયા દીન સફલ કરી લોક કહે સવિજીવી ૪

કલ્યાણક જાણી કહી દીવા તે કીજે
જાપ જપો જિનરાજનો પાતિક સવિ છીજે ૫

બીજે દિન ગૌતમ સુણી પામ્યા કેવલ જ્ઞાન
બાર સહસ ગુણણું ગણે ઘર હોશે ક્રોડ કલ્યાણ ૬

સુરનર કિન્નર સહુ મલી ગૌતમ ને આપે
ભટ્ટારક પદવી દેઇ સહુ સાખે થાપે ૭

જુહાર ભટ્ટારક થકી લોક કહે જુહાર
બેને ભાઈ જમાડીયા નંદી વર્ધન સાર ૮

ભાઇ બીજ તિંહાથકી વીર તણો અધિકાર
જય વિજય ગુરૂ સંપદા મુજને દીયો મનોહાર ૯

## ।સિદ્ધચક્રની થોય.

૧

વીર જિનેશ્વર ભવન દિનેશ્વર, જગદીશ્વર જય કારીજી
શ્રેણિક નરપતિ આગળ જંપે સિદ્ધચક્ર તપ સારીજી
સમક્તિ દષ્ટી ત્રિકરણ સુદ્ધે જે ભવિયણ આરાધેજી
શ્રી શ્રીપાળ નરિંદ પરે તસ મંગળ કમળા વાધેજી ૧

અરિહંત વચ્ચે સિદ્ધ સૂરિપાઠક સાહુ ચિહું દિશિ સોહેજી
દંસણ નાણ ચરણ તપ વિદિશે, એહ નવપદ મનમોહેજી
આઠ પાંખડી હૃદયાં બુજ રોપી, લોપી રાગ ને રીસજી
ઓં હ્રીં પદ એકની ગણીએ, નવકારવાળી વીશજી ૨

આસો ચૈત્ર સુદિ સાતમથી માંડી શુભ મંડાણજી
નવનિધિ દાયક નવનવ આંબિલ એમ એકાશી પ્રમાણજી
દેવ વંદન પડિક્કમણું પૂજા સ્નાત્ર મહોત્સવ ચંગજી
એહ વિધિ સઘલો જિહાં ઉપદિશ્યો પ્રણમું અંગઉપાંગજી ૩

તપ પૂરે ઉજમણું કીજે લીજે નરભવ લાહોજી
જિન ગૃહ પડિમા સ્વામિવત્સલ સાધુ ભક્તિ ઉત્સાહોજી
વિમલેશ્વ ચક્કેસરીદેવી સાન્નિધ્ય કારી રાજેજી
શ્રી ગુરૂ ક્ષમાવિજય સુપસાયે મુનિજિન મહીમા છાજેજી ૪

---

## દીવાળીની સ્તુતિ.

૨

વંદુ વીર જિનેશ્વર નમી કરી બહોંતેર વર્ષનું આયુ પુરણ કરી
કાતિક વદિ અમાવાસ્યા નીર્મલી વીર મોક્ષે પહોંચ્યા પાવાપુરી ૧
ચોવીશે જિણંદ મુકતે ગયા મુજ શરણ હોજો નીર્ભવતણા
એકવાર જિનજી જો મીલે મારા મનના મનોરથ સવીફલે ૨
મહાવીરજી દીએ દેશના સોળ પહોર સુણે ભવીક જના
એનો અર્થ ગણ ધર મુખથી સુણી સિદ્ધાંતને વંદુ લળી લળી ૩
દીવાળી તે મહા પર્વ જાણીએ મહાવીર થકી મન આણીએ
છઠ્ઠ તપ કરી ગુણણું જે ગણે લાભ વિજય સિદ્ધાઈ સંકટ હરે ૪

## પાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ.

૩

પોષ દશમ દિન પાર્શ્વ જીનેશ્વર જનમ્યાવામા માયજી
જન્મ મહોત્સવ સુરપતિ કીધો વલિય વિશેષ કહાયાજી
છપ્પનદિગ કુમારી હુલરાયા સુરનર કિન્નર ગાયાજી
અશ્વસેન સુત કમલ વતંસ ભાનુઉદય સમ આયાજી ૧
પોષ દશમ દિન આંબેલ કરીએ જેમ ભવસાયર તરીએજી
પાસ જીણંદનું ધ્યાન ધરંતાં સુકૃત ભંડાર ભરીયેજી
ઋષભાદિક જિનવર ચોવીશે તે સેવો ભવી ભાવેજી
શીવ રમણી વરીને બેઠા પરમપદ સોહાયાજી ૨
કેવળ પામી ત્રિગડે બેઠા પાસ જિનેશ્વર રાયાજી
મધુરી વાણીએ દેશના દેતાં ભવી જનમન સુખકારીજી
દાન શીયલ તપજે આદરશે તે તરસે ભવપારજી
આભવ પરભવ જિનવર જંપે ધર્મ હોય આધારજી ૩
સકલ દિવસમાં અધિકો જાણી દશમી દિન આરાધોજી
ત્રેવીશમો જિન મનમાં ધ્યાતાં આતમ સાધન સાધોજી
ધરણેન્દ્ર પદ્માવતીદેવી સેવા કરે પ્રભુ પાયજી
હરખ વિજય ગુરુ ચરણુ કમલની રાજવિજય સેવા માગેજી ૪

—(૦)—

## શ્રી કુલ્લપાકજી માણુકય સ્વામીની સ્તુતિ

૪

તીલીંગ દેશ કુલ્લપાક મંડન માણીકય પ્રભુ દુઃખની ખંડન
કીજે કર જોડી વંદન
ભરતરાયે મૂરતી ભરાવી પુંડરીક ગણધર પાસે
પ્રતિષ્ઠા કરાવી. મૂરતી અયોધ્યા પધરાવી

વૈતાઢય ગિરિથી વિદ્યાધર આવે દર્શન કરી મૂરતી લઈ જાવે
પૂજાથી પરમપદ પાવે
એક દિન નારદ ઋષિ તિહાં આવે અદ્ભુત મૂરતી દેખી
હરખાવે ઇંદ્રને વાત સુણાવે ૧
મુરતી મહીમા સુણી ઇંદ્ર લલચાઇ વૈતઢય ગિરિથી
પ્રતિમા મંગાઈ સૌ ધર્મ દેવલોકે પધરાવી
ઘણો કાળ ત્યાં મુરતી પૂજાણી નારદ મુખથી મંદોદરી રાણી
મહીમા સુણી હરખાણી
મુરતી મળે નહી જીહાંસુધી મારે અન્ન જલ ન લેવુ
અભિગ્રહ ધારે કરે આરાધના રાવણ ત્યારે સંતુષ્ટ થઇ
મુરતી આપે ઇંદ્ર પૂજન કરે રાણી હર્ષ અમંદ સર્વ
જિણંદા સુખકંદ ૨
રામ રાવણનું યુદ્ધ થાય જયારે મુરતી પધરાવે રાણી સમુદ્રમા
ત્યારે પૂજા કરે દેવતા ભાવે
કર્ણાટક દેશે નગરી કલ્યાણી રાજકરે રાજા શંકરગુણ ખાણી
તસ દેશે મરકી ફેલાણી
પદ્માવતી દેવી સ્વપ્નામાં આવે રાયને કહે સમુદ્રમાથી જો
લાવે મુરતી તો શાન્ત થાવે
સમુદ્ર પાસે આરધન કરે રાય સંતુષ્ટ થઇ મુરતી આપે
અધિષ્ટાય તીર્થ કલિયુગે ગણાય ૩
ચાલે વૃષભ વિના શકટ નિહાલી મુરતી પાછળ રાય આગળ
ચાલી આવે કુલપાક સંભાળી . રાય : પાછળ જુવે મુરતી
સ્થિર થાવે દેવ વિમાન સમ મંદીર બનાવે મુરતી તિહાં
રાય પધરાવે મુરતી
પ્રભાવે શાન્ત થાય મરકી જીવિત સ્વામીની મુરતી મનોહારી
ચક્રેશ્વરી આનંદ કારી શ્રી માણીકય પ્રભુ મહિમા ભરપુર
આતમલક્ષ્મી દાયક હજુર હંસનો કહે કપુર. ૪

## નેમનાથની સ્તુતિ.

૫

જેના દર્શિત દેવના નવણુથી, નાઠી જરા ચાંદવી
જેના માતલી સારથી રથ તણી, ફેરી સુરક્ષા કરી
જેણે નાજુક નાર રાજુલ તજિ વૈરાગ્યના રંગથી
એવા શ્રી જગદીશ નેમીજિનને વંદુ સદા આદરી ૧

ગો હસ્તિહય કિસ સારસ તથા પંકે રૂહ સ્વસ્તિકો
સોમો મિન સુલાંછનો જિનતણાં શ્રી વચ્છગેંડાઠવો
પાડો સુકર બાજ વજ્ર હારણો છાગો સુનંદાવતો
કુંભો કુર્મ કંજચ શંખ ભુજગો સિંહજિનોને સ્તવો ૨

સંસારે દુઃખ સાગરે ભયકરે દ્વીપોપમો રૈવતો
શોભે છે અતિ સુંદરો જિનવરો સિદ્ધા અનંતા તહિં
ત્યાં શ્રી નેમિજિનેશ્વરે પ્રીત કરી વાણી વિપંચીસમા
શ્રોતાને શ્રવણુ પ્રીયા ઉપદીશી સર્વજ્ઞતા સંગ્રહી ૩

અંબા વ્યંતર દેવ સેવીત તનુ સંઘે સુસાહ્ય પ્રદા
વામે હસ્ત યુગેચ અંકુશ અને ડિંભોધરા સ્વામિની
હાથે : દક્ષિણુગે યુગે સુવિશદે પાશામ્રલંબીધરા
શ્રીનેમિશ્વર ભક્ત વાંછિત કરી હંસોપમા ગામીની ૪

---

## વીશ સ્થાનકની સ્તુતિ.

૬

વીશ સ્થાનક તપ વિશ્વમાં મોટો શ્રી જિનવર કહે આપજી
બાંધે જિનવર ત્રીજાભવમાં કરીને સ્થાનક જાપજી

થયા થશે સવિ જિનવર અરિહા એ તપને આરાધીજી
કેવલજ્ઞાન દર્શન સુખ પામ્યા સર્વે ટાળી ઉપાધીજી ૧

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
અરિહંત સિદ્ધ પ્રવયણ સૂરિ સ્થવિર વાચક સાધુ નાણજી
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
દર્શન વિનય ચરણ બંભ કિરિયા તપ કરી ગોયમ ઠાણજી
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
જિનવર ચારિત્ર પંચવિધ નાણ શ્રુત તીર્થ એ નામજી
એ વીશ સ્થાનક આરાધે તે પામે શિવપદ ધામજી ૨

દોય કાલ પડિક્કમણું પડિલેહણ દેવ વંદન ત્રણ વારજી
નોકારવાળી વીશ ગણી જે કાઉ સંગ ગુણ અનુસારજી
ચારસો ઉપવાસ કરી ચિત્ત ચોખે ઉજમણું કરો સારજી
પડિમા ભરાવો સંઘ ભક્તિ કરો એ વિધિશાસ્ત્ર મોઝારજી ૩

શ્રેણીક સત્યકી સુલ સારેવતી દેવ પાળ અવદાતજી
સ્થાનક તપ સેવા મહિમાએ થયા જગમાહે વિખ્યાજી
આગમ વિધિ સેવે જે તપીયા ધન્ય ધન્ય તસ અવતારજી
વિઘ્ન હરે તસ શાસનદેવી સોભાગ્ય લક્ષ્મી દાતારજી ૪

## શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ.

૭

સકલ મંગલ લીલા મુંનિધ્યાન પરભવ ઘૃતનું દીધું દાન
ભવિજન એહ પ્રધાન, મરૂદેવાએ જન્મજ દીધો
ઈંદ્ર સેલડી આગમ કીધો વંશઈ કખા ગતે સીધો
સુનંદા સુમંગલા રાણી પુરવ પ્રીત ભલી પટરાણી
પરણાવે ઇંદ્ર ઇંદ્રાણી સુખ વિલાસે રસઅમી રસ ગુંજે
પૂર્વ નવાણું વાર શત્રુંજે પ્રભુ જઇ જગલે પુજે ૧

આદિ નહીં અંતર કોઈ એહનો કિમ વર્ણવી જે સખી ગુણ
એનો મ્હોટો મહિમા તેહનો અનંતાતીર્થ ઇણગીરી આવે
વિહરમાન વ્યાખ્યાન સુણાવે, દીલભરી દીલ સમજાવે
સકલ તીર્થનું એહીજ ઠામ સર્વ ધર્મનું એહીજ ધ્યાન
એ મુજ આતમ રામ રે રે મુરખ મનશું મુજે પૂજીયે
દેવ ઘણા શેત્રુંજે જ્ઞાનની સુખડી ગુંજે ૨

સોવન ડુંગર ટુંક રૂપાની અનોપમ માણેક ટુંક સોનાની
દીસે : દેરાં દધાની એક ટુંકે મુનિ અણસણ કરતા
એક ટુંકે મુનિ વ્રત તપ કરતા એક ટુંકે ઉતરતા
સુરજ કુંડ જલધિપ લગાવો મહીપાલનો કોઢ ગમાવો તેને
તે સમુદ્ર નિપાવો
સવા લાખ શેત્રુંજય મહાતમ પાપતણી તિહાં નરહે રાતમ
સુણતાં પવિત્ર થાય આતમ ૩

રમણિક ભુઇરૂગઢ રઢીઆલો નવખંડ કુમરતીર્થ નિહાલો
ભવિજન પાપ પખાલો ચોખા ખાણને વાઘણ પોળ
ચંદન તલાવડી ઓલખા જોર કંચન ભરોરે અંઘોલ
મોક્ષ બારીનો જગ જસ મોટો સિદ્ધસિલા ઉપર જઇ લોટો
સમક્તિ સુખડી ખોટો સોવન ગભારે સોવન જાલી
ઝારો જિનની મૂર્તિ રસાલી ચક્કેસરી રખવાલી ૪

---

## મહાવીર સ્વામીની થોય

૮

વીર જિનેશ્વર માતા સાદ ચૌદ સુપન દેખે ઉદાર જાગે
હર્ષ અપાર
પીયુને પુછે અર્થ વિચાર, શું ફળ હોશે સ્વામી શ્રીકાર
તુમ સુત હોશે સુખ કાર

જન્મ હોયે જીનજીનો જાસ, પુરા પુરાયે ધનના રાશ
સુરઠવે આવાસ
એણી પરે સયલ જીનેશ્વર માત ત્રીભુવન માહે હોય વિખ્યાત
જય જય સુર ગુણ ગાત ૧

રાજ્ય લઇ ઓગણીશે ઇશ રાજ્ય વિના પાંચે જગદીશ
એ આચાર ચઉવીશ
લોકાંતિક સુરની સુણી વાણી વરસીદાન દીએ હીતજાણી
ચારિત્રલે ગુણ ખાણી
વીશ છઠ્ઠાઇ વાસુ એક કીજે સુમતિ એકજ ભકત પ્રસિદ્ધ
નેમ મલ્લીએ લીધ એહુજ જિનના જે ગુણ ગાવે
ભવભવ પાતીક ભુકો થાવે અજરામર પદ પાવે ૨

દેવ મનુષ્ય વિર્યંચના જોર પરિસહ સહતા પ્રાયે ઘોર
હણ્યા કર્મ કઠોર વાસુ પુજ્ય ઉપવાસજ જાણ
પાર્શ્વ મલ્લી નેમઋષભનાણ, અઠ્ઠમશેષ છઠ્ઠ પ્રમાણ
સયલ જિનેશ્વર હોયે નાણી સમવસરણ રચે સુર જાણી
જોજન પ્રમાણે વાણી જીનનીવાણી અમીય સમાણી
પીતાં દૂર્ગતિ જાય દુહવાળી કર્મ પીલન જવું ઘાણી ૩

ચૌદ ભત્તઇ સિદ્ધા આદિ જીણંદા છઠે વીર પાયા પરમાનંદા
માસે શેષ આનંદા શૈલેશી કરણે સિદ્ધા :સ્વામી
સિદ્ધ બુદ્ધ દુવા આતમરામી હું વંદુ શીવગતી ગામી
દેવ દેવા શાસન રખવાલ શ્રી સંઘને કરે મંગલમાલ
ત્રુઠી દેવી દયાલ, વીર વીમલ ગુરૂ ચરણ પસાયે
વિસુદ્ધ વિમલ ગુરૂ કરે સવાય રૂદ્ધી વૃદ્ધી નીતુ પાય ૪

## બીજની થોય

૯

જંબુદ્વીપે અહોનિશ દીપે, દોય સૂર્ય દોય ચંદાજી
તાસ વિમાને શ્રી ઋષભાદિક, શાશ્વતા શ્રી જિન ચંદાજી,
તેહ જાણી ઉગતે શશિ, નિરખી, પ્રણમે ભવિજન ચંદાજી,
બીજ આરાધો ધર્મની બીજે, પૂજી શાન્તિજીણંદાજી. ૧

દ્રવ્ય ભાવ દોય ભેદે પૂજો, ચોવીશે જિન ચંદાજી,
બંધન દોય દૂર કરીને, પામ્યા પરમાણંદાજી;
દુષ્ટ ધ્યાન દોય મત્ત મતંગજ, ભેદન મત મહેંદાજી,
બીજ તણે દિન જે આરાધે, જેમ જગ મહા ચિરનંદાજી. ૨

દ્વિવિધ ધર્મ જિનરાજ પ્રકાશે, સમવસરણ મંડાણજી,
નિશ્ચયને વ્યવહાર બેહુ શું, આગમ મધુરી વાણીજી;
નરક તિર્યંચ ગતિ દોય ન હોવે, બીજ તે જે આરાધેજી,
દ્વિવિધ દયા ત્રસ સ્થાવર કેરી, કરતા શિવ સુખ સાધેજી. ૩

બીજ વદનપર ભૂષણ ભૂષિત, દીપે લલવટ ચંદાજી,
ગરૂડ જક્ષ નારી સુખકારી, નિર્વાણી સુખ કંદાજી;
બીજ તણો તપ કરતાં ભવિને સમકિત સાનિધ્થ કારીજી,
ધીરવિમલ શિષ્ય કહે ઇણ વિધ, શીખ સંઘના વિઘ્ન નિવારીજી. ૪

## પાંચમની સ્તુતિ

૧૦

શ્રી જિન નેમિ જીનેશ્વર સ્વામી એકમના આરાધો ધામી,
પ્રભુ પંચમી ગતિ ગામી, પંચ રૂપ કરે સુર સ્વામી;
પંચ વરણ કળશે જલ નામી, સેવે સુરપતિ શીવ કામી,
જન્મ મહોત્સવ કરે ઇંદ્ર ઇંદ્રાણી, દેવતણી એ કરણી જાણી;

ભકિત વિશેષ વખાણી, નેમજી પંચમી તપ કલ્યાણી,
ગુણમંજરી વરદત્ત પરે પ્રાણી કરજો ભાવે મન આણી. ૧

અષ્ટાપદ ચોવીશ જીણંદ સમેત્તશિખર વાસ શુભ ભવિ,
વંદય શત્રુંજય આદી જિણંદ ઉત્કૃષ્ટાં સતરીસય જિણંદ;
નવકોડી કેવલી જ્ઞાન દિણંદ નવકોડી સહસ મુણીંદ,
સંપ્રતિ વીશ જિણંદ સોહાવે દોય કોડી કેવલી નામ ધરાવે,
દોય કોડી સહસ મુની કહાવે, જ્ઞાન પંચમી આરાધો ભાવે,
નમો નાણસ્સ જપતાં દુઃખ જાવે, મનવાંછિત સુખ થાવે. ૨

શ્રી જીન વાણી સિદ્ધાંત વખાણી, યોજન ભૂમી સુણે,
ભવિ પ્રાણી, પીજીએ સુધા સમાણી, પંચમી એક,
વિશેષ વખાણી અજવાલી એ સઘલી જાણી બોલે કેવલ નાણી.
જાવ જીવ એક વર્ષ કરેવી. સોભાગ્ય પંચમી નામે લેવી,
માસે એક ગ્રહેવી, પાંચ પાંચ વસ્તુ દેહરે દેવી,
એમ સાડા પંચ વર્ષ કરેવી, આગમ વાણી સુણેવી. ૩

સિંહ ગમની સિંહ લંક બીરાજે સિંહ નાદ પરે ગૃહરી.
ગાજે, વદન ચંદ્ર પરે છાજે, કરી મેખલાને ઉર સવી,
પાયે ઘુઘરા ઘમ ઘમ વાજે, ચાલતી બહુત દીવાજે.
ગઢ ગીરનાર તણી રખવાલી અંબ લુંબ જુતી અંબા બાલા,
અતિ ચતુર વાચાલા પંચમી તપસી કરત સંભાલા,
દેવી લાભ વિમલ સુવિસાલા રત્નવિમલ જયમાલા ૪

## અષ્ટમીની સ્તુતિ

૧૧

અભિનંદન જિનવર પરમાનંદ પદ પામે,
વળી નેમી જિનેશ્વર જન્મ લહી શિવ કામે;

તેમ મોક્ષ ચ્યવન બેહુ પાર્શ્વ દેવ સુપાસ,
આઠમને દિવસે સુમતિ જન્મ સુપ્રકાશ. ૧
વળી જન્મને દીક્ષા, ઋષભ તણા જિહાં હોય,
સુવ્રત જિન જન્મ્યા, સંભવ ચ્યવનનું જોય,
વળી જન્મ અજિતનો, એમ અગ્યાર કલ્યાણ.
સંપ્રતિ જિનવરના, આઠમને દિન જાણ ૨
જિહાં પ્રવચન માતા, આઠ તણો વિસ્તાર,
અડ ભંગી એ જાણો, સવિ જગજીવ વિચાર,
તે આગમ આદર, આણીને આરાધો,
આઠમને દિવસે, આઠ અક્ષય સુખ સાધો ૩
શાસન રખવાળી વિદ્યા દેવી સોળ,
સમકિતની સાંનિધ્ય, કરતી છાકમ છોળ,
અનુભવ રસ લીલા, ન આપે સુજસ જગીશ,
કવિ ધીર વીમળનો, જ્ઞાન વિમલ કહે શિષ્ય. ૪

---

## અગ્યારસની સ્તુત

૧૨

નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે એકાદશી અભિરામજી
એકમને કહી જેહ આરાધે તે પામે શિવ ઠામજી,
તેહ નિસુણી માધવ પૂછે મનધરી અતિ આનંદજી,
એકાદશીનો એહવો મહિમા સાંભળી કહો જિણંદાજી. ૧
એક શત અધિક પચાસ પ્રમાણ કલ્યાણક સવિજીનનાજી,
તેહ ભલાને દિન આરાધો પાપ છંડો સવિ મનનાંજી,
પોસહ કરીએ મૌન આદરીએ પરિહરીએ અભિમાનજી,
તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાનજી. ૨

પ્રભાતે પડિક્કમણું કરીને, પોસહ ત્યાં પારીજી,
દેવ જુહારૂં ગુરૂને વાંદું, દેશનાની સુણી વાણીજી,
સામી જમાડું કર્મ ખપાવું, ઉજમણું ઘરે માંડુંજી,
અશનાદિક ગુરૂને વહોરાવી, પારણું કરૂં પછી વારૂજી. ૩
બાવીશમાં જિન એણીપરે બોલે સુણ તું કૃષ્ણ નરિંદાજી,
એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખ વૃંદાજી,
દેવી અંબાઈ પુણ્ય પસાયે નેમીશ્વર હિતકારીજી,
પંડિત હરખવિજય તસ શિષ્ય માનવિજય જયકારીજી. ૪

## મહાવીર જિન સ્તુતિ

### ૧૩

કનક સમ શરીરં પ્રાપ્ત સંસાર તીરં કુમત ઘન સમીરં
ક્રોધ દાવાગ્નિનીરં જલધિ જલ ગંભીરં દંભ ભૂસારસીરં
સુરગિરિ સમ ધીરં સ્તૌમી ભકત્યા ચવીરં ૧

નમદ ખિલ સુરેંદ્રાઃ પાપ પંકે દિનેંદ્રાઃ
કુમત મૃગ મૃગેંદ્રાઃ કર્મ વૃક્ષે ગજેંદ્રાઃ
સુગુણ મણિ સમુદ્રાઃ સાધુ ચક્કોર ચંદ્રાઃ
ગત ઘનતર તંદ્રાઃ પાતુવઃ શ્રી જિનેદ્રાઃ ૨
જિન વદના હૃદંતાત્ નિર્ગતા વાર્દ્ધિકાન્તા,
સુપદ મલિલ પૂતા પાપ પંકૌઘ હર્ત્તા,
જનન મરણ નિત્યા દ્વાદશાંગી વિચિત્રા,
મુનિ જનહિત કર્તા મોક્ષ સૌખ્ય પ્રદાતા. ૩
જિત નયન કુરંગી શ્યામ વેણી ભુજંગી,
જિન મુખકજ ભૃંગી શ્વેત વસ્ત્રે વૃંતાંગી,
નિવડ જડિમ રોગિ ધ્વંસને માતુલિંગી,
શ્રુત નિચય વરાંગી દેહીમે દેવી સદ્દગીઃ ૪

# શ્રી પચુષણુ પર્વની થોય

૧૪

સત્તર ભેદી જિન પૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી,
ઢાલ દદામાં ભેરી નફેરી, ઝલરી નાદ સુણી જેજી,
વીર જિન આગળ ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજેજી
પર્વ પજુસણુ પુરવ પુન્યે, આવ્યાં એમ જાણી જેજી. ૧
માસ પાંસ વળી દસમ, દુવાલસ ચત્તારી અઠ્ઠ કીજેજી
ઉપર વળી દશ દોય કરીને, જિન ચોવીસે પૂજીજેજી
વડા કલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણી જેજી
પડવેને દિન જન્મ મહોત્સવ, ધવળ મંગળ વરતી જેજી. ૨
આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનો તપ કીજેજી,
નાગકેતુની પરે કેવલ લહીએ, જો શુભ ભાવે રહીએજી,
તેલાધર દિન ત્રણુ કલ્યાણુક, ગણુધર વાદ વદી જેજી,
પાસ નેમિશ્વર અંતર ત્રીજે, રૂષભ ચરિત્ર સુણી જેજી, ૩
બારસે સૂત્ર ને સમાચારી, સંવચ્છરી પડિક્કમીએજી,
ચૈત્ય પ્રવાડી વિધિ શું કીજે, સકલ જંતુને ખામીજેજી,
પારેણાને દિન સ્વામિવચ્છલ, કીજે અધિક વડાઇજી,
માનવિજય કહે સકલ મનોરથ, પુરે દેવી સિદ્ધાઇજી. ૪

# શ્રી પર્યુષણુ પર્વની થોય

૧૫

જિન આગમ ચઉ પરવી ગાઇ, ત્રણુ ચોમાસા છ અઠ્ઠાઈ,
પજુસણુ પર્વ સવાઇ, એ શુભ દિનને આવ્યા જાણી,
ઉઠો આળસ છંડી પ્રાણી, ધર્મની નીક મંડાણી,

પોસહ પડિક્કમણા કરો ભાઇ, માસ ખમણુ પાસ ખમણુ,
અઠ્ઠાઈ, કલ્પ અઠ્ઠમ સુખદાઇ,
દાન દયા દેવપૂજા સૂરિની, વાચના સુણીએ,
કલ્પસૂત્રની, આજ્ઞા વીર જિનવરની. ૧

સાંભળી વીરનું ચરિત્ર વિશાલ, ચઉદ સ્વપ્ને,
જન્મ્યાં ઉજમાળ, જન્મ મહોત્સવ રસાળ,
આમલ ક્રીડાએ સુરને હરાવ્યો,
દીક્ષા લઈ કેવળ ઉપજાવ્યો, અવિચલ ઠામ શોભાવ્યે,
પાસ નેમિ સંબંધ સાંભળીએ, ચોવીસ જિનના અંતર,
સુણીએ, આદિ ચરિત્ર સાંભળીએ,
વીર તણા ગણધર અગીયાર,
થિરાવલીનો સુણો અધિકાર, એ કરણી ભવપાર. ૨

અષાડીથી દિન પચાસ, પજોસણ પડિક્કમણું ઉલ્લાસ,
એક ઉણું પણ માસ,
સમાચારી સાધુનો પંથ વરતે જયણા એ નિર્ગ્રંથ,
પાપ ન લાગે અંશ,
ગુરૂ આણાએ મુનિવર રાચે, રાગી ઘરે જઇ વસ્તુ,
ન જાચે, ચાલે મારગ સાચે,
બિગય ખાવાનો સંચ ન આણે, આગમ સાંભળતાં
સહુ જાણે, શ્રી વીર જિન વખાણે. ૩

કુંભાર કાનમાં કાંકરી ચંપે, પીડાએ ક્ષુલ્લક પણ કંપે
મિચ્છામિ દુક્કડ જંપે,
એમ જે મન આમલો નવિ છોડે, આભવ પરભવ
દુઃખ બહુ જોડે પડે નરક ન ખોડે,

આરાધક જે ખમે ખમાવે, મન શુદ્ધે,
અધિકરણ શમાવે, તે અક્ષય સુખ પાવે,
સિદ્ધાઇકાસૂરી સાનિધ્યકારી, શ્રી મહિમાપ્રભસૂરિ
ગચ્છધારી, ભાવ રતન સુખ ધારી. ૪

## રોહીણીની સ્તુતિ

### ૧૬

જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત,
રોહિણી તપનો ફળ, ભાખે શ્રી ભગવંત;
નરનારી ભાવે, આરાધે તપ એહ,
સુખ સંપત્તિ લીલા, લક્ષ્મી પામે તેહ. ૧

ઋષભાદિક જિનવર, રોહિણી તપ સુવિચાર,
નિજ મુખે પ્રકાશે, બેઠી પર્ષદા બાર,
રોહિણી દિન કીજે, રોહિણીનો ઉપવાસ,
મન વંછિત લીલા, સુંદર ભોગ વિલાસ. ૨

આગમ માંહિ એહનો, બોલ્યો લાભ અનંત,
વિધિશું પરમારથ, સાધે સુદ્ધા સંત,
દિન દિન વળી અધિકો, વાધે અધિકો નૂર,
દુઃખ દોહગ તેહનાં, નાસી જાયે દૂર, ૩

મહિમા જગ મોટો, રોહિણી તપનો જાણ,
સૌભાગ્ય સદાએ, પામે ચતુર સુજાણ,
નિત્ય નિત્ય ઘર મહોત્સવ નિત્ય નવલા શણગાર,
જિન શાસન દેવી, લબ્ધિ રૂચિ જયકાર. ૪

# મૌન એકાદશીની થોય

## ૧૭

નયરી દ્વારાવતિ કૃષ્ણ નરેશ,
રાજા રાજ્ય કરે સુવિશેષ, તેજે જાણે દીનેશ,
સમવસર્યા શ્રી નેમિજીનેશ, પરિકર સહસ અઢાર મુનીશ,
પ્રણમે સુર નર ઇશ, તવ વંદે શ્રી કૃષ્ણ નરેશ,
સ્વામી દાખો દિવસ વિશેષ, પૂછે નામી શિષ,
જેણે દિન પુન્ય કર્યું લવલેશ બહુ ફળ દાયક હોય,
અશેષ, તે દાખોજી નેશ. ૧

નેમિ જીણુંદ વદે એમ વાણી, અર્ધ માગધી જે કહે,
વાણી, સાંભલે સારંગ પ્રાણી,
માગસર સુદી અગીયારસ જાણી, દેઢસો કલ્યાણકની ખાણી
વેદ પુરાણે વખાણી,
શ્રી મુનિસુવ્રત સ્વામી વખાણી સુવ્રત શેઠે તે,
શુભ જાણી, આરાધી ગુણ ખાણી,
તે તપથી થયો કેવલનાણી જીન ચોવીશ તણી
એમ કહાણી, શીવપુરની નીશાણી. ૨

ત્રણ જીનના મળી પંચ કલ્યાણ, ત્રણ ચોવીશી નવ
જીન ભાણ, એકજ ભરત પ્રમાણ,
પણ ચાલીશે જીનવર જાણ, પંચોતેર તેહના
કલ્યાણ ઐરવતે તીમ જાણ,
દશ ક્ષેત્રે એણીપરે પરિમાણ, નેવુ જિનના દોઢશો કલ્યાણ
અગીયારસ દીને જાણ.
દીક્ષા જન્મ અને વળી નાણ, તીમ વળી પામ્યા
જીન નિર્વાણ, આગમ વચન પ્રમાણ. ૩

પનર સહસ જીન નામ ગુણીજે મૌનધરીને પોસહ લીજે
અહાર તણો પાળીજે,
જિન પૂજીને પારણુ કીજે વરસ અગીયાર લગે,
એમ કીજે, પાપ પડલ સવિ છીજે
શક્તિ એ જાવજીવ કરીજે, ગુરૂ વચન સરસ,
સુધારસ પીજે, નર ભવનુ ફળ લીજે,
એમ અંબાઈ સાનીધ્ય કીજે, ધીરવિમલ કવી,
જગ જાણીજે, કવિ નય એમ પભણીજે.

---

## શ્રી સીમંધર જિન સ્તુતિ

### ૧૮

મુજ આંગણુ સુરતરૂ ઉગીયો,
કામધેનું ચિંતામણિ પુગીયો,
સીમંધર સ્વામી જો મીલે,
તો મનહ મનોરથ સવિ ફલે, ૧

હું વંદુ વીસે વિહરમાન,
તે કેવલજ્ઞાની યુગ પ્રધાન,
સીમંધર સ્વામી ગુણ નિધાન,
જિત્યા જેણે કોહ લોહ મોહમાન. ૨

આંબાવન સમરે કોકિલા,
મેહને વંછે જિમ મોરલા,
મધુકર માલતી પરિમલ રમે,
તિમ આગમે મોરૂં મનરમે. ૩

જય લચ્છી શાસન દેવતા,
રત્નત્રય ગુણુજે સાધતા,
વિમલ સુખ પામે તે સદા,
સીમંધર જિન પ્રણમું મુદા. ૪

## શ્રી સંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ

૧૯

સંખેશ્વર પાર્શ્વ જુહારીએ, રિદ્ધિ દેખીને લોચન ઠારીએ,
પુજી પ્રણમીને સેવા સારીએ, ભવસાયર પાર ઉતારીએ. ૧
શેત્રુંજો ગીરનાર ગીરીવારી, આબુ અષ્ટાપદ સુખકારી,
એવા તીર્થે જીન પાય લાગીએ, ઝાઝા મુક્તિતણા સુખ માગીએ. ૨
સમોવસરણમાં બાર પર્ષદા મીલે, પ્રભુ ઉપર ચામર છત્ર ઢળે,
વાણી સુણતાં સર્વ પાતીક ટળે, સવિ જીવના મન વાંછિત ફળે ૩
પદ્માવતી પડછા પુરતી, પ્રભુ પાર્શ્વને મહિમા વધારતી,
સહુ સંઘના સંકટ ચુરતી, નય વિમળનાં વાંછિત પુરતી. ૪

## ઉપધાનની થોય

૨૦

વીર જિનેશ્વર ઉપદિશે એ, સાંભળો ભવિક સુજાણતો.
ઉપધાન વિના નવી રૂચતો એ, ગણવો શ્રી નવકાર તો,
ગીતારથ ગુરૂ યોગથી એ, વહીએ સુદ્ધ ઉપધાન તો,
ક્રિરીયાની આલોઅણ એ, વહીએ સુગુરૂ પાસ તો. ૧

પંચ મંગલનું જાણીએ, એ પહેલુ ઉપધાન તો,
પ્રતિક્રમણનું જાણીએ, એ બીજુ ઉપધાન તો,
ચૈત્યસ્તવનું માનીએ, એ ત્રીજું ઉપધાન તો,
સવી તીર્થંકર એમ ભણે એ, ઉપધાન કરો બહુમાન તો. ૨

શ્રુત સ્તવ સિદ્ધ સ્તવ એ, છઠ્ઠું વહી ઉપધાન તો,
શક્ર સ્તવનું જાણીએ એ, ધરીયે તૃતીય ધ્યાન તો,
નામ સ્તવ લોગસ્સનું એ, પાંચમું શુભ ઉપધાન તો,
**શ્રી** મહાનિશિથ સુત્રમા એ, ભાખ્યું **શ્રી** જિનરાજ તો. ૩

મહા મહોત્સવે આવીયે એ, શ્રી ગુરૂવરની પાસ તો,
નાણુ મંડાવો ઠાઠ સુ એ, પધરાવો જીનરાજ તો,
શ્રીફળ દ્રવ્ય ચડાવીએ એ, માણીકયાદિ સાર તો,
સમ્યગ્ દ્રષ્ટિ સુરવર સમી એ, દેવી સિદ્ધાયકા સહાય તો. ૪

---

## વર્ધમાન તપની થોય

૨૧

વર્ધમાન ઓલી કરી, ભવ ભવ પાતક ત્યારે હરો,
વર્ધમાન જિન પામીને, દૂર કરી સહું ખામીને, ૧

વર્ધમાનાદિક જે તર્યા, પૂર્વે ભવે જે તપકર્યા,
તે તપ મુજને ફલ આપો, અહારાદિક સંજ્ઞા કાપો. ૨

અંતગડ આચારદિન કરૂં, શ્રી ચંદ્ર ચરિત્ર આદરૂ,
તપ કુલકાદિ પંથ છે, તપ સાધનના ગ્રંથ જે, ૩

તપગચ્છ નંદન સુ તરૂ, શ્રી વિજયધર્મસુરીશ્વર,
રત્નવિજય સુખ દાયિકા, સહાય કરે સિદ્ધાયિકા. ૪

## શ્રી સીમંધર સ્વામીનુ સ્તવન

શ્રી સીમંધર સાહેબા, અવરકુણ યુગનાથ,-૨
મારા આંગણીયે આંબો ફલ્યો કોણ ભરે રે,
બાવળતરૂ બાથ રે, સલુણાદેવ સ્વામી સીમંધર દેવ. ૧

કોઈ મળેરે બલિહારીનો સાથરે, સલુણાદેવ સ્વામી સીમંધરદેવ,
આડા સાયર જળે ભર્યાં, વચમાં મેરૂ પર્વત હોય,-૨
કોશ કેઇકને આંતરે, તિહાં આવી ન શકે કોયરે,
સલુણા દેવ સ્વામી સીમંધર દેવ. ૨

મેં જાણ્યું હું આવું તુમકને, વિષમ વાટ અતિ દૂર,-૨
ડુંગર ને દરીઆ ઘણા, વચ્ચે નદિયો વહે ભરપૂરરે. સલુ. ૩

મુજ હેડુરે શંસય ભર્યું, કોણ આગળ કહું વાત,-૨
એકવાર સ્વામીજી જો મળે, જોઇ જોઈ જોઉં રે,
વંદન કેરી વાટ રે સલુણા સ્વામી સીમંધર દેવ; ૪

કોઇ કહે સ્વામીજી આવીયા, આપું લાખ પચાસ,-૨
જીભરે ઘડાવું સોનાતણી, તેહના દુધડે પખાલુ પાયરે,
સલુણા દેવ સ્વામી સીમંધર દેવ. ૫

સ્વામીજી સુહણે પેખીયા હેયડે હરખ ન માય,
ગણિ સમય સુંદર વાચક એમ ભણે,
મુજને ભેટચા સીમંધર રાય રે,
સલુણા દેવ સ્વામી સીમંધર દેવ. ૬

દેવ જસા દરસણ કરો, વિઘટે મોહ વિભાવ લાલરે,
પ્રગટે સુદ્ધ સ્વભાવતા, આનંદ લહરી દાવ લાંલરે. દે૦ ૧

સ્વામી વસો પુષ્કરાવ રે. જંબુ ભરતે દાસ લાલરે,
ક્ષેત્ર વિભેદ ઘણો પડયો, કિમ પહોંચે ઉલ્લાસ લાલરે. દે૦ ૨

હોવત જો તનુ પાંખડી, આવત નાથ હજુર લાલરે,
જો હોવત ચિત્ત આંખડી, તો દેખત નિત્ય પ્રભુ નૂર લાલરે. દે૦ ૩

શાસન ભક્ત જે સુરવરા, વિનવું શિષ નમાય લાલરે,
કૃપા કરો મુજ ઉપરે, તો જિન વંદન થાય લાલરે. દે૦ ૪

પુછું પૂર્વ વિરાધના, શી કીધી એણે જીવ લાલરે,
અવિરતિ મોહ ટળે નહિ, દીઠે આગમ દાવ લાલરે. દે૦ ૫

આતમ તત્વ સ્વભાવને, શોધન બોધન કાજ લાલરે,
રત્નત્રયી પ્રાપ્તિ તણે, હેતુ કહો મહારાજ લાલરે. દે૦ ૬

તુમ સરિખા સાહિબ મલે, ભાંજે ભવ ભ્રમ ટેવ લાલરે,
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પર સેવ લાલરે. દે૦ ૭

દીન દયાળ કૃપાળ તું, નાથ ભવિક આધાર લાલરે,
દેવચંદ્ર જિન સેવના, પરમા મૃત સુખકાર લાલરે. દે૦ ૮

## આદિ જિન વિનતિ

પામી સુગુરૂ પસાયરે શત્રુંજય ધણી, શ્રી રિસહેસર વિનવું એ. ૧
ત્રિભુવન નાયક દેવરે, સેવક વિનતિ આદિશ્વર અવધારીયે એ. ૨
શરણે આવ્યો સ્વામી રે,
હું સંસારમાં, વિરુએ વૈરીયે નડયો એ. ૩
તાર તાર મુજ તાતરે,
વાત કિશી કહું ભવભવ ભાવઠ તણી એ. ૪

જન્મ મરણ જંજાલરે,
બાલ તરૂણ પણું, વલી વલી જરા દહે ઘણું એ. ૫
કેમ ન આવ્યો પાર કે, સાર હવે સ્વામી,
શ્યે ન કરી એક માહરી એ. ૬
તાર્યા તુમે અનંત રે, સંત સુગુણ વલી, અપરાધી પણ ઉદ્ધર્યા એ. ૭
તો એક દીન દયાલ રે, બાલ દયામણો, હું શા માટે વિસર્યો એ. ૮
જે ગિરૂઆ ગુણવંત રે, તારો તેહને,
તે માંહે અચરિજ કિશ્યું એ. ૯
જે મુજ સરીખા દીન રે, તેહને તારતા,
જગ વિસ્તરશે જશ ઘણો એ. ૧૦
આપદે પડિઓ આજ રે, રાજ તુમારડે,
ચરણે હું આવ્યો વહી એ. ૧૧
મુજ સરિખો કોઇ દીનરે, તુજ સરિખો પ્રભુ,
જોતા જગ લાભે નહિ એ. ૧૨
તોયે કરુણા સિંધુરે, બંધુ ભુવનતણા ન ઘટે તુમ ઉવેખવું એ. ૧૩
તારણહારો કોઈરે, જો બીજો હુવે તો તું મ્હને શાને કહું એ. ૧૪
તુંહિજ તારીશનેટરે, પહિલાને પછે,
તો એવડી ગાઢિમ કીસી એ. ૧૫
આવી લાગ્યો પાયરે, તે કેમ છોડશે,
મન મનાવ્યા વિણ હવે એ. ૧૬
સેવક કરે પોકારરે, બાહિર રહ્યા જશે,
તો સાહિબ શોભા કીસી એ. ૧૭
અતુલી બલ અરિહંતરે, જગને તારવા,
સમરથ છો સ્વામી તુમે એ. ૧૮

શું આવે છે જોરરે, મુજને તારવા, કે ધન બેસે છે કિશ્યુંએ. ૧૯
કહેશો તુમે જીણુંદરે, ભક્તિ નથી તેહવી,
તો તે ભકિત મુજને દીયો એ. ૨૦
વલી કહેશો ભગવંતરે, નહિં તુજ યોગ્યતા,
હમણા મુકિત જાવાતણી એ. ૨૧
યોગ્યતા તે પણ નાથરે, તુમહીજ આપશો,
તો તે મુજને દીજીયે એ. ૨૨
વલી કહેશો જગદીશરે, કર્મ ઘણા તાહરે,
તો તેહજ ટાલો પરા એ. ૨૩
કર્મ અમારા આજરે, જગપતિ વારવા,
વલી કોણ બીજો આવશે એ. ૨૪
વલી જાણો અરિહંતરે, એહને વિનતિ કરતાં આવડતી નથી એ. ૨૫
તો તેહિજ મહારાજરે મુજને શિખવો,
જેમ તે વિધિ શું વિનવું એ. ૨૬
માય તાય વિણ કોણરે, પ્રેમે શીખવે બાલકને કહો બોલવું એ. ૨૭
જો મુજ જાણો દેવરે, એહ અપાવનો,
ખરડયો છે કાલિકા હવે એ. ૨૮
કેમ લેવું ઉત્સંગરે અંગે ભરયું એહનું,
વિષય કષાય અશુચિ શું એ. ૨૯
તો મુજ કરો પવિત્રરે, કહો કોણ પુત્રને,
વિણ માવિત્ર પખાલશે એ. ૩૦
કૃપા કરી મુજ દેવરે, ઇહાં લગે આણીયો,
નરક નિગોદાદિક થકી એ. ૩૧
આવ્યો હવે હજુરરે, ઉભો થઈ રહ્યો, સામું રયે જુઓ નહિ એ. ૩૨

આડો માંડી આજરે, બેઠો બારણે, પવિત્ર તુમે માનશો એ. ૩૩
તુમે છો દયા સમુદ્રરે, તો મુજને દેખી,
દયા નથી શ્યે આણુતા એ. ૩૪
હવે ખશ્યો અરિહંતરે, જો આણી વેલા તો માહરી,
શી પરે થશે એ. ૩૫
ઉભા છે અનેકરે, મોહાદિક વૈરી છલ જુએ છે માહરાં એ. ૩૬
તેહને વારો વેગે રે, દેવ દયા કરી વલી, વલી શું વિનવું એ. ૩૭
મરૂદેવી નિજ માયરે, વેગે મોકલ્યાં ગજ બેસારી મુકિતમાં એ. ૩૮
ભરતેસર નિજ નંદનરે, કીધો કેવલી આરીસો અવલોકતાં એ. ૩૯
અઠ્ઠાણું નિજ પુત્રરે, પ્રતિબોધ્યા પ્રેમે જુઝ કરંતા વારીયા એ. ૪૦
બાહુબલને નેટરે, નાણ કેવલ તમે, સામી સાહમું મોકલ્યું એ. ૪૧
ઈત્યાદિક અવદાતરે, સઘલા તુમ તણા, હું જાણું છું મૂલગા એ. ૪૨
મહારી વેલા આજરે, મૌન કરી બેઠા ઉત્તર શે આપો નહી એ. ૪૩
વિતરાગ અરિહંતરે, સમતા સાગરૂ, મહરાં તાહરાં શાં કરો એ. ૪૪
એકવાર મહારાજરે, મુજને સ્વમુખે બોલાવો સેવક કહી એ. ૪૫
એટલે સિદ્ધાં કાજરે, સઘલાં માહરાં,
મનના મનોરથ સવિ ફલ્યા એ. ૪૬
ખમજો મુઝ અપરાધરે, આ સંગે કરી,
અસમંજસ જે વિનવ્યું એ. ૪૭
અવસર પામી આજરે, જો નવિ વિનવું,
તો પસ્તાવો મન રહે એ. ૪૮
ત્રિભુવન તારણહારરે, પુણ્યે માહરે આવી એકાંતે મલ્યા એ. ૪૯
બાલક બોલે બોલરે, જે અવિગતપણે, માય તાયને તે રૂચે એ. ૫૦

નયણે નિરખ્યો નાથરે, નાભિ નરિંદનો નંદન,
નંદનવન જિસ્યો એ. ૫૧

મરૂદેવી ઉર હંસરે વંશ ઇખાગનો સોહાકર સોહામણો એ. ૫૨

માય તાય પ્રભુ મિત્રરે, બંધવ માહરો,
જીવ જીવન તું વાલ્હો એ. ૫૩

અવર ન કો આધારરે, ઇણે જગ તુજવિના,
પ્રાણ શરણ તું ધણી એ. ૫૪

વલી વલી કરૂં પ્રણામરે, ચરણે તુમ તણે,
પરમેશ્વર સન્મુખ જુવો એ. ૫૫

ભવ ભવ તુમ પાય સેવરે, સેવકને દેજો,
હું માગું છું એટલું એ. ૫૬

શ્રી કીર્તીવિજય ઉવઝાયરે, સેવક એણીપરે,
વિનય વિનય કરી વિનવે એ. ૫૭

## સિદ્ધાચલજીનું સ્તવન

પ્રીતલડી બંધાણીરે વીમલ ગીરીંદશું,
નીશી પતી નીરખી, હરખે જેમ ચકોરજો,
કમલા ગૌરી, હરી હરથી રાચી રહે,
જલધર જોઈ મસ્ત બને, વન મોર જો. પ્રીતલડી-૧

આદીશ્વર અવલેશ્વર, આવી સમોસર્યા,
પુન્ય ભૂમીમાં પૂર્વ નવાણું વારજો,
અરિહંત શ્રી અજીતેશ્વર શાન્તીનાથજી,
રહ્યા ચોમાસું જાણી શીવપુર દ્વારજો. પ્રીતલડી-૨

સોમવંશી સૂર્યવંશી યાદવ વંદના,
નૃપ ગણ પામ્યા નિર્મળ પદ નિર્વાણજો,
મહા મુનીશ્વર ઇશ્વર પદ પૂરણ વર્યા
શીવપુર શ્રેણી આરોહણ સોપાનજો. પ્રીતલડી-૩

ત્રણ ભુવનમાં તારક તુજ સમ કો નહિ.
એમ પ્રકાશે સીમંધર મહારાજ જો,
તાહરે શરણે આવ્યો હું ઉતાવળો,
તાર તાર હો ગીરીવર ગરીબ નિવાજ જો. પ્રીતલડી-૪

હું અપરાધી પાપી મીથ્યા ડંબરી,
ફોગટ ભવમાં ભુલ્યો વિણ તું એક જો,
હવે ન મુકું મોહન મુદ્રા તાહરી,
એ મુજ મોટી વંક નાળની ટેક જો. પ્રીતલડી-૫

પલ્લો પકડી બાપજી બેઠો લાંઘવા,
આપ આપતું ભક્ત વત્સલ ભગવંત જો,
અંતે પણ દેવુરે પડશે સાહિબા,
શી કરવી હવે ખાલી ખેંચાતાણ જો. પ્રીતવડી-૬

મળ વિક્ષપને આવરણ ત્રીક દૂરે કરી,
છેલ છબીલા આવ્યો આપ હજુર જો,
આત્મ સમર્પણ કીધું અતી ઉમંગથી,
પ્રેમ પયો નીધી પ્રગટ્યો અભિનવ પૂર જો. પ્રીતલડી-૭

શ્રી સીદ્ધાચલ ગિરિવર મંડણ શીખરી,
પરમ કૃપાળુ પાલક પ્રાણાધાર જો,
વિછડશો નહિ ક્યારે પ્યારા પ્રાણથી,
રસીયા કરજો અમ રત્ન વિસ્તાર જો. પ્રીતલડી-૮

## શ્રી સિદ્ધાચલનું સ્તવન

શોભા શી કહુ રે શેત્રુંજાતણી, જ્યાં બીરાજે,
પ્રથમ તીર્થંકર દેવજો, રૂડીરે રાયણતલે ઋષભ સમોસર્યા,
ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવ જો. શોભા-૧

નીરખોરે નાભિરાયા કેરા પુત્રને, માતા મરૂદેવી
કેરા નંદજો, રૂડી તે વિનિતા નગરીનો ધણી,
મુખડું શોહે શરદ પુનમનો ચંદ જો. શોભા-૨

નીરખો તે નારી કંથને વિનવે, પિયુડા મુજને
પાલીતાણા દેખાડજો, એ ગિરિએ પૂર્વ નવાણુ સમોસર્યા,
માટે મુજને આદીશ્વર ભેટાડ જો. શોભા-૩

મારે મન જાવાની ઘણી હોંસ છે, કયારે જાઉંને,
કયારે કરૂં દર્શન જો, તે માટે મન મારૂં તલસે ઘણું,
નયણે નીહાલું ને ઠરે મારાં લોચન જો. શોભા-૪

એવી તે અરજ અબલાની સાંભલો, હુકમ કરોતો
આવુ તુમારી પાસ જો, મહેર કરીને દાદા દર્શન દીજીએ,
શ્રી શુભ વીરની પહોંચે આશ જો. શોભા-૫

## સિદ્ધાચલનું સ્તવન

યહ વિમલ ગિરિવર શિખર, સુંદર, સકલ તીરથ સારરે,
નાભિનંદન ત્રિજગ વંદન, ઋષભ જિન સુખકાર રે. યહ-૧

ચૈત્ય તરૂવર રુખરાયણ, તળે અતિ મનોહાર રે,
નાભિનંદન તણા પગલાં, ભેટતા ભવપાર રે. યહ-૨

સમવસરીયા આદિ જિનવર, જાણી લાભ અનંત રે,
અજિત શાન્તી ચોમાસુ, રહીયા એમ અનેક મહંત રે. યહ-૩

સાધુ સિધ્યા જિહાં અનંતા, પુંડરિક ગણધાર રે,
શાંબને પ્રદ્યુમ્ન પાંડવ, પ્રમુખ બહુ અણગાર રે. ચઢ.-૪
નેમિજીનના શિષ્ય થાવચ્ચા, સહસ અઢી પરિવાર રે,
અંતગડજી સૂત્ર માંહે, જ્ઞાતા સૂત્ર મોઝાર રે. ચઢ.-૫
ભાવશું ભવિ જેહ ફરસે, સિદ્ધક્ષેત્ર શુભ ઠામ રે,
નરક તિર્િગતિ દો નિવારે, જપે લાખ જિન નામ રે, ચઢ.-૬
રયણમય શ્રી ઋષભ પ્રતિમા, પંસ સયા ધનુસાન રે,
નિત્ય પ્રત્યે જિહાં ઇન્દ્ર પૂજે, દુષમ સમય પ્રમાણ રે, ચઢ.-૭
ત્રીજે ભવે જે મુક્તિ પહોંચે, ભવિક ભેટે તેહ રે,
દેવ સાનિધ્ય સકલ વાંછિત, પુરવે સસનેહ રે. ચઢ.-૮
ઇણીપેરે જેહનો સબલ મહીમા કહ્યો, શાસ્ત્ર મોઝાર રે,
જ્ઞાનવિમલ ગિરિ ધ્યાન ધરતાં, મુજ આવા ગમન નિવાર રે. ચઢ-૯

સંપૂર્ણ.

## સુમતીનાથનું સ્તવન

સમકીત તાહરૂ સોહામણું, વીશ્વ જંતુ આધાર લાલરે,
કૃપા કરી પ્રકાશીયે, માટે તો મોહ અંધાર લાલરે. સ.-૧
જ્ઞાન દર્શન આવરણની, વેદની મોહની જાણ લાલરે,
નામ ગોત્ર વિઘ્નનિ સ્થિતી, એક કોડાકોડી માન લાલરે. સ.-૨
યથા પ્રવૃત્તિ કરણ તે, ફરસે અનંતી વાર લાલરે,
દર્શન તાહરૂ નવિ લહે, દુર્ભવ્ય અભવ્ય અપાર લાલરે. સ.-૩
શુદ્ધ ચિત્ત મોગર કરી, ભેદિ અનાદિ ગ્રંથિ લાલરે,
જ્ઞાન વિલોચને દેખાયે, સિદ્ધ સરોવર કંઠ લાલરે. સ.-૪

ભેદ અનેક છે તેહના, બૃહત ગ્રંથ વિચાર લાલરે,
સુ સંપ્રદાય અનુભવ થકી, ધરજો શુદ્ધ આચાર લાલરે. સ.-૫
અહો અહો સમકિતની સુણો, મહીમા અનોપમ સાર લાલરે,
શીવશર્મ દાતા એક સમો, અવર ન કો સંસાર લાલરે. સ.-૬
શ્રી સુમતી જીનેશ્વર સેવથી, સમકીત સુદ્ધ ઠરાય લાલરે,
કીર્તિ વિમલ પ્રભુની કૃપા, શિવ લચ્છી ઘર આય લાલરે. સ.-૭

## સુપાર્શ્વનાથનું સ્તવન

(અજીત જીણંદ શુ પ્રીતડી-**એ દેશી.**)

શ્રી સુપાસ જિન સાહિબા, સુણો વિનતી હો પ્રભુ પરમ કૃપાલકે,
સમકિત સુખડી આપીયે,
દુઃખ કાપીયે હો જિન દીન દયાળ કે. શ્રી સુ. ૧
મૌન ધરી બેઠાં તુમે, નિચિંતા હો પ્રભુ થઈને નાથ કે,
હું તો આતુર અતિ ઉતાવલો,
માગું છું હો જોડી દોય હાથ કે. શ્રા. સુ. ૨
સુગુણા સાહિબ તુમવિંના, કુણ કરશે હો સેવકની સાર કે,
આખર તુમહીજ આપશો,
તો શાને હો કરો છો વાર કે. શ્રા. સુ. ૩
મનમાં વિમાસી શું રહ્યા,
અંશ ઓછું હો તે હોય મહારાજ કે,
નિરગુણ ને ગુણ આપતાં,
તે વાતે હો નહિ પ્રભુ લાજ કે. શ્રા. સુ. ૪
મોટા પાસે માગે સહુ, કુણ કરશે હો ખોટાની આશ કે,
દાતાને દેતા વધે ઘણું,
કૃપણને હો હોય તેહનો નાશ કે. શ્રા. સુ. ૫

કૃપા કરી સામુ જો જુવો,
તો ભાંજે હો મુજ કર્મની જાલ કે,
ઉત્તર સાધક ઉભાં થકાં,
જિમ વિદ્યા હો સિદ્ધ હોય તત્કાલ કે. શ્રા. સુ. ૬
જાણુ આગળ કહેવું કિશ્યું,
પણ અરથી હો કરે અરદાસ કે,
શ્રી ખીમાવિજય પય સેવતાં,
જસ લહીયે હો પ્રભુ નામે ખાસ કે. શ્રા. સુ. ૭

## મલ્લીનાથનું સ્તવન

મન મોહનજી મલ્લીનાથ, શુણો મુજ વિનતિ,
હું તો બૂડયો ભવો, દધિમાંહ્ય પીડાયો કર્મે અતિ. મન.-૧
જયાં જ્યાં અધર્મ કેરા કામ, તેમ બહુ હરખીયો,
ધર્મ કાજમાં ન દીધું ધ્યાન. માર્ગ નવિ પરખીયો, મન.-૨
દુર્ગુણે ભર્યો રે હું બાલ, સુગુણ ગણ નવી રમ્યે,
મોહે મચ્યો સદા કાળ, હર્ષના ફંદે ફર્યો. મન.-૩
છલ કરીને ઘણું દગાબાજ, દ્રવ્ય મેં સંચીયા.
જૂઠું બોલી મુખવાત, લોકોના મન હર્યા. મન.-૪
પતિત પામર રંક જે જીવ, તેને છેતર્યા બહુ,
પાપે કરી પિંડ ભરાય. કથા કેટલી કહુ. મન.-૫
પ્રભુ તાહરો ધર્મ લગાર, મેં તો નવિ જાણીયો,
મે તો ઉથાપી તુજ આણુ, પાપે ભર્યો પ્રાણીઓ. મન.-૬
શુદ્ધ સમકિત તાહરૂં, જેહ તે મનથી ન ભાવીયું,
શંકા કંખા વિતિ ગિચ્છામાંહ્ય, પાખંડે પડાવીયું. મન.-૭

તકસીરો ઘણી મુજ નાથ, મુખે નવિ ગણી શકું,
કરો માફી ગુના જગભ્રાત, કહી કેટલા બકું  મન.-૮
રીઝ કરીને ઘણું જગનાથ, ભવ પાશ તોડીએ,
શરણે રાખી મહારાજ, પછી કેમ છોડીએ.  મન.-૯
મળીયા વાચક વીર સુજાણ, વિનયની આ વારમાં,
જેથી ટળીયા કુમતીના ફંદ, પ્રભુજી દેદારમાં. મન.-૧૦

## નેમનાથનું સ્તવન

સુણો સહિયર મોરી, જુવો અટારી, આવે છે નેમકુમાર,
શીવદેવીનો નંદ વ્હાલો, સમુદ્રવિજય છે તાત;
કૃષ્ણ મોરારીનો બંધુ. વખાણું યાદવ કુલ મોઝાર,
પ્રભુ નેમ વિહારી, બાલ બ્રહ્મચારી.  જુવો.-૧
અંગ ફરકે જમણું બેની, અપશુકન મને થાય,
જરૂર વ્હાલો પાછોજ વળસે, નહિં ગ્રહે મુજ હાથ;
મને થાય દુઃખ ભારી, કહુ છું આવારી.  જુવો.-૨
પરણું તો બેની એમને પરણું, અવર પુરુષ ભાઈ બાપ,
હાથ ના ગ્રહે મારો કે તેમનો, મસ્તકે મુકાવું હાથ;
હું તો થાઉ વ્રત ધારી, બાલ કુમારી.  જુવો-૩
સંયમ ધારી રાજુલ નારી, ચાલ્યા છે ગઢ ગીરનાર,
મારગે જાતા મેઘજી વરસ્યા, ભીંજાયા સતીના ચીર,
ગયા ગુફા મોઝારી, મનમાં વીચારી.  જુવો.-૪
ચીર સૂકવે છે રાજુલ સતી, નગ્ન પણે તેણીવાર,
રહનેમી મુનિવર કાઉસ્સગ ધ્યાને, રૂપે મોહ્યા તેનીવાર;
સુણો ભાભી અમારી, થાઓ ઘર નારી.  જુવો.-૫

વમેલા આહારને શુકર વાંછે, સુણો દિયર મોરી વાત,
મુજને વમેલી જાણી દિયરજી શાને ખોવો છો વ્રત ચાર;
હું તો દુષણ ટાળી, પાળો આવારી. જુવો.-૬

રહનેમી મુનીવર, રાજુમતીને ઉપન્યું કેવળજ્ઞાન,
ચરમ શરિરે મોક્ષે સિધાવ્યા, સાધ્યા આતમ કાજ;
વીરવિજય આવારી, ગુણ ગાઉં ભારી. જુવો.-૭

## પાર્શ્વનાથનું સ્તવન

( ગિરૂવારે ગુણ તુમ તણા એ દેશી. )

પાર્શ્વ પ્રભુ શંખેશ્વરા, મુજ દરિસણ વેગે દીજે રે,
તુજ દરિસણ મુજ વાલહું જાણું, અહનિશ સેવા કીજે રે. પા.-૧
રાત દિવસ સુતાં જાગતાં, મુજ હૈયડે ધ્યાન તુમારૂં રે,
જીભ જપે તુમ નામને, તવ ઉલ્લસે મનડું મારૂ રે. પા -૨
દેવ દિયે જો પાંખડી, તો આવું તુમ હજુર રે,
મુજ મન કેરી વાતડી, કહી દુખડા કીજે દૂર રે. પા.-૩
તું પ્રભુ આતમ માહરો, તું પ્રાણ જીવન મુજ દેવ રે,
સંકટ ચૂરણ તું સદા, મુજ મહેર કરો નિત મેવ રે. પા.-૪
કમલ સૂરજ જેમ પ્રીતડા, જેમ પ્રીતિ બપૈયા મોર રે,
દૂર થકી તિમ રાખજો, મુજ ઉપરે અધિક સનેહ રે. પા.-૫
સેવક તણી એ વિનતિ, અવધારી સુનજર કીજે રે,
લબ્ધિવિજય કવિ પ્રેમને, પ્રભુ અવિચલ સુખડાં દીજે. પા.-૬

## મહાવીર સ્વામીનું સ્તવન

સરસ્વતી સ્વામીને પાયે લાગું, પ્રણમી સદ્ગુરૂ પાયારે,
ગાઈસુ હૈયડે હર્ષ ધરીને, **શ્રી** વર્ધમાન જીન રાયારે;
મોરા સ્વામી હો તોરા ચરણ ગ્રહીજે,
અરૂપી જીનના ચરણ ગ્રહીજે,
સોભાગી જીનના ચરણ ગ્રહીજે, નરભવ લાહો લીજેરે. મોરા-૧

ભારે કર્મી તેં પણ તાર્યા. પાતિકથી ઉગાર્યારે,
મુજ સરીખા તેં નવી સંભાર્યા, શું ચિત્તથી ઉતાર્યારે. મોરા.-૨

પત્થર પણ કોઇ તીર્થ પ્રભાવે, જલમાં દીસે તરતોરે,
તિમ અમે તરસુ તુમ પાય લાગી, શું રાખો છો અલગારે. મોરા.-૩

મુંજ કરણી સામુ મત જોજો, નામ સામું તુમે જોજોરે,
સાહિબ સેવકનાં દુઃખ હરજો, તુમને મંગલ હોજોરે. મોરા.-૪

તરણ તારણ તુમે નામ ધરાવો, હું છું ખીજત ગારોરે,
બીજા કોણ આગળ જઈ યાચું, મોટા નામ તુમારારે. મોરા-૫

એક વિનંતી એ સાહેબ તુઠા, **શ્રી** વર્ધમાન જીનરાયારે,
આપ ખજાનામાંહેથી આપો, સમક્તિ રત્ન સવાયારે મોરા-૬

**શ્રી** નયવિજય વિબુધ પાય સેવક, વાચક જશ એમ બોલેરે,
શાસન નાયક શિવ સુખ દાયક, નહિ કોઈ વીરજીને તોલેરે. મોરા-૭

## ગૌતમસ્વામી વિલાપનું સ્તવન.

વીર વેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે,
દરીશન વેલા દીજીએ હોજી,
પ્રભુજી તું નિસ્નેહી, હું સસનેહી અજાણ વીર -૧

ગૌતમ ભણે હો નાથ, તે વિશ્વાસ આપી છેતર્યો,
પર ગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો;
હે પ્રભુજી તારા ગુપ્ત ભેદોથી અજાણુ. વીર.–૨
શીવ નગર થયું શું સાંકડું, કે હતી નહિ મુજ યોગ્યતા
જો કહ્યું હોત તો મુજને તો, કોઇને ન રોકતા
હે પ્રભુજી હું શું માગત ભાગ સુજાણુ વીર–૩
મમ પ્રશ્નના ઉત્તર દઈ, ગૌતમ કહી કોણ બોલાવશે
કોણ સાર કરશે સંઘની, શંકા બીચારી ક્યાં જશે
હે પુન્ય કથા કહી પાવન કરી મમ કાન વીર.–૪
જિન ભાણુ અસ્ત થતાં તિમિર મિથ્યાત્વ સઘળે વ્યાપશે
કુમતી કુશલ જાગશે વલી હાં ચોર યુગલ વધી જશે
એકવાર ત્રિગડે બેસી દેશના દીયો જિન ભાણુ વીર –૫
મુનિ ચૌદ સહસ છે તાહરે, વીર માહરે તું એક છે
રડવડતો મુજને મૂકી ગયાં પ્રભુ ક્યાં તમારી ટેક છે
હે પ્રભુ સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણુ વીર.–૬
પણ હું આજ્ઞાવાર ચાલ્યો, નમળે કોઇ અવસરે
હું રાગ વશ રખડું નિરાગી, વીર શીવપુર સંચરે
હું વીર વીર કહું વીર ન ધરે કોઇ ધ્યાન વીર.–૭
કોણ વીરને કોણ ગૌતમ નહીં કોઇ કોઇનું તદા
એ રાગ ગ્રંથી છૂટતાં વર જ્ઞાન ગૌતમને થતાં
હે સુરતરૂ મણિસમ ગૌતમ નામે નિધાન વીર.–૮
કાર્તિક માસ અમાસ રાત્રે અષ્ટ દ્રવ્ય દિપક મલે
ભાવદિપક જ્યોત પ્રગટે, લોક દેવદિવાલી ભણે
હે વીર વિજયનું નર નારી ધરે ધ્યાન વીર.–૯

## સામાન્ય જીન સ્તવન.

વીનતડી મન મોહન માહરી સાંભળો
હું છું પામર પ્રાણીનીપટ અબુઝ જો
લાંબુ ટુંકુ હું કાંઈ જાણું નહિ
ત્રીભુવન નાયક તારા ઘરનું ગુંજજો વિનતડી-૧

પહેલા છેલ્લા ગુણઠાણાનો આંતરો
તુજ મુજ માંહે આબેહૂબ દેખાય જો
અંતર મેરૂ સરસવ બીંદુ સીંધુનો
શી રીતે હવે ઉભય સંધ સંધાય જો વિનતડી-૨

દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યા
ભાવ દીશા પણ દૂરે કીધ અઢાર જો
સઘળા દુર્ગુણ પ્રભુજી મેં અગી કર્યા
શી રીતે હવે થાવું એકાકાર જો વિનતડી-૩

ત્રાસ વિના જે આણા માને તાહરી
જડ ચેતનજે લોકા લોક મંડાણ જો
હું અપરાધી તુંજ આણા માનું નહિ
કહોને સ્વામી હવે કેમ પામું નીર્વાણ જો વિનતડી-૪

અંતર મુખની વાતો વિસ્તારી કરૂં
પણ ભીત્તરમાં કોરો આપો આપ જો
ભાવ વિનાની લુખી ભકિત નાથજી
આશીષ આપો કાપો સઘળા પાપજો વિનતડી-૫

આદશ આણા સુક્ષ્મતર પ્રભુતા હરી
તાદશ રૂપે મુજથી કદિન પલાય જો
વાત વિચારી મનમાં ચિંતા મોટકી
કોઈ બતલાવો સ્વામી સરલ ઉપાય જો વિનતડી-૬

અતિશય ધારી ઉપકારી પ્રભુ તું મલ્યો
મુજ મનમાં પ્રભુ પુરો છે વિશ્વાસ જો
ધર્મ રત્ન ત્રણુ રત્ન નિર્મલ આપજો
કરજો આતમ પરમાત્મ પ્રકાશ જો વિનતડી–૭

## સીમંધર સ્વામીની વિનંતી

**સ્વસ્તિશ્રી** મહાવીદેહ ક્ષેત્રમાં જીહાં રાજે,
તિર્થંક વીરા તેને નામુ શીષ કાગળ લખુ કોડથી–૧

**સ્વામી** જઘન્ય તિર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટા એકસો સિત્તેર,
તેમા નહિ ફેર. કાગળ–૨

**સ્વામી** બાર ગુણે કરી યુકત છો, અંગે લક્ષણ એક હજાર,
ઉપર આઠ સાર. કાગળ–૩

**સ્વામી** ચોત્રીશ અતિશય શોભતા વાણી પાંત્રીશ વાણીરશાલ
ગુણો તણી માલ. કાગળ–૪

**સ્વામી** ગંધ હસ્તિ પણે ગાજતાં, ત્રણ લોક તણા પ્રતિપાળછો,
દાન દયાળ. કાગળ–૫

**સ્વામી** કાયા સુકોમલ શોભતી, શોભે સુવર્ણ સોવનવાન,
કરૂં હું પ્રણામ. કાગળ–૬

**સ્વામી** ગુણ અનંતા છે તાહરા, એક જીભે કહ્યા કેમ જાય,
લખ્યા ન લખાય. કાગળ–૭

ભરત ક્ષેત્રથી લખીતંગ જાણજો, આપ દર્શન ઇચ્છક દાસ,
રાખું તુમ આશ. કાગળ–૮

મેં તો પૂર્વે પાપ કીધ ઘણા, જેથી આપ દર્શન રહ્યા દૂર,
ન પહોંચું હજુર. કાગળ–૯

મારા મનમાં સંદેહ અતિ ઘણાં, આપવિના કહ્યા કેમ જાય;
અંતર અકળાય. કાગળ-૧૦
આડા પહાડ પર્વતને ડુંગરા, તેથી નજર નાંખી નવ જાય,
દર્શન કેમ થાય. કાગળ-૧૧
સ્વામી કાગળ પણ પહોંચે નહિ, નવી પહોંચે સંદેશો સાંઇ.
હું તો રહી આંહી. કાગળ-૧૨
દેવ પાંખ આપી હોત પીઠમાં, ઉડી આવું દેશાવર દૂર,
તો પ્હોચું હજુર. કાગળ-૧૩
સ્વામી કેવલજ્ઞાને કરી દેખજો, મારા આતમના છો આધાર,
ઉતારો ભવ પાર. કાગળ-૧૪
ઓછું અધિકું ને વિપરીત, જે લખ્યું, માફ કરજો જરૂર,
જીનરાજ, લાગું તુમ પાય. કાગળ-૧૫
સંવત ૧૮૫૩ ની સાલમાં હરખે હર્ષવિજય ગુણગાય,
પ્રેમે પ્રણમું પાય. કાગળ-૧૬

## મહાવીર સ્વામીનું સ્તવન

વીરજી સુણો એક વિનંતી મોરી, વાત વિચારો તુમે ધણીરે,
વીર મને તારો, મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોરે,
પરિ ભ્રમણ મે અનંતારે કીધા હજુ એ ન આવ્યો છેહડોરે,
તુમે તો થયા પ્રભુ સિધ નીરંજન, મેતો અનંતા ભવ ભમ્યારે વી.૧
તુમે હમે વાર અનંતા ભેળા, રમીયા સંસારીપણે રે,
તેહ પ્રીત જો પુરણ પાળો, તો હમને તુમ સમ કરોરે. વી.૨
તુમ સમ હમણા જોગ ન જાણો, તો કાંઇ થોડું દીજીયે રે,
ભવોભવ તુમ ચરણની સેવા, પામી અમે ઘણુ રીજીયેરે. વી.૩

ઇંદ્ર ભળીયો કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીયોરે,
અરજુન માળી જે ઘુર પાપી, તેહને જીન તુમે ઉધર્યોરે. વી.
ચંદનબાળાએ અડદના બાકુલા, પડીલાભ્યા તુમને પ્રભુરે,
તેહને સાહુણી સાચીરે કીધી, શીવ વધુ સાથે ભેળવીરે. વી.
ચરણે ચંડકોશીયોં ડશીયો, કલ્પ આઠમે તે ગયોરે.
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણી, આવી તુમ સનમુખ રહ્યોરે. વી
નીરંજન પ્રભુ નામ ધરાવો. તો સરખા સહુને ગણોરે,
ભેદ ભાવ પ્રભુ દુર કરીને, મુજ શુરમો એક મેકશુંરે. વી
મોડા વેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણેરે,
જ્ઞાનતણા ભવના પાપ મીટાવે, વારીજાઉં વીર તોરા વારણેરે. વી

## સ્તવન

રાજા રાણીનો કુટુંબ ઘણો, મન મોહન મેરે
દીપતી કુંવરોની જોડ, મન મોહન મેરે. ૧
સંસારી સગપણ જાણીને. મન મોહન મેરે,
કાચા સુત જયું નાખ્યો તોડ, મન મોહન મેરે. ૨
રુષભદેવજીને દોય બેટીયાં, મન મોહન મેરે,
ભરતાદિક સો પુત્ર મન મોહન મેરે. ૩
સઘળાંએ સંજમ આદર્યો, મન મોહન મેરે,
પ્રભુજીએ કીધો મુગતીમાં વાસ, મન. ૪
અજીતનાથજીને બેટો નહિ મ. સેજે ટલી ગયા પાપ, મ. ૫
સંસારી સગપણ જાણીને, મન.
પ્રભુજીએ મનમાં નહિ આણ્યો સંતાપ, મ. ૬
સંભવ અભિનંદ સુમતીજીને મ. ત્રણેને ત્રણ ત્રણ પુત્ર મ. ૭

પદ્મપ્રભુજીને તેર બેટા મ. જ્યારે ભારી ઘરનો પુત્ર, મ. ૮
સુપાર્શ્વને સત્તર બેટા મ. ચંદ્ર પ્રભુજીને દશ આઠ પુત્ર મ. ૯
સુવિધિનાથજીને ઓગણીશ બેટા મ. જ્યારે કરતા લેર મ. ૧૦
શીતલનાથ વાસુપૂજ્યજીને બારે હોય બેટા મન.
શ્રેયાંસનાથજીને નવાણું પુત્ર. મન. ૧૧
વિમલનાથજીને બેટો નહિ મન.
સંજમ લઇ તોડયો કર્મનો યુદ્ધ મન. ૧૨
અનંતનાથજીને અઠ્ઠાસી બેટા મન.
ધર્મનાથજીને ઓગણીસ પુત્ર મન. ૧૩
શાન્તીનાથજીને દોઢ ક્રોડ બેટા મન.
લાગી જાગી જોત જગીશ મન. ૧૪
કુંથુનાથજીને દોઢ ક્રોડ બેટ મ. અરનાથજીને સવા ક્રોડ મ. ૧૫
મલ્લીનાથજી કુંવારા રહ્યા મ. જ્યારે બાલબ્રહ્મચારી લાર મ. ૧૬
મુની સુવ્રતજીને ઓગણીસ બેટા મન.
નમીનાથજીને નહિ પુત્ર મન. ૧૭
નેમનાથ કુંવારા રહ્યા મ. તોરણ જઇ છોડી રાજુલ નાર મ. ૧૮
પાર્શ્વનાથજીને બેટો નહિ મન
મહાવીર સ્વામીને બેટી એક મન. ૧૯
સઘલાએ સંજમ આદર્યો મ. મોક્ષનગરમાં દીધી ટેક મ. ૨૦
ઇણ ચોવીશીમાંહે સવાચાર ક્રોડ બેટા મન.
વલી ચારસોને સાત પુત્ર મન. ૨૧
સત્તર જીનવરને બેટા હુવા મ. ત્રણ બેટીની ચાલી વાત મ. ૨૨
અજીત વિમલ મલીનાથજી મન.
નમી નેમી પાર્શ્વનાથ જશવંત મન. ૨૩

મહાવીર સ્વામી સત્યવાદી હુઆ મન.
જેને ખેટાનો નહિ ફંદ મન. ૨૪

આનંદઘન કહે વિનવું, મન. ભવજલ પાર ઉતાર.
મન મોહન મેરે. ૨૫

સમાપ્ત.

## વર્ધમાન તપનું સ્તવન

(જિમ જિમ એ ગિરિ ભેટીએ—એ દેશી.)

જિમ જિમ એ તપ કીજીએ રે, તિમ તિમ ભવ પરિ પાક સલુણા નિકટ ભવિ જીવ જાણવો રે, ઇમ ગીતારથ સાખ. સલુણા-૧. આંબિલ તપ વિધિ સાંભળો રે, વર્ધમાન ગુણ ખાણ સલુણા, પાપ મળ ક્ષય કારણે રે, કતક ફળ ઉપમાન સલુણા. જિમ. ૨ શુભ મુહૂર્ત શુભ યોગમાં રે, સદ્‌ગુરૂ આદિ યોગ સલુણા, આંબિલ તપ પદ ઉચ્ચરી રે આરાધો અનુયોલ સલુણા. જિમ. ૩ ગુરૂ મુખ આંબિલ ઉચ્ચરિ રે, પૂજી પ્રતિમા સાર સલુણા. જિમ. ૪ ખટ રસ ભોજન ત્યાગવા રે, ભૂમી સંથારો થાય સલુણા. બ્રહ્મચર્યાદિ પાલવા રે, આરંભ જયણા થાય સલુણા જિમ. ૫ તપ પદની આરાધના રે, કાઉસગ્ગ લોગસ્સ બાર સલુણા, ખમાસમણા બાર આપવા રે, ગરણું હોય હજાર સલુણા જિમ. ૬ અથવા સિદ્ધપદ આશ્રયિ રે, કાઉસગ્ગ લોગસ્સ આઠ સલુણા. ખમાસમણા આઠ જાણવા રે, નમો સિદ્ધાણં પાઠ સલુણા જિમ. ૭ બીજદિને ઉપવાસ રે પોષધાદિ વ્રત યુક્ત સલુણા, પડિક્કમણાદિ ક્રિયા કરી રે, ભાવના પરિમલ યુક્ત સલુણા જિમ. ૮ એમ આરાધતાં ભાવથી રે વિધિ પૂર્વક ધરો પ્રેમ સલુણા, લાવો ધ્યાવો ભવિજના રે, ધર્મ રત્ન પદ એમ સલુણા જિમ. ૯

## જામનગર ચૈત્ય પરિપાટીનું સ્તવન

જામનગર તીરથ નમું, અચિરા સુત રાજે,
રજતગિરિ ગુરૂ મંદિરે, બેઠા ધર્મ સમાજે. જામ-૧

શાંતિ કુંથુ મણિ ફણી ધણી, ચઉમુખ ચઉ દુઃખ ચૂરે;
પાસ વીર નમિ નેમજી, નિજ સંપદ પૂરે. જામ-૨

ઋષભ વીર વાસુપૂજ્યજી, નેમિ શ્યામ સરીરા,
શશિ ધર ધર્મ જીરાવલો, ગોડી ગંગ સખીરા. જામ-૩

વાસુપુજ્ય મુજ ભુજ ગ્રહો, ભવ દવને સમાવો,
ઋષભ પાસ મુખ જિનવરા, ક્ષણ ક્ષણ મન આવો. જામ-૪

નેમિ નિરંજની અંજની, મન મંજન હારી,
તીર્થપતિ નમું બારમો; પ્રાણી પાપ પહારી. જામ-૫

ધર્મ જીનેશ્વર વંદીને, ગોડી પાર્શ્વ જુહારૂં,
મુનીસુવ્રત જીન પૂજીને, નમું તીરથ તારૂં. જામ-૬

પાસ પ્રભુ ગૃહ મંદીરે, નમી પ્રણમું બગીચી,
અજીત ઋષભ કાંતિ બની, માનુ રવિકર વીચી. જામ-૭

## શ્રી રોહિણી તપનું સ્તવન

॥ દુહા ॥

સુખકર સંખેશ્વર નમી, શુભ ગુરૂને આધાર,
રોહિણી તપ મહિમાં વિધિ, કહિશું ભવિ ઉપગાર. ૧

ભક્ત પાન કુચ્છિત દીએ, મુનિને જાણ અજાણ,
નરક તીર્યંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણ. ૨

તે પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર,
મોક્ષે ગયા તેહનો, કહું સુંદર એ અધિકાર. ૩

॥ ઢાલ ॥ ૧ ॥ શીતલ જિન સહેજાનંદી ॥ એ દેશી ॥

મઘવા નગરી કરી ઝંપા અરિ વર્ગ થકી નહિ કંપા
આ ભરતે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા ॥ ૧ ॥
પનોતા પ્રેમથી તપ કીજે ગુરૂ પાસે તપ ઉચરીએ ॥ એ આંકણી

વાસુપૂજ્યના પુત્ર કહાય, મઘવા નામે તિહાં રાય, તસ
લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી ॥ પનોતા ॥ ૨
રોહિણી નામે થઈ બેટી, નૃપ વલ્લભ સું થઇ મોટી, યૌવન
વયમાં જબ આવે, તવવરની ચીંતા થાવે ॥ પનોતા ॥ ૩ ॥
સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજ પુત્ર મિલાવે,
રોહિણી શણગાર ધરાવી, જાણું ચંદ્ર પ્રિયા ઇહાં આવી ॥ પ ૪ ॥
નાગપુર વિતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર,
વરમાલ કંઠે ઠાવે, નૃપ રોહિણીને પરણાવે ॥ પ. ॥ ૫ ॥
પરિકરસું સાસરે જાવે, અશોકને રાજ્ય ઠાવે,
પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ, વિતશોકે દીક્ષા લીધી ॥પ.॥ ૬ ॥
સુખ વિલસે પંચ પ્રકાર, આઠ પુત્ર સુતા થઈ ચાર,
રહી દંપતિ સાતમે માલ, લઘુ પુત્ર રમાડે ખોલે ॥ પ. ॥ ૭ ॥
લોક પાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ,
તસ સન્મુખ રોતિ નારી, ગયો પુત્ર મરણ સંભારી ॥પ. ॥ ૮ ॥
શિર છાતી કુટે મલી કેતી, માય રોતી જલજલી દેતી.
માથાના કેશ તે રોલે, જોઈ રોહિણી કંતને બોલે ॥ પ. ॥ ૯ ॥
આજ મેં નવું નાટક દીઠું, જોતાં બહુ લાગે મીઠું,
નાચ શીખી કીહાંથી નારી, સુણી રોશે ભર્યો નૃપ ભારી ॥પ.॥ ૧૦ ॥
કહે નાચ શીખો એણી વેલા, લેઇ પુત્ર બાહિર દીએ,
ઝોલા, કરથી વિછોડયો તે બાલ, નૃપ હાહાકરે તતકાલ ॥પ.॥ ૧૧ ॥

પુરદેવ વિચેથી લેતા, ભુંય સિંહાસન કરી દેતા,
રાણી હસતી હસતી જુવે કિંહુ, રાજાએ કૌતક દીઠું ॥૫॥ ૧૨॥
લોક સઘલા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે,
આવ્યા રૂપ સોવન કુંભ નામ, શુભ વીર કરે પ્રણામ ॥૫॥ ૧૩॥

## ॥ ઢાલ ॥ ૨ ॥ ચોપાઇની દેશી ॥

ચઉનાણી નૃપ પ્રણમી પાય, નિજ રાણીનું પ્રશ્ન કરાય,
આ ભવ દુઃખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ. ૧
મુનિ કહે ઇણ નગરે ધનવંતો, ધનમિત્ર નામે શેઠજ હતો,
દુર્ગંધ તસ બેટી થઇ, કુબ્જા કુરૂપ દુર્ભગા થઇ ૨
યોવન વય ધન દેતા સહી, દુર્ભગ પણે કોઇ પરણે નહીં,
નૃપ હણુતાં કૌતવ શિરચેણ, રાખી પરણાવી સા તેણ. ૩
નાઠો તે દુર્ગંધા લહી, દાન દેયંતા સા ઘરે રહી,
જ્ઞાનીને પરભવ પૂછતી, મુની કહે રૈવત ગિરિ તટ હતી, ૪
પૃથ્વી પાલ સિદ્ધિમતી નારી નૃપ વનમાં ક્રિડતી,
રાય કુહે દેખી ગુણવંતા, તપસી મુની ગોચરીએ જાતા. ૫
દાન દીયાં ઘર પાછા વલી, તબ ક્રીડા રસે રીસે બલી,
મૂર્ખ પણે કરી બલતે હેચે કડવો તુંબડ મુનીને દીએ. ૬
પારણું કરતા પ્રાણુજ ગયા સુરલોકે મુનિ દેવજ થયા,
અશુભ કર્મ બાંધે સે નારી, જાણી નૃપ કાઢે પુર બારે. ૭
કુષ્ટ રોગ દિન સાતે મરી, ગઇ છઠે નરકે દુઃખ ભરી,
તિરીય ભવ અનંતા લહી, મરીને સાતમી નરકમાં ગઇ. ૮
નાગણુ કરભી ને કુતરી, ઉંદર ઘીરોલી જલો શુકરી,
કાકી ચંડાલણુ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદ્દહી. ૯
મરીને શેઠની પુત્રી ભઇ, શેષ કર્મ દુર્ગંધા થઇ,
સાંભલી જાતિ સ્મરણ લહી, શ્રી શુભ વીર વચન સદ્દહી. ૧૦

# શ્રી સિદ્ધચક્રનું સ્તવન.

## ઢાલ ૧

જીહો પ્રણમું દિનપ્રત્યે જગપતિ । લાલા । શીવ સુખકારી અશેષ; જીહો આસોઈ ચૈત્રી ભણી । લાલા । અઠાઇ વિશેષ । ભવીકજન જીનવર જગજયકાર । જીહો । જીહાં નવપદ આધાર ।। ભવીકજન ।। ૧ ।। જીહો તેહ દિવસ આરાધવા । લાલા । નંદીસર સુર જાય । જીહો જીવાભિગમ માંહે કહ્યું । લાલા । કરે અડદિન મહિમાય । ભવી૦ । ૨ । જીહો નવપદ કેરા યંત્રની । લાલા । પુજા કીજે રે જાપ । જીહો રોગ સોગ સવી આપદા । લાલા । નાસે પાપનો વ્યાપ । ભવી૦ । ૩ । જીહો અરિહંત સિદ્ધ આચારજા । લાલા । ઉવઝાય સાધુ એ પંચ । જીહો દંસણ નાણ ચારિત્ર તવો । લાલા । એ ચઉગુણનો પ્રપંચ । ભવી૦ । ૪ । જીહો એ નવ પદ આરધતાં । લાલા । ચંપાપતિ વિખ્યાત । જીહો નૃપ શ્રીપાલ સુખીઓ । તે સુણજો અવદાત । ભવી૦ । ૫ ।

## ઢાલ ૨

માલવધુર ઉજેણીયેરે લોલ, રાજ્ય કરે પ્રજાપાલરે, । સુગુણનર । સૂરસુંદરી મયણાસુંદરીરે લોલ બે પુત્રી તસબાલરે । સુગુણ૦ । ૧ । શ્રી સિદ્ધચક્ર આરાધીએરે લોલ, જેમ હોય સુખની માલરે ।। સુ૦ । શ્રી૦ ।। પહેલી મિથ્યા શ્રુત ભણીરે લોલ, બીજી જીન સિદ્ધાંતરે । સુ૦ । બુદ્ધિ પરિક્ષા અવસરેરે લોલ, પુછી સમસ્યા તુરંતરે । સુ૦ । ૨। શ્રી૦ । તુઠો નૃપ વર આપવારે લોલ, પહેલી કહે તે પ્રમાણરે । સુ૦ । બીજી કર્મ

પ્રમાણુથીરે લોલ, કોપ્યો તવ નૃપ ભાણુરે । સુ૦ । શ્રી૦ । કુષ્ટીવર પરણાવિઓરે લોલ । મયણાવરે ધરી નેહરે । સુ૦ । રામા હજીએ વિચારીએરે લોલ । સુંદરી વિણસે તુજ દેહરે । સુ૦ । ૪ । શ્રી૦ । સિદ્ધચક્ર પ્રભાવથીરે લોલ નિરોગી થયો જેહરે । સુ૦ । પુણ્ય પસાએ કમલા લહીરે લોલ, વાધ્યો ઘણો સસનેહરે । સુ૦ । ૫ । શ્રી૦ । માઉલે વાત તે જબ લહીરે લોલ, વંદવા આવ્યો ગુરૂ પાશરે । સુ૦ । નિજ ઘર તેડી આવ્યોરે લોલ, આપે નિજ આવાસરે । સુ૦ । ૬ । શ્રી૦ । શ્રીપાલ કહે કામીની સુણોરે લોલ, મેં જાઉં પરદેશરે । સુ૦ । માલ મતા બહુ લાવશુંરે, પુરશું તુમ તણી ખાંતરે । સુ૦ । ૭ । । શ્રી૦ । અવધી કરી એક વરસનીરે લોલ । ચાલ્યો નૃપ પરદેશરે । સુ૦ । શેઠ ધવલ સાથે ચાલ્યોરે લોલ । જલ પંથે સુવીશેષરે । સુ૦ । ૮ । શ્રી૦ ।

### ઢાલ ૩

પરણી બબ્બર પતિ સુતારે, ધવલ મુકાવ્યો જ્યાંહ । જીનહરબાર ઉઘાડતાંરે કનકકેતુ બીજી ત્યાંહ । ૧ । ચતુરનર શ્રી શ્રીપાલ ચરિત્ર ॥ પરણી વસુપાલનીરે, સમુદ્ર તટે આવંત, મકરકેતુ નૃપ સુતારે, વીણાવદે રીઝંન । ચતુ૦ । ૨ । પાંચમી ત્રૈલોકયસુંદરી, પરણી કુબજા રૂપ; છઠી સમસ્યા પુરતીરે, પંચ સખીસું અનુપ । ચતુ૦ । ૩ । રાધાવેધી સાતમીરે, આઠમી વિષ ઉતાર । પરણી આવ્યા નીજ ઘરેરે, સાથે બહુ પરિવાર । । ચતુ૦ । ૪ । પ્રજાપાલે સાંભલીરે, પરદલ કેરી વાત । ખંધે કુહાડો લઇ કરીરે મયણા હુઇ વિખ્યાત । ચતુ૦ । ૫ । ચંપા રાજ્ય લેઇ કરીરે, ભોગવી કામીત ભોગ । ધર્મ આરાધી અવતર્યોરે, પહોતો નવમે સુરલોગ । ચ૦ । ૬ ।

## ઢાલ ૪

એમ મહિમા સિદ્ધચક્રનો સુણી આરાધે સુવિવેક મેરે લાલ
નવ ઓલી નવ આંબિલ તેર સહસજપો પદ એક મેરે લાલ
શ્રી સિદ્ધચક્ર આરાધીએ. ૧

શ્રી સિદ્ધચક્ર આરાધીએ ॥ ૧ ॥ અડદલકમલની થાપના, મધ્યે અરિહંત ઉદાર । મે૦ । ચિહું દીસે સિદ્ધાદિક ચઉ, ચક્ર દિસે તું ગુણધાર । મે૦ । ૨ । શ્રી૦ । બે પડિકમણા જંત્રની, પુજા દેવ વંદન ત્રિકાલ । મે૦ । નવમે દિન સુવિશેષથી, પંચામૃત કીજે પખાલ । મે૦ । ૩ । શ્રી૦ । ભુમિ શયન બ્રહ્મ વિધ ધારણા, રૂંધી રાખો ત્રણ જોગ । મે૦ । ગુરૂ વૈય્યાવચ કીજીએ, ધરો સદ્દહણા ભોગ । મે૦ । ૪ । શ્રી૦ । ગુરૂ પડીલામી પારીએ, સાહમી વછલ પણ હોય । ઉજમણા પણ નવનવાં, ફુલ ધાન્ય રયણાદિક ઢોય । મે૦ । ૫ । શ્રી૦ । ઈહ ભવ સવી સુખ સંપદા, પરભવે સવિ સુખ થાય । મે૦ । પંડિત શાંતિવિજય તણો, કહે માન વિજય ઉવઝાય । મે૦ । ૬ । શ્રી૦ ।

## અથ શ્રી મલ્લીનાથ જિન સ્તવન.

। દુહા । નવપદ સમરી મનશુદ્ધે, વલી ગૌતમ ગણધાર । સરસ્વતી માત, ચિત્ત ધરૂં, વાધે વચન ઉદાર । ૧ । મલ્લીનાથ ઓગણીસમા, જિનવર જગમાં જેહ । ગુણ ગાઇશું તેહના, સુગુણ સુણો ધરી નેહ । ૨ । કિણ દેહી કિણ નગરમેં, કવણ પિતા કુણ માત । પાંચ કલ્યાણક પરગડા, વિગત કરી કહું વાત । ૩ ।

**। ઢાલ । ૧ । રામચંદકે બાગમેં ચંપો મોય રહ્યોરી । એ દેશી ।**

ઈણહીજ જંબુદ્વીપ, ક્ષેત્ર ભરત સુખકારી । નયરી મિથિલા નામ, અલકાને અણુહારિ । ૧ । તિહાં નૃપ કુંભ નરેસર રાય,

રાણી પ્રભાવતી નામે । શીયલ ગુણ સમિહિત, જસ પસર્યો ઠામો ઠામે । ૨ । એક દિવસે તે નાર, સુતી સેજ મોઝારિ । દેખી ચૌદ સુપન, તે જાગી તિણિ વારે । ૩ । પતિની પહોતી પાસ, સુપન સહુ તે કહીયા । નૃપ હરખ્યો મન માંહે, અનુપમ હેતે લહીયા । ૪ । સુપન તણે અનુસાર, પુત્રી હોશે પુન્યવંતી । અરથ સુણીને તેહ, ઘર પહોતી ગહગહતી । ૫ । કહું પુર્વ ભવ વાત, જિહાંથી ચવી આવ્યા । વીતશોકા નામે નગરી, મહાબલ નામ કહાયા । ૬ । તે મલીયા છએ મિત્ર સહુ મલી દીક્ષા લીધી । મહાબલ વંચ્યા મિત્ર, તપમે માયા કીધી । ૭ । સેવ્યાં સ્થાનક વીસ, ગોત્ર તીર્થંકર બાંધ્યો । સ્ત્રી વેદ ઉદાર, પુન્યમેં પાપ એ સાધ્યો । ૮ । અણસણ કરીય તે વાર, જિન ધર્મ શું લય લાઇ । છએ જીવ જયન્તિ વિમાન, સુર પદવા તીહા પાઈ । ૯ ।

## । ઢાલ । ૨ । શ્રી ચંદ્રપ્રભુ પાહુણો રે । એ દેશી ।

। ઈણહીજ જંબુદ્વીપમાંરે, ભરત ક્ષેત્ર કહેવાયરે । છએ મિત્ર તિહાં જે ઉપનારે, તે સુણજ્યો ચિત લાયરે । ઇણહીજ૦ । । ૧ । પડિબુદ્ધા ઇખ્ખવાગમાંરે. વદછાય અંગરાયરે । શંખ કાશીનો રાજીયોરે, રૂપી કુણાલ કહાય રે । ઇણહીજ૦ । ૨ । આદિત શત્રુ કુરૂ દેશમાંરે, જિતશત્રુ પંચાલ કહાયરે । જયંતથી ચવી તે સહુરે , ઇહાં અવતાર લહાયરે । ઇણહીજ૦ । ૩ । મહાબલ જીવ તિહાં થકીરે, પુન્યવંત પ્રધાનરે । ફાગણસુદી ચોથનેરે, ચવિયા શ્રી જયંત વિનાનરે । ઈણ૦ । ૪ । પ્રભાવતી ઉર અવતર્યોરે, માસ હુવા જવ તીનરે । ડોહલો એવો ઉપનોરે, વિણ પૂજ્યા રહે દીનરે । ઇણહીજ૦ । ૫ । જલ થલ ઉપન્યા ફુલનીરે, સુવું સેજ બિછાયરે । પાંચ વરણ ફુલ ચંદ્રુઆરે, સુગંધ સરૂપ સયાયરે । ઇણહીજ૦ । ૬ । નવસરો હાર ફુલાં તણોરે, હું પેહેરૂં મનરંગ । વાણવ્યંતર તે દેવતારે, પુરે તેહ

સુગંધરે । ઇણહીજ૦ । ૭ । મૃગસીર શુદી અગીઆરસેરે, જાયી પુત્રી રતનરે । અર્ધ નીશા વીત્યા પછીરે, માતાજી હરખી મનરે । ઇણહીજ૦ । ૮ ।

**। ઢાલ । ૩ । આદર જીવ ક્ષમા ગુણ આદર । એ દેશી ।**

। છપન કુમરિ આઈ તિહાં હરખે, જિનવર વંદી પાયજી । જન્મ મહોચ્છવ કરીય જુગતીસું, ગઇ નિજ ગૃહ મતિ લાયજી । છપન૦ । ૧ । ચોસઠ ઇંદ્ર તિહાંકણે આવી, મેરૂશિખર નવરાયજી । ગીત મધુર ધ્વનિ નાટક કરકે, મુકી ગયા નિજ ઠામજી । છપન૦ । ૨ । હવે પ્રભાત થયો કુંભ રાજા, જન્મ મહોચ્છવ કીધજી । દશ ઉઠણે બહુ જન જમાવી, મલ્લિ કુંવરી નામ દીધજી । છપન૦ । ૩ । એક શત વરસ થયા કૈઈ ઉણા, અવધિ પ્રયુંજી જ્ઞાનજી । પૂર્વભવ છએ મિત્રો કેરા, લહી આવાગમને નામજી । છપન૦ । ૪ । તે મુજ રૂપે મોહ્યા સઘલા, આશા એણે ઠામજી । ઇમ જાણી કુંવરી ગૃહ માંહે, કનક મૂર્તિ કરી તામજી । છપન૦ । ૫ । મસ્તકે રોજ કવલ એક મુકે, આપ જિમે તિણે માંહીજી । દિવસ કેતે તે દુર્ગંધ પ્રગટી, મિત્રો દેખાઈ ઉછાંહજી । છપન૦ । ૬ । તે દેખી છએ મિત્ર પ્રતિબોધ્યા, સહુ ગયા નિજ નિજ ગેહજી । હવે મલ્લી દીક્ષા અવસર જાણી, દે વર્ષીદાન તેહજી । છપન૦ । ૭ ।

**। ઢાલ । ૪ । જિન પ્રતિમા હો જિન સારીખી કહી । એ દેશી ।**

મૃગશીર શુદી અગીઆરસે આવીયા, તીનસે નર લઈ સાથ । તીનસે નારી હો વલી લીધી દિક્ષા, છોડી સહુ ઘર સાથ । મૃગશીર૦ । ૧ । તીણહીજ દિન સંધ્યા સમય થયા, લહીયે કેવલ નાણ । તત્ક્ષણ સમવસરણ દેવે કીધાં. સીધ્યાં સઘલા કાજ । મૃગ૦ । ૨ । પરખદા બારહ લહી બેઠા તિહાં, સુણી ધર્મ

ધરી નેહ । તીણુ સમે છએ મિત્ર પણુ આવીયા, લઇ દિક્ષા તજી નેહ । મૃગ૦ । ૩ । અઠાવીસ ગણધર થાએ જિનવરને, સાધુ સહસ ચાલીસ । સાધ્વી સહસ પંચાવન જેહને, કરે ધર્મ નિશદીશ । મૃગ૦ । ૪ । સહસ ચોરાસી એક લખ શ્રાવક, શ્રાવિકા લખ તીન । સહસ પાંસઠ છે ઉપર જેહને, તપ જપ કરે નીશ દીન । મૃગ૦ । ૫ । સહસ પંચાવન આયુ પાલીને, ઉપશમ ધરીએ ઉદાર । પરઉપગારી હો શ્રી જિનવરતણો, નામ લીયો નિસ્તાર । મૃગ૦ । ૬ । પાંચસે સાધુ અઢીસેં સાધવી, લઇ સાથે પરીવાર । સમેતશિખરે જિનવર ચાલીયા, સુમતી ગુપ્તિ સુવિચાર । મૃગ૦ । ૭ ।

**। ઢાલ । ૫ । આજહો પરમારથ પાયો । એ દેશી ।**

મલ્લિહો સમેતશિખર સિધાયા, ગિરિવર દેખી બહુ સુખ પાયા । સઘલાં સાધ્યારે મન ભાયા. છોડી સકલ સંસારની માયા । મલ્લિ૦ । ૧ । સહૂ જીવનાં પુઢવી પદ પમજ્જણ કીધા સઘલાના મન વંછીત સિદ્ધા । ડાભ સથારે સુમન વીધા, ધર્મ શુકલ ધ્યાન સાથે લીધા । મલ્લિ૦ । ૨ । ચોરાસી લખ જીવ ખમાયા, પાપ અઢારે દૂર ગમાયા સિદ્ધિવધુ મિલવા ઉમાયા, પડિલેહી છોડી નિજ કાયા । મલ્લિ૦ । ૩ । સાધવી અંતર પરખદ રહીયે, બારહ પરખદા સાધુની કહીયે । કાઉસગ્ગ કરીને કાયા દહીયે, સિદ્ધ ધ્યાનસું શિવપદ લહીયે । મલ્લિ૦ । ૪ । રૂતુ સવંત ફાગણ સુખદાઈ, શુકલપક્ષ બારસ અતિશાયી । અરધી નીશા જીમ ભરણી આઇ તબ મલ્લિ નિજ મુક્તિ શ્રી પાઇ । મલ્લિ૦ । ૫ । અવિનાશી અવિકાર કહાઈ, પરમ અતિંદ્રિય સુખ લહાઈ । સમાધાન સરવંગ સહાઇ, પરમ રસ સરવંગ સહાઈ । મલ્લિ૦ । ૬ । સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ એ કહીયે, આદિ ન કોઇ એહનો લહીયે । મૃગશિર સુદ અગિઆરસ આયા, જિન વચને કરી સદ્દહીએ । મલ્લિ૦ । ૭ ।

। કલશ । સંવત સત્તર વરસ છપન, આસો માસ ઉદાર એ । પ્રતિપદા તિથિ શુકલ પક્ષે, જેસલમેર મોજાર એ । પ્રધાન પાઠક શ્રી કુશલ ધીરે, ગુરૂએ સાંનિધ્ય કરી । એ સ્તવન કીધો કુશલલાભે, ધર્મ માર્ગ મનમેં ધરી । ઇતિ શ્રી મલ્લિનાથજી વૃદ્ધ સ્તવન ।

## । શ્રી :મહાવીર સ્વામીનું પંચ કલ્યાણકનું ત્રણ ઢાળનું સ્તવન ।

દુહા–શાસન નાયક શિવકરણ, વંદુ વીર જિણંદ । પંચ કલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ । ૧ । સુણતાં સુણતાં પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકતાર । ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર । ૨ ।

### । ઢાલ । ૧ । બાપડી સુણ જીભલડી । એ દેશી ।

સાંભળજ્યો સ્નેહી સયણાં, પ્રભુના ચરિત્ર ઉલ્લાસે । જે સાંભળશે પ્રભુ ગુણ તેહના; સમકિત નિર્મળ થાશેરે । સાં૦ । ૧ । જંબુદ્વીપે દક્ષીણ ભરતે, માહણ કુંડ ગામે । ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામેરે । સાં૦ । ૨ । અષાડ સુદી છઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા । ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયારે । સાં । ૩ । તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે । પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડા માંહી હરખેરે । સાં૦ । ૪ । ભાંખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ । તે નિસુણી સા દેવાનંદા કીધું વચન પ્રમાણરે સાં૦ । ૫ । ભોગ ભલા ભોગવતા વિચરે, એહવે અચરિજ હોવે । શતકૃતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવેરે । સાં૦ । ૬ । કરી નંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે । શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન શોહાવેરે । સાં૦ । ૭ ।

સંશય પડિયો એમ વિમાસે, જિનચક્રી હરીરામ । તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉગ્રભોગ વિણુ ધામેરે । સાં૦ । ૮ । અંતિમ જિન માહણુ કુલ આવ્યા, એહ અછેરૂ કહીએ । ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએરે । સાં૦ । ૯ । ઇણ અવસર્પિણી દશ અછેરાં, થયાં તે કહીએ તેહ । ગર્ભ હરણ ગોસાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહરે । સાં૦ । ૧૦ । મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત । એ શ્રી વીર-જિણેસર વારે, ઉપના પંચ વિખ્યાતરે । સાં૦ ।૧૧। સ્ત્રી તીર્થ મલ્લિજિનવારે, શીતલને હરિવંશ । ઋષભને અઠ્ઠોત્તરસો સીધા । સુવિધિ અસંજતી સંસેરે । સાં૦ । ૧૨ । શંખ શબ્દ મીલાયા હરિ હરિસું, નેમીસરને વારે । તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારેરે । સાં૦ । ૧૩ ।

## । ઢાલ । ૨ । નદી યમુનાકે તીર । એ દેશી ।

। ભવ સત્તાવીસ સ્થુલમાંહિ ત્રીજે ભવે, મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે । નીચ ગોત્ર કરમ બાંધ્યું તિહાં તે વતી । અવતરીયા માહણ કુલ અંતિમ જિનપતિ ।૧। અતિ અઘટતું એહ થયું થાશે નહીં જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહીં । ઇહાં મારો આચાર ધરૂં ઉત્તમકુલે, હરિણગમેષી દેવ તેડાવે એટલે । ૨ । કહે માહણકુંડ નયરે જાઈ ઉચિત કરો, દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો । નયર ક્ષત્રીકુંડ રાય સિદ્ધારથ ગેહિની, ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની । ૩ । ત્રીશલા ગર્ભ લઇને ધરો માહણી ઉરે, બ્યાસી રાત વસીને કહ્યું તીમ સુર કરે । માહણી દેખે સુપન જાણે ત્રીશલા હર્યાં, ત્રીસલા સુપન લહે ચૌદ અલંકર્યાં । ૪ । હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂ, સસી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂ । દેવ વિમાન રયણ પુંજ અગ્નિ વિમલ બહે, દેખે ત્રિશલા એહ કે પીયુને

વિનવે । ૫। હરખ્યો રાય સુપન પાઠક તેડાવ્યાં, રાજભોગ સુત-ફલ સુણી તેહ વધાવિયા। ત્રિશલા રાણી વિધિસ્યું ગર્ભસુખે વહે, માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે । ૬ । માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે, કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે । ગર્ભ હર્યો મુજ કેણ હવે કેમ પામીએ, દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીયે । ૭ । અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમેં, અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં । તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું, માત પિતા જીવંતાં સંયમ નવિ ગ્રહું । ૮ । કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ, બોલી ત્રિશલા માત હિયે ઘણું હિસતી । અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો, સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો । ૯ । સખીય કહે શીખામણ સ્વામિનિ સાંભલો, હળવે હળવે બોલો હસો રંગે ચલો । ઇમ આનંદે વિચરંતા ડોહલા પુરતે, નવ મહિનાને સાડાસાત દિવસ થતે । ૧૦ । ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા જોગે જન્મ્યા વીર કે તવ વિકસી ધરા । ત્રિભુવન થયોરે ઉદ્યોત કે રંગ વધામણા, સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા । ૧૧ । આવી છપન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે, ચલ્યુંરે સિંહાસન ઇંદ્રકે ઘંટા રણ ઝણે । મળી સુરની કોડ કે સુરવર આવીયો, પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો । ૧૨ । એક કોડ સાઠ લાખ કલશ જલસું ભર્યા । કિમ સહેસે લઘુ વીર કે ઇંદ્ર સંશય ધર્યા । પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ઘડઘડે, ગડગડે પૃથ્વીના લોક જગતના લડથડે । ૧૩ । અનંત બલ પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ, ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ । પુજી અરચી પ્રભુને માય પાસે ધરે, ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે । ૧૪ ।

## । ઢાલ । ૩ । દેશી હમચડીની ।

ફરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્ધમાન । દીન દીન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા અસમાનરે । હમચડી । । ૧ । એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે । ઈંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવેરે । હમચડી । । ૨ । અહિ રૂપે વિટાણો તરૂસું, પ્રભુ નાંખ્યો ઉછાલી । સાતતાડનું રૂપ કર્યું તબ, મુઠે નાંખ્યો વાલી રે । હમચડી । ૩ । પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર । જેવો ઇંદ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીરરે । હમચડી । ૪ । માત પિતા નિશાળે મુકે, આઠ વરસના જાણી । ઇંદ્રતણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણ્યારે । હમચડી । ૫ । અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી । અઠાવીસે વરસે પ્રભુનાં, માતપિતા નિર્વાણીરે । હમચડી । ૬ । દોય વરસ ભાઇને આગ્રહ, પ્રભુ ઘરવાસે વસીયા । ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયા રે । હમચડી । ૭ । એક ક્રોડ આઠ લાખ સોનઇયા, દીન દીન પ્રભુજી આપે । ઈમિ સંવચ્છરી દાન દઇને, જગનાં દારિદ્ર કાપેરે । હમચડી । ૮ । છોડયા રાજ અંતેઉર પ્રભુજી, ભાઈએ અનુમતી દીધી । મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે । હમચડી । ૯ । ચઉનાણી તિણ દીનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરા । ચીવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરીરે । હણુચડી । ૧૦ । ઘોર પરિસહ સાઢા બારે, વરસે જે જે સહીયા । ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાયે કહીયારે । હમચડી । ૧૧ । સૂલપાણીને સંગમદેવે, ચંડકોસી ગોસાલે । દીધું દુઃખને પાયસ રાંધ્યું, પગ ઉપર ગોવાલેરે । । મમચડી । ૧૨ । કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મુકી રાતી । જે સાંભલતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શિલા ફાટીરે । હમચડી

। ૧૩ । તે તે દુષ્ટી સહુ ઉધરીયા, પ્રભુજી પરઉપગારી । અડદ તણા બાકુલા લઇને, ચંદનબાલા તારીરે । હમચડી । ૧૪ । । દોય છ માસી નવ ચઉ માસી, અઢી માસી ત્રણમાસી । દોઢ માસી બે બે કીધાં છ કીધાં બે માસીરે । હમચડી । ૧૫ । બાર માસને પખ બોહોંતેર, છઠ બસેં ઓગણત્રીસ વખાણું । બાર અઠમ ભદ્રાદિક પ્રતિમા, દીન દોય ચાર દશ જાણુંરે । હમચડી । ૧૬ । ઈમિ તપ કીધાં બારે વરસે, વીણુ પાણી ઉલ્લાસે । તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસેં ઓગણપચાસરે । હમચડી । ૧૭ । કર્મ ખપાવી વૈશાખમાસે, સુદ દશમી સુભ જાણ । ઉત્તરા યોગ શાલિવૃક્ષ તલે, પામ્યા કેવલ નાણરે । હમચડી । ૧૮ । ઈંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી । સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધીરે । હમચડી । ૧૯ । ચઉદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીસ કહીજે । એક લાખને સહસ ગુણ સઠિ, શ્રાવક શુદ્ધ કહીજેરે । હમચડી । ૨૦ । તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી । ત્રસસેં ચૌદ પૂર્વધારી, તેરસેં ઓહી નાણીરે । હમચડી । ૨૧ । સાત સયાં તે કેવલનાણી, લબ્ધિધારી પણ તેતા । વિપુલ મતિયા પાંચસેં કહીયા, ચારસેં વાદી જીત્યારે । હમચડી । ૨૨ । સાતસેં અંતેવાસી સીધ્યા, સાધ્વી ચોદસેં સાર । દીન દીન તેજ સવાયે દીપે, એ પ્રભુજીનો પરિવારરે । હમચડી । ૨૩ । ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે । તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણા વેષેરે । હમચડી । ૨૪ । વરસ બહોતેર કેરૂં આયુ, વીર જિણંદનું જાણો । દીવાલી દીન સ્વાતી નક્ષત્ર, એ પ્રભુજીનો નિરવાણરે । હમચડી । ૨૫ । પંચકલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે । સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસુંરે । હમચડી । ૨૬ ।

। કલશ । ઈમ ચરમ જિનવર, સયલ સુખકર, થુણ્યો અતિ ઉલટ ધરી । અષાઢ ઉજવલ પંચમી દિન, સંવત શત ત્રીહોતરી । ભાદ્રવા શુદ પડવા તણે દીન, રવિવારે ઉલટ ભરો । વિમલ વિજય ઉવઝાય પયકજ, ભ્રમર સમ શુભ શીષ્ય એ । રામવિજય જિનવર નામે, લહે અધિક જગીસ એ । ૨૭ । ઇતિ શ્રી વીર જિન સ્તવન ।

## । અથ અઠાઈનું સ્તવન લિખ્યતે ।

### । દુહા ।

સ્યાદવાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ । પરમ પંચ પરમેષ્ટીનાં । તાસ ચરણ સુખકંદ । ૧ । ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઇશાનમાં તેહ । થયા લોકોત્તર સત્વથી, તે સર્વે જીનગેહ । ૨ । પંચ વરણ અરિહા વિભુ, પંચ કલ્યાણક ધ્યેય । ખટ અઠાઇ સ્તવન રચું, પ્રણમિ અનંત ગુણગેહ । ૩ ।

### । ઢાલ પહેલી ।

### । કપુર હોએ અતિ ઉજલોરે । એ દેશી ।

ચૈત્ર માસ સુદિ પક્ષમાંરે । પ્રથમ અઠાઇ સંયોગ । જીહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે । ભવિકા પર્વ આઠઇ આરાધ । મન વંછિત સુખ સાધ રે । ભવિકા૦ । ૧ । એ આંકણી । પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે । ઉત્તર ચઉ ગુણવંત । સાસ્વતા પદ સિદ્ધચક્રનાં રે, વંદતાં પુન્ય મહંત રે । ભ૦ । ૨ । લોચન કર્ણ યુગલ મુખ રે । નાસિકા અગ્ર નિહાલ । તાલુ સિર નાભિ હૃદે રે । ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે । ભ૦ । ૩ । આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનિયેં દેહ મોઝાર । તેહમાં વિગત

વિષયપણે રે । ચિત્તમાં એક આધારરે । ભ૦ । ૪ । અષ્ટ કમલ-દલ કર્ણીકા રે । નવપદ થાપો ભાવ । બાહિર યંત્ર રચિ કરી રે । ધારો અનંત અનુભાવ રે । ભ૦ । ૫ । આસો સુદિ સાતમ થકી રે । બીજી અઠાઇ મંડાણ । બસેં ત્રેતાલીસ ગુણે કરી રે । અસિઆ ઉસાહિક ધ્યાનરે । ભ૦ । ૬ । ઉતરાધ્યયન ટીક કહે રે । એ દોય સાસ્વતિ યાત્ર । કરતા દેવ નંદિશ્વરેરે । નર નિજ ઠામ સુપાત્ર રે । ભવિકા૦ । ૭ ।

## । ઢાલ બીજી ।

### । ભવિકા સિદ્ધચક્ર પદ વંદો . એ દેશી ।

અષાઢ ચોમાસાની અઠાઇ । જિહાં અભિગ્રહ અધિકાઇ । કૃષ્ણ કુમારપાલ પરેં પાલો । જીવદયા ચિત્ત લાઈ રે । પ્રાણી અઠાઇમોચ્છવ કરીયેં । સચિત આરંભ પરિહરીયેં રે । પ્રા૦ । ૧ । દિસિ ગમન તજો વર્ષા સમયેં । ભક્ષ્યાભક્ષ્ય વિવેક । અછતિ વસ્તુ પણ વિરતિયેં બહુ ફ્લ । વંકચુલ સુવિવેક રે । પ્રા૦ । ૨ । જે જે દેહ ગ્રહીનેં મુકયાં । દેહથી જે હિંસા થાય । પાપ આકર્ષણ અવિરતિ યોગે । તે જીવ કર્મ બંધાયરે । પ્રા૦ । ૩ । સાયક દેહના જીવ જે ગતિમાં । વસિયા તસ હોય કર્મ । રાજા રંકની કિરિયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે । પ્રા૦ । ૪ । ચોમાસ આવશ્યક કાઉસગ્ગના । પંચ શત માન ઉસાસ । છઠ તપની આલોયણ કરતાં । વિરતિ સધર્મ ઉલ્લાસ રે । પ્રા૦ । ૫ ।

## । ઢાલ ત્રીજી ।

### । જીન રયણજી દસદિસ નિરમલતા ધરે । એ દેશી ।

કાર્તિક સુદીમાં જી ધરમ વાસર અડધારીયે । તિમ વલી ફાગુણે જી પર્વ અઠાઇ સંભારીયેં । ત્રણ અઠાઇમાંજી ચૌમાસિ ત્રણ કારણી । ભવી જીવનાં જી પાતિક સર્વ નિવારણી । ૧ ।

ત્રુટક । નિવારણી પાતિક તણીએ જાણી અવધિજ્ઞાને સુરવરા ।
નિકાય ચારના ઇંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા । અઠાઈ
મહોત્સવ કરણ સમયે, સાસ્વતા એ દેખીયે । સવિ સજ થાઓ
દેવદેવી, ઘંટ નાદ વિસેષિયે । ૨ । ચાલ । વલી સુરપતિ જી
ઉદઘોષણા સુરલોકમાં । નીપજાવી જી પરિકર સહિત અસોકમાં ।
દ્વિપ આઠમે જી નંદીશ્વર સવિ આવિયા । સાસ્વતિ પ્રતિમા જી
પ્રણમી વધાવી ભાવિયા । ૩ । ત્રુટક । ભાવિયા પ્રણમિ વધાવે
પ્રભુને, હરખ બહુલેં નાચતા । બત્રીસ વિધના કરીય નાટિક,
કોડિ સુરપતિ માચતા । હાથ જોડી માન મોડિ, અંગ ભાવ
દેખાવતી । અપછરા રંભા અતિ અચંભા, અરિહા ગુણ આલા-
વતી । ૪ । ચાલ । ત્રણ અઠાઈમા જી ખટ કલ્યાણક જિનતણા ।
તથા આલયજી બાવન જિનનાં બિંબ ઘણાં । તસ સ્તવનાજી
સદ્‌ભૂત અર્થ વખાણતાં । ઠામે પહોચે જી પછે જિન નામ
સાંભરતાં । ૫ । ત્રુટક । સંભારતાં પ્રભુનું નામ નિસદિન, પરવ
અઠાઇ મન ધરે । સમકિત નિરમલ કરણ કારણ, શુભ અભ્યાસ
એ અનુસરે । નરનારી સમકિતવંત ભાવે, એહ પર્વ આરાદશે ।
વિઘન નિવારે તેહનાં સહિ, સોભાગ્ય લક્ષ્મી વાધશે । ૬ ।

## । ઢાલ ચોથી ।

### । આદિ જિણંદ મયા કરી । એ દેશી ।

પરવ પજુસણમાં સદા । અમારી પડહો વજડાવો રે ।
સંઘ ભવતિ દ્રવ્ય ભાવથી । સાહમિચ્છલ શુભ દાવરે । મહોદય
પર્વ મહિમા નિધિ । ૧ । સાહમીવચ્છલ એકણ પાસે । એકત્ર
ધર્મ સમુદાય રે । બુદ્ધિ તોલાય તોલીયે । તુલ્ય લાભ ફલ થાય
રે । મ૦ । ૨ । ઉદાઇ ચરમ રાજઋષી । તિમ કરો ખામણાં
સત્ય રે । મિચ્છામિદુકડં દેઇ ને । ફરી સેવે પાપવંતરે । મ૦ ।
। ૩ । તેહ કહ્યા માયા મૃષાવાદી । આવશ્યક નિર્યુક્તિ માંહેરે ।

ચૈત્ય પરવાડિ કિજીયેં । પૂજા ત્રિકાલ ઉંછાહ રે । મ૦ । ૪ । છેહલી ચાર અઠાઇએ । મહા મહોત્સવ કરે દેવા રે । જિવાભિગમે ઈમ ઉચરે । પ્રભુ શાસનના એ મેવા રે । મ૦ । ૫ ।

## । ઢાલ પાંચમી ।

### । અરણિક મુનિવર ચાલ્યા ગોચરી । એ દેશી ।

અઠમનો તપ વાર્ષિક પર્વમાં । સલ્ય રહિત અવિરૂદ્ધરે । કારક સાધક પ્રભુના ધર્મનો । ઇછારોધે હોય સુદ્ધરે । તપને સેવોરે કાંતા વિરતીના । ૧ । છુટે સો વરસે રે કર્મ અકામથી । નારકિ તે તો સકામે રે । પાપ રહિત હોય નવકારસી થકી । સહસ તે પોરસી ઠામેરે । તપ૦ । ૨ । વધતો વધતો રે તપ કરવા થકી । દસ ગુણો લાભ ઉદારરે । દશ લાખ કોડિરે વરસનું અઠમે । દુરિત મિટે નિરધારો રે । ત૦ । ૩ । પંચાસ વરસ સુધી તપ્યાં લખમણાં । માયા તપ નવી શુદ્ધ રે । અસંખ્ય ભવ ભમ્યાં રે એક કુવચન થકી । પદ્મનાભ વારે સિદ્ધ રે । ત૦ । ૪ । આહાર નિહરતા રે સમ્યગ્ તપ કહ્યો । જુઓ અભ્યંતર તત્વ રે । ભવોદધિ સેતુ રે અઠમ તપ તણી । નાગકેતુ પરે સિદ્ધ રે । ત૦ । ૫ ।

## । ઢાલ છઠ્ઠી ।

### । સ્વામી શ્રીમંધર વિનતી । એ દેશી ।

વાર્ષિક પડિકમણાં વિષે । એક હજાર શુભ આઠ રે । સાસ ઉસારા કાઉસગ તણાં । આદરી ત્યજો કર્મ કાઠ રે । પ્રભુ તુમ શાસન અતિ ભલું । ૧ । દુગ લખ ચઉ સય અઠ કહ્યાં । પલ્ય પણુયાલિસ હજાર રે । નવ ભાગે પલ્યનાં ચઉ ગ્રહ્યા । સાસમાં સુર આયુ સાર રે । પ્ર૦ । ૨ । ઓગણિસ લાખને ત્રેસઠી । સહસ બસેં સતસઠિ રે । પલ્યોપમ દેવનું આઉખું ।

નોકાર કાઉસગ જીઠ રે । પ્રા૦ । ૩ । એકસઠ લાખને પણુતીસા । સહસ બસેં દશ જાણુ રે । એટલા પલ્યનું સુર આઉખું । લોગસ કાઉસગ માન રે । ૪ । ધેનુ થણ રૂપે રે જીવનાં । અચલ છે આઠ પ્રદેશ રે । તેહ પરે સર્વ નિર્મલ કરે । પર્વ અઠાઈ ઉપદેશ રે । પ્ર૦ । ૫ ।

## । ઢાલ સાતમી ।

### । લીલાવંત કુંવર ભલો । એ દેશી ।

સોહમ કહે જંબુ પ્રતે । જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત । એ આંકણી । અર્થ પ્રકાશે વિરજી । તિમ મેં રચિઓ સિદ્ધાંત રે । વિનીત । ૧ । પ્રભુ આગમ ભલો વિશ્વમાં । સાઠ લાખ ત્રણસેં ને તેત્રીસ । એ ગુણા સાઠ હજાર રે । વિ૦ । પીસ્તાલીસ આગમ તણો । સંખ્યા નગદાધાર રે વિ૦ । ૨ । પ્ર૦ । આથમીએ જીન કેવળ રવિ ાં સુત દીપે વ્યવહાર રે । વિ૦ ઉભય પ્રકાશક સૂત્રનો । સંપ્રતિ બહુ ઉપગાર રે । વિ૦ । ૩ । પ્ર૦ । પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરી । મંત્રમાંહે નવકાર રે । વિ૦ શુકલધ્યાન છે ધ્યાનમાં । કલ્પસૂત્ર તિમ સાર રે । વિ૦ । ૪ । પ્ર૦ । વીર વર્ણન છે જેહમાં । **શ્રી** પર્વ તસુ સેવ રે વિ૦ । છઠ તપે કલ્પ સુણો મુદા ઉચિત વિધિ તતખેવરે । વિ૦ । ૫ । પ્ર૦ ।

## । ઢાલ આઠમી ।

### । તપસું રંગ લાગ્યો । એ દેશી ।

નેવુ સહસ સંપ્રતિ નૃપ રે । ઉદ્ધાર્યા જૈન પ્રાસાદ રે । છતિસ સહસ નવાં કર્યા રે । નિજ આયુ દિનવાદ રે । મનને મોદે રે । પૂજો પૂજો મહોદય પર્વ । મહોત્સવ મોટે રે । ૧ । અસંખ્ય ભરતના પાટવીરે । અડાઇ ધર્મનાં કામિ રે । સિદ્ધગિરીયેં શિવપુરી વરયા રે । અજરામર શુભ ધામિ રે । મ૦ ।

। ૨ । યુગપરધાન પુરવ ધણી રે । વયર સ્વામિ ગણધાર રે । નિજ પિતુ મિત્ર પાસે જઇ રે । જાચ્યાં ફુલ તઇયાર રે । મ૦ । । ૩ । વીસ લાખ ફુલ લેઇને રે, આવ્યા ગિરી હીમવંત રે । શ્રીદેવી હાથે લીયા રે । મહા કમલ ગુણવંત રે । મ૦ । ૪ । પછે જિનરાગીને સુંપિયા રે । સુભીક્ષ નયર મઝાર રે । સુગત મત ઉછિદિને રે । શાસન શોભા અપાર રે । મ૦ । ૫ ।

## । ઢાલ નવમી ।

### । ભરત નૃપ ભાવશું એ । એ દેશી ।

પ્રાતિહારજ અડ પામીયે એ । સિદ્ધ પ્રભુના ગુણ આઠ । હરખ ધરી સેવીયેએ । જ્ઞાન દર્શન ચારિત્રનાં એ । આઠ આચારણ પાઠ । હ૦ । સેવો સેવો પર્વ મહંત । હ૦ । ૧ । પવયણ માતા સિદ્ધિનું એ । બુદ્ધિ ગુણાં અડ દ્રષ્ટિ । હ૦ । ગણિ સંપદા અડ સંપદા એ । આઠમી ગતિ દિયે પુષ્ટિ । હ૦ । ૨ । આઠ કર્મ અડ દોષને એ । અડ વિધ પરમાદ । હ૦ । પરિહરી આઠ કારણ ભજીએ । આઠ પ્રભાવક વાદ । હ૦ । ૩ । ગુજર દલિ દેશમાં એ । અકબરશાહ સુલતાન । હ૦ । હિરજી ગુરૂનાં વયણથી એ । અમારી પડહ વજડાવી । હ૦ । ૪ । સેનસુરી તપગચ્છ મણિ એ । તિલક આણંદ મુણિંદ । હ૦ । રાજ્યમાજ રિદ્ધિ લહે એ । સોભાગ્ય લક્ષ્મી સુરિંદ । હ૦ । ૫ । સેવો સેવો પર્વ મહંત । હ૦ । પુજો જિનપદ અરવિંદ । હ૦ । પુન્ય પર્વ સુખકંદ । હ૦ । પ્રગટે પરમાણંદ । હ૦ । કહે એમ લક્ષ્મી સુરિંદ । હ૦ । ૬ ।

## । કલશ ।

એમ પાસ પ્રભુનો પસાય પામી । નામ અઠાઇ ગુણ કહ્યા । ભવિ જીવ સાધો નિત આરાધો । આત્મ ધર્મે ઉમહ્યાં । ૧ ।

સંવત જિન અતિસય વસુ સસી। ચૈત્ર પુનમે ધ્યાઇયા સોભાગ્ય-સુરી શિષ્ય લક્ષ્મીસુરી બહુ । સંઘ મંગલ પાઇયા । ૨ ।

। ઇતિ **શ્રી** અઠાઇ મહોત્સવ સ્તવન સંપૂર્ણમ્ ।

## શ્રી ગોડીજી પાર્શ્વનાથનું સ્તવન.

### ( અર્થાત્ મેઘાશાના ઢાલીયા. )

પ્રણમી નીત પરમેસરૂ, આપો અવિચલ મત । લઘુતાથી ગુરૂતા કરે, તું શારદ સરસત । ૧ । મુજ ઉપર મયા કરી, દીજે દોલત દાન । ગુણ ગાઉં ગીરૂઆ તણા, ભવે ભવે ભગવાન । ૨ । ધવલ ધીંગ ગોડી ધણી, સહુ કો આવે સંઘ । મહીમા વાધે મોટકો, નારંગો નવરંગ । ૩ । પ્રતીમા ત્રણે પાસની, પ્રગટી પાટણમાંહિ । ભગતિ કરે જે ભવીજનાં, કુણ તે એ કહવાઇ । ૪ । ઉતપતી તેહની ઉચરૂં, શાસ્ત્ર તણી કરી સાખ । મોટા તણા, ભાખે કવી જન ભાખ । ૫ ।

### । ઢાલ ૧ લી । નદી જમુનાકે એ દેશી ।

કાશી દેશ મઝારકે નગરી વણારસી, એહ સમોઅવર કોઇ નહિ લંકા જિસી । રાજ કરે તિહાં રાય કે અશ્વસેન નરપતી રાણી વામા નામ કે તેહની દીપતી । ૧ । જનમ્યા પાસ કુમાર કે તેણે રાણીએ, ઉચ્છવ કીધો દેવકે ઇંદ્ર ઇંદ્રાણીએ । જોવન પરણ્યા પ્રેમ કન્યા પ્રભાવતી, નીતનીત નવલા વેષ કરીને દેખાવતી । ૨ । દીક્ષા લઇ વનવાસ રહ્યા કાઉસગ્ગ જીહાં, ઉપસર્ગ કરવા મેઘમાલી આવ્યો તીહાં । કષ્ટ દેઇને તેહ ગયો તે દેવતા, પામ્યા કેવલજ્ઞાન આવી નર સેવતા । ૩ । વરસ તે સોનો આઉખો ભોગવી ઉપના, જોતી માંહે મલી જોત તિહાં કેઇ રૂપનાં । પાટણ માંહિ મુરત ત્રિણ્યે પાસની, ભરાવી ભૂહરામાંહી રાખી

કેઈ માસની । ૪ । એકદીન પ્રતીમાં તેહ ગોડીની લઇ કરી, પોતાના આવાસ માંહે તરકે લઈ ધરી । ખાડ ખણીને માંહે તરકે ઘાલી જીહાં, સુએ નીત પ્રતે તેહ સજ્યા વાલી તીહાં । ૫ । એકદીન સુહણાં માંહિ આવી યક્ષ ઇમ કહે, તિણે અવસર તે તરક હીયામાંહે સદ્દહે । નહીતર મારીસ મરડીસ હવે હું તુજને, તે માટે ઘરમાંહેથી કાઢો મુજને । ૬ । પારકર માંહેથી સામેઘો ઈહાં આવસે, તે તુજ દેસે ટકા પાંચસે લાવસે । દેજે મુરત એહકે કાઢી તેહને, મત કહેજો કોઇ આગલ વાત તું કેહને । ૭ । થાસે કોડ કલ્યાણ કે તાહરે આજથી, વાધસે પંચમાંહે નામ તે લાજથી । મનસું બીહનો તરક થાય તે આકલો, આગલ જે થાયે વાત તે ભવીયણ સાંભલો । ૮ ।

**। ઢાલ ૨ જી । માહરા ઘણું રે સવાઇ ઢોલા । એ દેશી ।**

લાખ જોયણ જંબુ પરમાન, તેહમાં ભરતક્ષેત્ર પ્રધાનરે । માહરા સુગુણા સ્નેહી સુણજો । તિહાં પારકર દેશ છે રૂડો, જિમ નારીને શોભે ચુડોરે । મા૦ । ૧ । શાસ્ત્ર માંહે જેમ ગીતારે, તિમ સતિયો માંહિ સીતા । મા૦ । વાજીંત્ર માંહે જીમ ભેર; તિમ પરવત માંહી મોટો મેર । મા૦ । ૨ । દેવ માંહી જીમ ઇંદ્ર. ગ્રહગણ માંહિ જીમ ચંદ્રરે । મા૦ । બત્રીસ સહસ તે દેશ તિમ પરકર દેશ વીશેષરે । મા૦ । ૩ । તિહાં ભુદેસર નામે નગરી, તિહાં રહેતા નથી કોઇ વયરી । મા૦ । તિહાં રાય કરે ખેંગાર, તેતો જાત તણો પરમારરે । મા૦ । ૪ । તિહાં વણિજ કરે વ્યાપાર, જેહને અપછરા સરખી નારરે । મા૦ । તિહાં મોટા મંદીર પ્રધાન, તે તો ચઉદસેંને બાવન । મા૦ । ૫ । તિહાં કાજલસા વિવહારિ, સહુ સંઘમાંહિ છે અધીકારિ । મા૦ । તસ પુત્ર કલત્ર પરીવાર, જસ માનીત છે દરબાર રે । મા૦ । ૬ । તે કાજલસાની બાઈ, સામેઘાસું કીધી સમાઇ । મા૦ । એક દિન સાળો બનેવી, બેઠા

વાતો કરે એહવી । મા૦ । ૭ । ઇહાંથીરે ધન તુમે ઘણો લેઇ, જઈ લાવો વસ્તુ કેઇ । મા૦ । ગુજરાતમાંહે તુમે જાજો, લાભ થાય તે લેજોરે । મા૦ ૮ ।

## । ઢાલ ૩ જી । એઘડાને એ દેશી ।

સાકાજલ કહે વાત, મેઘા ભણિ દીન રાત । સાંભલી સદ્દહે એ, વલતો ઇમ કહે એ । ૧ । જાઇસ હું ગુજરાત, સાથ કરી પરભાત । સકુન ભલા સહીએ; તો ચાલુ વહીએ । ૨ । ધન ઘણોં લેઇ હાથ, પરિવારે કર્યો સાથ । કુંકુમ તિલક કીઓએ, શ્રીફલ હાથ દીઓએ । ૩ । લેઈ ઉંટ કંતાર, આવ્યો ચઉટા મજાર । કન્યા સનમુખ મલીએ, કરતી રંગ રલીએ । ૪ । માલણ આવી તામ, છાબ ભરી છે દામ । વધાવે શેઠ ભણીએ, આશીષ દે ઘણીએ । ૫ । મછયુગલ મલ્યા ખાસ, વેદ બોલંતો વ્યાસ । પત્ર ભણી જોગણીએ, વૃષભ હાથે ધણીએ । ૬ । ડાબો બોલે સાંડ, દધીનું ભરીઉ ભાંડ । ખરડાઓ ખરો એ, લોક કહે હૈયે ધરો એ । ૭ । આગલ આવ્યા ગામ, મારગ વુઠા તામ, । ભેરવ જમણી ભલીએ, દેવડાવી વલીએ । ૮ । જીમણી રૂપારેલ, તાણી બાંધી તિલ વેલ । નીલકંઠ તોરણ કીઓએ, ઉલસ્યો અતિહીઓએ । ૯ । હનુમંત દીધી હાક મધુરો બોલે કાક । લોક કહે સહુએ, કામ હોસે બહુએ । ૧૦ । અનુક્રમે ચાલ્યા જાય આવ્યા પાટણ માંહે । ઉતારા ભલા કીયાએ શેઠજી આવીયાએ । ૧૧ । નીશભર સુતા ત્યાંહી, જક્ષ આવીને ત્યાંહી । સુહણામાં એમ કહેએ, તે સઘલો સદ્દહેએ । ૧૨ । તરક તણો છે ધામ, તેહને ઘરે જઇ તામ । પાંચસે રોકડાએ, તું દેજે દોકડાએ । ૧૩ । દેસે પ્રતિમા એક, પાસ તણી સુવીવેક । તેહથી તુજ થાસે એ, ચિંતા દુર જાસે એ । ૧૪ । સંભળાવી જક્ષ રાજ, તરક ભણી કહે સાજ ।

પ્રતીમા તું દેજેએ, પાંચસે ધન લેજે એ । ૧૫ । ઈમ કરતાં પરભાત, તરક ભણી કહે વાત મનમાં ગહગહે એ, અચરીજ કુણ લહે એ । ૧૬ ।

## । ઢાલ ૪ થી । આસાઉરા જોગી । એ દેશી ।

તરક ભણી દીએ પાંચસે દામ, પ્રતિમાં આણી નીજ ઠામરે । પાસજી મુજ ત્રુઠા, પુજી પ્રતિમાં હરખ ભરાણો । ભાવ આણીને ખરચે નાણોરે । પા૦ । ૧ । મુજ વખતે એ મુરત આવી, મુજ આપસે દામ ઉપાઈરે । પા૦ । દામ દેઇને રૂ તિહાં લીધો, મન માન્યો કારજ કિધોરે । પા૦ । ૨ । રૂના ભરીયા ઉંટ તે વીસ, માંહે બેસાડયા શ્રી જગદીસરે । પા૦ । અનુક્રમે આવ્યા પાટણ માંહિથી, સાથે મુરત લીધી તીહાંથી રે । પા૦ । । ૩ । આગલ રાધણપુર સહુ આવ્યા દાણ લેવા દાણી મલી આવ્યા રે । પા૦ । ગણે ઉંટને ભુલે લેખે, એક ઓછો અધીકો દેખેરે । પા૦ । ૪ । મલી સહુ દાણી વીચારે મનમાં, એ કૌતક દીસે છે એણમાં રે । મેઘાસાને દાણી મલી પુછે, કહો શેઠજી કારણ શું છે રે । પા૦ । ૫ । સામેઘો કહે સાંભલો દાણી, અમે મુરત ગોડીની આણિ રે । પા૦ । તે મુરત એ વરકી માંહે, કીમ જાલવીયે બીજે ઠામે હો । પા૦ । ૬ । પારસનાથ તણે સુપસાયે, દાણ મેલી દાણી ઘર જાએ રે । પા૦ । જાત્રા કરી સહુ નીજ ઘર આવે, જીન પુજી આનંદ પાવેરે । પા૦ । ૭ । અનુક્રમે પારકરમાંહે આવે ભુદેશર નગર છે જ્યાંહિ રે । પા૦ । વધામણી દીધી જેણે પુરૂષે, થયો રલીયાત ઘણું હરખેરે । । પા૦ । ૮ ।

## । ઢાલ ૫ મી ।

રાણકપુર રળીઆમણો રે લાલ । એ દેશી ।

સંઘ આવે મલિ સામટો રે લાલ, દરીસણ કરવા કાજ । ભવી પ્રાણી રે, ઢોલ નગારા ગડગડે રે લાલ, નાદે અંબર ગાજ । ભ૦ । ૧ । સુણજો વાત સુહામણી રે લાલ, ઓછવ મોહોછવ કરી ઘણો રે લાલ, ભેટયા શ્રી પારસનાથ । ભ૦ । પુજા પ્રભાવના કરી ઘણી રે લાલ, હરખ પામ્યા સહુ સાથ । ભ૦ । ૨ । સુ૦ । સંવત ચઉદ બત્રીસમાં રે લાલ, કાર્તક સુદ રૂડી બીજ । ભ૦ । થાવરવારે થાપિયા રે લાલ, નરપતી પામ્યા રીજ । ભ૦ । ૩ । સુ૦ । એક દિન કાજલસા કહે રે લાલ, મેઘાસાને વાત । ભ૦ । નાણું અમારૂં લેઈ કરી રે લાલ, ગયા હતા ગુજરાત । ભ૦ । । ૪ । સુ૦ । તે ધન તુમે કીહાં વાવર્યું રે લાલ, તે દ્યો લેખો આજ । ભ૦ । તવ મેઘો કહે શેઠજી રે લાલ, ખરચ્યા ધમમને કાજ । ભ૦ । ૫ । સુ૦ । સામીજી માટે સુંપીયા રે લાલ, પાંચસે દીધાં દામ । ભ૦ । કાજલ કહે તુમે શું કર્યું રે લાલ, એ પથર કીણ આવે કામ । ભ૦ । ૬ । સુ૦ । કાજલ ભણી મેઘો કહે રે લાલ, એ વેપારમાં નહિ ભાગ । ભ૦ । તે પાંચસે સીર માહરે રે લાલ, તેમાં નહી તુમ લાગ । ભ૦ । ૭ । સુ૦ । મેઘાસાની ભાર્યા રે લાલ, મરગાદે છે નામ । ભ૦ । મેરોને મહીઓ સારીખારે લાલ, બહુરતિ જસનાં કામ । ભ૦ । ૮ । સુ૦ ।

## । ઢાલ ૬ ઠી ।

### કંત તમાકુ પરિહરો । એ દેશી ।

સાકાજલ મેઘા ભણી, બેઉજણ માંહે સંવાદ । મેરે લાલ । તિહાં મેઘો ધનરાજને, એક દિન કીધો સાદ, મે૦ । સુણજો વાત સુહામણી । ૧ । આ પ્રતીમા પૂજો તમે, ભાવ આણીને ચીત । મે૦ । બાર વરષ લગે તીહાં, પુજી પ્રતિમાં નીત । મે૦ । ૨ । સુ૦ । એક દીન સુહણે ઈમ કહે, મેઘાસાને વાત । મે૦ । તું અમ સાથે આવજે, પરવારિ પરભાત । મે૦ । વેલ લેજે ભાવલ

તણી ચારણુ જાત છે તેહ । મે૦ । દેવાણંદા રાઈ તણાં દોઇ વૃષભ છે જેહ । મે૦ । ૪ । સુ૦ । વેલ ખેડે તું એકલો, મત લેજે કોઈ સાથ । મે૦ । થિરાવલિ ભણી હાંકજે, મુજને રાખજે હાથ । મે૦ । ૫ । સુ૦ । એમ મેઘાને પ્રીછવી, જક્ષ ગયો નિજઠામ । મે૦ । રવી ઉગમતે તીહાં કરવા માંડયો કામ । મે૦ । ૬ । સુ૦ । વેલ લીધી ભાવલ તણી, વૃષભ આણ્યા દોય । મે૦ । જોતરી વેલ સામી તણી, જાણે છે સબકોય । મે૦ । ૭ । તવ મેઘો તે વેલને, ખેડી ચાલ્યો જાય । મે૦ । અનુક્રમે મારગ ચાલતાં, આવ્યા થિરાવલી માંહિ । મે૦ । સુ૦ ।

## । ઢાલ । ૭ મી ।

### અમળિ લાલ રંગાવો વરમેલીયાં । એ દેશી ।

તીહાં છોટાને મોટા થલ ઘણાં, દીસે રૂખતણો નહી પારો રે । તિહાં ભૂત ને પ્રેત વ્યંતર ઘણાં, દેખી શેઠ કરે વીચારો રે । ૧ । સાંમેઘો મનમાંહી ચિંતવે, હવે કુણ કરસે મારી સાર રે । તવ જક્ષ આવીને ઇમ કહે, તું મત કર ફીકર લગાર રે । ૨ । સા૦ । તલ વેલ હાંકિને ચાલીઓ, આવ્યો ઉજડ ગોડિપુર ગામ રે । તિહાં વાવ કુવા સરોવર નહી નહી મહેલ મંદીરનાં ઠામ રે । ૩ । સા૦ । તિહાં વેલ થંભાણી ચાલે નહી, હવે શેઠ હુઓ દિલગીર રે । માહરે પાસે નથી કાંઇ દોકડો કુણ જાણે પરાઇ પીડ રે । ૪ । સા૦ । તિહાં રાત પડી રવી આથમ્યો, ચિતાતુર થઇને સુતો રે । તવ મેઘાને આવી ઇમ કહે, સુહણાં માંહે જક્ષ એકાંતો રે । ૫ । સા૦ । હવે સાંભલ મેઘા હું કહું, આવ્યું છે ગોડિપુર ગામ રે । માહરૂં દેહરાસર કરજે ઇહાં ઉત્તમ જોઇને ઠામરે । ૬ । સા૦ । તું જાજે દક્ષણ દિશા ભણી તિહાં પડયું છે નીલું છાણુ રે । તિહાં કુઓ ઉમટસે પાણીતણો, વલી પ્રગટસે પાણાની ખાણ રે । ૭ । સા૦ । પાસે ઉગ્યો છે ઉજ્વલ આકડો

તે હેઠલ ધન છે બહુલો રે । તિહાં પુર્યો છે ચોખા તણો સાથીઓ, પાણી તણો કુઓ પહોળો રે । ૮ । સા૦ ।

## । ઢાલ ૮ મી ।

### સીતા તો રૂપે રૂયડી । એ દેશી ।

સીલાવટ સીરોહી ગામે, તિહાં રહે છે ચતુર કામે હો । શેઠજી સાંભળો । રોગ છે તેહને શરીરે, નમણું કરી છાંટો નીર હો । શે૦ । રોગ જાસે ને સુખ થાસે । બેઠો ઈહાં કામ કમાસેહો । શે૦ । જોતિષ નિમિત જોવરાવે, દેરાસરનો પાયો મંડાવે હો । શે૦ । ૨ । જક્ષ ગયો ઇમ કહીને, કરે શેઠજી ઉદ્યમ વહીને હો । શે૦ । સીલાવટને તેડાવી, વલી ધનની ખાણ ખણાવી હો । શે૦ । ૩ । ગોડીપુર ગામ વસાવે, સગા સાજનને તેડાવે હો । શે૦ । ઇમ કરતાં બહુ દીન વીતા, થયો મેઘો જગત વદીતાહો । શે૦ । ૪ । એક દીન સાકાજલ આવી કહે મેઘાને વાત બનાવી હો । શે૦ । એ કામમાં ભાગ અમારો, અર્ધ મારો અર્ધ તાહરો હો । શે૦ । ૫ । ઇમ કરી દેહરાસર કરીએ, જો જગમાં જસવરીએ હો । શે૦ । તવ મેઘો કહે તેહને, હવે દામ જોઇએ છે કહને હો । શે૦ । ૬ । પારસનાથ તણે સુપસાયે, ઘણા દામ છે ભાઇ અંહી હો । શે૦ । એક દિન કેહતા તુમે, એ પત્થર કોણ આવે કામ હો । શે૦ । ૭ । ક્રોધ વસે પાછો વલીઓ, પણ દગો મનમાં ભરીઓ હો । શે૦ । સાકામલ મન ચિંતે, મારૂં મેઘો તો થાઉં નીશ્ચિત હો । શે૦ । ૮ ।

## । ઢાલ ૯ મી ।

### નેમીસર જગ જય કરૂં રે લોલ । એ દેશી ।

પરણાવું પુત્રી માહરી રે લો, તેડીને તેણીવારરે । ચતુર નર । નાત જમાડું આપણી રે લો, ખરચીને ધન અપારરે

। ચ૦ । ૧ । સાંભળજો શ્રોતા જનો રે લાલ, જો મેઘો મારૂં તો સહીરે લોલ, તો મુજ ઉપજે કરારરે । ચ૦ । દેવલ કરાવું હું એકલો રે લોવ, તો નામ રહે નીરધારરે । ચ૦ । ૨ । સા૦ । ઇમ ચિંતવી વિવાહના રે લો, કરે કાજલ તતકાલ રે । ચ૦ । સગા સાજનને તેડાવીયારે લો, ગોરીઓ ગાવે ધમાલ રે । ચ૦ । ૩ । સા૦ । સામેઘા ભણી નોતરૂં રે લો, મોકલે કાજલસાહરે । ચ૦ । વીવાહ ઉપરે આવજો રે લોલ । અવશ્ય કરીને આંહિરે । ચ૦ । ૪ । સા૦ । ઈમ સાંભલી મેઘો ચિંતવે રે લો, કિમ કરી જઇએ ત્યાંહિરે । ચ૦ । કામ અમારે છે ઘણું રે લો, દેહરાસરનું આં હરે । ચ૦ । ૫ । સા૦ । તવ મેઘો કહે તેહને રે લો, તેડી જાઓ પરિવારરે । ચ૦ । કામ મેલી કીમ આવીએરે લો, તે જાણો નીરધારરે । ચ૦ । ૬ । મરગાદેને તેડીનેરે લો, પુત્ર કલત્ર પરીવાર રે । ચ૦ । મેઘાસાના સહૂ સાથનેરે લો તેડી આવ્યા તેણીવારરે । ચ૦ । ૭ । સા૦ । કાજલ કહે મેઘો કીહાં રે લોલ, ઇહાં નાવ્યા શામાટ રે । ચ૦ । તો મેઘા વીણુ કીમ સરેરે લો, નાતતણી એ વાટ રે । ચ૦ । ૮ ।

## । ઢાલ ૧૦ મી ।

### નંદ સલુણા નંદના રે લો । એ દેશી ।

જક્ષ કહે મેઘા ભણી રે લોલ, તાહરે હવે આવી બન્યુરે લો । કાજલ આવશે તેડવા રે લો, કુડ કરી તુજ છેડવા રે લો । ૧ । તું મત જાજે તીહાંકણેરે લો, ઝેર દેઇ તુજને હણેરે લોલ । તેડયા વીણુ જાયે નહીરે લોલ, તો પ્રભુનમણ લેજે સહીરેલો । ૨ । દુધ માંહે દેસે ખરૂરે લો. નમણ પીધે જાસે પરૂરે લો । તે માટે તુજને ઘણું રે લો, માને વચન સુહામણું રેલો । ૩ । ગયો જક્ષ કહી તેહવેરેલો, કાજલસા આવ્યા એહવે રે લો । કહે કાજલ તુંમે સાંભલો રે લો, આવો મેલી આમલો રે લો । ૪ ।

તુમ આવ્યા વીણ કીમ સરેરેલો, નાતજાતમાં શોભીએ કીણી પરેરે લો । તુમ સરીખા આવે સગારે લો, તો અમ મન થાએ ઉમગારે લો । ૫ । હું આવ્યો ધરતી ભરીરે લો, તો કીમ જાઉં પાછો ફરીરે લોલ । જો અમને કાંઈ લેખવોરે લો, તો આડો અવલો મત દેખવોરે લો । ૬ । હઠ કરી બેઠા તુમેરે લોલ, ખોટી થઇએ છે અમેરે લોલ । સામેઘો મન ચિંતવેરે લો, અતિ તાણું કિમ પરવડેરે લો । ૭ । કાજલ સાથે ચોલીયારે લો, ભુદેસરમાં આવીયારે લો । નમણ વીસાર્યું તિહાંકણેરે લો, ભાવી અવશ્ય આવી બનેરે લો । ૮ ।

## । ઢાલ ૧૧ મી ।

## કાબીલારો પાણી લાગણો । એ દેશી ।

નાત જમાડે આપણી, દેઇને બહુ માન । વરકન્યા પરણાવીયાં, દીધાં બહુલાં દાન । ૧ । કાજલ કહે નારી ભણી, મેઘો અમે ભેલાં । જમણ દેજે વિષ ભેલીને, દુધમાંહે તિણવેલાં । ૨ । દુધતણી છે આખડી, તુમને હું કહીશ રીસે । મેઘાને મેલવો નહી, પીરસ્યું જમણ પીસે । ૩ । તવ નારી કહે પિઉજી, મેઘાને મત મારો । કુલમાં લંછન લાગસે, જાસે પંચમ કાર । ૪ । કાજલ તે માને નહી, નારી કહીને હારી । મન ભાંગો મોતી તણો, તેમાં ન લાગે કારી । ૫ । ઇમ સીખવી નીજ નારીને, જમવા બીહું જણ બેઠા । ભેલાં એકણ થાલીએ, હીયડે હરખે હેઠાં । ૬ । દુધ આણ્યું તિણ નારીએ, પીરસ્યું થાળી માંહી । કાજલ કહે મુજ આખડી પીધો મેઘે ત્યાંહી । ૭ । મેઘાને હવે તતખીણે, વિષ વ્યાપ્યું અંગે । સાસોસાસ રમી ગયા, પામ્યો ગતિ સ્યું રંગે । ૮ ।

## । ઢાલ ૧૨ મી ।
## કીહાંરે ગુણવંતી રે માહરી ચોગણીરે । એ દેશી ।

આવી મૃગાદે પીઉને દેખીનેરે, રોતી કહે તીણુ વારરે । મહીયોને મેરો તે પણુ બીડું જણુારે, અતિ ઘણું કરે પોકારરે ।૧। ફીટરે કુલહીણાં કાજલ શું કર્યુંરે, નાવી લાજ લગારરે। મુખરે કીમ દેખાડીસ લોકમાંરે, તુજને પડો ધીકારરે । ૨ । । ફી૦ । વીરડા તે ન જાણું મન એહવું રે તાહરી ભગનીનું કુણુ સલુણુરે । માહરે તો કરમે એ છાજ્યું નહીરે, પડી દીસે છે મુજમાં ચુકરે । ૩ । ફી૦ । જેહવા લખીયા છઠીએ અક્ષરોરે, તો હવે દીજે કેહને દોષરે । નીરધારી મેલી ગયો નાહલો રે, કહીએ ન કીધો મુજને રોસરે । ૪ । ફી૦ । ઈમ વિલવંતી મૃગાદે કહેરે, વીરડા તેં તોડી મારી આસરે । તુજને એવું કિમ ઉકલ્યું રે, જીવીસ તીન પંચાસરે । ૫ । ફી૦ । કુડ કરીને મુજને છેતરીરે તેં કીધો મોટો અન્યાયરે । માહરાં નાનકડા બેહુ બાલુડાંરે, કેહને મીલસ્યે જઈ ધાયરે । ૬ । ફી૦ । અધ વીચે દેહરાં રહ્યાં આજથીરે જગમાં નામ રહ્યું નીરધાર રે । નગરમાં ઘરો ઘર વાતો વીસ્તરીરે, સહુ કોના દીલમાંહી આવ્યો ખારરે । ૭ । ફી૦ । દ્વેષ રાખીને મેઘો મારીયો રે, એ તો કાજલ કપટ ભંડાર રે । મનનો મેલોરે ધીઠો એહવોરે, ઈમ ભણે છે નરનારીરે । ૮ । ફી૦ ।

## । ઢાલ ૧૩ મી ।
## પુરવ માત પુણ્યે પામીયે । એ દેશી ।

બેહુની અગનિદાહ દેઇ કરી, આવ્યા સહુ નિજ ઠામહો બેહુની કાજલ કહે તું મત રોએ, ન કરૂં એહવો કામહો । ૧ । બેહુની લેખ લખ્યો તે લાભીયે, તો દીજે કેહને દોષહો ।

બેહુની જન્મ જરામરણે ભયો, તો રાખવો સ્યો સોસહો । ૨ । । બે૦ । આ સંસાર છે કારમો, ખોટી માયાજાલહો । એક આવે ઠાલી ભરી, જેહવી અરહટની માલહો । ૩ । બે૦ । સુખદુઃખ સરજ્યાં પામીએ નહી કોઇને હાથ હો । બે૦ । મતકર ફીકર તું આજથી. બહુલી આપણી હાથહો । બે૦ । ૪ । ખાઓ પીઓ સુખ ભોગવો, મ કરો ફીકર લગાર હો । બે૦ । જે જોઈએ તે મુજને કહો, ન કરો દીલમાં વિચાર હો । બે૦ । ૫ । જીનનો પ્રાસાદ કરાવશું, મહીતલ રાખસું નામ હો । ઇજત આપણુ ઘરતણી કીમ કરી ખોસું કામ હો । ૬ । સોઢાને હાથે સોંપસું, ગોડીપુર ગામ મોઝાર હો । બે૦ । ચાલો આપણે સઉ મલી, હું લેઇ આવું દામહો । બે૦ । ૭ । અનુક્રમે આવ્યા સઉ મલી, ગોડીપુર ગામ મોઝાર હો । જીનનો પ્રાસાદ કરાવ્યો, કાજલસા તિણવાર હો । ૮ ।

## । ઢાલ ૧૪ મી ।

## કરે લણું ઘડદે રે । એ દેશી ।

દેહરે સીખર ચઢાવીઓ, થિર ન રહે તિણવાર રે । કાજલ મનમાં ચિંતવે, હવે કુણ કરસું પ્રકાર રે । ૧ । ભવીકજન સાંભલો ભાવશું । બીજીવાર ચઢાવીયો, પડે હેઠો તતકાલ રે । સુહણાં માંહે જક્ષ આવીને. મેરાને કહે સુ વીસાલ રે । ૨ । । ભ૦ । તું ચડાવે જાયને થિર રહસ્યે સીર જેહ રે । કાજલને જસ કીમ હોવે, મેઘો માર્યો તેહ રે । ૩ । ભ૦ । મેહરે સીખર ચઢાવીયો. નામ રાખ્યું જગમાંહિ રે । મુરતી થાપી પાસની, સંઘ આવે ઉછાંહે રે । ૪ । ભ૦ । સંવત ચૌદચોઆ-લમાં દેહેર પ્રતીષ્ઠા કીધ રે । મહીઓમેહરો મેઘા તણાં, તેણે જગમાં જસ લીધ રે । ૫ । ભ૦ । દેશી પરદેશી આવે ઘણા, આવે લોક અનેક રે । ભાવ ધરી ભગવંતને આણી અધિક

વિવેક રે । ૬ । ભ૦ । ખરચે દ્રવ્ય ઘણાં તિહાં, રાય રાણા તેણિવાર રે । માનત માને લાખની, ટાલે કષ્ટ અપાર રે । ૭ । । ભ૦ । નીરધનીયાંને ધન દીએ અપુત્રીયાને આપે પુત્ર રે । રોગીના નીવારે રોગને, ટાલે દારીદ્ર સુત રે । ૮ । ભ૦ ।

## । ઢાલ ૧૫ મી ।

## અમ ઘર આંબો મોરીઓ । એ દેશી ।

આજ અમ ઘર રંગ વધામણા, આજ ત્રુઠા શ્રી પાર્શ્વનાથ । આજ ચિંતામણ આવી ચડયો, આજ સફળ ફલી સવી આશ । ૧ । આ૦ । આજ સુરતરૂ ફળીઓ આંગણે, આજ પ્રગટી મોહનવેલ । આજ વીછડીયાંવાલાં મલ્યાં, આજ અમ ઘર હુઇ રંગરેલ । ૨ । આ૦ । આજ અમ ઘર આંબો મોરીઓ આજ વુઠો સોવનધાર । આજ દુધે વુઠા મેહુલા, આજ ગંગા આવી ઘરબાર । ૩ । આ૦ । આજ ગાયો ગોડિપુર ધણી, આ નગર તે મહિયલ માંહે । ચોમાસો કીધો ચોંપસું, શ્રી સંઘ કરે ઉછાહિ । ૪ । આ૦ । શ્રી હીરવીજય સુરીસરૂ, તેહનાં શુભ વિજય કવી શીશ । તેહનાં ભાવ વિજય કવિ દીપતાં તસ સીસ નમું નીસ દીસ । ૫ । આ૦ । તેહના રૂપ વિજય કવીરાજમાં, તેહનાં પદ્મ નમું કરજોડ । વલી રંગ વિજય રંગે કરી, હું તો પ્રણમું નિત્ય કરજોડ । ૬ । આ૦ । સંવત અઢાર સતલોતરે, ભાદ્રવામાસ ઉદાર । તિથિ તેરસ ચંદ્રવાસરે, ઈમ નેમવિજય જયકાર । ૭ । આ૦ । ઈતિ શ્રી ગોડીચાજી સ્તવન સંપૂર્ણ.

### શ્રી ગૌતમગુરૂભ્યો નમઃ

# અથ શ્રી મહાવીર સ્વામીના સત્તાવીસ ભવનું સ્તવન લિખ્યતે.

### । દોહા ।

વિમલ કમલ દલ લોયણાં, દીસે વદન પ્રસન્ન । આદર આણી વીરજિન, વાંદી કરૂં સ્તવન । ૧ । શ્રી ગુરૂતણે પસાઉલે, સ્તવશું વીર જિણંદ । ભવ સત્યાવીશ વરણવું, સુણજો સહુ આણંદ । ૨ । સાંભલતાં સુખ ઉપજે, સમકિત નિર્મલ હોય । કરતાં જિનની સંકથા, સફલ દિહાડો સોય । ૩ ।

### । ઢાલ પહેલી । દેશીઢાલની ।

મહાવિદેહ પશ્ચિમ જાણું, નયસાર નામેં વખાણું । નયરતણો છે એ રાણો, અટવી ગયો સપરાણો । ૧ । જમવા વેલા એ જાણી, ભગતેં રસવતી આણી । દત્તની વાસના આવી, તપસી જુવે તે ભાવી । ૨ । મારગ ભૂલ્યા તે હેવ, મુનિ આવ્યો તતખેવ । આહાર દીયો પાય લાગી, રૂષિની ભુખ તૃષા ભાંગી । ૩ । ધર્મ સુણ્યો મન રંગે, સમકીત પામ્યો એ ચંગે । ઋષિને ચાલંતા જાણી, હીયડે ઉલટ આણી । ૪ । મારગ દેખાડયો વહેતો, પાછો વલી એમ કહેતો । પહેલે ભવેં ધર્મજ પાવે, અંતે દેવ ગુરૂ ધ્યાવે । ૫ । પંચપરમેષ્ઠીનું ધ્યાન, સૌધર્મ પામ્યો વૈમાન । આઉખું એક પલ્યોપમ, સુખ ભોગવી અનોપમ । ૬ । ભવ બીજે ત્રીજે આયો, ભરતકુલેં સુત જાયો । ઉત્સવ માંગલિક કીધું, નામ તે મરીચંચ દીધું । ૭ । વાધે સુરતરૂ સરિખો, આદિ જિન દેખીને હરખ્યો । આઉએ દેશના દીધી, ભાવેં દીક્ષા એ લીધી । ૮ । જ્ઞાન ભણ્યો સુવિશેષ, વિચરે દેશ

વિદેશ । દીક્ષા લેઇને નજરે. અલગો સ્વામીથી વીચરે । ૯ । મહાવ્રત ભાર એ મહોટો, હું પણ પુણ્યે એ છોટો । ભગવું કપડું કરશું, માથે છત્ર એ ધરશું । ૧૦ । પાયે પાનહી પેરશું, સ્નાન શુચિજલેં કરશું । પ્રાણી થુલ નહીં મારૂં, ખુરમુંડ ચોટીયે ધારૂં । ૧૧ । પવિત્રી સોવન કેરી શોભા ચંદન ભલેરી । હાથે ત્રિદંડયું લેવું, મનમાંહે ચિંતવ્યું એહવું । ૧૨ । લિંગ કુલિંગનુ રચીયું, સુખકારણ એ મચીઉં । ગુણ સાધુના વખાણે, દીક્ષાયોગ તે જાણે । ૧૩ । આણી જતિયોને આપે, સૂધો મારગ થાપે । સમવસરણ રચ્યું જાણી, વંદે ભરત વિન્નાણી । ૧૪ । બારે પરખદારાજે, પૂછે ભરત એ આજે । કોઈ છે તુમ સરીખો, દાખ્યું મરીચંચ તીખો । ૧૫ । પહેલો વાસુદેવ થાશે, ચક્રવર્તી મૂકાએ વાસે । ચોવીશમો એ તીર્થંકર, વર્દ્ધમાન નામે જયંકર । ૧૬ । ઉલ્લશ્યું ભરતનું હીયું, જઇ મરીચંચને કહ્યું । તાતેં પદવીએ દાખી, હરિચક્રી જિનપદ ભાખી । ૧૭ । ત્રણ્ય પ્રદક્ષિણા દેઇ, વંદન વિધિસું કરેઇ । સ્તવન કહે એમ દાહ, પુત્ર ત્રિદંડીના શાહ । ૧૮ । વાંદું છું એહ મરમેં, થાશો જિનપતિ ચરમે । એમ કહી પાછો એ વલીયો, ગરવે મરીચંચ તે ગલીયો । ૧૯ ।

## । ઢાલ બીજી ।

ઇખાગ કુલેં હું ઉપનો, મારો ચક્રવર્તી તાતજી । અહો માહારો દાદો જિન હુઓ, હું પણ ત્રિજગ વિખ્યાતજી । ૧ । અહો ઉત્તમ કુલ માહરૂં, અહો અહો મુજ અવતારજી । નીચગોત્ર તિહાં બાંધીયું, જૂઓ જૂઓ કર્મ પ્રચારજી । અ૦ । ૨ । આ ભરતે પોતનપુરે. ત્રિપૃષ્ઠ હરિ અભિરામજી । મહાવિદેહ ખેત્ર મુકાપુરી, ચક્રી પ્રિયમિત્ર નામજી । અ૦ । ૩ । ચરમ તીર્થંકર થાયશું, હોશે ત્રિગડુ સારજી । સુરનર સેવા સારશે, ધનધન મુજ અવતારજી । અ૦ । ૪ । રહે મદમાતો એણીપરે, એક

દિન રોગ અતીવજી । મુનિજન સાર કો નવિ કરે, સુખ વાંછે નિજ જીવજી । અ૦ । ૫ । કપિલનામેં કોઇ આવિયો, પ્રતિ-બોધ્યો નિજવાણીજી । સાધુ સમીપેં દીક્ષા વરો, ધર્મ છે એણે ઠામજી । અ૦ । ૬ । સાધુસમીપેં મોકલે, નવિ જાએ તે અજોગજી । ચિંતે મરિયંચ નિજ મને, દીસે છે મુજ જોગજી । અ૦ । ૭ । તવ તે વલતું બોલિયો, તુમ વાંદે શું હોયજી । ભો ભો ધર્મ તે ઈહાં અછે, ઉત્સૂત્ર ભાંખ્યું સોયજી । અ૦ । ૮ । તેણે સંસાર વધારીયો, સાગર કોડાકોડીજી । લાખ ચોરાશી પૂરવતણું, આયુ ત્રીજે ભવ જોડીજી । અ૦ । ૯ । ભવ ચોથે સ્વર્ગ પાંચમેં, સાગર સ્થિતિ દશ જાણજી । કૌશિક દ્વિજ પાંચમેં ભવેં, લાખ એંશી પૂર્વ માનજી । અ૦ । ૧૦ । થુણા નયરીયેં દ્વિજ થયો, પૂર્વલાખ બહુતેર સારજી । હુઓ ત્રિદંડી છઠે ભવેં, સાતમે હોહમ અવતારજી । અ૦ । ૧૧ । અગ્નિદ્યુત આઠમે ભવે, સાઠલાખ પૂર્વ આયજી । ત્રિદંડી થઇ વિચરે વલી, નવમે ઈશાને જાયજી । અ૦ । ૧૨ । અગ્નિભૂતિ દશમે ભવેં, મંદિરપુરી દ્વીજ હોયજી । લાખ છપન્ન પૂર્વ આઊખું, ત્રિદંડી થઇ મરે સોયજી । અ૦ । ૧૩ । ઇગ્યારમેં ભવેં તે થયો, સનતકુમારે દેવજી । નયરી શ્વેતાંબીયેં અવતરયો, બારમે ભવેં દ્વિજ હેવજી । અ૦ । ૧૪ । ચુમ્માલીશ લાખ પૂર્વ આંઊખું, ભારદ્વીજ જસુ નામજી । ત્રિદંડી થઇ વિચરે વલી, માંહેંદ્ર તેરમે ભવેં ઠામજી । અ૦ । ૧૫ । રાજગૃહી નયરી ભવ ચૌદમે, થાવર બ્રાહ્મણ દાખજી । ચોત્રીશ લાખ પૂર્વ આઊખું, ત્રિદંડી લિંગતે ભાખજી । અ૦ । ૧૬ । અમર થયો ભવ પન્નરમે, પાંચમે દેવલોકેં દેવજી । સંસાર ભમ્યો ભવ શોલમે, વિશ્વભૂતિ ક્ષત્રી હેવજી । અ૦ । ૧૭ ।

## । ઢાલ ત્રીજી ।

વિશાખ ભૂતિ ધારણીનો બેટો, ભુજબલ પૂઠ સમૂલ સમેટો, સંભુતિ ગુરૂ તેણે ભેટો । ૧ । સહસ વરસ તિહા ચારિત્ર પાલી, લહી દીક્ષા આતમ અજુઆલી, તપ કરી કાયા ગાળી । ૨ । એક દિન ગાય ધસી સિંગાલી, પડયો ભુમિ તસ ભાઇયેં ભાલી, તેહસું બલ સંભાલી । ૩ । ગરવેં રીષ ચઢી વિકરાલી, સિંગધરી આકાશેં ઊછાલી, તસ બલ શંકા ટાલી । ૪ । તિહાં અણુસણુ નિયાણું કીધું, તપ વેચી બલ માગી લીધું, અધુરૂં પરિયાણું કીધું । ૫ । સતરમે ભવેં શુક્રે સુરવર, ચવી અવતરીયો જિહાં પોતનપુર, પ્રજાપતિ મૃગાવતી કુંઅર । ૬ । ચોરાસી લાખ વરસનું આચુ, સાત સુપન સૂચિત સુત જાયો, ત્રિપૃષ્ઠ વાસુદેવ ગાયો । ૭ । ઓગણીશમેં ભવેં સાતમી નરકેં, તેત્રીશ સાગર આચુ અભંગે, ભોગવીચું તનુસંગે । ૮ । વીસમે ભવે સિંહ હિંસા કરતો, એકવીશમે ચોથે નરકેં ફિરતો, વિચ વિચ ઘણા ભવ કરતો । ૯ । બાવીશમે ભવે સરલ સભાવિ, સુખ ભોગવતાં જસ ગવરાવિ, પુણ્યેં શુભ મતિ આવી । ૧૦ । ત્રેવીશમે ભવેં મૂકાપુરી મુખેં, ધન જાયો ધારણીની કુખેં નર અવતરિયો સુખેં । ૧૧ । તિહાં ચક્રવર્ત્તીની પદવી લીધી, પોટીલાચાર્યશું મતિ બાંધી, શુભ તપ કિરિયા સાધી । ૧૨ । કોડી વરસ દીક્ષાનો જાણુ, લાખ ચોરસી પૂર્વ પ્રમાણુ, આઊખું પૂરૂં જાણુ । ૧૩ । ચોવીશમે ભવેં શુક્રે સુરવર, સુખ ભોગવિઆ સાગર સત્તર, તિહાંથી ચવીયો અમર । ૧૪ ।

## । ઢાલ ચોથી । રાગ મલ્હાર ।

આ ભરતેં છત્રિકાપુરી, જિતશત્રુ વિજયાનાર । મેરે લાલ । પંચવીશમે ભવેં ઊપનો, નંદન નામ ઊદાર મેરે । લાલ । તીર્થંકર પદ બાંધિયું । ૧ । એ આંકણી । લઇ દીક્ષા

સુવિચાર । મેરે લાલ । વીશ થાનક તપ આદર્યું, હુઓ તિહાં જયજયકાર । મેરે૦ । તીર્થંકર૦ । ૨ । રાજ્ય તજી દીક્ષા લિયે, પોટીલાચાર્યપાસ । મેરે લાલ । માસખમણ પારણું કરે, અભિગ્રહવંત ઉલ્લાસ । મેરે લાલ । તીર્થં૦ । ૩ । લાખ વરસ એમ તપ કર્યું, આલસ નહી લગાર । મેરે લાલ । પરિગલ પુણ્ય પોતેં કર્યું, નિકાચ્યું જિનપદ સાર મેરે લાલ । તીર્થં૦ । ૪ । માસખમણ સંખ્યા કહું, લાખ ઈગ્યાર એંશી સહસ । મેરે લાલ । છશે પિસ્તાલીશ ઊપરેં, પંચ દિન વૃદ્ધિ કહીશ । મેરે લાલ । તીર્થં૦ । ૫ । પંચવીશ લાખ વરસનું આઉખું, માસ સંલેષણા કીધ । મેરે લાલ । ખમી ખમાવી તે ચવ્યો, દશમે સ્વર્ગ ફલ લીધ । મેરે લાલ । તીર્થં૦ । ૬ । પુષ્પોત્તરા વતંસકેં, વિમાન સાગર વીશ । મેરે લાલ । સુર ચવીયો સુખ ભોગવી, હુઆ એ ભવ છવ્વીશ । મેરે લાલ । તીર્થં૦ । ૭ ।

## । ઢાલ પાંચમી । ભમરહુલીની ।

સત્યાવીશમો ભવ સાંભલો તો । ભમર હુલી । રૂઅડું માહણકુંડ ગામતો । ઋષભદત્ત બ્રાહ્મણ વસેતો । ભમરહુલી । દેવાનંદા ધરણી નામતો । ૧ । કર્મ રહ્યાં લવલેશ વલીતો । । ભ૦ । મરીચી ભવનાં જેહતો । પ્રાણત કલ્પથકી ચવીતો । ભ૦ । દ્વિજ કુલેં અવતરીયો તેહતો । ૨ । ચૌદ સુપન માતા લહેતો । ભ૦ । આણંદ હુઓ બહુતતો ઇંદ્રે અવધીયેં જોઇયું તો । ભ૦ । એહ અછેરા ભુતતો । ૩ । ત્યાશી દિન તિહાંકણે રહ્યા તો । ભ૦ । ઇંદ્ર આદેશેં દેવતો । સિદ્ધાર્થ ત્રિશલા કૂખેંતો । ભ૦ । ગર્ભ પાલટયો તતખેવતો । ૪ । ચઉદ સુપન ત્રિશલા લહેતો । ભ૦ । શુભ મુહૂર્તે જનમ્યા જામતો । જન્મ મહોત્સવ તિહાં કરેતો । ભ૦ । ઇંદ્ર ઇંદ્રાણી તામતો । ૫ । વર્દ્ધમાન તસુ નામ દીયોતો । ભ૦ । દેવેં દીયો

મહાવીરતો । હર્ષે શું પરણાવિઆ તો । ભ૦ । સુખ વિલસે ઘેર વીરતો । ૬ । માયબાપ સુરલોકેં ગયાતો । ભ૦ । જિન સાધે નિજકાજતો । લોકાંતિક સુર ઈમ કહેતો । ભ૦ । લ્યો દીક્ષા મહારાજ તો । ૭ । વરસીદાન દેઇ કરીતો । ભ૦ । લીધો સંયમ ભારતો । એકાકી જિનવિહાર કરેતો । ભ૦ । ઉપસર્ગનો નહીં પારતો । ૮ । તપ ચઊવિહાર કર્યાં ઘણાતો । ભ૦ । એક છમાસી ચોવિહારતો । બીજો છમાસી કર્યો તો । ભ૦ । પંચદિન ઊણા ઉદાર તો । ૯ । નવ તે ચોમાસી કર્યાં તો । ભ૦ । બે ત્રણ્ય માસી જાણુતો । અઢી માસી બે વાર કર્યાં તો । ભ૦ । બે માસી છ વાર તો । ૧૦ । દોઢ માસી બે વાર કર્યાં તો । ભ૦ । માસ ખમણ કર્યાં બારતો । બહુતેર પાસ ખમણ કર્યાં તો । ભ૦ । છઠ્ઠ બસેં ઓગણત્રીશ તો । ૧૧ । બારે વરસે પારણાતો । ભ૦ । ત્રણશેં ઓગણપચાસતો । નિદ્રા બેઘડી કરીતો । ભ૦ । બેઠા નહીં બારે વરસતો । ૧૨ । કરમ ખપાવી કેવલ લહ્યું તો । ત્રિગડે પર્ષદા બારતો । ગણધર પદની થાપનાતો । ભ૦ । જગ હુઓ જય જયકારતો । ૧૩ । ગણધરવર ઇગ્યાર હુઓતો । ભ૦ । ચઊદ સહસ સાધુ સુખકારતો । છત્રીશ સહસ તે સાધવી તો । ભ૦ । સીયલ રયણ ભંડારતો । ૧૪ । એક લાખ ઓગણસાઠ હજાર કહ્યાં તો । ભ૦ । શ્રાવક સમકિત ધારતો । ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાતો । ભ૦ । એ કહ્યો વીર પરિવારતો । ૧૫ । બ્રાહ્મણ માત પિતા હુઆતો । ભ૦ । મોકલ્યા મુક્તિ મઝારતો । સુપુત્ર આવે ઈમ કરે તો । ભ૦ । સેવકની કરો સારતો । ૧૬ । ત્રીશ વરસ ગૃહવાસ વસ્યાતો । ભ૦ । બાર વરસ છદ્મસ્થતો । ત્રીશ વરશ કેવલ વર્યાતો । ભ૦ । બહોંતેર વરસ સમસ્ત તો । ૧૭ । એણીપરે પાલી આઊખુંતો । ભ૦ । દિન દીવાલી જેહતો । મહાનંદ પદ

પામીયાતો । ભ૦ । સમરૂં હું નિત તેહતો । ૧૮ । સંવત શોલ બાસઠ્ઠોતો । ભ૦ । વિજયાદશમી ઉદારતો । લાલવિજય ભકતે કહેતો । ભ૦ । વીરજિન ભવજલ તારતો । ૧૯ ।

## । ઢાલ છઠી ।

સમરણુતા સુખ સંપદ મિલે, ફલે મનોરથ કોડજી । રોગ વિયોગ સવીટલે, ન હોય શરીરેં કોઢજી । ૧ । આદરી આણાપુર મંડણો, ખંડન પાપનો પૂરજી । જે ભવિયણુ સેવા કરે, સુખ પામે તે ભરપૂરજી । આ૦ । ૨ । મૂરતિ મોહન વેલડી, દીઠે અતિ આણંદોજી । સિંહાસન સોહે સદા, ગગનેં જીસ્યો રવિચંદોજી । આ૦ । ૩ । પ્રતીમા દીઠે સુખ સંપદા, પ્રણમું જોડી હાથજી । ત્રણ્ય પ્રદક્ષિણા દેઇ કરી, માગું મુક્તિનો સાથજી । આ૦ । ૪ । શ્રાવક અતિ ઉદ્યમ કરે, કીધો જિન-પ્રાસાદજી । કાઢ્યું પાપ ઠેલી કરી, પુણ્યેં જગ જસવાદજી । । આ૦ । ૫ ।

## । કલશ ।

શ્રી વીર પાટપરંપરાગત, આણંદ વિમલ સૂરીશ્વરૂ, શ્રી વિજયદાન સૂરિ તાસ પાટેં, શ્રી હીરવિજય સૂરિ ગણધરૂ । શ્રી વિજયસેનસૂરિ તાસ પાટે, શ્રી વિજય દેવસૂરિ હિત ધરૂ । કલ્યાણુ વિજય ઉજઝાય પંડિત શ્રી શુભવિજય શિષ્ય જયકરૂ । ૧ ।

ઇતિ શ્રી મહાવીર સ્વામીના સત્યાવીશ ભવનું
સ્તવન સંપૂર્ણં ।

# અથ શ્રી મહાવીર સ્વામીના પાંચ કલ્યાણકનું બાર ઢાલનું સ્તવન પ્રારંભઃ

## । ઢાલ પહેલી ।

**પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુઝવાત । એ દેશી ।**

સરસતિ ભગવતિ દીયો મતિ ચંગી, સરસ સુરંગી વાણુ । તુઝ પસાય માયાચિત્ત ધરી હું, જિનગુણ રયણુની ખાણુ । ૧ । ગીરૂઆ ગુણ વીરજી, ગાયશું ત્રિભુવનરાય [illegible] નામે ઘર મંગલ માલા, [illegible] ઘરે બહુ સુખ થાય । ગિ૦ । ૨ । એ આંકણી । જમ્બુદ્વીપે ભરત ક્ષેત્રમાંહિ, નયર માહણકુંડ ગામ । રિખભદત્તવર વિપ્ર વસે તિહાં દેવાનંદા તસ પ્રિયા નામ । ગિ૦ । ૩ । સુર વિમાનવર પુષ્પોત્તરથી, ચવિ પ્રભુ લીયે અવતાર । તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર । ગિ૦ । ૪ । ધુર મયગલ મલપંતો દેખે, બીજે વૃષભ વિશાલ । ત્રિજે કેસરી લક્ષ્મી ચોથે, પાંચમે ફુલની માલ । ગિ૦ । ૫ । ચંદ્ર સૂર્ય ધ્વજ કલશ પઉમસર, દેખે દેવ વિમાન । રયણ રેહા રયણાયર રાજે, ચઉદમે અગ્નિ પ્રધાન । ગિ૦ । ૬ । આનંદભર તવ જાગી સુંદરી, કંતને કહે પરભાત । સુણી વિપ્ર કહે તુજ સુત હોશે, ત્રિભુવન માંહે વિખ્યાત । ગિ૦ । ૭ । અતિ અભિમાન કીયો મરિચંચ ભવ જુઓ। જુઓ કરમ વિચાર । તાત સુતાવર તિહાં થયા કુંવર, વલિ નીચ કુલે અવતાર । ગિ૦ । ૮ । ઇણ અવસર ઇંદ્રાસન ડોલે, નાણે કરી હરિ જોય । માહણી કુખે જગગુરૂ પેખે નમી કહે અઘટતું હોય । ગિ૦ । ૯ । તતક્ષણ હરિ હરણેંદ્ર તેડાવી, મોકલિયો તેણે ઠાય । માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહું બદલી સુર જાય । ગિ૦ । ૧૦ । વલી નિશિભર તે દેવાનંદા, સુપન લહે અસાર। જાણ્યું

સુપન ત્રિશલા કર ચઢિયાં, જઈ કહે નિજ ભરતાર । ગિ૦ । । ૧૧ । કંત કહે તું દુઃખહર સુંદરી, મુઝ મન અચરિજ હોય । મરૂસ્થલ રણમાં કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટલ્યો સોય । ગિ૦ । ૧૨ ।

### । ઢાલ બીજી ।

નયરિ ક્ષત્રિકુંડ નરપતિ, સિદ્ધારથ ભલોએ । આણ ન ખંડેરે તસતણી, જગ જસ નિર્મલોએ । ૧ । તસ પટ્ટરાણી ત્રિશલા સતિ, કૂંખે જગપતિએ । પરમ હર્ષ હિયડે ધરિ, ઠવિયા સુરપતિએ । ૨ । સુખ સેજે પોઢી દેવી તો, ચઉદ સુપન લહેએ । જાગતી જિન ગુણ ગાવતી, હર્ષતી ગહગહેએ । ૩ । રાજહંસ ગતિ ચાલતી, પિયુકને આવતી એ । પ્રહ ઉગમતે સૂરતો, વિનવે નિજપતિએ । ૪ । વાત સુણી રાય રંજિયો, પંડિત તેડીયાએ । તેણે સમે સુપન વિચારતો પુસ્તક છોડીયાંએ । ૫ । બોલે મધુરી વાણતો, ગુણનિધિ સુત હોશેએ । સુખ સંપતિ ઘરે વાધશે, સંકટ ભાંજશેએ । ૬ । પંડિતને રાય તુઠિયા, લચ્છી દીયે ઘણીએ । કહે તુમ વાણી સફલ હોજો, આશા અમતણીએ । ૭ । નિજપદ પંડિત સંચરયા રાય સુખેં રહે એ । દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહેએ । ૮ । માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીંએ । સાત માસવાડા વોલીયા, માય ચિંતા લહીએ । ૯ । સહીયરને કહે સાંભલો, કુણે મહારો ગર્ભ હરયો એ, હુંરે ભોલી જાણુ નહીં, ફોગટ પ્રગટ કરયોએ । ૧૦ । સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટલેએ । તવ જિન જ્ઞાન પ્રયુંજીયો, ગર્ભ તે સલસલેએ । ૧૧ । માતા પીતા પરિવારનું, દુઃખ નિવારિયુંએ સંયમ ન લેઉ માયતાય છતા જીન નિર્ધારીયુએ । ૧૨ । અણદીઠે મોહ એવડો, તે કિમ વિછોહ ખમેએ । નવ મસવાડા ઉપરે, દિન સાડા સાતમેએ । ૧૩ । ચૈત્ર શુકલ તેરસે, શ્રી

જિન જનમીયાએ । સિદ્ધારથ ભૂપતિ ભલો ઓચ્છવ નાડિયાએ । ૧૪ ।

## । ઢાલ ત્રીજી । વસ્તુની દેશી ।

પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો જગત શણગાર । શ્રી સિદ્ધારથ નૃપ કુલ તિલો, કુલમંડણ કુલતણો દીવો । શ્રી જિનધર્મ પસાઉલે ત્રિશલા દેવી સુત ચિરંજીવો । એમ આશીશ દીયે ઘણી, આવી છપન્ન કુમારી । શુચી કર્મ કરી તે સહી, સોહે જિસી હરિની નારી । ૧ ।

## । ઢાલ ચોથી ।

ચલ્યુંરે સિંહાસણ ઇંદ્ર જ્ઞાનેં નિરખતાએ । જાણ્યું શ્રી જન્મ જિણંદ, ઇંદ્રિ તત્ર હરખતાએ । ૧ । આસનથીરે ઉઠેવ, ભક્તિ હ્રદયે ઘણીએ । વાજે સુઘોષા ઘંટ, સઘલે રણઝણે એ । ૨ । ઇંદ્રભુવનપતિ વીશ, વ્યંતરતણાએ । બત્રીશ રવિ શશિ હોય, દશ હાર કલ્પનાએ । ૩ । ચોશઠ ઇંદ્ર મિલેવી, પ્રણમી કહેએ । રત્નગર્ભા જિન માત, દુજી એસી નહીંએ । ૪ । જન્મ મહોત્સવ કરે દેવ, સરવે આવીયાએ । માયને દેઇ નિદ્રા મંત્ર, સુત લેઇ મેરૂ ગયાએ । ૫ । કંચન મણિરે ભૃંગાર, ગંધોદક ભરયાએ । કિમ સહેશે લઘુવીર, હરિશંકા ધરેએ । ૬ । વહેશે નીરપ્રવાહ, કિમ નમીયેંએ । ન કરે નમણ સનાત્ર જાણ્યું સ્વામીયેએ । ૭ । ચરણ અંગુઠે મેરૂ ચાંપી નાચિયોએ । મુજ શિર પાય ભગવંત, ઇમકહી માચિયોએ । ૮ । ઉલટયા સાયર સાત, સરવે જલહલ્યાએ । પાયાલેં નાગેદ્ર, સઘલા સલસલ્યાએ । ૯ । ગિરિવર ત્રુટે ટુંક, ગડગડે ઘણુંએ । ત્રીભુવન ચમકયા લોક, માને તેહતણું એ । ૧૦ । અનંત બલ અરિહંત, સુરપતિ કહેએ । મુઝ મન મૂરખ મૂઢ, એટલું નવિ

લહેએ । ૧૧ । પ્રદક્ષિણા દેઇ ખામેવ, મહોત્સવ કરેએ । નાચે સુર ગાએ ગીત પુણ્ય પોતે ભરેએ ।૧૨। ઇણ સમે સ્વર્ગની લીલ, તૃણ સમ ગણેએ । જિન મૂકી માયને પાસ, પદ ગયા આપણેએ । ૧૩ । માય જાગી જુવે પુત્ર, સુરવર પૂજિયોએ । કુંડલ દેઇ દેવ દોય, અમિય અંગુઠે દીયોએ । ૧૪ । જન્મ મહોત્સવ કરે તાત, રિદ્ધિયેં વધીયોએ । સ્વજન સંતોષી નામ, વર્દ્ધમાન થપીયોએ । ૧૫ ।

## । ઢાલ પાંચમી ।

પ્રભુ કલ્પતરૂ પરેં વાધે, ગુણ મહિમાનો પાર ન લાધે રૂપેં અદ્ભુત અનુપમ અકલ, અંગ લક્ષણ કલા વિદ્યા સકલ । ૧ । મુખચંદ કમલ દલ નયણાં, શ્વાસ સુરભિગંધ મીઠા વયણાં । હેમવર્ણ તનુ સોહાવે, અતિ નિરમલ નીરેં નવરાવે । ૨ । તપ તેજેં સૂર્ય સોહે જોતાં સુરનાં મન મોહે । રમે રાજકુંવરશું વનમાં, માય તાયને આનંદ મનમાં । ૩ । પ્રભુ અતુલ મહાબલ વીર ઇંદ્ર સભામાંહે કહે જીન ધીર । એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને રમવાને । ૪ । સુર અહિ થઇ આમલિયોં રાખે, પ્રભુ હાથે ઝાલી દૂરે નાખે । વલી બાલક થઇ આવી રમિયો, હારી વીરને ખાંધે લઇ ગમીઓ । ૫ । માયતાયને દુઃખ થયો દરિઓ, લાડકડો કિણે અપહરિયો । ૬ જોતાં સુર વાધે ગગને મિથ્યાત્વી, વીરેં મુઠીયેં હણ્યો પડયો ધરતી । ૬ । નમી નામ દીધું મહાવીર, જેહવો ઇંદ્રે કહ્યો તેહવો ધીર । સુર વલીયોને પ્રભુ આવ્યા રંગે । માય તાયને ઉલટ અંગે । ૭ ।

## । ઢાલ છઠી । વસ્તુની દેશી ।

રાય ઓચ્છવ (૨) કરે મનરંગ, લેખક શાલા સુત ઠવે । વીરજ્ઞાન રાય ન જાણે । તવ સુધર્મા ઇંદ્ર આવી કરી પૂછે ગ્રંથ

સામી વખાણે । જૈન વ્યાકરણ તિહાં કીયો, આણંદે સુરરાય । વચન વિશેષે ભારતી. પંડયો વિસ્મય થાય । ૧ ।

### । ઢાલ સાતમી ।

યોવન વય જિન આવિયાએ. રાયે કન્યા યશોદા પરણાવીયાએ । વિવાહ મહોત્સવ શુભ કીયાએ । સવિ સુખ સંસારનાં વિલસીયાંએ । ૧ । અનુક્રમે હુઇ એક કુંવરીએ. ત્રીશ વરસ જિનરાજ લીલા કરીએ । માતા પિતા સદ્દગતિ ગયાએ । પછિ વીર વૈરાગે પૂરિયાએ । ૨ । મયણરાય મન શું જીતિયોએ, વીરે અથિર સંસાર મન ચિંતિયોએ । રાજરમણી ઋદ્ધિ પરિહરીએ, કહે કુટુંબને લેશું સંયમ સિરીએ । ૩ ।

### । ઢાલ આઠમી ।

પિતરીયો સુપાસરે, ભાઇ નંદી વર્દ્ધન । કહે વત્સ એમ ન કીજિયેંએ । ૧ । આગે માય તાય વિચ્છોહરે, તું વલી વ્રત લીયે । ચાંદે ખાર ન દીજીયેંએ । ૨ । નીર વિણ જિમ મત્સ્યરે, વીર વિના તિમ, ટલવલતું સહુ એમ કહેએ । ૩ । કૃપાવંત ભગવંતરે, નેહ વચને કરી, બે વરસ જાજેરાં રહેએ । ૪ । ફાસુ લીયે અન્નપાનરે, પરઘર નવિ જમે. ચિત્ત ચારિત્ર ભાવે રમેએ । ૫ । ન કરે રાજની રીતરે, સુરલોકાંતિક । આવી કહે સંયમસમેએ । ૬ । બુજ બુજ ભગવંતરે, છોડી વિષય સુખ । આ સંસાર વધારણાએ । ૭ ।

### । ઢાલ નવમી ।

આલે (૨) ત્રિશલાના કુંવર, રાજા સિદ્ધારથનો નંદન, દાન સંવત્સરીએ । ૧ । એક કોડી આઠ લાખ દિન પ્રતેએ, કનક રયણ રૂપામોતી તો, મુઠી સુભરી ભરીએ । ૨ । ધણ કણ ગજરથ ઘોડલાએ, ગામ નયર પુર દેશ તો । મનો વાંછિત

ફૂલ્યાંએ । ૩ । નિરધન તે ધનવંત થયા એ, તસ ઘરે ન ઓલખે નારીતો । સમ કરે વલી વલી એ । ૪ । દુઃખ દારિદ્ર હરે જગતણાએ, મેઘપરેં વરસે દાનતો । પૃથિવી અરૂણ કરીએ । ૫ । બહુનર નારી ઉત્સવ જુએએ, સુરનર કરેરે મંડાણતો । જિમ દીક્ષા વરીએ । ૬ । વિહાર કરણ જગ ગુરૂ કિયોએ, કેડે આવ્યો માહણ મિત્રતો. નારી સંતાપિયો એ । ।૭। જિન જાચક હું વીસરચો એ, પ્રભુ ખંધથકી દેવ દૂષ્યતો, ખંડ કરી દિજીએએ । ૮ ।

## । ઢાલ દશમી । છઠી ભાવના મન ધરો । એ દેશી ।

જસ ઘર કરે પ્રભુ પારણું, સુર તિહાં કંચન વરસે ઘણું એ, આંગણું દીપે તેજે તેહનું એ । ૧ । દેવદુંદુભિ વાજે એ, તિણ નાદે અંબર ગાજેએ, છાજેએ ત્રિભુવનમાંહે સોહામણું એ । ૨ । ત્રુટક । સોહામણું પ્રભુ તવ તપે બહુ, દેશ વિદેશેં વિચરતાં । ભવ્ય જીવને ઉપદેશ દેઇ, સાતે ઇતિ શમાવતા । ૩ । ષટ્માસ વનમેં કાઊસ્સગ્ગેં રહ્યા, જિન કર્મ કઠીન દહે સહી । ગોવાવ ગૌ ભરાવી ગયા, વીર મુખે બોલ્યા નહીં । ૪ ।

## । ઢાલ પૂર્વલી ।

ગૌ સવિ દહ દિશિ ગયાં, તિણેં આવી કહે મુનિ કિહાં ગયાં, ઋષિ રાયા ઉપર મુરખ કોપીયાએ । ૫ । ચરણ ઉપર રાંધી ખીર, તેણે ઉપસર્ગેં ન ચલ્યા ધીર, મહાવીરને શ્રવણે ખીલા ઠોકીયાએ । ૬ । ત્રુટક । ઠોકીયા ખીલા દુઃખ પીડા કોઈ ન કરે તિમ કરિ ગયા । જિનરાયને મન શત્રુ મિત્ર સરિખા, મેરૂપરેં ધ્યાને રહ્યા । ૭ । ઊન્હી વરસે મેઘ બારે,

વીજલી જબકે ઘણી । બેહુ ચરણુ ઉપર ડામ ઊગ્યા, ઈમ સહે ત્રિભુવન ધણી । ૮ ।

### । ઢાલ ।

ઇક દિન ધ્યાન પૂરૂં કરી, પ્રભુ નયરીયેં પહોતા ગોચરી । તિહાં વેદ્યએ શ્રવણેં ખીલા જાણીયાએ । ૯ । પારણું કરી કાઊસ્સગ્ગેં રહ્યા, તિહાં વેદ્ય સંચા ભલા કીયા, બાંધીયા વૃક્ષેં દોય ખીલા તાણીયાએ । ૧૦ । ત્રુટક । તાણી કાઢયા દોય ખીલા, વીર વેદના થઇ ઘણી । આક્રંદતાં ગિરિ થયો શતખંડ, જુઓ ગતિ કરમતણી । ૧૧ । બાંધે જીવડો કર્મ હસતાં, રોવતાં છુટે નહીં । ધન્ય ધન્ય મુનિવર રહ્યા સમચિત, કર્મ ત્રુટે તે સહી । ૧૨ ।

### । ઢાલ અગ્યારમી ।

જુઓ જુઓ કરમેં શું કીધું રે, અન્ન વરસ રિખભેં ન લીધું રે । કરમ વશેં મ કરો કોઇ ખેદરે, મલ્લિનાથ પામ્યા સ્ત્રીવેદરે । ૧ । કર્મેં ચક્રી બ્રહ્મદત્ત નડીયોરે, સુભૂમ નરકેં જઇ પડિયોરે । ભરત બાહુબલશું લડીયોરે, ચક્રી હરિરાય જસ ચડિયોરે । ૨ । સનત્કુમારેં સહ્યા રોગરે, નલ દમયંતી વિયોગરે । વાસુદેવ જરાકુમરેં મારયોરે, બલદેવ મોહનીયે ધારયોરે । ૩ । ભાઇ શબ મસ્તકે વહીયોરે, પ્રતિબોધ સુરમુખેં લહિયોરે । શ્રેણિક નરકેં એ પડીયોયે, વન ગયા દશરથ પુત્તરે । ૪ । સત્યવંત હરિચંદ ધીરરે, ડુંબ ઘરેં શિર વહ્યું નીરરે । કુબેરદત્તને કુયોગરે, બેન વલી માતા શું ભોગરે । ૫ । પર-હસ્તે ચંદન બાલરે । ચઢયું સુભદ્રાને આલરે । મયણરેહા મૃગંકલેખારે, દુઃખ ભોગવ્યાં તે અનેકારે । ૬ । કરમે ચંદ્ર કલંકયોરે, રાયરંક કોઇ ન મુકયોરે । ઇંદ્રિ અહિલ્યાશું લુબ્ધયોરે, રત્નાદેવી દશ વશ કીધોરે । ૭ । ઇશ્વર નારીયેં નચાવ્યોરે ।

બ્રહ્મા ધ્યાનથી મુકાવ્યોરે । અહો અહો કર્મ પ્રધાનરે, જીત્યા જીત્યા શ્રી વર્દ્ધમાનરે । ૮ ।

## । ઢાલ બારમી ।

ઈમ કર્મ ખપાવી, ધીર પુરૂષ મહાવીર । બાર વરસ તીયું તપ, તે સઘળું વિણુ નીર । ૧ । શાલિવૃક્ષ તણે પ્રભુ, પામ્યા કેવળ જ્ઞાન । સમોસરણુ રચ્યું સુર, દેશના દીયે જિન-ભાણુ । ૨ । અપાપાનયરી, યજ્ઞ કરે વિપ્ર જેહ । સરવ બુજવી દીક્ષા દીયે, વીરને વન્દે તેહ । ૩ । ગૌતમ ઋષિ આદે, ચારશે ચાર હજાર । સહસ ચઉદ મુનીશ્વર, ગણધર વર અગ્યાર । ૪ । ચન્દનબાલા પ્રમુખ સાધવી સહસ છત્રીશ । દોઢ લાખ સહસ નવ, શ્રાવક દે આશીષ । ૫ । ત્રણ્ય લાખ શ્રાવિકા, ઉપર સહસ અઢાર । સંઘ ચતુર્વિધ થાપ્યો, ધનધન વીર પરિવાર । ૬ । પ્રભુ અશોક તરૂ તલે, ત્રિગડે કરે વખાણુ । સુણે પરખદા બારે, યોજન વાણી પ્રમાણુ । ૭ । ત્રણ છત્ર સોહે શિર, ચામર ઢાલે ઇંદ્ર । નાટક બદ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ । ૮ । ફુલપગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ, નમે સકલ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ । ૯ । ચિહું રૂપે સોહે ધર્મ પ્રકાસે ચાર । ચોવીસમો જિનવર, આપે ભવનો પાર । ૧૦ । પ્રભુ વરસ બહોંતેર, પાલી નિર્મલ આય । ત્રિભુવન ઉપગારી, તરણુ તારણુ જિનરાય । ૧૧ । કારતિક માસે દિન, દીવાલી નિર્વાણુ । પ્રભુ મુગતે પોતા, પ્રણમે નિત્ય કલ્યાણુ । ૧૨ ।

## । કલશ ।

એ વીર જિનવર સયલ સુખકર, નામે નવ નિધ સંપજે । ઘર ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ પામે, એકમના જે નર

ભજે । તપગચ્છ ઠાકર, ગુણ વીરાગર. હીરવીજય સૂરીશ્વર । હંસ વંદે મન આણંદે, કહે ધન ધન મુઝ ગુરૂ । ૧ ।

। ઇતિ શ્રી મહાવીર સ્વામીનું પાંચ કલ્યાણકનું બાર ઢાલીયું સંપૂર્ણ ।

## શ્રી દીવાલીનું સ્તવન.

### । ઢાલ ૧ । રાગ રામગિરિ ।

શ્રી શ્રમણ સંઘ તિલકોપમં ગૌતમં, મુગતિ પ્રણિપત્ય પાદારવિંદં, ઇન્દ્રભૂતિ પ્રભવમહં સમોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં । ૧ । મુનિ મન રંજણો, સયલ દુઃખ ભંજણો, વીર વર્ધમાનો જીણંદો, મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણ સહી, જીમ હોએં હર્ષ હઇડે આણંદો । મુ૦ । ૨ । કરીય ઉદ્દઘોષણા દેશ પુર પાટણે. મેઘ જીમ દાન જલ બહુલ વરસી, ધણ કણગ મોતીયા ઝગમગે જોતિયા, જીન દેઈ દાન ઇમ એક વરસી । મુ૦ । ૩ । દોયવિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણ દશમી દિહાડે, સિદ્ધિ સામ્હા થઇ વીર દીક્ષા લેઈ, પાપ સંતાપ મલ દૂર કાઢી । મુ૦ । ૪ । બહુલ બંભણ ઘરે પારણું સ્વામિએં, પુણ્ય પરમાન્ન મધ્યાન્હ કિધું, ભુવન ગુરૂ પારણુ પુન્યથી બંભણે, આપ અવતાર ફલ સયલ લીધું । મુ૦ । ૫ । કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણે જીન ઉપરે ઘાત માંડયો, એવડો વયર તેં પાપિયા સેં કર્યો, કર્મ કોડિ તુંહિજ સબલ દંડયો । મુ૦ । ૬ । સહજ ગુણ રોષિઓ નામે ચંડકોષિઓ, જીનપદે સ્વાન જિમ જેહ વિલગો, તેહને બુઝવિ ઉદ્ધર્યો જગપતિ, કિધલો પાપથી અતિહિ

અલગો । મુ૦ । ૭ । વેદયામા ત્રિયામા લગે ખેદિયો, ભેદિયો તુઝ નવિ ધ્યાન કુંભો, શુલપાણિ અજ્ઞાણિ અહો બુઝવ્યો, તુઝ કૃપા પાર પામે ન સંભો । મુ૦ । ૮ । સંગમે પિડીયો પ્રભુ સજલ લોયણે, ચિંતવે છુટશે કિમ એહો, તાસ ઉપરે દયા એવડી શી કરી, સાપરાધે જને સબલ નેહો । મુ૦ । ૯ । ઈમ ઉપસર્ગ સહેતાં તરણિ મિત વરસ, સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એકે; વીર કેવલ લહ્યું કર્મ દુઃખ સવિ દહ્યું ગહગહ્યું સુર નિકર નર અનેકે । મુ૦ । ૧૦ । ઈંદ્રિભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણિ સહસ છત્રીસ વિહસી, ઓગણસઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ, શ્રાવિકા ત્રિલખ અઢાર સહસી । મુ૦ । ૧૧ । ઇમ અખીલ સાધુ પરિવારશું વરવરયો, જલધિ જંગમ જીશ્યો ગુહિર ગાજે, વિચરતા દેશ પરદેશ દિયે દેશના, ઉપદિશે સયલ સંદેહ ભાંજે । મુ૦ । ૧૨ ।

## । ઢાલ ૨ । વિવાહલાની દેશી ।

હવે નિય આય અંતીમ સમે, જાણીય શ્રી જિનરાયરે, નગરી અપાપાએં આવીયા રાય સમાજને ઠાયરે; હસ્તિપાલગ-રાયે દીઠલા આવિયા આંગણ બારરે, નયણ કમલ દોય વિહસીઆ, હરસીલા હઇડા મઝારરે । ૧૩ । ભલે ભલે પ્રભુજી પધારીયા નયન પાવન કિધાંરે જનમ સફલ આજ અમ તણો, અમ્હ ઘરે પાઉલાં દીધાં રે; રાય રાણી જિન પ્રણમીયા મોટે મોતિયડે વધાવિરે, જિન સનમુખ કર જોડીય, બેઠલા આગલે આવિરે । ૧૪ । ધન અવતાર અમારડે, ધન દિન આજનો એહારે, સુરતરૂ આંગણે મોરિઓ, મોતિયડે વુઠલો મેહારે; આ શ્યું અમા રડે એવડો, પૂરવ પુન્યનો જોગરે, હેડલો હેજે હરસિઓ, જો જિન મલિઓ મંજોગોરે । ૧૫ । અતિ આદર

અવધારિએ, ચરમ ચોમાસલુ રહિયારે, રાય રાણી સુરનર સવે, હયડલા માંહે ગહગહિયારે; અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનનીરે, પાપ સંતાપ પરો થયો, શાતા થઇ તન મનનીરે ૧ ૧૬ ૧ ઇંદ્ર આવે આવે ચંદ્રમા આવે નરનારીના વૃંદરે, ત્રિણ પ્રદક્ષણા દેઇ કરી, નાટિક નવ નવે છંદોરે; જિનમુખ વયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે, તે નર તેહજ વરણવે જીણે નિજ નયણલે દીઠી રે ૧ ૧૭ ૧ ઇમ આણંદે અતિક્રમ્યા શ્રાવણ ભાદ્રવો આસોરે, કૌતિક કોડિલો અનુક્રમે, આવિયો કાર્તિક માસોરે; પાખિ પર્વ પન્હોતલું, પોહતલું પુન્ય પ્રવાહિરે, રાય અઢાર તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાંહિરે ૧ ૧૮ ૧ ત્રિભોવન જન સવિ તિહાં મિલ્યા, શ્રી જિન વંદન કામોરે, સહેજ સંકિરણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠામોરે; ગોયમ સ્વામિ સમોસર્યા, સ્વામિ સુધર્મા તિહાં બેઠારે, ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દિઠારે ૧ ૧૯ ૧ પુરવ પુન્યના ઓષધ, પોષધ વ્રત વેગે લિધાંરે, કાર્તિક કાલી ચઉદશે, જિન મુખે પચખાણ કિધાંરે; રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દિધાંરે, જિન વચનામૃત તિહાં કણે, ભવિયણે ઘટ ઘટ પીધાંરે ૧ ૨૦ ૧

## ૧ ઢાલ ૩ ૧ રાગ મારૂ ૧

શ્રી જગદીશ દયાલુ દુઃખ દૂરે કરેરે, કૃપા કોડિ તુજ જોડી; જગમાંરે જગમાંરે કહિએં કેહને વીરજીરે. ૧ ૨૧ ૧ જગ જનને કૃષ્ણ દેશે એહવી દેશનારે; જાણી નિજ નિરવાણ; નવરસ નવરસરે સોલ પહોર દિયે દેશનારે ૧ ૨૨ ૧ પ્રબલ પુન્ય ફલ સંસુચક સોહામણાંરે, અજઝયણાં પણપન્ન ૧ કહિયાં કહિયાંરે મહિયાં સુખ સાંભલિ હોએરે ૧ ૨૩ ૧ પ્રબલ પાપ ફલ અજઝ-

યેણાં તિમ તેટલાંરે, અણ પુછયા છત્રીસ; સુણતાં સુણતાંરે ભણતાં સવિ સુખ સંપજેરે । ૨૪ । પુન્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરેરે, કહો પ્રભુ પ્રત્યક્ષ દેવ; મુજને મુજનેરે સુપન અર્થ સવિ સાચલોરે । ૨૫ । ગજ વાનર, ખીર દ્રુમ, વાયસ, સિંહ ઘડોરે, કમલબીજ ઇમ આઠ; દેખિ દેખિરે સુપન સંશય મુઝ મન હુઓરે । ૨૬ । ઉખર બિજ કમલ અસ્થાનકે સિંહનુરે, જીવ રહિત હરીર; સોવન સોવનરે કુંભ મલિન એ શું ઘટેરે । ૨૭ । વીર ભણે ભુપાલ સુણો મન થીર કરીરે, સુમિણ અર્થ સુવિચાર; હેડે હૈડેરે ધરજ્યો ધર્મ ધુરંધરૂ રે । ૨૮ ।

## । ઢાલ ૪ ।

શ્રાવક સિંધુર સારિખા, જીનમતના રાગી; ત્યાગી સહ ગુરૂ દેવ ધર્મ તત્વેં મતિ જાગિ; વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા । ૨૯ । લાલચે લાગા થોડિલે, સુખેં રાચિ રહિયા ઘરવાસે આશા અમર, પરમારથ દુહિયા; વ્રત વયરાગ થકિ નહિં, કોઇ લેશે પ્રાયેં, ગજ સુપને ફલ એહને નવિ માંહો માંહે । ૩૦ । વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા, આગલ હોસે લાલચે લોભી મન ખોટા; આચારજ તે આચારહિણ પ્રાયેં પરમાદિ. ધર્મ ભેદ કરસે ઘણા, સહજે સ્વારથ વાદી । ૩૧ । કો ગુણવંત મહંત સંત, મહાન મુનિ રૂડા, મુખ મીઠા માયાવિયા, મનમાંહે કુડા; કરસે માંહો માંહે વાદ, પર વાદેં નાસે, બીજા સુપન તણો વિચાર, ઈમ વીર પ્રકાશે । ૩૨ । કલ્પવૃક્ષ સરિખા હોસે, દાતાર ભલેરા, દેવ ધર્મ ગુરૂ વાસના, વરિ વારિના વેરા; સરલ વૃક્ષ સવિને દીએં, મનમાં ગહ ગહતા, દાતા દુરલભ વૃક્ષ રાજ, ફલ ફુલે ત્રહતા । ૩૩ । કપટી જિનમતલિંગિયા, વળી બબૂલ સરિખા,

ખીર વૃક્ષ આડા થયા, જીમ કંટક તિખા; દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી, ત્રીજા સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી । ૩૪ । સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો, અતિ દુર્દાંત અગાહુનિય, જિનવાચક જમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે, ચઉથા સુપન વિચાર ઇમ, જિનમુખથી જંપે । ૩૫ । ગચ્છ ગંગાજલ સારિખો, મૂંકી મતિ હિણા, મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા, તે ધર્માંતર આદરે, જડમતિ બહુ ભવિયાં ।૩૬। પંચમ સુપન વિચાર એહ સુણીઓ રાજાને; છઠે સોવન કુંભ દીઠ, મેલો સુણિ કાને; કો કો મુનિ દરસણ ચારિત્ર, જ્ઞાન પૂરણ દેહા, પાલે પંચાચાર ચારૂ, છંડિ નિજ ગેહા । ૩૭ । કો કપટી ચારિત્ર વેષ, લેઇ વિપ્રતારે, મેલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે; છઠા સુપન વિચાર એહ, સાતમે ઇંદિવર, ઉકરડે ઉતપતિ થઇ, તે શું કરો જિણવર. । ૩૮ । પુણ્યવંત પ્રાણિ હુસ્યે, પ્રાયે મધ્યમ જાતિ, દાતા ભોકતા ઋદ્ધિવંત નિરમલ અવદાત; સાધુ *અસાધુ જાતિ વદે, તવ સરીખા કિજે*, તે બહુ ભદ્રક ભવિયણે, સ્યો ઉલંભો દીજે । ૩૯ । રાજા મંત્રિપરે સું સાધૂ આપોપું ગોપી, ચારિત્ર સુધું રાખશે, સવિ પાપ વિલોપી; સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઇમ કહીયો, અઠમ સુપન તણો વિચાર, સુણિ મન ગહગહિઓ । ૪૦ । ન લહે જિનમત માત્ર જેહ, તેહ પાત્ર ન કહિએં, દિધાનું પરભવ પુણ્ય ફલ, કાંઇ ન લહિયે; પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહશે, પુણ્ય અર્થે તે અર્થ આથ કુપાત્રે દેહસે । ૪૧ । ઉખર ભૂમિ દૃષ્ટ બિજ, તેહનો ફલ કહીએં, અષ્ટમ સુપન વિચાર ઇમ રાજા મન ગહિયે, એહ અનાગત સવિ સરૂપ, જાણિ તિણે કાલે; દીક્ષા *લીધી વીર પાસે, રાજા પુન્યપાલે । ૪૨ ।*

## । ઢાલ ૫ । રાગ ગોડી ।

ઈંદ્રભૂતિ અવસર લહિ રે, પુછે કહો જિનરાય, શું આગલ હવે હોયસેરે, તારણ તરણ જીહાજો રે । કહે જીન વીરજી । ૪૩ । મુજ નિરવાણ સમય થકી રે, ત્રિહૂ વરસે નવ માસ, માઠેરો તિહાં બેસસેરે, પંચમકાલ નિરાસોરે । । કહે૦ । ૪૪ । બારે વરસે મુઝ થકિરે, ગૌતમ તુઝ નિરવાણ, સોહમ વીશે પામશેરે, વરસે અક્ષય સુખ ઠાણેરે । કહે૦ । ૪૫ । ચઉસઠ વરસે મુઝ થકિરે, જંબુને નિરવાણ, આથમસે આદિત્ય થકિરે, અધિકું કેવલ નાણો રે । કહે૦ । ૪૬ । મન પજ્જવ પરમાવધિરે, ક્ષાયોપશમ મન આણ, સંયમ ત્રિણ જિન કલ્પનીરે, પુલાગાહારગ હાણ રે । કહે૦ । ૪૭ । સિજ્જંભવ અઠાણુવેરે, કરસે દશવેઆલિય ચઉદ પૂર્વિ ભદ્રબાહૂથીરે, થાસે સયલ વિલિઓરે । કહે૦ । ૪૮ । દોયશત પન્નરે મુઝ થકિરે, પ્રથમ સંઘયણ સઠાણ પૂર્વણુ ઉગતે નવિ હોસેરે, મહાપ્રાણ નવિ ઝાંણોરે । કહે૦ । ૪૯ । ચઉત્રયપને મુજ થકિરે, હોસે કાલિક સૂરિ; કરસે ચઉથી પજ્જુસણેરે, વરગુણ રયણનો પૂરોરે । કહે૦ । ૫૦ । મુઝથી પણ ચોરાશિયેરે, હોસે વયર કુમાર, દશપૂર્વિ અધિકાલિઓરે, રહસે તિહાં નિરધારોરે । કહે૦ । । ૫૧ । મુઝ નિર્વાણ થકિ છસેંરે, વિસ પછી વનવાસ, મુકી કરસે નગરમાંરે, આર્યરક્ષિત મુનિ વાસોરે । કહે૦ । ૫૨ । સહસેં વરસેં મુઝ થકિરે, ચઉદ પુરવ વિચ્છેદ, જોતિષ અણ મિલતાં હૂસેરે, બહૂલ મતાંતર ભેદોરે । કહે૦ । ૫૩ । વિક્રમથી પંચ પંચાશિએરે, હોસે હરિભદ્ર સૂરિ, જિન શાસન અજુવાલસેરે, જેહથી દુરિત સવિ દૂરોરે । કહે૦ । ૫૪ । દ્વાદશ શત સત્તર સમેંરે, મુઝથી મુનિ સુરિ હિર, બપ્પભટ્ટ સુરિ હોયસેરે, તે જિન શાસન વીરરે । કહે૦ । ૫૫ । મુઝ પ્રતિ-

બિંબ ભરાવસેરે, આમરાય ભૂપાલ સાઢ઼ૈ ત્રિકોટી સોવન તણોરે, તાસ વયણથી વિશાલોરે । કહે૦ । ૫૬ । ષોડશ શત અગણો-તરેરે, વરસે મુઝથી મુણિંદ, હેમસૂરિ ગુરૂ હોયસેરે, શાસન ગયણ દિણુંદોરે । કહે૦ । ૫૭ । હેમસૂરિ પડિબોહસેરે, કુમારપાલ ભુપાલ, જીન મંડિત કરસે મહીરે, જિન શાસન પ્રતિપાલોરે । કહે૦ । ૫ । ગૌતમ નબળા સમયથીરે, મુઝ શાસન મન મેલ માંહોમાંહે નવિ હોયસેરે મચ્છ ગલાગલ કેલોરે । કહે૦ । ૫૯ । મુનિ મોટા માયાવિયારે, વેઢીગાર વિશેષ આપ સવારથ વસી થયારે, એ વિટંબસે વિશેષોરે । । કહે૦ । ૬૦ । લોભિ લખપતિ હોયસેરે, જમ સારખા ભુપાલ, સજન વિરોધિ જન હુસેરે નવિ લજ્જાલુ દયાલુરે । કહે૦ । । ૬૧ । નિરલોભિ નિરમાઇયારે સુધા ચારિત્રવંત, થોડા મુનિ મહિયલ હુસેરે, સુણ ગૌતમ ગુણવંતરે । કહે૦ । ૬૨ । ગુરૂ ભગતિ શિષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહીણ, માતા પિતાના સુત નહીરે, તે મહિલાના આધિનોરે । કહે૦ ૬૩ । દુપસહ સુરિ ફલગુસિરિરે, નાયલ શ્રાવક જાણ, સચ્ચસિરિ તિમ શ્રાવિકારે અંતિમ સંઘ વખાણ્યોરે । કહે૦ । ૬૪ । વરસ સહસ એકવિંસતેરે, જિન શાસન વિખ્યાત, અવિચલ ધર્મ ચલાવશેરે. ગૌતમ આગમ વાતોરે । કહે૦ । ૬૫ । દૂષમે દૂષમા કાલનીરે, તે કહિયે શી વાત, કાયર કંપે હેયડલોરે, જે સુણતાં અવદાતોરે । કહે૦ । ૬૬ ।

## । ઢાલ ૬ । પિઉડો ઘરે આવે–એ દેશી.

મુઝસું અવિહડ નેહ બાંધ્યો, હેજ હેડા રંગે; દ્દઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જિમ અભંગ; અલગા થયા મુજ થકિ એહને, ઉપજસેરે કેવલ નિય અંગકે; ગૌતમરે ગુણવંતા । ૬૭ । અવસર જાણિ જિનવરે, પુંછયા ગોયમ સ્વામ; દોહગ

દુખિયા જીવને, આવિયા આપણ કામ; દેવ શર્મા બંભણો, જઈ બુઝવોરે એણે ઢુંકડે ગામકે, ગૌ૦ । ૬૮ । સાંભલી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય; ગૌતમ બે કર જોડિ, પ્રણમ્યા વીર જિનના પાય; પાંગર્યા પૂરવ પ્રીતથી ચઉનાણિરે મનમાં નિરમાયકે. ગૌ૦ । ૬૯ । ગૌતમ ગુરૂ તિહાં આવિયા, વંદાવિઓ તે વિપ્ર; ઉપદેશ અમૃત દીધલો, પીધલો તિણે ક્ષિપ્ર; ધસમસ કરતાં બંભણી, બારિ વાગીરે થઈ વેદના વિપ્રકે. ગૌ૦ । ૭૦ । ગૌતમ ગુરૂનાં વયણલાં, નવિ ધર્યા તિણે કાન; તે મરી તસ શિર કૃમિ થયો, કામનીને એક તાન; ઉઠિયા ગોયમ જાણિઓ, તસ વર્રાયોરે પોતાને જ્ઞાનકે. ગૌ૦ । ૭૧ ।

## । ઢાલ ૭ । રાગ રામગિરિ ।

ચોસઠ મણનાં તે મોતિ ઝગમગેરે, ગાજે ગુહિર ગંભિર સિરેરે, પુરાં તેત્રીસ સાગર પૂરવે રે. નાદે લિણા લવસત્તમિયા સૂરરે, વીરજી વખાણેરે જગ જન મોહિયોરે । ૭૨ । અમૃતથી અધિક મીઠી વાણીરે, સુણતાં સુખડા જે મન સંપજેરે, જે લહેસે તે પોહાચસે નિર્વાણરે । વી૦ । ૭૩ । વાણિ પડછંદે સુર પડિબોહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કોડરે, બિજા અખંડલ ઉલટથી ઘણારે, આવી બેઠા આગલ બે કરજોડરે । । વી૦ । ૭૪ । સોહમ ઈંદ્રો શાસન મોહીયોરે, પૂછે પરમેશ્વરને તુમ આયરે, બે ઘડિ વધારો સ્વાતિ થકી પરહુંરે, તો ભસ્મગ્રહ સઘલો દુરે જાયરે । વી૦ । ૭૫ । શાસન શોભા અધિકિ વાધશેરે, સુખીઆ હોશે મુનિવરના વૃંદરે, સંઘ સયલને સવિ સુખ સંપદારે હોશે દિન દિનથી પરમાનંદરે । વી૦ । ૭૬ । ઈંદ્રા ન કદારે કહિએ કેહનું રે કેણે સાંધ્યું નવિ જાએ આયરે, ભાવિ પદારથ ભાવે નિપજેરે, જે જિમ સરજ્યો તે તિમ થાયરે । વી૦ । ૭૭ । સોલ પહોરની દેતા દેશનારે, પરધાનક

નામા રૂઅડો અઝયણરે, કહેતાં કાતિ વદિ કહુ પરઘડિરે, વીરજી પોહાતા પંચમી ગતિ રયણરે । વી૦ । ૭૮ । જ્ઞાન દીવોરે જબ દૂરે થયો રે, તવ કીધી દેવે દીવાની શ્રેણિરે, તિમરે ચિહુ વરણે દીવા કિધલારે, દિવાલી કહિયેં છે કારણ તેણરે । વી૦ । ૭૯ । આંસૂ પરિપૂરણ નયણ ખંડલોરે, મૂકિ ચંદનની ચેહમાં અંગરે; દિધો દેવે દહન સઘલે મિલિજીરે, હા ધિગાધેગ સંસાર વિરંગરે । ૮૦ ।

## । ઢાલ ૮ । રાગ વિરાગ ।

વંદીસું વેગે જઇ વીરિ, ઈમ ગૌતમ ગહગહતા; મારગે આવતાં સાંભલિઉં, વીર મુગતિ માંહે પોહુતારે; જિનજી તું મિસનેહી મોટો । મુજ મોકલીઓ ગામરે ॥ અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કિધો ખોટોરે । જીનજી૦ । ૮૧ । હા હા વીર કર્યો અણઘટતો, મુજ મોકલિઓ ગામે; અંતકાલે બેઠાં તુજ પાસે, હું સ્યે નાવત કામરે । જી૦ । ૮૨ । ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરિખો મુજ તુ હિ; વિશવાસી વીરે છેતરીયો, તે શ્યા અવગુણ મુહિરે । જી૦ । ૮૩ । કો કેહને છેહડે નવિ વલગે, જો મિલતો હોએ સબલો; મિલતાસું જેણે ચિત્ત ચોર્યો, તે તિણે કર્યો નબલોરે । જી૦ । ૮૪ । નિઠુર હેડાં નેહ ન કીજે, નિસનેહી નર નીરખી; હેડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડી સરીખિરે । જી૦ । ૮૫ । તેં મુઝને મનડો નવિ દીધો મુજ મનડો તેં લીધો; આપ સવારથ સઘલો કીધો, મુગતિ જઇને સિદ્ધોરે । જી૦ । ૮૬ । આજ લગે તુજ મુજસુ અંતર, સુપનંતર નવિ હુંતો; હેડા હેજે હિયાલિ છંડી, મુજને મુકયો રોવંતોરે । જી૦ । ૮૭ । કો કેહશું બહુ પ્રેમ મ કરશો, પ્રેમ વિટંબણ વિરૂઈ; પ્રેમે પરવશ જે દુઃખ પામે. તે કથા ઘણું ગિરૂઇરે । જી૦ । ૮૮ । નિસનેહી

સુખીયા રહે સઘલે, સસનેહી દુઃખ દેખે; તિલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે । જી૦ । ૮૯ । સમવસરણ કહિએં હવે હોસે, કહો કુણ નયણેં જોશે; દયા ધેનું પુરી કુણ દોહસે, વૃષ દધિ કુણ વિલોસેરે । જી૦ । ૯૦ । ઈણ મારગ જે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે; મુજ હૈડા દુઃખડે ન સમાએ, તે કહો કુણ સમાવેરે । જી૦ । ૯૧ । દ્યો દરિસણ વીરા વાલાને, જે દરિસણના તરસ્યા; જો દરિસન સુહણે દેખીશું, તો દુઃખ દૂરે કરશુંરે । જી૦ । ૯૨ । પુણ્ય કથા હવે કુણ કેલવશે કુણ વાલ્હા મેલવશે; મુજ મનડો હવે કુણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસેરે । જી૦ । ૯૩ । કુણ પુછયાનો ઉત્તર દેશે, કુણ સંદેહ ભાંજશે; સંઘ કમળ વન કિમ વિકસસે, હું છદ્મસ્થાવેશેરે । જી૦ । ૯૪ । હું પરાપુરવસું અજાણ મેં જિન વાત ન જાણી; મોહ કરે સવિ જગ અનાણી એહવી જીનજીની વાણીરે । જી૦ । ૯૫ । એહવે જિન વયણે મન વ્યાપ્યો મોહ સબલ બલ કાપ્યો; ઇણ ભાવે કેવલ સુખ આપ્યો, ઇંદ્રે જિનપદ થાપ્યોરે । જી૦ । । ૯૬ । ઇંદ્રે જુહારયા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે; પર્વ પન્હોતું જગમાં વ્યાપ્યું તે કિજે સવિ કેણેરે । જી૦ । ૯૭ । રાજા નંદિવર્દ્ધન નોતરીઓ, ભાઇ બહિનરે બીજે; તે ભાઇ બીજ હુઈ જગ સઘલે બેહેન બહુ પરે કિજેરે । જી૦ । ૯૮ ।

## । ઢાલ । ૯ । વિવાહલાની ।

પહિરીએ નવરંગ ફાલડીએ માંડી મૃગમદ કેસર ભાલડીએ; ઝબ ઝબકે શ્રવણે ઝાલડીએ, કરિ કંઠે મુગતાફલ માલડીએ । ૯૯ । ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયલ ગુણ જપમાલડીએ; પહોતલો પરવ દીવાલડીએ રમે રસ ભર રમત બાલડીએ । ૧૦૦ । શોક સંતાપ સવિ કાપીઓએ, ઇંદ્રે

ગોયમ વીરપદે થાપીઓએ; નારી કહે સાંભલ કંતડાએ, જપો ગોયમ નામ એકંતડાએ ।૧૦૧। લ્યો લખ લાભ લખેશરીએ, લ્યો મંગલ કોડી કોડેશરીએ; જાપ જપો થઇ સુત પેસરીએ, જીમ પામીએ ઋદ્ધિ પરમેસરીએ । ૧૦૨ । 'લાહએ' દિવાલડી દાડલો એ, એ તો પુણ્યનો ટબકો ટાલુઓએ; સુકૃત સિરિ દઢ કરો પાલડીએ, જિમ ઘર હોયે નિત્ય દિવાલડીએ ।૧૦૩।

## । ઢાલ ૧૦ ।

હવે મુનિસુવ્રત સીસોરે, જેહની સબલ જગીસોરે; તે ગુરૂ ગજપુરે આવ્યારે, વાદી સવિ હાર મનાવ્યારે । ૧ । પાવસ ચઉમાસું રહિયારે, ભવિયણ હઇડે ગહગહીઆરે; નવમો ચક્રવર્તિ પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મરે । ૨ । નમુચિ તસ નામે પ્રધાનરે, રાજા દિયે બહુ માનરે; તિણે તિહાં રિઝવી રાયરે, માગિ મોટો પસાયરે । ૩ । લિધો ષટ ખંડ રાજરે, સાત દિવસ માંડી આજરે; પૂર્વે મુનિસું વિરાધ્યોરે, તે કિણે નવિ પ્રતિબોધ્યોરે । ૪ । તે મુનિસું કહે બંડોરે મુજ ધરતિ સવિ છંડોરે; વિનવિઓ મુનિ મોટો રે, નવિ માને કર્મે ખોટોરે । ૫ । સાઠસયાં વર્ષ તપ તપિઓરે, જે જિન કિરીયાનો ખપીઓરે; નામે વિષ્ણુ કુમાર રે, સયલ લબ્ધિનો ભંડારરે । ૬ । ઉઠ ક્રમ ભૂમિ લેવારે, જોવા ભાઇની સેવારે; લ્યું ત્રિપદી ભુમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાનરે । ૭ । ઇણે વયણે ધડહડીઓરે, તે મુનિ બહુ કોપે ચઢિઓરે; કિધો અદભૂત રૂપરે, જોયણ લાખ સરૂપરે । ૮ । પ્રથમ ચરણ પૂર્વે દીધોરે, બીજો પશ્ચિમે કિધોરે; ત્રિજો તસ પુઠે થાપ્યોરે, નમુંચિ પાતાલે ચાંપ્યોરે । ૯ । થરહરિઓ ત્રિભૂવન્નરે, ખલભલિઓ સવિ જનરે; સલસલિઓ સુર દિન્નરે, પડયો નવિ સાંભલીએ કન્નરે । ૧૦ । એ ઉત્પાત અત્યંતરે, દૂરિ કરો

ભગવંતરે; હૈ હૈ સ્યું હવે થાશેરે, બોલે બહુ એક સાસેરે ।
। ૧૧ । કરણે કિન્નર દેવારે, કડુઆ ક્રોધ સમેવારે; મધુર મધુર ગાએ ગીતરે, બે કર જોડી વિનિતરે । ૧૨ । વિનય થકી વેગે વલિઓરે, એ જિન શાસન બલિઓરે; દાનવ દેવે ખમાવ્યો રે, નર નારીએ વધાવ્યોરે । ૧૩ । ગાવલડી ભેંસ ભડકીરે, જે દેખી દુરે તડકીરે, તે જતને ગ્રહી છેરે, આરતિ ઉતારી મેરઇએરે । ૧૪ । નવલે અવતારે આવ્યારે; જીવિત ફલ લહિ ફાવ્યાંરે; શેવ સુંહાલી કંસારરે, ફલ્યો નવે અવતાર રે । ૧૫ । છગણ તણો ઘરબારરે, નમુંચિ લખ્યું ઘર નારરે; તે જીમ જીમ ખેરૂ થાયરે, તિમ તિમ દુઃખ દૂરે જાયરે ।
। ૧૬ । મંદિર મંડાણ માંડયારે, દાલિદ્ર દુઃખ દૂરે છાંડયારે; કાતિ સુદિ પડવે પરવેરે, ઇમિ એ આદરીઓ સર્વે રે । ૧૭ । પુણ્યે નરભવ પામિરે, ધર્મ પુન્ય કરો નરધામીરે; પુન્યે ઋદ્ધિ રસાલીરે, નિત નિત પુન્યે દિવાલીરે । ૧૮ ।

## । કલશ ।

*જિન તુ નિરંજણ સજન રંજણ, દુઃખભંજણ દેવતા;* ઘો સુખ સામિ મુગતિ ગામિ, વીર તુઝ પાયે સેવતા; તપ ગચ્છ ગયણ દિણંદ દહ દિસે, દીપતો જગ જાણીએ, શ્રી હીરવિજય સુરિંદ સહગુરૂ, તાસ પાટ વખાણીયે । ૧૯ । શ્રી વિજયસેન સુરીસ સહ ગુરૂ, વિજયદેવ સૂરિસરૂ; જે જપે અહનિશ નામ જેહનો, વર્દ્ધમાન જિણેશ્વરૂ; નિર્વાણ તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે; તે લહે લીલા લબ્ધિ લચ્છી, શ્રી ગુણ હર્ષ વધામણે । ૨૦ ।

। ઇતિ શ્રી વીર નિર્વાણ મહિમા દીવાલિકા સંપૂર્ણ ।

# બીજનું સ્તવન.

## । દુહા ।

સરસ વચન રસ વરસતિ; સરસતિ કલા ભંડાર । બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્રમોઝાર । ૧ । જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન । વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન । ૨ । શ્રેણીક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય । પુછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય । ૩ । ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દિયે જિનરાય । કમલ સકોમલ પાંખડી, ઇમ જિનવર હૃદય સોહાય । ૪ । શશિ પ્રગટ જિમ તે દિને, ધન તે દિન સુવિહાણુ । એક મને આરાધતાં, પામે પદ નિર્વાણુ । ૫ ।

## । ઢાલ । ૧ ।

કલ્યાણક જિનનાં કહું સુણ પ્રાણીજીરે, અભિનંદન અરિહંત । એ ભગવંત ભવિપ્રાણીજીરે । મહાશુદ બીજને દીને । સુ૦ । પામ્યા શિવ સુખસાર । હરખ અપાર । । ભવિ૦ । ૧ । વાસુપૂજ્ય જિન બારમા । સુ૦ । એહજ તિથે નાણ । સફલ બિહાણ । ભવિ૦ । અષ્ટ કરમ ચુરણ કરી । સુણો૦ । અવગાહન એકવાર । મુકિત મોઝાર । ભ૦ । ૨ । અરનાથ જિનજી નમું । સુણો૦ । અષ્ટાદશમો અરિહંત । એ ભગવંત । ભવિ૦ । ઉજવલ તિથિ ફાગુણની ભલી । સુણો૦ । વરીયા શિવ વધુ સાર । સુંદર નાર । ભવિ૦ । ૩ । દશમા શીતલ જિનેસરૂ । સુણો૦ । પરમ પદની વેલ । ગુણની ગેલ । । ભવિ૦ । વૈશાખ વદી બીજને દિને । સુ૦ । મુકયો સરવે સાથ । સુરનરનાથ । ભવિ૦ । ૪ । શ્રાવણ સુદની બીજ ભલી

। સુણો૦ । સુમતિનાથ જિનદેવ । સારે સેવ । ભવિ૦ । ઇણ તિથિએ જિન ભલા । સુ૦ । કલ્યાણુક પંચ સાર । ભવનોપાર । ભવિ૦ । ૫ ।

। ઢાલ । ૨ । જગપતિ જિન ચોવીસમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે । ભવિકજન । શ્રેણિક આદિ સહુ મલ્યાંરે લાલ । શકિત તણે અનુસારરે ભવિકજન, ભાવ ધરીને સાંભળોરે લાલ । આરાધો ધરી ખંતરે । ભવિક૦ । ૧ । દોય વરસ દોય માસનીરે લાલ, આરાધો ધરી હેતરે । ભ૦ । ઉજમણું વિધિશું કરોરે લાલ, બીજ તે મુકિત મહંતરે । ભ૦ । ભા૦ । ૨ । મારગ મિથ્યા દુરે તજોરે લાલ, આરાધો ગુણ નાથરે । ભ૦ । વીરની વાણી સાંભલીરે લાલ, ઉછરંગ થયો બહુ લોકરે । ભ૦ । ભા૦ । ૩ । ઇણ બીજે કેઇ તર્યારે લાલ, વળી તરશે કેઈ શેષરે । ભ૦ । શશિનિધિ અનુમાનથીરે લાલ, શઇલ નાગધર અંકરે । ભ૦ । ૪ । અસાડ શુદી દશમી દીનેરે લાલ, એ ગાયો સ્તવન રસાલરે । ભવિ૦ । નવલ વિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગલ માલરે । ભ૦ । ભા૦ । ૫ ।

। કલશ–ઇમ વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે । અસાડ ઉજવલ દશમી દિવસે, સંવત અઢાર અઠ્ઠોત્તરે । બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસુએ । જેહ ભવિક ભાવે ભણે ગણે, તસ ઘર લીલ વિલાસ એ । ૧ ।

## પાંચમનું સ્તવન.

પ્રણમી પાસ જિનેશ્વર પ્રેમસ્યું, આણી આણંદ અંગ, ચતુરનર । પંચમી તપ મહીમા ઘણો, કહેશું સુણજોરે તેહ,

ચતુરનર । ૧ । ભાવ ભલે પંચમી તપ કીજીએ । આંકણી । ઇમ ઉપદેશે શ્રી નેમીસરૂ, પંચમી કરજોરે તેમ । ચ૦ । ગુણમંજરી વરદત્ત તણીપરે, આરાધો ફલ તેમ । ચ૦ । ૨ । । ભા૦ । જંબુદ્વીપમાં ભરત મનોહરૂ, નયર પદમપુર ખાસ । ચ૦ । રાજા અજીતસેનાભિધ તિહાકણે, રાણી જસોમતી તાસ । ચ૦ । ૩ । ભા૦ । વરદત્ત નામે કુમર છે તેહને, કોઢે વ્યાપીરે દેહ । ચ૦ । નાણ વિરાધન કરમ જે બાંધ્યું, ઉદયે આવ્યુંરે તેહ । ચ૦ । ૪ । ભા૦ । તિણ નયરે સિંહદાસ ગ્રહે વસે, કપુરતિલકા તસ નાર । ચ૦ । તસ બેટી ગુણમંજરી રોગીણી, વચને મુંગી અસાર । ચ૦ । ૫ । ભા૦ । ચઉનાણી વિજયસેનસૂરિસરૂ, આવ્યા તેણે પુરગામ । ચ૦ । રાજા પ્રમુખ શેઠ વંદન ગાયા, સાંભળી દેશના તામ । ચ૦ । ૬ । ભા૦ । પુછે સીંહદાસ ગુરૂ પ્રત્યે, ઉપનો પુત્રીને રોગ । ચ૦ । થઇ મુંગી વળી પરણે કો નહીં, એ શ્યા કરમના ભોગ । ચ૦ । । ૭ । ભા૦ । ગુરૂ કહે પુરવ ભવ તુમેં સાંભળો, ખેટકનયરી વસંત । ચ૦ । સાજિનદેવ અછે વ્યવહારીઓ, સુંદરી ઘરણીનો કંત । ચ૦ । ૮ । ભા૦ । બેટા પાંચ થયા છે તેહને, પુત્રી અતિ ભલી ચાર । ચ૦ । ભણવા મુકયારે પાંચે પુત્રને, પણ તે ચપલ અપાર । ચ૦ । ૯ । ભા૦ ।

## । ઢાલ । ૨ ।

## સીરોહીનો સેલો હોકે ઉપર યોધપુરી । એ દેશી ।

તે સુત પાંચે હોકે પઠન કરે નહીં, રમત કરતાં હોકે દિન જાય વહી । સીખવે પંડિત હોકે છાત્રને સીખ કરી, આવી માતાને હોકે સુત રૂદન કરી । ૧૦ । માતા અધ્યારૂં હોકે મારે અતિ ઘણું, કામ અમારે હોકે નહિં ભણવા તણું ।

શંખણી માતા હોકે સુતનેં સીખ દીએ, ભણવા મત જાજો હોકે, સો કંઠસોસ કીએ । ૧૧ । તેડવા તમને હોકે અધ્યારૂં આવે, તો તસ હણજો હોકે પુનરપિ જિમ નાવે । સીખ દઇ એમ હોકે, સુંદરીએ તિહાં પાટી પોથી હોકે અગનીમાં નાખી દીયા । ૧૨ । તે વાત સુણીને હોકે જીનદેવ બોલે ઇસ્યું, ફીટરે સુંદરી હોકે કામ કર્યું કિસ્યું । મુર્ખ રાખ્યા હોકે સરવે પુત્ર તમે, નારી બોલી હોકે નવી જાણું અમે । ૧૩ । મોટ મુરખ હોકે પુત્ર થયા જ્યારે, ન દીએ કન્યા હોકે કોઇ તેને ત્યારે । કંત કહે સુણુ હોકે એ કરણી તુમચા, વેણ ન માન્યા હોકે તે પેલા અમચાં । ૧૪ । તે વાત સુણીને હોકે સુંદરી ક્રોધ ચઢી, પ્રીતમ સાથે હોકે પ્રમદા અતિહી વઢી । કંતે મારી હોકે તિહાંથી કાળ કરી, એ તુમ બેટી હોકે થઇ ગુણમંજરી । ૧૫ । પૂરવ ભવે એણે હોકે જ્ઞાન વિરાધીઉં, પુસ્તક બાળ્યાં હોકે જે કર્મ બાંધીઉં । ઉદયે આવ્યું હેકે દેહે રોગ થયો, વચને મુંગી હોકે એ ફળ તાસ લહ્યો । ૧૬ ।

## । ઢાલ ૩ જી લલનાની દેશી ।

નીજ પૂરવ ભવ સાંભળી, ગુણમંજરીનો ત્યાંહિ । લલના । જાતિ સમરણ ઉપનો, ગુરૂને કહે ઉછાંહિ । લલના । ૧૭ । ભવીકા જ્ઞાન અભ્યાસીએ । જ્ઞાન ભલો ગુરૂજી તણો । ગુણમંજરી કહે એમ । લલના । સેઠ પુછે ગુરૂને તીહાં, રોગ જાએ કહો કેમ । લલના । ૧૮ । ગુરૂ કહે હવે વીધી સાંભલો, જે કહ્યો શાસ્ત્ર મોઝાર । લલના । કાર્તિક સુદ દીન પંચમી, પુસ્તક આગળ સાર । લલના । ૧૯ । દીવો પંચ દિવટ તણો, કીજીએ સ્વસ્તિક ખાસ । લ૦ । નમો નાણસગરણું ગણો, ચોવીહારો ઉપવાસ । લલના । ૨૦ । પડિકમણાં દોય કીજીએ,

દેવ વંદન ત્રણવાર । લ૦ । પંચ વરસ પાંચ માસની, કીજીયે પંચમી સાર । લ૦ । ૨૧ । હવે ઉજમણે પારણું, સાંભળો વીધીનો પ્રપંચ । લ૦ । પુસ્તક આગળ મુકવાં, સઘળાં વાના પંચ પંચ । લ૦ । ૨૨ । પુસ્તક ઠવણી પુંજણી, નોકરવાલી પ્રત્યક્ષ । લ૦ । લેખણ ખડીયાને ડાબડી, પાટી કવલી ચુક્ત । લ૦ । ૨૩ । ધાન્ય ફલાદિક ઢોઇએ, કીજીએ જ્ઞાનની ભક્તિ । લ૦ । પુસ્તકની પૂજા કરો, ભાવ સહીત જેવી શક્તિ । લ૦ । । ૨૪ । ગુરૂવાણી ઇમ સાંભળી, પંચમી કીધી તેહ । લ૦ । ગુણમંજરી મુંગી ટળી, નીરોગી થઇ દેહ । લ૦ । ૨૫ । નીં૦ ।

## । ઢાલ ૪ થી । ઇટર આંબા આંબલીરે । એ દેશી ।

રાજા પુછે સાધુનેરે, વરદત્ત કુમારને અંગ; કોઢ રોગ તે કિમ થયોરે, મુજ ભાખો ભગવંત । ૨૪ । સુગુરૂજી ધન્ય તુમારૂં જ્ઞાન । એ આંકણી । ગુરૂ કહે જંબુદ્વીપમાંરે, ભરતે શ્રી પુરગામ । વસુ નામે વ્યવહારીઓરે, દોય પુત્ર તસ નામ । ૨૫ । સુ૦ । વાસુસારને વાસુદેવજીરે । દીક્ષા લીએ ગુરૂપાસ । લઘુબંધવ વસુદેવજીરે, પદવી દીએ ગુરૂ તાસ । સુ૦ । ૨૬ । પચ સયા અણગરમાંરે, આચારજ વસુદેવ । શાસ્ત્ર ભણાવે ખંતસુરે, નહીં આલસ નીતમેવ । સુ૦ । ૨૭ । એક દિન સુરિ સંથારિયારે, પૂછે પદ એક સાધ । અરથ કહે ગુરૂ તેહનેરે. વળી આવે બીજો સાધ । સુ૦ । ૨૮ । ઇમ બહુ મુની પદ પુછવારે, એક આવે એક જાય । આચારજની ઉંઘમાંરે, થાય અતિ અંતરાય । સુ૦ । ૨૯ । સૂરિ તિહાં મન ચિંતવેરે, કિહાં મુજ લાગ્યું પાપ । જો મેં શાસ્ત્ર અભ્યાસીઓરે, તો એટલો સંતાપ । સુ૦ । ૩૦ । પદ ન દઉં હવે કોઇનેરે, સઘળું મેલ્યું

વિસાર । જ્ઞાન ઉપર એમ આણીયોરે, તિક્ષણ ક્રોધ અપાર । સુ૦ । ૩૧ । બાર દિવસ અણ બોલિયારે, અક્ષર ન કહ્યો એક । અસુભ ધ્યાને તે મરીરે, એ તુજ પુત્ર અવિવેક । સુ૦ । ૩૨ ।

## । ઢાળ ૫ મી ।

વાણી સુણી વરદત્તજી, જાતી સમરણ લહ્યો । નિજ પૂરવભવ દીઠોજી, જેમ ગુરૂએ કહ્યો । ૩૩ । વરદત્ત કહે તવ ગુરૂનેંજી, રોગ એ કેમ જાવે । સુંદરકાયા હોવેજી વિદ્યા કિમ આવે । ૩૪ । ભાંખે ગુરૂ ભલે ભાવેજી । પંચમી તપ કરો । જ્ઞાન આરાધો રંગેજી । ઉજમણું કરો । ૩૫ । વરદત્ત તે વિધી કિધીજી । રોગ દુરે ગયો । ભોગવી ભોગ રાજપાલીજી । અંતે સાધુ થયો । ૩૬ । ગુણ મંજરી પરણાવીજી । સાજિન ચંદ્રનેં । સુખ ભોગવી પછી લીધુંજી, ચારિત્ર શુભ મનેં । । ૩૭ । ગુણમંજરી વરદત્તજી । ચારિત્ર પાલીનેં । વિજય ıવમાને પોત્યાજી । પાપ પ્રજાળીને । ૩૮ । ભોગવી સુર સુખ તિહાંથીજી । ચવિયા દોય સુરા । પામ્યા જંબુ વિદેહેજી । માનવ અવતારા । ૩૯ । ભોગવી રાજ્ય ઉદારજી । ચારિત્ર લઇ સારા । હુવા કેવળ નાણીજી । પામ્યા ભવ પારા । ૪૦ ।

## । ઢાલ । ૬ ઠી । ગિરિથી નદી ઉત્તરરે લો૦ એ દેશી ।

જગદીસર નેમિસરૂ રે લાલ । એમ ભાખ્યો સંબંધરે । સોભાગી લાલ । બારે પરખદા આગલે રે લાલ । એ સઘળો પરબંધરે । સો૦ । ૪૧ । નેમિસર જગ જયકરૂ લાલ । એ આંકણી । પંચમી તપ કરવા ભણી રે લાલ । ઉત્સુક થયાં બહુ લોક રે । સો૦ મહા પુરૂષની દેશનારે લાલ । તે કેમ

હોવે ફેકરે । સો૦ । ૪૨ । કારતક સુદ દિન પંચમી રે લાલ સોભાગ્ય પંચમી નામ રે । સો૦ । સોભાગ્ય લહીએ તેહથી રે લાલ, ફળે મનવંછિત કાજ રે । સો૦ । ૪૩ । સમુદ્રવિજય કુળ સેહરો રે લાલ, બ્રહ્મચારી સિરદાર રે । સો૦ । મોહનગારી માનની રે લાલ । રૂડી છે રાજુલ નાર રે । સો૦ । ૪૪ । તે નવિ પરણ્યા સુંદરી રે લાલ । પણ રાખ્યો જેણે રંગ રે । । સો૦ । મુગતિ મંદિરમાં બેઉ મળ્યા રે લાલ । અવિચળ જોડી અભંગ રે । સો૦ । ૪૫ । તેણે એ મહાતમ ભાંખીયો રે લાલ । પંચમીનો પરગટ રે । સો૦ । જે સાંભળે તે ભાવસું રે લાલ । શ્રી સંઘને ગહગટ રે । સો૦ । ૪૬ ।

। કળસ ।

એમ :સયલ સુખકર જગત દુઃખહર ગાઇઓ શ્રી નેમિસરૂ, તપગચ્છ રાજા વડ દિવાજા શ્રી વિજય આણંદ સુરિસરૂ । ૪૭ । તસ ચરણ પદમ પ્રયાગ મધુકર કોવિદ કુંઅર વિજય ગુણી । તસ સીસ પંચમી સ્તવન ભાંખ્યો ગુણ વિજય રંગે મુણી । ૪૮ ।

ઇતિ શ્રી પંચમી સ્તવન સંપૂર્ણ.

## આઠમનું સ્તવન

દોહા—પંચ તીરથ પ્રણમું સદા, સમરી શારદ માય ।
અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય । ૧ ।

## । ઢાલ । ૧ ।

હાંરે લાલા જંબુદ્વીપના ભરતમાં, મગધ દેશ મહંત રે । લા૦ । રાજગૃહી નગરી મનોહરૂ, શ્રેણીક બહુ બલવંતરે । લા૦ । ૧ । અષ્ટમી તિથિ મનોહરૂ । હાં ચેલણા રાણી સુંદરી, શિયલવતી સીરદારરે । લા૦ । શ્રેણીક સુત બુધ છાજતા, નામે અભય કુમારરે । લા૦ । અ૦ । ૨ । હાં૦ વર્ગણા આઠ મીટે એહથી, અષ્ટ સાધે સુખ નિધાનરે । । લાલા । અષ્ટ મદ ભાજે વજ્ર છે, પ્રગટે સમકિત નિધાનરે । । લા૦ । અ૦ । ૩ । હાં૦ અષ્ટ ભય નાસે એહથી, અષ્ટ બુદ્ધિ તણો બંડારરે । લાલા । અષ્ટ પ્રવચન એ સંપજે, ચારિત્ર તણો અગારરે । લા૦ । અ૦ । ૪ । હાં૦ અષ્ટમી આરાધન થકી, અષ્ટ કરમ કરે ચકચુરરે । લાલા । નવનિધિ પ્રગટે તસ ઘરે, સંપૂર્ણ સુખ ભરપુરરે, । લા૦ । અ૦ । ૫ । હાં૦ અડદૃષ્ટિ ઉપજે એહથી, શિવ સાધે ગુણ અંકુરરે । લા૦ સિદ્ધના આઠગુણ સંપજે; શિવ કમલા રૂપસરૂપરે । લા૦ । । અ૦ । ૬ ।

## । ઢાલ । ૨ ।

જીહો રાજગૃહી રળીયામણી, જીહો વીચરે વીર જીણંદ । જીહો સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહો સુરાસુરની વૃંદ । ૧ । જગત સહુ વંદો વીર જીણંદ । એ આંકણી । જીહો દેવ રચીત સિંહાસણે । જીહો બેઠા વીર જીણંદ । જીહો અષ્ટ પ્રતિહારજ શોભતા । જીહો ભામંડલ ઝલકંત । જગત૦ । ૨ । જીહો અનંત ગુણી જીનરાજજી જીહો પરઉપગારી પ્રધાન । જીહો કરૂણાસિંધુ મનોહરૂ, જીહો ત્રિલોકે જગભાણુ । જગત૦ ।

। ૩ । જીહો ચોત્રીસ અતિશય વિરાજતા, જીહો વાણી ગુણ પાંત્રીસ । જીહો બારે પરખદા ભાવશું, જીહો ભગતે નમાવે શીસ । જગત૦ । ૪ । જીહો મધુરી ધ્વનિ દીયે દેશના, જીહો જીમ અસાઢોરે મેઘ । જીહો અષ્ટમી મહિમા વરણવું, જીહો જગબંધુ કહે તેમ । જગત૦ । ૫ ।

। ઢાલ । ૩ ।

રૂડીને રઢિયાલીરે પ્રભુ તારી દેશનારે, તેતો જોજન લગે સંભળાય । ત્રિગડે બિરાજેરે જિન દીયે દેશનારે, શ્રેણીક વંદે પ્રભુના પાય । અષ્ટમી મહિમારે કહો કૃપા કરીરે, પુછે ગોયમ અણગાર । અષ્ટમી આરાધન ફલ સિદ્ધનુંરે । ૧ । વીર કહે તપથી મહિમા એહનોરે; ઋષભનું જનમ કલ્યાણ । ઋષભ ચારિત્ર હોયે નીરમલુંરે, અજિતનું જન્મ કલ્યાણ । અ૦ । ૨ । સંભવ ચ્યવન ત્રીજા જિનેસરૂરે, અભિનંદન નિરવાણ । સુમતિ જનમ સુપાર્શ્વ ચ્યવન છેરે, સુવિધિ નેમિ જન્મ કલ્યાણ । અ૦ । ૩ । મુનિસુવ્રત જન્મ અતિગુણ નિધિરે, નમિ શિવપદ લહ્યું સાર । પ્રાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂરે, એ તિથિ પરમ આધાર । અ૦ । ૪ । ગૌતમ ગણધર મહિમા સાંભલીરે, અષ્ટમી તિથિ પરિમાણ । મંગલ આઠતણી ગુણ માલિકારે, તસ ઘેર શિવ કમલા પરધાન । અ૦ । ૫ ।

। ઢાલ । ૪ ।

આવશ્યક નિર્યુકિતએ ભાસે, મહાનિશિથ સૂત્રેરે । ઋષભ વંશ ધુર વીરજી આરાધો, શિવસુખ પામે પવીત્રરે । શ્રી જિનરાજ જગત ઉપગારી । એ આંકણી । એ તિથી

મહિમા વીર પ્રકાસે, ભવિક જીવને ભાસેરે । શાસન તારૂં અવિચલ રાજે, દિનદિન દોલત વાધેરે । શ્રી૦ । ૨ । ત્રિશલારે નંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જિત્યારે । તીર્થંકર મહંત મનોહર, દોષ અઢારને વરજ્યારે । શ્રી૦ । ૩ । મન મધુકર જિનપદ પંકજ લીનો, હરખી નીરખી પ્રભુ ધ્યાઉંરે । શિવકમલા સુખ દીયો પ્રભુજી, કરૂણાનંદ પદ પાવુંરે । શ્રી૦ । । ૪ । વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચામર છત્ર બિરાજેરે । આસન ભામંડલ જિનદીપે, દુદુંભી અંબર ગાજેરે । શ્રી૦ । । ૫ । ખંભાત બંદર અતિય મનોહર, જિનપ્રસાદ ઘણા સોહિએરે । બિંબ સંખ્યાનો પાર ન લહું, દર્શન કરી મન મોહિએરે । શ્રી૦ । ૬ । સંવત અઢાર ઓગણ ચાલિસ વર્ષે, અશ્વિન માસ ઉદારોરે, શુકલપક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યારેરે । શ્રી૦ । ૭ । પંડિત દેવ સોભાગી બુદ્ધિ લાવણ્ય, રત્ન સોભાગી તેણે નામરે । બુદ્ધિ લાવણ્ય લીયો સુખ સંપુરણ, શ્રી સંઘને કોડ કલ્યાણરે । શ્રી૦ । ૮ ।

## અગીઆરસનું સ્તવન ઢાલો ૪

દુહા—શાંતિકરણ શ્રી શાંતિજી, વિઘન હરણ શ્રીપાસ । વાગદેવી વિદ્યા દીએ, સમરૂં ધરી ઉલ્લાસ । ૧ । જાદવ કુલ સીરસેહરો, બ્રહ્મચારી ભગવંત । શ્રી નેમિસર વંદીએ. જેહનાં ગુણ અનંત । ૨ ।

### । ઢાલ ૧ લી રાગ મલ્હાર ।

નયરિ નિરૂપમ નામ દ્વારાવતિ દીપતી રે । દ્વા૦ । ધનવંત ધરમી લોક દેવપુરી જીપતીરે । દે૦ । યાદવ સહિત

ગદાધર રાજ કરે જીહાંરે । રા૦ । ઉપગારી અરિહંત પ્રભુ આવ્યા તિહાંરે । પ્ર૦ । અંતેઉર પરિવાર હરી વંદન ગયારે । હ૦ । પ્રદક્ષણા દેઇ ત્રણ પ્રભુ આગલ રહ્યારે । પ્ર૦ । દેશના દિએ જીનરાજ સુણે સહુ ભાવીઆરે । સુ૦ । અરિહા અમૃત વચણ સુણી સુખ પાવીઆરે । સુ૦ । હરિ તવ જોડી હાથ પ્રભુને ઇમ કહેરે । પ્ર૦ । સકલ જંતુના ભાવ જિનેશ્વર તુમે લહ્યારે । જિ૦ । વરસ દિવસમાં કોઇક દિન એક ભાખીયેરે । દિ૦ । થોડે પુણ્યે જેહથી અનંત ફલ ચાખીયેરે । અ૦ । ૩ ।

## । દુહા ।

પ્રભુજી તવ હરિને કહે, મૌન એકાદસી જાણ । કલ્યાણક પચાસ શત, શુભ દિવસેં ચિત્ત આણ । ૧ । વાસુદેવ વલતું કહે, દોઢસો કલ્યાણક કેમ । અતીત અનાગત વર્તમાન, ઇણિપરે ભાખે નેમ । ૨ ।

## । ઢાલ બીજી ।

## કેસરમાં ભીનો માહારો સાહેબો એ દેશી ।

મહાજસ સર્વાનુભુતિની, ભવિક જન કીજે શ્રીધરસેવ હો । નમિ મલ્લિ અરનાથની । ભ૦ । રાખો વંદન ટેવ હો । । ૧ । નાથ નિરંજન સાચો સજ્જન, દુખનો ભંજન, મોહનો ગંજન વંદિએ । ભવિકજન, એહીજ જિનવર દેવ હો । એ આંકણી । સ્વયં પ્રભ દેવ શ્રુત ઉદયનાથ । ભ૦ । સાચો સીવપુર સાથ હો । અકલંક શુભંકર વંદિએ । ભ૦ । સાચો શ્રી સપ્તનાથ હો । ૨ । બ્રહ્મેંદ્ર ગુણનાથ ગાંગિક । ભ૦ । સુવ્રત શ્રી મુનિનાથ હો । વિસિષ્ઠ જીનવર વંદિએ । ભ૦ ।

એહીજ ધર્મનો નાથ હો । ૩ । સુમૃદુ શ્રી વ્યક્તનાથ જે । । ભ૦ । સાચો કલશત જાણ હો, અરણ્યવાસ શ્રીયોગ જે । । ભ૦ । શ્રી અજોગ ચિત્ત આણુહો । ૪ । પરમનાથ સુધારતિ । ભ૦ । કીજે નિષ્કેસ સેવહો । સર્વારિધ હરિભદ્રને । ભ૦ । મગધાધિક સુધ દેવહો । ૫ । પ્રયછ અક્ષોભ જિનવરા । ભ૦ । મલયસિંહ નિત વંદહો । દિનકર ધનદ પ્રભુ નમો । ભ૦ । પોષધ સમરસ કંદહો । ૬ ।

## । દુહા ।

જિન પ્રતિમા જીનવાણિનો, મોટો જગ આધાર । જીવ અનંતા એહુથી પામ્યા ભવનો પાર । ૧ । નામ ગોત્ર શ્રવણે સુણિ, જપે જે જિનવર નામ । અષ્ટ કરમ અરિ જીતીને, ગામે શિવપુર ઠાંમ । ૨ ।

## । ઢાલ ત્રીજી ।

## । મોરા સહિબ હો, શ્રી શીતલનાથકે, વીનતિ સુણો એક માહરી । એ દેશી ।

શ્રી પ્રલંબ હો ચારિત્રનિધિ દેવકે, પ્રસમરાજિ નિત વંદીએ । શ્રી સ્વામિક હો વિપરિત પ્રસાદકે, વંદી પાપ નિકંદિએ । શ્રી અઘટિત હો, બ્રહ્મણી જિનરાજકે, રૂષભચંદ્ર ચિત્ત આણીએ । પશ્ચિમ માંહે એ ભરત મઝારકે, ત્રણ ચોવિસી જાણિયે । ૧ । શ્રી દયંતહો અભિનંદન પૂજ્યકે, રત્નશેખર ત્રિભુવન ધણી । શ્યામ કોષ્ટજહો મરૂદેવ દયાલકે, અતિ પાર્શ્વ કીરતિ ઘણી । નદીખેણ હો વ્રતધર નિર્વાણકે, સેવંતાં સંકટ ટલે । જંબુદીપે હો ચઉવીસી ત્રણકે, સેવંતાં સંપત મલે । ૨ ।

શ્રી સૌંદર્ય હો ત્રિવિક્રમ નામકે, નારસિંહ સેવો સહિ । શ્રી ખેમંત હો સંતોષિત દેવકે, કામનાથ વંદો વહી । મુનિનાથ હો જીનવર ચંદ્ર દાહકે, દિલાદિત્ય ચિત્તમાં ધરો । ખંડ ધાતકી હો પૂર્વ ઐરવત માંહિકે, ત્રણ ચોવીસી મંગલ કરો । ૩ । અષ્ટાહિક હો શ્રી વણિગ જાણકે, ત્રણ જ્ઞાન સેવો સુખને । તમો કંદ હો શ્રી સાયર કાક્ષકે, ખેમંત વાંદી ગમો દુખને । શ્રી નિર્વાણ હો શ્રી જીનવર રાજકે, પ્રથમ નાથ સેવો સહી । પુષ્કર દ્વીપે હો ચોવીસી ત્રણકે, ત્રણ જગતના નાથ છે । ૪ । શ્રી પુરૂષ હો શ્રી બોધવ વિક્રકે વિક્રમેંદ્ર ઇંદ્રિ નમો । શ્રી સ્વસાંતિ હો હરનાથ મુણિંદકે, નંદિ કેશ મુજ મન ગમ્યો । મહા મૃગેંદ્ર હો શ્રી અશોક ચિતકે, મહેંદ્રનાથ નાથાય નમું । ધાતકી ખંડે હો ઐરવત ક્ષેત્રકે, ત્રણ ચોવીસી ચરણે રમું । ૫ । અશ્વ વૃંદ હો શ્રી કુટલિક વંદકે, વર્ધમાન મુજ મન રમ્યો । શ્રી નંદિકહો શ્રી ધર્મચંદ્ર દાહકે વિવેક મુજ મનમાં ગમ્યો । કલાપક હો શ્રી વિસોમ એહકે, અરણ્યનાથ કીરતી ઘણી । પુષ્કર દ્વીપે હો ચોવીસી ત્રણકે, ત્રીસ ચોવીસી તે ભણી । ૬ ।

### । ઢાલ । ૪ ।

### । દુહા ।

નેમી જીણેસર ઉપદીસ્યો, સદહ્યો કૃષ્ણ નરેશ । વીર વિમલ ગુરૂથી લહ્યો, મેં સુણ્યો ઉપદેશ । ૧ । કાલ અનંતો નિર્ગમ્યો, અનંત અનંતીવાર । આદિ નિગોદે હું ભમ્યો, કેણે ન કિધી સ્હાય । ૨ । પ્રભુ દર્શન મુજ નવિ હુઓ, નવિ સુણ્યો ધર્મ ઉપદેશ । નાટકીઆ નાટક પરે, બહુ બનાવ્યા વેસ । ૩ । અનુક્રમે નર ભવ લહ્યો, ઉત્તમ કુલ અવતાર । દુર્લભ દર્શન પામીઓ, તાર પ્રભુ મુજ તાર । ૪ ।

## । સિવ કુંવરને વંદીએ રે લોલ । એ દેશી ।

નેમીજીણેસર ઉપદીસ્યોરે લાલ, અદભુત એ અધિકારરે સુગુણ નર, સાંભલતાં ચીત હરખીઓરે લાલ । હુઓ જય જયકારરે સુગુણનર । ૧ । શ્રી જિન શાસન જગ જયોરે લાલ । એ આંકણી । મંત્ર યંત્ર મણિ ઓષધિ રે લાલ, સકલ જંતુ હિતકારરે સુગુણ નર । એહ નીત થુણતાંથકાંરે, ટાલે વિષય વિકારરે સુગુણ નર । ૨ । શ્રી૦ । રોગને સોગ વિજોગડારે લાલ, નાસે ઉપદ્રવ દુખરે । સુ૦ । સેવતાં સુખ સ્વર્ગનારે લાલ, વલિ પામે સિવ સુખરે । સુ૦ । ૩ । શ્રી૦ । આરાધન વિધિ સાંભલોરે લાલ ચોથ ભક્ત ઉપવાસરે । સુ૦ । મૌન ધ્યાન ધ્યાવતાંરે લાલ, હોએ અઘનો નાસરે । સુ૦ । । ૪ । શ્રી૦ । અહોરત્તો પૌસધ કરીરે લાલ, જપીયે એ જીન નામરે । સુ૦ । રૂદ્ધિ વૃદ્ધિ સુખ સંપદારે લાલ, લહિએ સિવપુર ઠામરે । સુ૦ । ૫ । શ્રી૦ । માગશિર સુદિ એકાદશિરે લાલ, ઈગ્યાર વરસ વખાણરે । સુ૦ । માસ ઇગ્યાર ઉપર વલિરે લાલ, એ તપ પૂર્ણ પ્રમાણરે । સુ૦ । ૬ । શ્રી૦ । ઉજમણું કરો ભાવથીરે લાલ શક્તિ તણે અનુસારરે । સુ૦ । જિન પૂજા સંઘ સેવનારે લાલ, દાન દિએ સુવિચારરે । સુ૦ । । ૭ । શ્રી૦ । પાટી પોથિ પુઠીઆરે લાલ, ઇગ્યાર ઇગ્યાર એમ જાણરે । સુ૦ । સુવ્રત શેઠ તણિ પરેરે લાલ, હોએ ગુણની ખાણરે । સુ૦ । ૮ । શ્રી૦ । તપ કિરિયા કીધા ઘણારે લાલ, પણ નાવ્યું પ્રણિધાનરે । સુ૦ । તે વિણ લેખે આવ્યો નહિરે લાલ, કામ કુસુમ ઉપમાનરે । સુ૦ । ૯ । શ્રી૦ । કાલ અનંતે મેં લીઓરે લાલ, કર્મ ઇંધણ કેઇ તુરરે । સુ૦ । સુદ્ધ તપ ભલે ભાવથીરે લાલ તેહ કરે ચકચુરરે । સુ૦ । । ૧૦ । શ્રી૦ । દાનશીલ તપ ભાવથીરે લાલ, ઉધર્યા પ્રાણી

અનેકરે । સુ૦ । આરાધો આદર કરીરે લાલ, આણિ અંગ વિવેકરે । સુ૦ । ૧૧ । શ્રી૦ । બારે પરખદા આગલેરે લાલ, ઇમ કહ્યો નેમિ સ્વામિરે । સુ૦ । કૃષ્ણ નરેસરે સદ્દહ્યોરે લાલ, પહોતા નિજ નિજ ધામરે । સુ૦ । ૧૨ । શ્રી૦ ।

### । ઢાલ પાંચમી ।

દુસમ કાલે એ આલંબન, સુગુરૂ સમાગમ વાણીજી । તેહની સંગે બહુ સુખ પામ્યા, ભવમાંહે ભવિ પ્રાણીજી । ૧ । સમકિતદાયક સુભ પથ વાહક, ગુરૂ ગીતારથ દીવોજી । પસુ ટાલી સુર રૂપ કરે જે, તેહજ ગુરૂ ચીરંજીવોજી । ૨ । ગુરૂકુલવાસે રહેતાં લહિએ, વિનય વિવેક સવિ કિરિઆજી । તેહની સેવા કરતાં થાએ, પૂરણ જ્ઞાનના દરીયાજી । ૩ । એહ સ્તવન જે સુણસે ભણસે, છોડી ચિત્તના ચાલાજી, સુરતરૂ સુરમણી સુરંગવી પ્રગટ્યા, તસ ઘર મંગલ માલાજી । શ્રી વીર વિમલગુરૂ સેવા કરતાં, રૂદ્ધિ કૃત ગુણ ગાયાજી । વીસુધ વિમલ કહે તેહની સંગે, પુરૂષોત્તમ ગુણ ગાયાજી । ૪ ।

। ઇતિ શ્રી અગ્યારસનું સ્તવન સંપૂર્ણ ।

## । અથ ચોવિશ દંડકનું સ્તવન ।

### । ઢલ આદરજીવ ક્ષમા ગુણ આદર । એ દેશી ।

પૂર મનોરથ પાસ જીણેસર, એક કરૂં અરદાસજી તારણ તરણ બિરૂદ તુજ સાંભલિ, આયો હું ધરી આસજી । ૧ । । પૂર૦ । આ૦ । ઇણ સંસાર સમુદ્ર અથાગે, ભમિઓ ભવજલ માંહેજી । ગડગચિયા જીમ આયો ગડતો સાહિબ

હાથે સાહજી । પૂર૦ । ૨ । તું જ્ઞાનિ તો પણ તુજ આગે વિતક કહિએ વાતજી । ચોવિશે દંડકે હું ફરીઓ, વર્ણવું તે વિખ્યાતજી । પૂ૦ । ૩ । સાતે નરકતણો એક દંડક, અશુરાદિક દસ જાણુજી । પંચ થાવરને ત્રણ વિગલેંદ્રી, ઓગણિસ ગણુતિ આણુજી । પૂ૦ । ૪ । પંચેદ્રી તિર્યંચ અને નર એહ થયા એકવીસજી । વ્યંતર જ્યોતિષને વૈમાનિક, એમ દંડક ચોવિસજી । પૂ૦ । ૫ । પચેદ્રી તિર્યંચ અને નર, પરજાપતા જે હોયજી । એ ચઉવિહ દેવમાં ઉપજે, એમ દેવ ગતિ દોયજી । પૂ૦ । ૬ । અસંખ્યાને આયુષે નર તીર્યંચ, નિશ્ચે દેવજ થાયજી । નિજ આયુષે સમકે ઓછે, પણ અધિકે નવિ જાયજી । પૂ૦ । ૭ । ભુવનપતિ કે વ્યંતરતાએ, સમુર્છિમ તીર્યંચજી । સ્વર્ગ આઠમાં તાંઇ પહોંચે, ગર્ભજ સૂકૃત સંચજી । પૂ૦ । ૮ । આઊસંખ્યાતે જે ગર્ભજ, નર તિર્યંચ વિવેકજી । બાદર પૃથ્વિને વલીપાણી, વનસ્પતિ પરતેકજી । પૂ૦ । ૯ । પરજાપતા ઇણુ પાંચે ઠામે, આવિ ઉપજે દેવજી । ઇણુ પાંચે માંહે પણ આગે, અધિકાએ કહું દેવજી । પૂ૦ । ૧૦ । ત્રીજા સ્વર્ગ થકી માંડી સુર, એકીંદ્રિય નવિ થાયજી । આઠમાથી ઉપરલા સઘલા માનવ માંહે જાયજી । પૂ૦ । ૧૧ ।

**। ઢાલ ૨ । આજનિહોજોરે દિસે નાહલો । એ દેશી ।**

નરકતણિ ગતિ આગતિ એણીપરે, જીવ ભમે સંસાર । દોય ગતિને દોય આગતિ જાણિએ, વલિય વિશેષ વિચાર । નરક૦ । ૧ । સખ્યાતે આયુપર જાપતા, પંચેદ્રી તિર્યંચ । તિમહિજ મનુષ્ય એહિજ નરકમે, જાએ પાપ પ્રપંચ ।

। न० । २ । પ્રથમ નરકલગે જાઇ અસન્નિઓ, ગોહન નકુલ તિમ બીય । ગ્રીધ પ્રમુખ પંખી ત્રીજી લગે, સિંહ પ્રમુખ ચોથીય । न० । ૩ । પાંચમિ નરકેરે સિમા સાપણિં, છઠી લગે સ્ત્રી જાય । સાતમીએ માણસ કે માછલી, ઉપજે ગર્ભજ આય । न० । ૪ । નરકથકિ આવે બિહુ દંડકે, તિર્યંચ કે નર થાય । તે પણ ગર્ભજને પરજાપતા, સંખ્યાતિ જસ આય । न० । ૫ । નારકિયાને નરકથી નીસર્યાં, જે ફલ પ્રાપ્ત હોય । ઉત્કૃષ્ટે ભાંગે કરિ તે કહે, પણ નિશ્ચય નહિ કોય । न० । ૬ । પ્રથમ નરક થકી ચવિ ચક્રવર્તિ, હુવે બીજી હરિ બલદેવ । ત્રીજી લગે તિર્થંકર પદ લહે, ચોથી કેવલ એવ । न० । ૭ । પાચમી નરકનો સર્વ વિરતિ લહે, છઠીએ દેશ વિરત । સાતમી નરકથી સમકિતી લહે, ન હુવે અધિક નિમીત્ત । न० । ૮ ।

## । ઢાલ । ૩ ।

## । કરમ પરિક્ષા કરણ કુંમર ચલ્યોરે । એ દેશી ।

માનવ ગતિવિણ મુગતિ હોવે નહિરે, એહનો એમ અધિકાર । આઉસંખ્યાતે નર સહુ દંડકેરે, આવિ લહે અવતાર । ૧ । માનવ० । તેઉવાઉ દંડક બેતજીરે, બીજા જે બાવિસ । તિંહાથી આયા થાએ માનવીરે, સુખદુખ પૂન્ય સદિસ । ૨ । મા० । નરતિર્યંચ અસંખે આઉખેરે, સાતમી નરકના તેમ । તિહાંથી મરિને મનુષ હુવે નહિરે, અરિહંતે ભાખ્યો એમ । ૩ । મા० । વાસુદેવ બલદેવ તથા વલીરે, ચક્રવર્તિ અરિહંત । સરગ નરકના આયા તે હુવેરે, નરતિરીથી ન હુવંત । ૪ । મા० । ચોવિહ દેવ થકી આવિ ઉપજેરે,

ચક્રવર્તિ બલદેવ । વાસુદેવ તિર્થંકર તે હુવેરે, વૈમાનિક થકી એહ । ૫ । મા૦

## । ઢાલ । ૪ ।

## । હેમ ઘડયો રતને જડયો ખુંપ । એ દેશી ।

હવે તિર્યંચ તણિ ગતિ આ ગતિ કહિએ અસેસ જીવ ભમ્યો ઇણ પરભવ માંહે કરમ વિશેષ । આઉ સંખ્યાતે જે નર તિર્યંચ વિચાર, તે સઘળા તિર્યંચ માંહે લહે અવતાર । ૧ । જેણે તિર્યંચા માંહે આવે નારકિ દેવ, તેહ કહ્યો પહેલી તિણ કારણ ન કહ્યું હેવ । પંચેદ્રી તિર્યંચ સંખ્યાતે આઉખે જેહ, તેહ મરિ ચિહું ગતિ માંહે જાવે ઇહાં ન સંદેહ । ૨ । થાવર પાંચ ત્રણે વિગલેંદ્રી આઠે કહાવે, તિહાંથી આઉ સંખ્યાતે નર તિર્યંચમેં આવે । વિકલ મરિ લહે સર્વ વિરતિ પણ મોક્ષ ન પાવે, તેઉ વાઉથી આયો તેહને સમકિત નાવે । ૩ । નારક વરજિને સઘળાએ જીવ સંસાર, પ્રથવિ આઉ વનસ્પતિ માંહે લહે અવતાર । એ ત્રણે ઇહાંથી ચવિ આવે દસ ઠામે, થાવર વિકલ તિરી નર માંહે ઉત્પત્તિ પામે । ૪ । પ્રથવિ કાય આદે દઇ દસ દંડક એહ, તેઉવાઉ માંહે આવી ઉપજે તેહ । મનુષ્ય વિના નવ માંહે તેઉવાઉ બે જાવે, વિગલેંદ્રિ તે દસ માંહે જાવે પૂંઠાહિ આવે । ૫ । એમ અનાદિ તણો મિથ્યાત્વિ જીવ એકંત વનસ્પતિ માંહે તિહાં રહ્યો કાલ અનંત । પૃથવિ પાણી અગ્નિ અને ચોથો વળી વાય, કાલ ચક્ર અસંખ્યાતા ત્યાંહી જીવ રહાય । ૬ । બેઇંદ્રિ તેઇંદ્રી ને ચોરીંદ્રી મઝાર, સંખ્યાતા વરષાં લગે ભમીઓ કરમ પ્રચાર । સાત આઠ ભવ લગતા નર તીર્યંચમે રહીએ, હવે માનવ ભવ લહિને સાધુનો વેષ મેં ગ્રહીઓ । ૭ ।

રાગદ્વેષ છુટે નહિ કિમ હોવે છુટકબાર, પણ છે મારે મન શુદ્ધ તાંહરો એક આધાર । તારણ તરણ ત્રિકરણ શુદ્ધે અરીહંત લાધો, હવે સંસાર ઘણો ભમવો તોહિ પુદ્ગલ આઘો । ૮ । તું મન વંછીત પૂરણ આપદ ચુરણ સામી, તાહરિ સેવા લહી તો મેં નવનિધિ સિદ્ધિ પામી । અવર ન કોઇ ઇછું ઇણ ભવ તુંહીજ દેવ, સૂધે મન એક તાહરિ હોજ્યો ભવભવ સેવ । ૯ ।

। કલસ ।

ઇમ સકલ સુખકર નગર જેસલ મેર મહિમા દિણદિણે, સંવત સતર ઓગણત્રિસે દિવસ દિવાલિ તણે । ગુણ વિમલચંદ સમાન વાચકવિજય હરખ સુસીસ એ । પાસના ગુણ એમ ગાવે ધર્મસુ સુજગિસએ । ૧૦ ।

। ઇતિ ચોવિસ દંડક વિચાર ગર્ભિત સ્તવન સંપૂર્ણ. ।

। શ્રી વીતરાગાય નમઃ ।

। અથ ।

## શ્રી નયસુંદરજીકૃત સિદ્ધાચલજીનો ઉદ્ધાર પ્રારંભઃ

વિમલગિરિવર વિમલગિરિવર, મંડણો જિનરાય । શ્રી રિસહેસર પાય નમિ, ધરિય ધ્યાન શારદા દેવિય । શ્રી સિદ્ધાચલ ગાયશું એ, હીયે ભાવ નિર્મલ ધરેવિ । શ્રી શત્રુંજ-ગિરિ તીરથ વડો, સિદ્ધ અનંતી કોડી । જિહાં મુનિવર મુકતેં ગયા, તે વંદું બે કર જોડી । ૧ ।

## । ઢાલ ૧ લી । આદનરાય પુહતલા એ । એ દેશી

એ કર જોડીને જિન પાય લાગું, સરસ્વતી પાસેં વચન રસ માગું । શ્રી શત્રુંજય ગિરિ તીરથ સાર, થુણવા ઉલટ થયો રે અપાર । ૨ । તીરથ નહિં કોઇ શત્રુંજય તોલેં, અનંત તીર્થંકર ઇણી પરેં બોલે । ગુરૂમુખ શાસ્ત્રનો લહિય વિચાર, વર્ણવું શત્રુંજા તીર્થ ઉદ્ધાર । ૩ । સુરવરમાંહે વડો જેમ ઇંદ્રિ ગ્રહગણ માંહે વડો જેમ ચંદ્ર । મંત્રમાંહે જેમ શ્રીનવકાર, જલદાયક જેમ જગ જલધાર । ૪ । ધર્મમાંહે દયાધર્મ વખાણું, વ્રતમાંહે જેમ બ્રહ્મવ્રત જાણું । પર્વતમાંહે વડો મેરૂ હોઇ, તિમ શત્રુંજય સમ તીર્થ ન કોઇ । ૫ ।

## । ઢાલ । ૨ । ત્રણય પલ્યોપમ । એ દેશી ।

આગેં એ આદિ જિનેસર, નાભિ નરિંદ મલાર । શત્રુંજય શિખર સમોસરયા, પૂરવ નવાણું એ વાર । ૬ । કેવલજ્ઞાન દિવાકર, સ્વામી શ્રી ઋષભ જિણંદ । સાથેં ચોરાસી ગણધર, સહસ્સ ચોરાશી મુણિંદ । ૭ । બહુ પરિવારેં પરવરયા, શ્રી શત્રુંજય એકવાર । ઋષભ જિણંદ સમોસરયા, મહિમા ન લાભું એ પાર । ૮ । સુરનર કોડી મલ્યા તિહાં, ધર્મ દેશના જિન ભાષે । પુંડરિક ગણધર આગલેં, શત્રુંજય મહિમા પ્રકાશે । ૯ । સાંભલો પુંડરિક ગણધર, કાલ અનાદિ અનંત । એ તીરથ છે શાશ્વતું, આગે અસંખ્ય અરિહંત । ૧૦ । ગણધર મુનિવર કેવલ, પામ્યા અનંતી એ કોડી । મુકતેં ગયા ઇણ તીરથ, વલી જાશે કર્મ વિછોડી । ૧૧ । ક્રૂર જિકે જગ જિલડા, તિર્યંચ પંખી કહીજે । એ તીરથ સેવ્યા થકી, તે સીઝે ભવ ત્રીજે । ૧૨ । દીઠે દુર્ગતિ વારે એ, સારે વાંછિત કાજ, સેવ્યો એ શત્રુંજય ગિરિવર આપે અવિચલ રાજ । ૧૩ ।

## । ઢાલ । ૩ । રાગ ધન્યાશ્રી ।
## સહીય સમાણી આવે વેગેં । એ દેશી ।

ઉત્સર્પિપણી અવસર્પિપણી આરો, બિહું મલીને બારજી । વીશ કોડાકોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી । ૧૪ । પહેલો આરો સૂસમ સુસમા, સાગર કોડાકોડી ચારજી । ત્યારે એ શ્રી શત્રુંજય ગિરિવર એંશી જોયણ અવધારજી । ૧૫ । ત્રણ્ય કોડાકોડી સાગર આરો બીજો સૂસમનામજી । તદા કાલેં શ્રી સિદ્ધાચલ, સીત્તેર જોયણ અભિરામજી । ૧૬ । ત્રીજો સૂસમ દૂસમ આરો, સાગર કોડાકોડી દોયજી । શાઠ જોયણનું માન શત્રુંજય, તદા કાલ તું જોયજી । ૧૭ । ચોથો દૂસમ સૂસમ જાણો પાંચમો દુસમ આરોજી । છઠો દૂસમ દૂસમ કહિજે. એ ત્રણ્ય થઇય વિચારોજી । ૧૮ । એક કોડા કોડી સાગર કેરૂં, એહનું કહિયેં માનજી । ચોથે આરે શ્રી શત્રુંજય ગિરિ, પચાસ જોયણ પરધાનજી । ૧૯ । પાંચમે છઠે એકવીશ એકવીશ, સહસ્સ વરસ વખાણોજી । બાર જોયણને સાત હાથનો, તદા વિમલગિરિ જાણોજી । ૨૦ । તેહ ભણી સદા કાલ એ તીરથ, શાશ્વતું જિનવર બોલેજી । ઋષભદેવ કહે પુંડરિક નિસુણો, નહિં કોઈ શત્રુંજય તોલેજી । ૨૧ । જ્ઞાન અને નિર્વાણ મહાજસ, લેહેશો તુમેં ઇણ ઠામેંજી । એહ ગિરિતીરથ મહિમા ઇણ જગેં, પ્રગટ હોશે તુમ નામેંજી । ૨૨ ।

## । ઢાલ ૪ થી । જિનવરશું મેરો મનલીનો એ એ દેશી ।

સાંભલી જિનવર મુખથી સાચું, પુંડરિક ગણધારરે । પંચકોડી મુનિવરશું ઇણગિરિ. અણસણ કીધું ઉદારરે । ૨૨ । નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર, સકલ તીર્થમાંહે સારરે । દીઠે દુર્ગતિ દૂર નિવારે । ઉતારે ભવપારરે । ૨૪ । નમો૦ । કેવલ લહી ચૈત્રી પૂનમ દિન પામ્યા મુક્તિ સુઠામરે । તદા

કાલથી પુહવી પ્રગટીયું, પુંડરિક ગિરિ નામરે । ૨૫ । નમો૦ । નયરી અયોધ્યાથી વિહરતા પહોતા, તાતજી રૂષભ જિણંદરે । શાઠ સહસ્સ લગેં ષટ્ખંડ સાધી, આવ્યા ભરત નરિંદરે । ૨૬ । । નમો૦ । ઘરે જઇ માયને પાય લાગ્યા, જનની દીયો આશીષરે । વિમલાચલ સંઘાધિપ કેરી, પહોંચજો પુત્ર જગીશરે । ૨૭ । નમો૦ । ભરત વિમાસે સાઠ સહસ્સ સમ, સાધ્યા દેશ અનેકરે । હવે હું તાત પ્રત્યેં જઈ પૂછું, સંઘપતિ તિલક વિવેકરે । ૨૮ । નમો૦ । સમવસરણે પહોતા ભરતેસર વંદી પ્રભુના પાયરે । ઇંદ્રાદિક સુરનર બહુ મલિયા, દેશના દે જિનરાયરે । ૨૯ । નમો૦ । શત્રુંજય સંઘાધિપ યાત્રા, ફલ ભાંખે શ્રી ભગવંતરે । તવ ભરતેશ્વર કરેરે સજાઇ, જાણી લાભ અનંતરે । ૩૦ । નમો૦ ।

## । ઢાલ । ૫ । કનક કમલ પગલાં ઠવે । એ દેશી ।

## । રાગ ધન્યાશ્રી મારુણી ।

નયરી અયોધ્યાથી સંચરયા એ, લેઈ લેઈ ઋદ્ધિ અશેષ । ભરત નૃપ ભાવશું એ । શત્રુંજય યાત્રા રંગ ભરેંએ, આવે આવે ઉલટ અંગ । ભ૦ । ૩૧ । આવે આવે ઋષભનો પુત્ર, વિમલગિરિ યાત્રા એ । લાવે લાવે ચક્રવર્ત્તિની ઋદ્ધિ । ભ૦ । એ આંકણી । મંડલિક મુકુટ વર્દ્ધન ઘણા એ, બત્રીશ સહસ નરેશ । ભ૦ । ૩૨ । ઠમ ઠમ વાજે છંદશું એ, લાખ ચોરાશી નિશાન । ભ૦ । લાખ ચોરાશી ગજ તુરી એ તેહનાં રત્નેં જડિત પલાણ । ભ૦ । ૩૩ । લાખ ચોરાશી રથ ભલા એ, તેના વૃષભધોરી સુકુમાલ । ભ૦ । ચરણે ઝાંઝર સોના તણાં એ, કોટે સોવન ઘુંઘરમાલ । ભ૦ ૩૪ । ( મોહન રુપ દીસે ભલાં

એ, સવાકોડી પુત્ર જમાલ । ભ૦ । ) બત્રીસ સહસ નાટક સહીએ, ત્રણ લાખ મંત્રી દક્ષ । ભ૦ । દીવીધરા પંચ લખ કહ્યા એ, શોલ સહસ સેવા કરે યક્ષ । ભ૦ । ૩૫ । દશ કોડી અલંબધ્વજા ધરાએ, પાયક છન્નું કોડી । ભ૦ । ચોસઠ સહસ અંતેઉરી એ, રૂપેં સરખી જોડી । ભ૦ । ૩૬ । એક લાખ સહસ અઠાવીશ એ, વારાંગના રૂપની આલિ । ભ૦ । શેના તુરંગ સવિ મલીએ, કોડી અઢાર નિહાલ । ભ૦ । ૩૭ । ત્રણ કોડી સાથેં વ્યાપારીયાએ, બત્રીશ કોડી લુઆર । ભ૦ । શેઠ સાર્થવાહ સામટા એ, રાય રાણાનો નહિ પાર । ભ૦ । ૩૮ । નવ નિધિ ચૌદ રયણશું એ, લીધો લીધો સવિ પરિવાર । ભ૦ । સંઘપતિ તિલક સોહામણું એ ભાલે ધરાવ્યું સાર । ભ૦ । । ૩૯ । પગ પગ કર્મ નિકંદતા એ આવ્યા આવ્યા આસન જામ । ભ૦ । ગિરિ દેખી લોચન ઠર્યાં એ, ધન ધન શત્રુંજય નામ । ભ૦ । ૪૦ । સોવન ફુલ મુકતાફલેં એ, વધાવ્યો ગિરિરાજ । ભ૦ । દીયે પ્રદક્ષિણા પાખતી એ, સીધાં સઘલાં કાજ । ભ૦ । ૪૧ ।

## । ઢાલ ૬ ઠી । જયમાલાની । પ્રભુ પાસનું મુખડું જોતાં । એ દેશી ।

કાજ સીધા સકલ હવે સાર, ગિરિ દીઠે હર્ષ અપાર । એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા પણ કહિયેં તેહ । ૪૨ । સૂરજ કુંડ નદી શેત્રુંજી, તીર્થ જલેં નાહ્યા રંજી । રાયણ તલેં રૂષભ જિણંદ, પહેલા પગલાં પૂજે નરિંદ । ૪૩ । વલી ઇંદ્ર વચન મન આણી, શ્રીરૂષભનું તીરથ જાણી । તવ ચક્રી ભરત નરેશ, વાર્દ્ધિકને દીધો આદેશ । ૪૪ । તેણે શત્રુંજા

ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉત્તુંગ । નીપાયો અતિ મનોહાર, એક કોશ ઉંચો ચઉબાર । ૪૫ । ગાઉ દોઢ વિસ્તારે કાહયેં, સહસ ધનુષ પહોલપણે લહિયેં । એકેકે બારણે જોઇ, મંડપ એકવીશજ હોઇ । ૪૬ । ઇમ ચિહું દિસેં ચોરાશી, મંડપ રચિયા સુપ્રકાશી । તિહાં રયણમય તોરણમાલ, દીસે અતિ ઝાક ઝમાલ । ૪૭ । વિચેં ચિહું દિશેં મૂલ ગંભારે, થાપી જિનપ્રતિમા ચારે । મણિમય મૂરતિ સુખકંદ, થાપી શ્રી આદિ જિણંદ । ૪૮ । ગણધર વર પુંડરિક કેરી, થાપી બિહું પાસેં મૂર્તિ ભલેરી । આદિજિન મૂર્તિ કાઉસ્સગ્ગિયા, નમિ વિનમી બે પાસેં ઠવિયા । ૪૯ । મણિ સોવન રુપ પ્રકાર, રચી સમવસરણ સુવિચાર । ચિહુંદિશેં ચઉ ધર્મ કહંત, થાપી મૂરતિ શ્રી ભગવંત । ૫૦ । ભરતેસર જોડી હાથ, મૂરતિ આગલ જગનાથ । રાયણ તલેં જિમણે પાસેં, પ્રભુ પગલાં થાપ્યાં ઉલ્લાસેં । ૫૧ । શ્રી નાભિ અને મરૂદેવી, પ્રાસાદશું મૂર્તિ કરેવિ । ગજવર ખંધે લઈ મુક્તિ, કીધી આઇની મૂરતિ ભકિત । ૫૨ । સુનંદા સુમંગલા માતા બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા । વલી ભાઇ નવાણું પ્રસિદ્ધ, સવિ મૂરતિ મણિમય કીધ । ૫૩ । નીપાઈ તીરથમાલ, સુપ્રતિષ્ઠા કરાવી વિશાલ । યક્ષ ગોમુખ ચક્કેસરી દેવી તીરથ રખવાલ ઠવેવી । ૫૪ । ઇમ પ્રથમ ઉદ્ધારજ કીધો, ભરતેં ત્રિભુવન જસ લીધો । ઇંદ્રાદિક કીર્તિ બોલે નહીં કોઇ ભરત નૃપ તોલેં । ૫૫ । શત્રુંજય મહાતમમાંહિ અધિકાર જો જો ઉત્સહિં । જિનપ્રતિમા જિનવર સરખી, સદ્દહો સૂત્ર ઉવવાઇ નિરખી । ૫૬ । વસ્તુ । ભરતેં કીધો ભરતેં કીધો, પ્રથમ ઉદ્ધાર ત્રિભુવન કીર્તિ વિસ્તરી । ચંદ્ર સૂરજ લગેં નામ રાખ્યું, તિણે સમય સંઘપતિ કેટલા

હુવા । સો ઇમ શત્રે ભાંખ્યું, કોડી નવાણું નરવશ. હૂઆ નેવ્યાશી લાખ । ભરત સમય સંઘપતિ વલી, સહસ ચોરાશી ભાંખ । ૫૭ ।

## । ઢાલ સાતમી । ચોપાઇની દેશી ।

ભરતપાટેં હૂઆ આદિત્યયશા, તસ પાટેં તસ સુત મહાયશા । અતિબલભદ્ર અને બલવીર્ય, કીર્તિવીર્ય અને જનવીર્ય । ૫૮ । એ સાતે હૂઆ સરખી જોડિ, ભરતથકી ગયાં પૂરવ છ કોડિ । દંડવીર્ય આઠમેં પાટ હવો, તિણે ઉદ્ધાર કરાવ્યો નવો । ૫૯ । ઇંદ્રે સોઇ પ્રશંસ્યો ઘણું, નામ અજવાલ્યું પૂર્વજ તણું । ભરત તણીપરેં સંઘવી થયો, બીજો ઉદ્ધાર તે એહનો કહ્યો । ૬૦ । ભરતપાટેં એ આઠે વલી, ભુવન આરીશામાં કેવલી । ઇણે આઠે સવિ રાખી રીત, એક ન લોપી પૂર્વજરીત । ૬૧ । એકસો સાગર વોલ્યા જિસેં, ઇશાનેંદ્ર વિદેહમાં તિસેં । જિનમુખ સિદ્ધગિરિ સુણી વિચાર, તેણેં કીધો ત્રીજો ઉદ્ધાર । ૬૨ । એક કોડી સાગર વોલી ગયાં, દીઠાં ચૈત્ય વિસંસ્થલ થયાં । માહેંદ્ર ચોથો સુરલોકેંદ્ર, કીધો ચોથો ઉદ્ધાર ગિરીંદ્ર । ૬૩ । સાગર કોડી ગયા દશ વલી, શ્રી બ્રહ્મેંદ્ર ઘણું મનરૂલી । શ્રી શત્રુંજયે તીર્થ મનોહાર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર । ૬૪ । એક કોડી લાખ સાગર અંતરેં, ચમરેંદ્રાદિક ભવન ઉદ્ધરે । છઠો ઇંદ્રિ ભવનપતિ તણો, એ ઉદ્ધાર વિમલગિરિ ભણો । ૬૫ । પચાશ કોડી લાખ સાગર તણું, આદિ અજિત વિચે અંતર ભણું । તેહ વિચેં સૂક્ષ્મ હુવા ઉદ્ધાર, તે કહેતાં નવિ લાભે પાર । ૬૬ । હવે અજિત બીજો જિનદેવ, શત્રુંજય સેવા મિષ હેવ । સિદ્ધક્ષેત્ર દેખી ગહ ગહ્યા, અજિતનાથ ચોમાસું રહ્યા । ૬૭ । ભાઇ પિતરાઇ અજિત જિન તણો,

સગર નામેં બીજો ચક્રવર્ત્તી ભણો । પુત્ર મરણ પામ્યો વૈરાગ, ઇંદ્રે પ્રીછવિયો મહાભાગ । ૬૮ । ઇંદ્રવચન હિયડામાંહે ધરી, પુત્રમરણ ચિંતા પરિહરી । ભરત તણીપરેં સંઘવી થયા, શ્રીશત્રુંજય ગિરિ યાત્રા ગયા । ૬૯ । ભરત મણિમય બિંબ વિશાલ, કર્યાં કનક પ્રાસાદ ઝમાલ । તે દેખી મન હરખ્યો ઘણું, નામ સંભાર્યું પૂર્વજતણું । ૭૦ । જાણી પડતો કાલ વિશેષ, રખે વિનાશ ઊપજે રેખ । સોવનગુફા પચ્છિમદિશિ જિહાં, રયણબિંબ ભંડાર્યાં તિહાં । ૭૧ । કરી પ્રાસાદ સયલ રુપના, સોવન બિંબ કરી થાપના । કર્યો અજિતપ્રસાદ ઉદાર, એહ સગર સત્તમ ઉદ્ધાર । ૭૨ । પચ્ચાસ કોડી પંચાણું લાખ, ઉપર સહસ પંચ્ચોત્તેર ભાંખ । એટલા સંઘવી ભુપતિ થયા, સગર ચક્રવર્ત્તી વારેં કહ્યા । ૭૩ । ત્રીસ કોડી દશ લાખ કોડી સાર, સાગર અંતર કરે ઉદ્ધાર । વ્યંતરેંદ્ર આઠમો સુચંગ, અભિનંદન ઉપદેશ ઉત્તંગ । ૭૪ । વારે શ્રીચંદ્રપ્રભ તણે, ચંદ્રશેખર સુત આદર ઘણે । ચંદ્રવશા રાજા મનરંજ, નવમો ઉદ્ધાર કર્યો શત્રુંજ । ૭૫ । શ્રી શાંતિનાથ શોલમાં સ્વામ, રહ્યા ચોમાસું વિમલગિરિ ઠામ । તસ સુત ચક્રાયુધ રાજીયો, તિણે દશમો ઉદ્ધારજ કિયો । ૭૬ । કીયો શાંતિપ્રાસાદ ઉદ્દામ, હવે દશરથસુત રાજા રામ । એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિ-સુવ્રતવારે મનોહાર । ૭૭ । નેમિનાથ વારે જોધાર, પાંડવ પાંચ કરે ઉદ્ધાર । શત્રુંજયગિરિ પૂગી રલી, એ દ્વાદશમો જાણો વલી । ૭૮ ।

**। ઢાલ આઠમી । રાગ વૈરાડી ।**

પાંડવ પાંચ પ્રગટ હુવા, ખોઈ અક્ષોહણી અઢારરે । પોતાની પૃથિવી કરી, માયને કીધો જુહારરે । ૭૯ । કુંતા દે

માતા ઇમ ભણે, વત્સ સાંભલો આપ રે । ગોત્ર નિકંદન તુમેં કર્યો, તે કેમ છુટશો પાપરે । કું૦ । ૮૦ । પુત્ર કહે સુણો માયડી, કહો અમ સોય ઉપાયરે । તે પાતક કિમ છુટીયે, વલતું પભણે માયરે । કું૦ । ૮૧ । શ્રીશત્રુંજે તીરથ જઇ, સૂરજ કુંડે સ્નાન રે । ઋષભ જિણંદ પૂજા કરો, ધરો ભગવંતનું ધ્યાન રે । કું૦ । ૮૨ । માતા શિખામણ મન ધરી, પાંડવ પાંચે તામ રે । હત્યા પાતક છુટવા, પહોતા વિમલગિરિ ઠામ રે । કું૦ । ૮૩ । જિનવર ભક્તિ પૂજા કરી, કીધો બારમો ઉદ્ધાર રે । ભવન નિપાયો કાષ્ટમય, લેપમય પ્રતિમા સાર રે । । કુ૦ । ૮૪ । પાંડવ વીર વિચ્ચેં આંતરૂં, વરસ ચોરાસી સહસ્સ રે । ચિહુંસય સીતેર વર્ષે હુવો. વીરથી વિક્રમ નરેશ રે । ૮૫ ।

## । ઢાલ નવમી । પૂર્વલી દેશી ।

ધન્ય ધન્ય શત્રુંજય ગિરિવરૂં, જિહાં હુવા સિદ્ધ અનંત રે । વલી હોશે ઇણે તીરથેં, ઇમ ભાંખે ભગવંતરે । । ધન્ય૦ । ૮૬ । વિક્રમથી એકસો આઠે, વરસેં હુઓ જાવડશાહ રે । તેરમો ઉદ્ધાર શત્રુંજે કર્યો, થાપ્યા આદિજિન નાહ રે । ધન્ય૦ । ૮૭ । પ્રતિમાં ભરાવી રંગશું, નવા શ્રી આદિજિણંદ રે । શ્રી શંત્રુજય શિખરેં થાપિયા, પ્રાસાદેં નયનાનંદ રે । ધન્ય૦ । ૮૮ । પાંડવ જાવડ આંતરે, પચવીશ કોડી મયાલ રે । લાખ પંચાણું ઉપરે પંચ્ચોત્તર સહસ્સ ભુપાલ રે । ધન્ય૦ । ૮૯ । એટલા સંઘવી હૂઆ હવે, ચઉદશમો ઉદ્ધાર વિશાલ રે । બારતેરોત્તરે સોય કરે, મંત્રી બાહુડદે શ્રીમાલ રે । ધન્ય૦ । ૯૦ । ( પ્રતિમા ભરાવી રંગશું, નવી શ્રી ઋષભ જિણંદ રે । બીજે શિખરે થાપિયા, પ્રાસાદે

નયણાનંદ રે । ધન્ય૦ । ૯૧ ।) બાર બ્યાશી મંત્રીં વસ્તુપાલેં, યાત્રા શત્રુંજય ગિરિસાર રે। તિલક તોરણશું કરે શ્રી ગીરનારે ઉધાર રે । ધન્ય૦ । ૯૨ । સંવત તેર એકોત્તરેં, શ્રી ઓસવંશ શણગાર રે । શાહ સમરો દ્રવ્ય વ્યય કરે, પંચદશમો ઉદ્ધારરે । ધન્ય૦ । ૯૩ । શ્રી રત્નાકર સૂરીશ્વરૂ, વર તપગછ શણગાર રે । સ્વામી ઋષભજ થાપીયા, સમરેશાહે ઉદ્દાર રે । ધન્ય૦ । ૯૪ ।

## । ઢાલ દશમી । ઉલાલાની દેશીમાં ।

જાવડ સમરા ઉદ્ધાર, એહ વચ્ચેં ત્રણ લાજ સાર । ઉપર સહસ ચોરાસી, એટલા સમકીત વાસી । ૯૫ । શ્રાવક સંઘપતિ હુઆ, સત્તર સહસ ભાવસાર જુઆ । ક્ષત્રી શોલ સહસ જાણું, પન્નર સહસ વિપ્ર વખાણું । ૯૬ । કણબી બાર સહસ કહિયેં, લેઉઆ નવ સહસ લહિયેં । પંચ સહસ પીસ્તાલીશ એટલા કંસારા કહીશ । ૯૭ । એ સવિ જિનમતિ ભાવ્યા, શ્રી શત્રુંજય યાતાયેં આવ્યા । અવરની સંખ્યા ન જાણું, પુસ્તક દીઠે તે વખાણું । ૯૮ । સાત સહસ મેહર સંઘવી, જાત્રા તલહટીયેં તસ હવી । બહુ શ્રુત વચનેં એ રાચું, એ સવિ માનજો સાચું । ૯૯ । ભરત સમરાશાહ અંતર, સંઘવી અસંખ્યાતા ઇણી પર । કેવલી વિણુ કુણ જાણે, કિમ છદ્મસ્થ વખાણે । ૧૦૦ । નવલાખ બંધી બંધ કાપ્યા, નવ લાખ હેમ ટકા તસ આપ્યા । તો દશલહરીયેં અન્ન ચાખ્યું, સમરેશાહેં નામ રાખ્યું । ૧૦૧ । પન્નર સત્યાશીયે પ્રધાન, બાદશાહેં બહુમાન । કરમેશાહેં જસ લીધો ઉદ્ધાર શોલમો કીધો । ૧૦૨ । ઇણ ચોવીશીયે વિમલ ગિરિ વિમલવાહન નૃપ

આદરી । દુઃપ્રસહ ગુરૂ ઉપદેશે, ઉદ્ધાર છેહલો એ કરશે । ૧૦૩। એમ વલી જે ગુણવંત, તીરથ ઉદ્ધાર મહંત । લક્ષ્મી લહી વ્યય કરશે, તસ બહુભવકારજ સરશે । ૧૦૪ ।

## । ઢાલ અગ્યારમી । માઇ ધન્ય સુપન તું । એ દેશી ।

ધન્ય ધન્ય શત્રુંજય ગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ । કર્મ ક્ષય કરવા, ઘરે બેઠાં જપો નામ । ૧૦૫ । ચોવીશીયેં ઇણ ગિરિ, નેમ વિના તેવીશ । તીરથ ભુઇ જાણી સમોસર્યા જગદીશ । ૧૦૬ । પુંડરિક પંચ કોડીશું, દ્રાવિડ વારિ ખિલ્લ જોડ । કાતિ પૂનમ સીધા, મુનિવરશું દશ કોડ । ૧૦૭ । નમિ વિનમિ વિદ્યાંધર, દોય કોડિ મુનિ સંયુત । ફાગણ શુદિ દશમી, ઇણે ગિરિ મોક્ષ પહૂત । ૧૦૮ । શ્રી ઋષભવંશી નૃપ ભરત અસંખ્યાતા પાટ । મુકતેં સર્વાર્થે, એહ ગિરિ શિવપુર વાટ । । ૧૦૯ । રામમુનિ ભરતાદિક મુનિ ત્રણ કોડીશું એમ । નારદશું એકાણું, લાખ મુનીશ્વર તેમ । ૧૧૦ । મુનિ સાંબ પ્રદ્યુમ્નશું સાડીઆઠ કોડી સાધ । વીશ કોડીશું પાંડવ મુગતેં ગયા નિરાબાધ । ૧૧૧ । વલી થવચ્ચાસુત શુક મુનિવર ઇણે ઠામ । એક સહસ્સસું સિધ્ધા, પંચશત સૈલંગ નામ । ૧૧૨ । ઇમ સિધ્ધા મુનિવર, કોડાકોડી અપાર । વલી સીઝશે ઇણે ગિરિ, કુણ કહી જાણે પાર । ૧૧૩ । સાત છઠ દોય અઠમ, ગણે એક લાખ નવકાર । શત્રુંજય ગિરિ સેવે, તેહને દોય અવતાર । ૧૧૪ ।

## । ઢાલ બારમી । વધાવાની દેશી ।

માનવ ભવ મેં ભલેં લહ્યોરે, લહ્યો તે આરજ દેશ । શ્રાવક કુલ લાધું ભલું, જો પામ્યો રે વાહાલો ઋષભ

જિનેશ કે । ૧૧૫ । ભેટયો રે ગિરિરાજ, હવે સીધાંરે મહારાં વાંછિત કાજકે, મુને ત્રૂઠોરે ત્રિભુવનપતિ આજ કે । ભેટયો૦ । । ૧૧૬ । એ આંકણી । ધન્ય ધન્ય વંશ કુલગર તણો, ધન્ય ધન્ય નાભિનરિંદ । ધન્ય ધન્ય મરુદેવા માવડી, જેણેં જાયોરે વહાલો ઋષભ જિણંદ કે । ભે૦ । ૧૧૭ । ધન્ય ધન્ય શત્રુંજય તીરથ, રાયણ રુખ ધન્ય ધન્ય । ધન્ય પગલાં પ્રભુ તણાં જે પેખીરે મોહ્યું મુઝ મન કે । ભે૦ । ૧ન૮ । ધન્ય ધન્ય તે જગ જીવડા, જે રહે શત્રુંજય પાસ । અહો નિશ ઋષભ સેવા કરે વલી પૂજેરે મનને ઉલ્લાસ કે । ભે૦ । ૧૧૯ । આજ સખી મુજ આંગણેરે, સુરતરૂ ફલિયો સાર । ઋષભ જિનેસર વાંદીયો, હવે તરિયો રે ભવજલ નિધિ પાર કે । । ભે૦ । ૧૨૦ । શોલ અડત્રીશે આશો માસેં શુદિ તેરસ બુધ વાર । અહમ્મદાવાદ નયર માંહે, મેં ગાયોરે શત્રુંજય ઉધ્ધાર કે । ભે૦ । ૧૨૧ । વડ તપગછ ગુરુ ગછપતિ, શ્રી ધન્નરત્ન સૂરિંદ । તસ શિષ્ય તસ પટ જયકરુ, ગુરૂ ગછપતિ રે અમરરત્ન સૂરિંદકે । ભે૦ । ૧૨૨ । વિજયમાન તસ પટધરુરે, શ્રી દેવરત્નસૂરીશ । શ્રી ધનરત્ન સૂરીશના, શિષ્ય પંડિતરે ભાનુમેરુ ગણીશ કે । ભે૦ । ૧૨૩ । તસપદ ભ્રમર ભણેરે, નયસુંદર દે આશીષ । ત્રિભુવનનાયક સેવતાં, હવે પૂગીરે શ્રી સંઘજગીશ કે । ભે૦ । ૧૨૪ ।

**। કલશ ।**

ઇમ ત્રિજગ નાયક, મુકિત દાયક વિમલગિરિ, મંડણ ધણી । ઉધ્ધાર શત્રુંજય, સાર ગાયે થુણ્યો જિન ભકતેં ઘણી । ભાનુ મેરૂ પંડિત, શિષ્ય દોય કર જોડી કહે નયસુંદરો । પ્રભુ પાય સેવા નિત્ય કરેવા, દેહ દરિસન જય કરો । ૧૧૫ । ઇતિ ।

# જંબુ સ્વામીના ઢાળીયા.

જંબુ સ્વામી જોબન ઘરવાસજ મેલ્યાં. તીહાં કનકને કોડે માતાયે મોહજ મેલ્યા; તીહાં હોય ઉપવાસે માતા આંબેલ કરતા, તીહાં નવ માસ વાડા માતા ઉદર ધરીયાં । ૧ । તીહાં જનમીયારે જંબુ સ્વામી રૂડા, જંબુ સ્વામી રૂડાને એમના નામજ રૂડા; કુંવર પરભાતે ઉઠીને રૂડાં ચારિત્ર લેશે, કુંવર જન્મ કરતાં તુજને ધર્મજ વહાલું । ૨ । કુંવર એકવાર પરણોને વળી આઠજ નારી, કુંવર ઢોલ દદાના રૂડા વાજીંત્ર વાગે; કુંવર હાથે મીંઢળ કોટે વરમાળા રોપી । ૩ ।

## । ઢાલ બીજી ।

કુંવર કહે છે સુણો માતાજી, મારે નથી રે પરણવાની અભીલાસજી, મેં તો બાળપણથી વ્રત આદર્યો । ૧ । કુંવર એકવાર પરણાવું રૂપવંતીરે, કુંવર પરણીને પાય લગાડવાં; તો હું જાણું ઘરના સુખરે, રોતા રોતા માતાજી એમ કહે । ૨ ।

## । ઢાલ ત્રીજી ।

કુંવર કહે છે રે માજી જેમ હોય સાર, તેડાવો લગનીયા માજી, લગન જોવરાવો લાલ । કુંવર કહે છે । ૧ । લગનીયા જઇ વેવાઇને માંડવે ઉભા, નીત્ય નવા ગીત સુવાસણ ગાય લાલ । કુંવર કહે છે રે । ૨ । દરબારમાંથી લવજી વેગે પધાર્યા, લાગ્ન વાંચેને પીતાજી માથું ધુણાવે લાલ । કુંવર૦ । ૩ । કન્યાના બાપ લગનીયા આઘા મંગાવે, તેમ તેમ લગનીયાં કુંવરી ઓરેરા મંગાવે લાલ । તાત કહે છે કુંવરી જેમ હોય સાર । ૪ । પરણીને લેશે જંબુ સંજમ ભાર લાલ । તાત૦ ।

પછે ન કાઢશો કુંવરી વાંક અમારો લાલ । તાત૦ । રોતાં ન આવશો દીકરી ઘેર અમારે લાલ । તાત૦ । ૫ । ચતુર કન્યા તો આઠે ચેતીને બોલી લાંબીને ટુંકી પીતાજી વાત શું કહો છો લાલ । તાત૦ । ૬ । એકની રીત એવી આઠની પ્રીત. પરણીને આઠ કન્યા વેલમાં બેઠી લાલ । તાત૦ । ૭ । ચતુર કન્યા તો આઠે પરણી પધાર્યા, થાળ ભરીને સાસુએ મોતીડે વધાવ્યા લાલ । કુવર કહે રે માજી । ૮ । આઠે કન્યા તો લાવી મતાને સોંપી, અમે લઈશું હવે સંજમ ભાર લાલ । કુંવર૦ । ૯ । સાસુના પાય પડીને શું શું રે આપ્યું, સવા લાખ ચોનૈઢા સાસુયે ભંડારે નાખ્યા લાલ । કુંવર૦ । ૧૦ । સાસુના પાલવ સહીને શું શું રે આપ્યું, એકેકીને આપ્યા સાસુયે બાણુ બાણુ લાખ લાલ । કુંવર૦ । ૧૧ ।

## । ઢાલ ચોથી ।

સાસુ શીખ દે છે વવુવારૂ કરોરે સંતાપી, જેમ તેમ કરીને પીચુ પતરાવો, તો મત જાણું તમારીરે મારી વવુવારૂરે વસ કર વાલમ તારો । ૧ । પહેરો પીતાંબર અનુપમ સાડી ને સોળ સજો સણગાર જેમ તેમ કરતાં મહેલે પધારો જો રાખો ભરથાર રે । મા૦ । ૨ । કાંબી ને કલ્લાં ઝાંઝર પહેર્યાં, કાને ઝાલ ઝબુકે, રૂમઝુમ કરતા મહેલે પધાર્યાં બોલ ગરડવા લાગ્યોરે । મારી૦ । ૩ । આઠ મળીને આઠ બારીયે બેઠાં, વચમા વાલમ ઘેર્યા, મુખે વચન વાલા કાંઇ ન બોલ્યા, અમે ફોગટ ફર્યા છે ફેરારે । મારી૦ । ૪ । આઠે મળી ને વળી એમજ કહે છે, સુણો વાલમ મારી વાત । દુનીયા તમને ઠબકો દેસે, મુર્ખાઈમાં ગણાસોરે । મારી૦ । ૫ । આઠ મળીને વલી એમજ કહે છે વાલા સુણો અમારી વાત, નર ભમર ચતુરાઇ ન શીખ્યા શું રહ્યાં દીલ હેઠાંરે । મારી૦ ૧ ૬ ।

## । ઢાલ પાંચમી ।

અમે આઠે છે રમણી ને ગમણી, અમે આઠે જોબનવંતી, સ્હેજે થુંક પડે વાલા તમને ત્યારે લોહી તપેરે વાલા અમને । ૧ । નહી મારે જેઠ નહી દીયર નગીનો, તમ વીના વાલા સંસાર સૂનો । તમ ઉપર મારે આસોને વાસો, તુમ વીના મારો સંસાર સુનો । ૨ । જો આવ્યા હોય જમનારે તેડા, તે વાલા અમથી નહીરે ઉપાય । દીક્ષા લેવાની જે વાત વદો છો, તે વાલા અમથી સહન ન થાય । જો એક પુત્ર થશે વહાલા અમને, તો પણ શીખજ દઈશું તમને । ૩ ।

## । ઢાલ છઠી ।

આટલું કહેતાં વહાલા નવી બોલ્યારે, હૈયું કઠણ કઠોર સુણો મુજ વાતડીરે. મેં જાણ્યું અથીર સંસાર. । ૧ । કઠણ સાસુજી કઠણ છોરે. કઠણ તમારીરે કુંખ । સુણો૦ । કઠણ નણદી કઠણ છોરે, તારે વીરે દીધા દુઃખ । સુ૦ । ૨ । એવું સુણી જંબુ એમ ભણ્યારે. સુણો એક કામણગારી નાર. સુણો એક કામનીરે. આ સંસાર છે અસાર । ૩ । તુમ ચતુરાઈ છે અતી ઘણીરે. મારૂં મોત દિવસ કે રાત. સુણો એક કામનીરે। અમ ચતુરાઇ નહી એહ તણીરે, તેની અમને શી ખબર, સુણો મુજ વાતડીરે મેં જાણ્યું અથીર સંસાર । ૪ । એવી કોલાહલ થઇ રહી રે ત્યાં તો આવ્યા પાંચસે ચોર । સુણો૦ । ધનના તે બાંધ્યા ગાંસડારે, ઉપર પ્રભવો છે એક ચોર । । સુણો૦ । ૫ । કાલે જંબુ સ્વામી પરણીયારે, પરભાતે લેસે સંજમ ભાર । સુણો૦ । ઘરનો તે ધણી તજી ગયારે, પરધન લઈને શું કરીશ । સુણો૦ । ૬ । ધનના તે ગાંસડા પાછા મેલ્યા રે, પાંચસોને ઉપન્યો વૈરાગ । સુણો૦ । ત્યાંથી

જંબુસ્વામી ઉઠીયા રે, રજા આપો આઠે નાર । સુણો એક કામની રે, આ સંસાર છે અસાર । આઠે સ્ત્રીઓ મુર્છા ખાઇ રે, પડી ધરતી ધર હેઠ, સુણો એક વાતડી રે, આ સંસાર છે અસાર । એકેકીને ઉભી કરી રે, આવીશું તમારી રે સાથ, રહો રહો વાલમા રે, આ સંસાર છે અસાર । ૮ । ત્યાંથી જંબુસ્વામી ચાલીયારે, આવ્યા માત પિતાની પાસ । સુણો એક માવડીરે । આ સંસાર છે અસાર । માતા પીતાને પાયે નમ્યા રે અમે લઇશું સંજમ ભાર । સુણો એક માવડીરે, આ સંસાર છે અસાર । ૯ ।

## । ઢાલ સાતમી ।

ઉઠી પ્રભાતના પોરમાં, આવ્યા સુધર્માસ્વામી પાસ. ધન ધન ધન જબુસ્વામીને, લીધો છે સંજમ ભાર । ધન૦ । ૧ । સાસુ સસરાને જંબુયે બુઝવ્યાં, બુઝવ્યા માયને બાપ । ધન૦ । પાંચસે ચોરને જંબુયે બુઝવ્યા, બુઝવી આઠે હો નાર । ધન૦ । । ૨ । પાંચસો સતાવીસ જંબુયે બુઝવ્યા, બુઝવ્યો પ્રભવો ચોર । ધન૦ । કર્મ ખપાવી કેવલ પામીયા, પોચ્યા છે મુકિત મોઝાર । ધન૦ । ૩ । હીરવીજય ગુરૂ હીરલો, તજી છે આઠે હો નાર । ધન૦ । એવું સુણીને જે કોઇ નરનારી, પાળશે શીયલ વ્રત સાર । ધન૦ । ૪ ।

## અથ શ્રી માહાવીર સ્વામીનું પારણું પ્રારંભ.

માતા ત્રિશલાયેં પુત્ર રત્ન જાઇઓ, ચોસઠ ઇંદ્રનાં આસન કંપે સાર । અવધિજ્ઞાનેં જોઇ ધાયો શ્રીજિન વીરને,

આવે ક્ષત્રિયકુંડ નયર મોઝાર । માતા૦ । ૧ । વીર પ્રતિબિંબ મૂકી માતાકને, અવસ્વાપિની નિંદ્રા દીએ સાર । એમ મેરૂ શિખરેં જિનને લાવે ભક્તિશું, હરિ પંચરૂપ કરી મનોહર । । માતા૦ । ૨ । એમ અસંખ્ય કોટાકોટી મલી દેવતા, પ્રભુને ઓચ્છવ મંડાણેં લઇ જાય । પાંડુક વન શિલાયેં જિનને લાવે ભકિતશું, હરિ અંગે થાપે ઈંદ્રિ ઘણું ઉચ્છાય । માતા૦ । ૩ । એક કોડી શાઠ લાખ કલશેં કરી, વીરનો સનાત્ર મહોચ્છવ કરે સાર । અનુક્રમેં વીર કુમારને લાવે જનની મંદિરેં, દાસી પ્રિયવંદા જાએ તેણી વાર । માતા૦ । ૪ । રાજા સિદ્ધારથને દીધી વધામણી, દાસીને દાનને માન દિએ મનોહાર । ક્ષત્રી કુંડમાંહે ઓચ્છવ મંડાવિઓ, પ્રજા લોકને હરખ અપાર । । માતા૦ । ૫ । ઘર ઘર શ્રીફલ તોરણ ત્રાટજ બાંધિઆં, ગોરી ગાવે મંગલ ગીત રસાલ । રાજા સિદ્ધારથે જન્મ મહોત્સવ કર્યો, માતા ત્રિશલા થઇ ઉજમાલ । માતા૦ । ૬ । માતા ત્રિશલા ઝૂલાવે પુત્ર પારણે, ઝુલે લાડકડા પ્રભુજી આનંદ ભેર । હરખી નિરખિને ઇંદ્રાણીયોં જાએ વારણેં, આજ આનંદ શ્રીવીરકુમરને ઘેર । માતા૦ । ૭ । વીરના મુખડા ઉપર વારૂ કોટી ચંદ્રમા, પંકજ લોચન સુંદર વિશાલ કપોલ । શુક ચંચૂ સરખી દીસે નિર્મલ નાસિકા, કોમલ અધર અરૂણ રંગ રોલ । માતા૦ । ૮ । ઓષધિ સોવન મઢીરે શોભે હાલરે નાજુક આભરણ સઘલાં કંચન મોતીહાર । કર અંગુઠો ધાવે વીરકુમર હર્ષેં કરી કાંઈ બોલાવતાં કરે કિલકાર । માતા૦ । ૯ । વીરને નિલાડે કીધો છે કુંકુમ ચાંદલો. શોભે જડિત મરકત મણિમાં દીસે લાલ । ત્રિશલાયેં જુગતેં આંજી અણિયાલી બેહુ આંખડી, સુંદર કસ્તૂરીનું ટબકું કીધું ગાલ । માતા૦ । ૧૦ । કંચન શોલે જાતનાં રત્ને જડીયું પારણું, ઝુલાવતી વેલા થાએ ઘુઘરનો ઝંમકાર । ત્રિશલા વિવિધ વચને હરખી ગાએ હાલરૂં, ખેંચે

કુમતિઆલી કંચન દોરી સાર । માતા૦ । ૧૧ । મારો લાડકવાયો સરખા સંગે રમવા જશે, મનોહર સુખડલી હું આપીશ એહને હાથ । ભોજન વેલા રમઝમ રમઝમ કરતો આવશે, હું તો ધાઇને ભીડાવીશ હૃદયા સાથ । માતા૦ । ૧૨ । હંસ કારંડવ કોકિલ પોપટ પારેવડાં, માંહી બપ્પૈયાને સારસ ચકોર । મેનાં મોર મેલ્યાં છે રમકડાં રમવા તણાં, ઘમ ઘમ ઘુઘરા બજાવે ત્રિશલા કિશોર । માતા૦ । ૧૩ । મારો વીરકુમર નિશાલેં ભણવા જાયશે, સાથેં સજ્જૅન કુટુંબ પરિવાર । હાથી રથ ઘોડા પાલાયેં ભલું શોભતું, કરી નિશાલ ગરણું અતિ મનોહાર । માતા૦ । ૧૪ । મારા વીર સમાણી કન્યા સારી લાવશું, મારા કુમરને પરણાવીશ મોહોટે ઘેર । મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે, મારો વીર કરશે સદાય લીલા લહેર । માતા૦ । ૧૫ । માતા ત્રિશલા ગાવે વીર કુમરનું હાલરૂં, મારો નંદન જીવજો કોડી વરસ । એ તો રાજરાજેસર થાશે ભલો દીપતો, મારા મનના મનોરથ પૂરશે જગીશ । । લાતા૦ । ૧૬ । ધન્ય ધન્ય ક્ષત્રીકુંડ ગામ મનોહરૂ, જિહાં વીર કુમારનો જનમ ગવાય । રાજા સિદ્ધારથના કુલમાંહે દિનમણી, ધન્ય ધન્ય ત્રિશલા રાણી જેહની માય । માતા૦ । । ૧૭ । એમ સૈયર ટોલી ભોલી ગાવે હાલરૂં, થાશે મનના મનોરથ તેહને ઘેર । અનુક્રમેં મહોદય પદવી રુપવિજય પદ પામશે, ગાએ અમિય વિજય કહે થાશે લીલા લહેર । । માતા૦ । ૧૮ ।

। ઇતિ વીરકુમરનું પાલણું સમાપ્ત ।

# અથ શ્રી માહાવીર સ્વામીનું હાલરિઉ પ્રારંભ.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત । સોના રૂપાને વલી રત્નેં જડિઉં પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત । હાલો હાલો હાલો હાલો મારા નંદને । ૧ । જિનની પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરેં, હોશે ચોવીશમો તીર્થંકર જિન પરમાણ । કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભલી, સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ । હા૦ । ૨ । ચૌદે સ્વપનેં હોવે ચક્રી કે જિનરાજ, વીતા બારે ચક્રી નહિં હવે ચક્રી રાજ, જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચનેં જાણ્યા ચોવીશમા જિનરાજ, મારી કુખેં આવ્યા તારણ તરણ ઝિહાજ, મારી કુખેં આવ્યા ત્રણ્ય ભુવન શિર તાજ, મારી કુખેં આવ્યા સંઘ તીરથની લાજ, હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ । હા૦ । ૩ । મુઝને દોહોલો ઉપન્યો જે બેસું ગજ અંબાડીયેં, સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય । એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય । હા૦ । ૪ । કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ । નંદન જમણી જંગે લંછન સિંહ બિરાજતો, મેં તો પહેલે સુપને દીઠો વિશવા વીશ । હા૦ । ૫ । નંદન નવલા બંધવ નંદીવર્દ્ધનના તમે, નંદન ભોજાઇયોના દેયર છો સુકુમાલ । હસશે ભોજાઇઓ કહી દીયર માહરા લાડકા, હસશે રમશે ને વલી ચુંટી ખણશે ગાલ, હશશે રમશે ને વલી ઠુંસા દેશે ગાલ । હા૦ । ૬ । નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલા પાંચશેં મામીના ભાણેજ છો, નંદન મામલીઆના ભાણેજા સુકુમાલ । હસશે હાથે ઉચ્છાલી કહીને

નાહના ભાણેજા, આંખ્યો આંજીને વલી ટબકું કરશે ગાલ ।
। હાo । ૭ । નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીઆં ઝાલર મોતી કશબી કોર । નીલાં પીલાં ને વલી
રાતાં સરવે જાતિનાં, પહેરાવશે મામી મારા નંદ કિશોર ।
। હાo । ૮ । નંદન મામા મામી સૂખડલી સહુ લાવશે, નંદન
ગજુવે ભરશે લાડુ મોતીચુર । નંદન મુખડાં જોઇને લેશે
મામી ભામણાં, નંદન મામી કેહેશે જીવો સુખ ભરપૂર । હાo ।
। ૯ । નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજીને
બેન તમારી નંદ । તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે,
તુમને જોઇ જોઇ હોશે અધિકો પરમાનંદ । હાo । ૧૦ ।
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વલી સૂડા મેનાં
પોપટને ગજરાજ । સારસ હંસ કોયલ તીત્તરને વલી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ । હાo । ૧૧ । છપ્પન
કુમરી અમરી જલકલશેં નવરાવીઆ, નંદન તમને અમને
કેલીઘરની માંહે । ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને મંડલેં,
બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહે । હાo । ૧૨ ।
તમને મેરૂ ગિરિપર સુરપતિયેં નવરાવિઆ, નિરખી નિરખી
હરખી સુકૃત લાભ કમાય । મુખડા ઉપર વારૂં કોટી કોટી
ચંદ્રમા, વલી તનપર વારૂં ગ્રહ ગણનો સમુદાય । હાo । ૧૩ ।
નંદન નવલા ભણવા નીશાલેં પણ મૂકશું, ગજપર અંબાડી
બેસાડી મોહોટે સાજ । પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગર-
વેલશું, સૂખડલી લેશું નીશાલીઆને કાજ । હાo । ૧૪ ।
નંદન નવલા મોહોટા થાશોને પરણાવશું, વહૂવર સરખી જોડી
લાવશું રાજકુમાર । સરખા વેવાઇ વેવાણુંને પધરાવશું, વરવહૂ
પોંખી લેશું જોઇ જોઇને દેદાર । હાo । ૧૫ । પીઅર સાસર
મારા બેહુ પક્ષ નંદન ઉજલા, માહારી કુખેં આવ્યા તાત

પનોતા નંદ । માહારે આંગણ વુઠા અમૃત દૂધે મેહુલા, માહારે આંગણ ફલિઆ સુરતરૂ સુખના કંદ । હા૦ । ૧૬ । ઇણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું. જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ । બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ । હા૦ । ૧૭ । ઇતિ ।

## શ્રી નેમિનાથજીના સલોકો.

સરસતી માતા તુમ પાય લાગી, દેવ ગુરૂતણી આજ્ઞા માગી । જિવ્હા અગ્રે તું બેસજે આઈ, વાણી તણી તું કરજે સવાઇ । ૧ । આઘો પાછો કોઇ અક્ષર થાવે, માફ કરજો દોષ કાંઇ નાવે । તગણ સગણ ને જગણના ઠાઠ, તે આદે દઇ ગણ છે આઠ । ૨ । કીયા સારા ને કીયા નિષેધ, તેનો ન જાણું ઉંડાર્થ ભેદ । કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસતી । ૩ । નેમજી કેરો કહું સલોકો, એક ચિત્તેથી સાંભળજો લોકો । રાણી શિવાદેવી સમુદ્ર રાજા, તસકુળ આવ્યા કરવા દીવાજા । ૪ । ગર્ભે કાર્તિક વદિ બારસે રહ્યા, નવ માસ વળી આઠ દિન થયા । પ્રભુજી જન્મ્યાની તારીખ જાણું, શ્રાવણ શુદ પાંચમ ચિત્રા વખાણું । ૫ । જનમ્યા તણી તો નોબત વાગી, માતા-પિતાને કીધાં વડભાગી । તરિયા તોરણ બાંધ્યાં છે બાર, ભરી મુક્તાફળ વધાવે નાર । ૬ । અનુક્રમે પ્રભુજી મહોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય । સરખે સરખા છે સંગાતે છોરા, લટકે બહુ મુલા કલગી તોરા । ૭ । રમત કરતાં જાય છે તિહાં, દીઠી આયુધશાળા છે જિહાં । નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આ તે શું છે રે કહોને વાત । ૮ । ત્યારે સરવે સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર

સુજાણ । તમારો ભાઇ કૃષ્ણજી કહિયે, તેને બાંધવા આયુધ જોઇએ । ૯ । શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવા ઘાલે ન હામ । એહવો બીજો કોઇ બળીયો જો થાય, આવા આયુધ તેણે બંધાય । ૧૦ । નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે શું મ્હોટું છે કામ । એવું કહીને શંખજ લીધો, પોતે વગાડી નાદજ કીધો । ૧૧ । તે ટાણે થયો મોહોટો ડમડોલ, સાયરનાં નીર ચઢયાં કલ્લોલ। પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી । ૧૨ । ઝબકી નારીઓ નવલાગી વાર, તુટયા નવસરા મોતીના હાર । ધરા ધ્રુજે ને મેઘ ગડગડીયો । મહોટી ઇમારતો તુટીને પડીયો । ૧૩ । સહુનાં કાળજાં ફરવાને લાગ્યાં, સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યાં । કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઇ શો થયો આ તે ઉત્પાત । ૧૪ । શંખનાદ તો બીજે નવ થાય, એહવો બળિયો તે કોણ કહેવાય । કાઢો ખબર આ તે શું થયું, ભાંગ્યું નગર કે કોઇ ઉગરીયું । ૧૫ । તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઈ, એ તો તમારો નેમજી ભાઇ । કૃષ્ણ પૂછે છે નેમને વાત ભાઈ શો કીધો આ તે ઉત્પાત । ૧૬ । નેમજી કહે સાંભળો હરિ મેં તો અમસ્તી રમત કરી । અતુલીબળ દીઠું નાનુડે વેષે, કૃષ્ણજી જાણે એ રાજને લેશે । ૧૭ । ત્યારે વિચાર્યું દેવ મોરારિ, એને પરણાવું સુંદરી નારી । ત્યારે બળ એનું ઓછું જો થાય, તો તો આપણે અહીં રહેવાય । ૧૮ । એવો વિચાર મનમાં આણી તેડયાં લક્ષ્મીજી આદે પટરાણી । જળક્રીડા કરવા તમે સહુ જાઓ, નેમને તમે વિવાહ મનાવો ।૧૯। ચાલી પટરાણી સરવે સાથે ચાલો દેવરીયા નાવાને કાજે । જળક્રીડા કરતાં બોલ્યાં રૂકમણી, દેવરીયા પરણો છબીલી રાણી । ૨૦ । વાંઢા નવિ રહીયે દેવર નગીના, લાવો દેરાણી રંગના ભીના । નારી

વિનાનું દુઃખ છે ઘણું, કોણ રાખશે બાર ઉઘાડું । ૨૧ । પરણ્યા વિના તો કેમજ ચાલે, કરી લટકો ઘરમાં કોણ માલે । ચૂલો ફુંકશો પાણીને ગળશો, વેમાં મોડાં તો ભોજન કરશો । ૨૨ । બારણે જાશો અટકાવી તાળું, આવી અસુરા કરશોજ વાળુ । દીવા બત્તીને કોણુજ કરશે, લીપ્યા વિના તો ઉકેડા વળશે । ૨૩ । વાસણ ઉપર તો નહીં આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ । પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો । ૨૪ । મનની વાતો તો કોણુને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે । પરોણા આવીને પાછા જો જાશે, દેશ વિદેશે વાતો બહુ થાશે । ૨૫ । મોહોટાના છોરૂ નાનેથી વરીયા, મારૂં કહ્યું તો માનો દેવરિયા । ત્યારે સતભામા બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમ ચતુર સુજાણ । ૨૬ । ભાભીનો ભરૂસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે । પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તો તમને કરશે । ૨૭ । ઉંચા મન ભાભી કેરાં કેમ સહેશો, સુખ દુઃખની વાત કોણ આગળ કહેશો । માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિં આપું નાવાને પાણી । ૨૮ । વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગા વહાલામાં હલકાંજ થઇએ । પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે । ૨૯ । ગણેશ વધાવા કોને મોકલશો, તમો જાશો તો શી રીતે કરશો । દેરાણી કેરો પાડ જાણીશું, છોરૂં થાશે તો વીવા માણીશું । ૩૦ । માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો । ત્યારે રાધિકા આઘેરાં આવી, બોલ્યા વચન ને મોઢું મલકાવી । ૩૧ । શી શી વાતોરે કરો છો સખી, નારી પરણવી રમત નથી । કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા જોઇએ ઝાઝેરા દામ । ૩૨ । ઝાંઝર નેપુર ને ઝીણિ વરમાળા, અણઘટ વીંછીઆ

ઘાટે રૂપાળા । પગપાને ઝાઝી ઘુઘરિઓ જોઇએ, મહોટે સાંકળે ઘુઘરા જોઇએ । ૩૩ । સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા અંગુઠી આરિસા ઠાઠ । ઘુઘરી પોંહોચીને વાંક સોનેરી, ચંદન-ચુડીની શોભા ભરેલી । ૩૪ કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુમુલા નંગ ભલેરા । તુલશી પાટીયાં જડાવ જોઇએ, કાળી ગાંઠીથી મનડું મોહિએ । ૩૫ । કાંઠલી સોહિયે ઘુઘરિયાળી, મનડું લોભાયે ઝુમણું ભાળી । નવસેરો હાર મોતીની માળા, કાને એરીંગ સોનેરી માળા । ૩૬ । મચકણિયાં જોઇએ મુલ ઝાઝાનાં, ઝીણાં મોતી પણ પાણી તાજાનાં । લીલાવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મુલની ભારી । ચીર ચુંદડી ઘરચોળાં સાડી, પીલી પટોલી માગશે દાહાડી । ૩૭ । બાંટ ચુંદડીઓ કસબી સોહિએ, દશરા દીવાળી પેહેરવા જોઇએ । મોંઘા મુલના કમખા કહેવાય, એવડું નેમથી પૂરૂં કેમ થાય । । ૩૮ । માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પૂરૂં શી રીતે થાય । ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દિયરના મનની વાતો મેં જાણી । ૩૯ । તમારૂં વચણ માથે ધરિશું, બેહુનું પુરૂં અમો કરીશું । માટે પરણોને અનોપમ નારી, તમારો ભાઈ દેવ મોરારી । ૪૦ । બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાડ ચડશે ન તેહને । માટે હૃદયથી ફીકર ટાળો. કાકાજી કેરૂં ઘર અજવાળો । ૪૧ । એવું સાંભળી નેમ ત્યાં હસિયા ભાભીના બોલ હૃદયમાં વસિયા । ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઈ । ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી । ૪૨ । નેમજી કેરો વિવાહ ત્યાં કીધો. શુભ લગ્નનો દિવસ લીધો । મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય, નેમને નિત્ય ફુલેકાં થાય । ૪૩ । પીઠી ચોળે ને માનની ગાય, ધવલ મંગળ અતિ વરતાય । તરિયા તોરણ બાંધ્યા છે બહાર,

મળી ગાય છે સોહાગણ નાર । ૪૪ । જાન સજાઇ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ મોરારી । વહુવારૂ વાતો કરે છે છાને, નહિ રહિયે ઘેર ને જઇશું જાને । ૪૫ । છપ્પન કરોડ જાદવનો સાથ, ભેલા કૃષ્ણ ને બલભદ્ર ભ્રાત । ચડિયા ઘોડલે મ્યાના અસવાર, સુખલાલ કેરો લાધે નહિ પાર । ૪૬ । ઘોડવેલ ચારઠો બગીઓ બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યા ધોરી । બેઠા જાદવ તે વેઢવાંકડીયા, સોવન મુગટ હીરલે જડિયા । ૪૭ । કડાં પોંચીયો બાજુબંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે રસીયા । છપ્પન કોટી તો બરોબરીયા જાણું, બીજા જાનૈયા કેટલા વખાણું । ૪૮ । જાનડીઓ શોભે બાલુડે વેષે, વિવેક મોતી પરોવે કેશે । સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે । ૪૯ । લીલાવટ ટીલી દામણી ચળકે, જેમ વિજળી વદળે સળકે । ચંદ્રવદની મૃગા જો નેણી સિંહલંકી જેહની નાગસી વેણી । ૫૦ । રથમાં બેસીને બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે । એમ અનુક્રમે નાર છે ઝાઝી, ગાય ગીત ને થાય છે રાજી । ૫૧ । કોઈ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરખો પામી ભરથાર । કોઇ કહે પુણ્ય નેમનું ભારી તે થકી મળિયા રાજુલ નારી । ૫૨ । એમ અન્યોન્ય વાદ વદે છે, મહોઢાં મલકાવી વાતો કરે છે । કોઈ કહે અમે જઇશું વહેલી, બળદને ઘી પાઇશું પહેલી । ૫૩ । કોઇ કહે અમારા ભળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારિ । એવી વાતોના ગપોડા ચાલે, પોતે પોતાના મગનમાં મહાલે । ૫૪ । બહોંતેર કળાને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણગાર । પહેર્યાં પીતાંબર ઝરકસી જામા, પાસે ઉભા છે વરના મામા । ૫૫ । માથે મુગટ તે હીરલે જડિયો, બહુ મૂલો છે કસબીનો ઘડિયો । ભારે કુંડલ બહુમૂલાં મોતી, શહેરની નારી નેમને

જોતી । ૫૬ । કંઠે નવસરો મોતીનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર । દશે આંગળીયે વેઢ ને વીંટી, ઝીણી દીસે છે સોનેરી લીંટી । ૫૭ । હીરા બહુ જડિયા પાણીના તાજા, કડાં સાંકળાં પહેરે વરરાજા । મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલકી ચળકે । ૫૮ । રાધાએ આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી । કુંમકુંમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે । ૫૯ । પાન સોપારી શ્રીફલ જોડે, ભરી પસને ચડિયા વરઘોડે । ચડી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારી મોતીયે વધાવે । ૬૦ । વાજા વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય । ધુંસળ મુસળને રવઇયો લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા । ૬૧ । દેવ વિમાને જુવે છે ચડી, નેમ નહિં પરણે જાશે આ ઘડી । એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ । ૬૨ । તમો પરણશો ચતુર સુજાણ, પરભાતે જાશે પશુઓના પ્રાણ । માટે દયાળુ દયા મન દાખો, આજ અમોને જીવતાં રાખો । ૬૩ । આવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યાં પશુઓ નેમ દયાળ । પાછા તો ફરીયા પરણ્યાજ નહીં, કુંવારી કન્યા રાજુલ રહી । ૬૪ । રાજુલ કહે છે સીધ્યાં ન કાજ, દુશ્મન થયાં પશુડાં આજ । સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં ઓળંભો દે છે । ૬૫ । ચંદ્રમાને તેં લંછન લગાડયું, સીતાનું હરણ તેંજ કરાવ્યું । મહારી વેળા તો કયાં થકી જાગી, નજર આગળથી જાને તું ભાગી । ૬૬ । કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો ન જાણી । આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવે કુંવારી મેલી । ૬૭ । એવું નવ કરિએ નેમ નગીના જાણું છું મન રંગના ભીના । તમારા ભાઇએ રણમાં રઝળાવી, તે તો નારી એ ઠેકાણે નાવી । ૬૮ । તમો કુળતણો

રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો । વરઘોડે ચઢી મોટો જશ લીધો, પાછા ફરીને ફજેતો કીધો । ૬૯ । આંખો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચડતાં શરમ કેમ નાવી । મહોટે ઉપાડે જાન જોડાવી, ભાભીઓ પાસે ગાણા ગવરાવી । ૭૦ । એલા ઠાઠથી સર્વેને વાવ્યા, સ્ત્રી પુરૂષને ભુલા ભમાવ્યા, ચાનક લાગે તો પાછેરા વળજો, શુભ કારજ અમારૂં કરજો । । ૭૧ । પાછા ન વળીયા એકજ ધ્યાન, દેવા માંડયું તિહાં વરસીદાન । દન દઈને વિચાર કીધો, શ્રાવણ શુદ છઠ્ઠનો મુહુરત લીધો । ૭૨ । દીક્ષા લીધી ત્યાં નવ લાગી વાર, સાથે મુનિવર એક હજાર । ગિરનારે જઈને કારજ કીધું, પંચાવન દહાડે કેવળ લીધું । ૭૩ । પામ્યા વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં ચાંગણું પાણી, નેમને જઇ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં માગી । ૭૪ । આપો કેવળ તમારી કહાવું, હું તો શોકને જોવાને જાવું । દીક્ષા લઈને કારજ સીધ્યું, ઝટપટ પોતે કેવળ લીધું । ૭૫ । મલ્યું અખંડ એવું તે રાજ, ગયાં શિવસુંદરી જોવાને કાજ । શુદની આઠમ અષાડ ધારી, નેમજી વરિયા શિવવધુ નારી । ૭૬ । નેમ રાજુલની અખંડ ગતિ, વરણન કેમ થાય મારિજ મતિ । યથારથ કહું બુદ્ધિ પ્રમાણે એઉનાં સુખ તો કેવલી જાણે । ૭૭ । ગાશે ભણશે ને જે કોઇ સાંભળશે, તેનાં મનોરથ પુરાં એ કરશે । સિદ્ધનું ધ્યાન હૃદે જે ધરશે, તે તો શિવવધુ નિશ્ચય વરશે । ૭૮ । સંવત ઓગણીશ શ્રાવણ માશ, વદની પાંચમનો દિવસ ખાસ । વાર શુક્રનું ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું મારૂં । ૭૯ । ગામ ગાગડના રાજા રામસિંગ, કીધો સલોકો મનને ઉછરંગ । મહાજનના ભાવ થકી મેં કીધો, વાંચી સલોકો સારો જશ લીધો । ૮૦ । દેશ ગુજરાત રહેવાશી જાણો વીશા શ્રીમાળી

નાત પ્રમાણો । પ્રભુની કૃપાથી નવનિધિ થાય, એહુ કર જોડી સુરશશિ ગાય । ૮૧ । નામે દેવચંદ સુરશશિ કહિયે, એહુનો અર્થ એકજ લહીયે । દેવ સૂર્ય ને ચંદ્ર છે શશિ, વિશેષ વાણી હૃદયમાં વશી । ૮૨ ।

॥ નેમિનાથનો સલોકો સંપૂર્ણ ॥

## શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન.

### । દુહા ।

સકલ સિદ્ધિ દાયક સદા, ચોવીશે જિનરાય । સહગુરૂ સામિની સરસતી, પ્રેમે પ્રણમું પાય । ૧ । ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણ ગંભીર । શાસન નાયક જગ જયો, વર્ધમાન વડ વીર । ૨ । એક દિન વીર જિણંદને ચરણે કરી પ્રણામ । ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામી । ૩ । મુક્તિ માર્ગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત । સુધા સરસ તવ વચન રસ ભાખે શ્રી ભગયંત । ૪ । અતિચાર આલોઇએ, વ્રત ધરીએ ગુરૂ સાખ । જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ । ૫ । વિધિશું વળી વોસરાવીએ, પાપસ્થાનક અઢાર । ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિતાચાર । ૬ । શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ । અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ । ૭ । શુભ ગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર । ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર । ૮ ।

## । ઢાલ ૧ લી । એ છિંડી કીહાં રાખી—એ દેશી ।

જ્ઞાન દરિસણ ચાંરિત્ર તપ વીરજ, એ પાંચે આચાર । એહ તણા ઇહિ ભવ પરભવના, આલોઇએ અતિચાર રે । પ્રાણી! જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વદે એમ વાણીરે । પ્રા૦ । ૧ । એ આંકણી । ગુરૂ ઓલવીએ નહિ ગુરૂ વિનયે । કાલે ધરી બહુ માન, સૂત્ર અર્થ તદુભય કરી સૂધા । ભણીએ વહી ઉપધાનરે । પ્રા૦ । ૨ । જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકરવાળી । તેહ તણી કીધી આશાતના । જ્ઞાન ભક્તિ ન સંભાળીરે । પ્રા૦ । ૩ । ઇત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ । આ ભવ પરભવ વળી રે ભવો ભવ, મિચ્છા દુક્કડ તેહરે । પ્રા૦ । ૪ । સમકિત લ્યો શુદ્ધ જાણી । વીર વદે એમ વાણીરે । પ્રા૦ । સ૦ । જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ । સાધુતણી નિંદા પરિહરજો । ફળ સંદેહ મ રાખ રે । પ્રા૦ । સ૦ । ૫ । મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ । સામીને ધરમે કરી થીરતા, ભક્તિ પ્રભાવના કરીએરે । પ્રા૦ । સ૦ । ૬ । સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો । દ્રવ્ય દેવકો જે વિણસાડયો । વિણસંતો ઉવેખ્યોરે । પ્રા૦ । સ૦ । ૭ । ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ । આભવ૦ । મિચ્છા૦ । પ્રા૦ । । ૮ । ચારિત્ર લ્યો ચિત્ત આણી, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી । આઠે પ્રવચન માય, સાધુતણે ધરમે પરમાદે । અશુદ્ધ વચન મન કાય રે । પ્રા૦ । ચા૦ । ૯ । શ્રાવકને ધરમે સામાયક । પોસહમાં મન વાળી । જે જયણાપૂર્વક એ આઠે । પ્રવચન માય ન પાળી રે । પ્રા૦ । ચા૦ । ૧૦ । ઇત્યાદિક વિપરીતપણાથી । ચારિત્ર ડોળ્યું જેહ । આભવ૦ । મિચ્છા૦ । । પ્રા૦ । ચા૦ । ૧૧ । બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે

નિજ શકતે । ધર્મેં મન વચ કાયા વિરજ । નવિ ફોરવીઉં ભગતેરે । પ્રા૦ । ચા૦ । ૧૨ । તપ વિરજ આચારે એણીપરે । વિવિધ વિરાધ્યાં જેહ । આભવ૦ ! મિ૦ । પ્રા૦ । ચા૦ । ૧૩ । વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ । વીર જિનેશર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇએરે । પ્રા૦ । ચા૦ । ૧૪ ।

## । ઢાલ ૨ જી । પામી સુગુરૂ પસાય । એ દેશી ।

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ । એ પાંચે થાવર કહ્યાં એ । ૧ । કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં । કુવા તળાવ ખણાવીયાએ । ૨ । ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરાં । મેડી માળ ચણાવીઆએ । ૩ । લીંપણ ગુંપણ કાજ, એણીપરે પરપરે । પૃથ્વીકાય વિરાધીયાએ । ૪ । ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય । છોતિ ધોતિ કરી દુહવ્યાએ । ૫ । ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા । ભાડભુંજા લિહાળાગરાએ । ૬ । તાપણ શેકણ કાજ. વસ્ત્ર નિખારણ । રંગણ રાંધણ રસવતીએ । ૭ । એણી પરે કર્માદાન, પરે પરે કેળવી । તેઉ વાયુ વિરાધીયાએ । ૮ । વાડી વન આરામ, વાવિ વનસ્પતિ । પાન ફુલ ફળ ચુંટીયાંએ । ૯ । પોંક પાપડી શાક, શેકયાં સૂકવ્યાં । છેદ્યા છુદ્યાં આથીઆંએ । ૧૦ । અળશી ને એરંડા, ઘાણી ઘાલીને । ઘણા તિલાદિક પીલીયાએ । ૧૧ । ઘાલી કોલુ માંહે, પીલી શેલડી । કંદમૂળ ફળ વેચીયાંએ । ૧૨ । એમ એકેંદ્રી જીવ, હણ્યા હણાવીયા । હણતાં જે અનુમોદિયાએ । ૧૩ । આ ભવ પરભવ જેહ વળીય ભવોભવે । તે મુજ મિચ્છા દુક્કડં એ । ૧૪ । ક્રમી સરમીયા કીડા ગાડર ગંડોલા । ઇળ પૂરા અલશીયાંએ । ૧૫ । વાળા જળો ચુડેલ, વિચલીત રસ તણા । વળી અથાણાં પ્રમુખ તણાએ । ૧૬ । એમ બેઇંદ્રી

જીવ, જે મેં દુહવ્યા । તે મુજ મિચ્છા દુક્કડં એ । ૧૭ ઉધેહી જુ લીખ, માંકડ મંકોડા । ચાંચડ કીડી કુંથુઆએ । ૧૮। ગધ્ધૈયા ઘીમેલ કાનખજુરીયા । ગીંગોડા ધનેરીયાંએ । ૧૯ । એમ તેઇંદ્રી જીવ, જે મેં દુહવ્યા । તે મુજ મિચ્છા દુક્કડં એ । ૨૦ । માખી મચ્છર ડાંશ, મસા પતંગીયાં । કંસારી કોલિયાવડાએ । ૨૧ । ઢીંકણ વિંછુ તીડ, ભમરા ભમરીયો । કોતાં બગ ખડમાકડીએ । ૨૨ । એમ ચૌરિંદ્રી જીવ, જે મેં દુહવ્યા । તે મુજ મિચ્છા દુક્કડં એ । ૨૩ । જળમાં નાખી જાળરે, જળચર દુહવ્યા । વનમાં મૃગ સંતાપીયાએ । ૨૪ । પીડયા પંખી જીવ, પાડી પાસમાં । પોપટ ઘાલ્યા પાંજરેએ । । ૨૫ । એમ પંચેંદ્રી જીવ, જે મેં દુહવ્યા તે મુજ મિચ્છા દુક્કડં એ । ૨૬ ।

**। ઢાલ ૩ । વાણી વાણી હિતકારીજી । એ દેશી ।**

ક્રોધ લોભ ભય હાસ્યથીજી । બોલ્યા વચન અસત્ય । કૂડ કરી ધન પારકાંજી । લીધાં જેહ અદત્તરે । જિનજી મિચ્છામિ દુક્કડં આજ । તુમ સાખે મહારાજરે । જિનજી । દેઈ સારૂં કાજરે । જિનજી । મિચ્છાદુક્કડં આજ । ૧ । એ આંકણી । દેવ મનુજ તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ । વિષયારસ લંપટ પણેજી, ઘણું વિડંબ્યો દેહરે । જિનજી૦ । ૨ । પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ । જે જીહાં તે તીહાં રહ્યુંજી, કોઇ ન આવી સાથરે । જિનજી૦ । ૩ । રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ । રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે । જિનજી૦ । ૪ । વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાંગ્યાં પચ્ચખાણ । કપટ હેતુ કીરીયા કરીજી, કીધાં આપ વખાણરે । જિનજી૦ । ૫ । ત્રણ ઢાળ આઠે દુહેજી, આલોયા અતિચાર । શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે । જિનજી૦ । ૬ ।

## । ઢાલ ૪ થી । સાહેલડીની । એ દેશી ।

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો । યથા શકિત વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચાર તો । ૧ । વ્રત લીધાં સંભારીએ । સા૦ । હૈડે ધરીય વિચારતો, શિવગતિ આરાધન તણો । સા૦ । એ બીજો અધિકારતો । । ૨ । જીવ સર્વે ખમાવીએ । સા૦ । યોનિ ચોરાશી લાખતો, મન શુદ્ધે કરી ખામણાં । સા૦ । કોઈશું રોષ ન રાખતો । ૩ । સર્વ મિત્ર કરી ચિંતવો । સા૦ । કોઇ ન જાણો શત્રુતો । રાગ દ્વેષ એમ પરિહરી । સા૦ । કીજે જન્મ પવિત્રતો । ૪ । સામી સંઘ ખમાવીએ । સા૦ । જે ઉપની અપ્રીતિતો । સજન કુટુંબ કરો ખામણાં । સા૦ । એ જિનશાસન રીતિતો । ૫ । ખમીએ ને ખમાવીએ । સા૦ । એહજ ધર્મનું સારતો શિવગતિ આરાધન તણો । સા૦ । એ ત્રીજો અધિકારતો । ૬ । મૃષાવાદ હિંસા ચોરી । સા૦ । ધનમૂર્ચ્છા મૈથુનતો । ક્રોધ માન માયા તૃષ્ણા । સા૦ । પ્રેમ દ્વેષ પૈશુનતો । ૭ । નિંદા કલહ ન કીજીએ । સા૦ । કૂડાં ન દીજે આળતો । રતિ અરતિ મિથ્યા તજો । સા૦ । માયા મોહ જંજાળતો । ૮ । ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ । સા૦ । પાપસ્થાન અઢારતો । શિવગતિ આરાધન તણો । સા૦ । એ ચોથો અધિકારતો । ૯ ।

## । ઢાલ ૫ મી । હવે નિસુણો ઇહાં આવીયાએ । એ દેશી ।

જનમ જરા મરણે કરી એ, એ સંસાર અસારતો । કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઇ ન રાખણહાર તો । ૧ । શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો । શરણ ધર્મ શ્રીજૈનનું એ । સાધુ શરણ ગુણવંત તો । ૨ । અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો । શિવ ગતિ

આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો । ૩ । આભવ પરભવ જે કર્યાં એ. પાપ કર્મ કેઇ લાખ તો । આત્મ સાખે તે નિંદીએ એ । પડિકમીએ ગુરૂ સાખ તો । ૪ । મિથ્યા મતિ વર્તાવિયા એ, જે ભાખ્યા ઉત્સૂત્ર તો । કુમતિ કદાગ્રહને વશે એ. જે ઉથાપ્યાં સૂત્ર તો । ૫ । ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘંટી હલ હથીયાર તો । ભવ ભવ મેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો । ૬ । પાપ કરીને પોષીયાં એ, જનમ જનમ પરિવાર તો । જનમાંતર પોહોત્યા પછીએ, કોઇએ ન કીધી સાર તો । ૭ । આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો । ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણિ હૃદય વિવેક તો । ૮ । દુઃકૃતનિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો । શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો । ૯ ।

## । ઢાલ ૬ ઠી । આદિ તું જોઇને આપણી । એ દેશી ।

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ । દાન શિયળ તપ આદરી, ટાળ્યાં દુષ્કૃત કર્મ । ધન૦ । ૧ । શેત્રુંજાદિક તીર્થની, જે મેં કીધી જાત્ર । જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર । ધન૦ । ૨ । પુસ્તક જ્ઞાન લખાવીયાં જિનઘર જિન ચૈત્ય । સંઘ ચતુર્વિધ સાચવ્યા. એ સાતે ખેત્ર । ધન૦ । । ૩ । પડિકમણાં સુપરે કર્યાં. અનુકંપા દાન । સાધુ સૂરિ ઉવઝાયને, દીધાં બહુ માન । ધન૦ । ૪ । ધર્મકાજ અનુમોદીએ, એમ વારોવાર । શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકર । ધન૦ । ૫ । ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ । સમતા ભાવે ભાવીએ, એ આતમરામ । ધન૦ । ૬ । સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય । કર્મ આપે જે આચર્યાં, ભોગવીએ સોય । ધન૦ । ૭ । સમતા વિણ જે

અનુસરે, પ્રાણી પુન્યના કામ । છાર ઉપર તે લીપણું, ઝાંખર ચિત્રામ । ધન૦ । ૮ । ભાવ ભલીપરે ભાવીએ, એ ધર્મનું સાર । શિવ ગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર । ધન૦ । । ૯ ।

## । ઢાલ ૭ મી । રૈવતગિરિ ઉપરે । એ દેશી ।

હવે અવસર જાણી કરીએ સંલેખણ સાર । અણસણ આદરીએ, પચ્ચખી ચારે આહાર । લલુતા સવિ મૂકી, છાંડી મમતા સંગ । એ આતમ ખેલે સમતા જ્ઞાન તરંગ । ૧ । ગતિ ચારે કીધા, આહાર અનંત નિઃશંક । પણ તૃપ્તિ ન પામ્યો જીવ લાલચીઓ રંક । દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ । એહથી પામી જે, શિવપદ સુરપદ ઠામ । ૨ । ધન ધના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર । અણસણ આરાધી, પામ્યા ભવનો પાર । શિવમંદિર જાશે, કરી એક અવતાર । આરાધન કેરો, એ નવમો અધિકાર । ૩ । દશમે અધિકારે, મહામંત્ર નવકાર । મનથી નવિ મૂકો, શિવ સુખ ફ્લ સહકાર । એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર । સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર । ૪ । જનમાંતર જાતાં, જો પામે નવકાર । તો પાતીક ગાળી, પામે સુર અવતાર । એ નવ પદ સરિખો મંત્ર ન કોઇ સાર । ઇહ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર । ૫ । જુઓ ભીલ્લ ભીલડી, રાજા રાણી થાય । નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય । રાણી રત્નવતી બેહુ, પામ્યા છે સુરભોગ । એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ । ૬ । શ્રીમતીને એ વળી મંત્ર ફ્ળ્યો તતકાળ । ફ્ણીધર ફીટીને, પ્રગટ થઇ ફુલમાળ । શિવકુમરે જોગી, સોવન પુરૂષો કીધ । એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ । ૭ । એ દશ અધિકારે, વીર જિનેશ્વર ભાખ્યો

। આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો । તેણે પાપ પખાળી ભવભવ દૂરે નાંખ્યો । જિન વિનય કરતાં, સુમતિ અમૃત રસ ચાખ્યો । ૮ ।

## । ઢાલ ૮ મી । નમો ભવિ ભાવશું એ । એ દેશી ।

સિદ્ધારથ રાય કુલતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો । અવનિતલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર । જયો જિનવીરજી એ । ૧ । મેં અપરાધ કર્યા ઘણાએ, કહેતાં ન લહું પાર તો । તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર । જયો૦ । ૨ । આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો । આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ । । જયો૦ । ૩ । કરમ અલુંજણ આકરાં એ, જનમ મરણ જંજાળતો । હું છું એહથી ઉભગ્યો એ, છોડાવો દેવ દયાળ । । જયો૦ । ૪ । આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોળતો । તુઠયો જિન ચોવીશમો એ, પ્રગટયા પુન્ય કલ્લોલ । જયો૦ । ૫ । ભવ ભવ વિનય તુમારડો એ, ભાવભક્તિ તુમ પાય તો । દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય । । જયો૦ । ૬ ।

### । કળશ ।

ઇહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો । શ્રીવીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો । ૧ । શ્રીવિજયદેવસૂરીંદ પટધર, તીરથ જંગમ ઇણે જગે । તપગચ્છપતિ શ્રીવિજયપ્રભસૂરિ સૂરતેજે ઝગમગે । ૨ । શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂસમો । તસ શિષ્ય વાચક વિનય વિજયે થુણ્યો જિન ચોવીશમો । ૩ । સય સત્તર સંવત ઓગણત્રીશે રહી રાંદેર ચોમાસું એ વિજય દશમી

વિજય કારણ, કિયો ગુણ અભ્યાસ એ । ૪ । નર ભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલવિલાસએ । નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્ય પ્રકાશ એ । ૫ । ઇતિ શ્રી

## અથ પદ્માવતીનો સંથારો.

### । રાગ વેરાડી ।

હવે રાણી પદમાવતી, જીવરાશિ ખમાવે । જાણપણું જુગ તે ભલું, ઇણ વેલા આવે । ૧ । તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખે । જે મેં જીવ વિરાધિયા, ચઉરાશિ લાખ । તે મુજ૦ । ૨ । સાત લાખ પૃથિવી તણા સાતે અપકાય । સાત લાખ તેઉકાયના, સાતે વલી વાઉકાય । તે મુજ૦ । ૩ । દશ પ્રત્યેક વનસ્પતિ, ચૌદહ સાધારણ । બિતિ ચઉરિદ્રિય જીવના, બે બે લાખ વિચાર । તે મુજ૦ । ૪ । દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી । ચઉદહ લાખ મનુષ્યના એ લાખ ચોરાશી । તે મુજ૦ । ૫ । ઇણ ભવ પરભવે સેવિયાં, જે પાપ અઢાર । ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિ દાતાર । તે મુજ૦ । ૬ । હિંસા કીધી જીવની, બોલ્યા મૃષા વાદ । દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ । તે મુજ૦ । ૭ । પરિગ્રહ મેલ્યો કારિમો, કીધો ક્રોધ વિશેષ । માન માયા લોભ મેં કિયા, વલી રાગ ને દ્વેષ । તે મુજ૦ । ૮ । કલહ કરી જીવ દૂહવ્યા, દીધાં કૂડાં કલંક । નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક । તે મુજ૦ । ૯ । ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો । કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોંસો । તે મુજ૦ । ૧૦ । ખાટકીને ભવે મેં કિયા, જીવ નાનાવિધ ઘાત । ચડીમાર ભવે

ચરકલાં મારયાં દિન રાત । તે મુજ૦ । ૧૧ । માચ્છીને ભવે માંછલાં, ઝાલ્યાં જલવાસ । ધીવર ભીલ કોલી ભવેં, મૃગ પાડયા પાસ । તે મુજ૦ । ૧૨ । કાજી મુલ્લાને ભવેં, પઢી મંત્ર કઠોર । જીવ અનેક જભ્ભે કિયા, કીધાં પાપ અઘોર । તે મુજ૦ । । ૧૩ । કોટવાલને ભવે મેં કિયા, આકરા કર દંડ । બંદીવાન મરાવિયા, કોરડા છડી દંડ । તે મુજ૦ । ૧૪ । પરમાધામીને ભવેં, દીધાં નારકી દુઃખ । છેદન ભેદન વેદના, તાડના અતિ તિખ । તે મુજ૦ । ૧૫ । કુંભારને ભવેં જે કિયા, નીમાહ પચાવ્યા । તેલી ભવેં તિલ પીલિયા, પાપેં પેટ ભરાવ્યાં । । તે મુજ૦ । ૧૬ । હાલીને ભવેં હલ ખેડિયાં, ફાડયાં પૃથિવી પેટ । સૂડ નિદાન કીયાં ઘણાં, દીધાં બલદ ચપેટ । તે મુજ૦ । ૧૭ । માલી ને ભવેં રોપિયાં, નાના વિધ વૃક્ષ । મૂલ પત્ર ફલ ફુલનાં, લાગાં પાપ તે લક્ષ । તે મુજ૦ । ૧૮ । અધોવાઇયાને ભવેં, ભરયા અધિકા ભાર । પોઠીઉંટ કીડા પડયા, દયા ન રહી લગાર । તે મુજ૦ । ૧૯ । છીપાને ભવેં છિતરી, કીધા રંગણ પાસ । અગનિ આરંભ કિયા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ । તે મુજ૦ । ૨૦ । શુરપણે રણ જુઝતાં, મારયાં માણસ વૃંદ । મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂલ ને કંદ । તે મુજ૦ । ૨૧ । ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલ્લેચ્યાં । આરંભ કીધા અતિ ઘણા, પોતેં પાપજ સંચ્યા । તે મુજ૦ । ૨૨ । અંગાર કર્મ કિયાં વલી, ઘરમેં દવ દીધા । સમ ખાધા વીતરાગના, કુડા કોસજ પીધા । તે મુજ૦ । ૨૩ । બિલ્લિ ભવેં ઉંદર લીયા, ગિરોલી હત્યારી । મૂઢ ગમાર તણે ભવેં, મેં જુલીખ મારી । તે મુજ૦ । ૨૪ । ભાડભુંજા તણે ભવેં, એકેંદ્રિય જીવ । જવાર ચણા ગહું શેકિયા, પાડંતા રીવ । તે મુજ૦ । ૨૫ । ખાંડણ

પીસણ ગારના, આરંભ અનેક । રાંધણ ઇંધણ અગ્નિનાં, કિયાં પાપ ઉદ્દેક । તે મુજ૦ । ૨૬ । વિકથા ચાર કીધી વલી, સેવ્યાં પાંચ પ્રમાદ । ઇષ્ટ વિયોગ પાડયા કિયા, રૂદન વિષવાદ । । તે મુજ૦ । ૨૭ । સાધુ અને શ્રાવક તણાં, વ્રત લેઇ ભાંગ્યાં । મૂલ અને ઉત્તર તણાં, મુઝ દૂષણ લાગ્યાં । તે મુજ૦ । ૨૮ । સાપ વીંછી સિંહ ચિતરા, શકરાને સમલી । હિંસક જીવતણે ભવેં, હિંસા કીધી સબલી । તે મુજ૦ । ૨૯ । સુઆવડી દૂષણ ઘણાં, વલી ગર્ભ ગલાવ્યા । જીવાણી ઢોલ્યાં ઘણાં, શીલ વ્રત ભંજાવ્યાં । તે મુજ૦ । ૩૦ । ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ । તે મુજ૦ । ૩૧ । ભવ અનંત ભમતાં થકાં, કીધાં પરિગ્રહ સંબંધ । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ । તે મુજ૦ । ૩૨ । એણિપરેં ઇણ ભવેં પરભવેં, કીધાં પાપ અખત્ર । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જનમ પવિત્ર । તે મુજ૦ । ૩૩ । રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાલ । સમય સુંદર કહે પાપથી, છુટે તતકાલ । તે મુજ૦ । । ૩૪ ।

## શ્રી ધમ્મો મંગલની સઝ્ઝાય.

ધમ્મો મંગલ મહિમા નીલો ધર્મ સમો નહી કોય; ધર્મે તૂઠે દેવતા ધર્મે સવી સુખ હોય । ધમ્મો૦ । ૧ । જીવદયા નિત્યે પાલીયે સંજમ સત્તર પ્રકાર; બાર ભેદે તપ કરો, ધર્મ તણો એહ સાર । ધમ્મો૦ । ૨ । જેમ તરૂવરને ફૂલડે, ભમરો રસ લઇ જાય; તેમ સંતોષે આત્મા, ફૂલને પીડા નવી થાય ।

। ધમ્મો૦ । ૩ । એણી પરે વિચરે ગોચરી, લેતા સુજતો આહાર; ઉંચ નીચ મધ્યમ કુલે ધન ધન એ અણગાર । । ધમ્મો૦ । ૪ । મુનિવર મધુકર સમ કહ્યા, નહી તુષ્ણા નહી દ્વેષ; લાધે ભાડુદિયે આત્મા, અણ લાધે સંતોષ । ધમ્મો૦ । । ૫ । પહેલે અધ્યયને પ્રરૂપીઓ ખરા અર્થ વિચાર; પુન્ય કલશ જૈતસી ધર્મે જય જયકાર । ધમ્મો૦ । ૬ ।

## મદનરેખાની સંજઝાય.

નયર સુદર્શન મણીરથ રાજા, યુગબાહુ યુવરાજાજી । મયણરેહા યુગ બાહુની ઘરણી, શીલતણા ગુણ તાજાજી । ૧ । મણીરથ મોહ્યો તેહને રૂપે, બંધવ કીધો ઘાતજી । મયણ રેહાએ તે નિઝામ્યો, સુર સુખ લહ્યો વિખ્યાતજી । ૨ । ચંદ્ર જશ અંગજ છોડી ગર્ભવતી શીલવંતીજી, એકલડી પરદેશે પ્રસવ્યો સુંદર સુત સરપંતેજી । ૩ । જલ હાથીએ ગગને ઉડાડી વિદ્યાધર લીએ તેહનેજી, કામ વચણ ભાંખ્યા પણ ન છલી, જીમ મંદર ગીરી પવનેજી । ૪ । આશ્વાસી નંદીશ્વર દીપે શાશ્વત તીર્થ ભેટેજી, તિહાં જ્ઞાની મુની અને નિજ પતી સુર દેખી દુઃખ સવિમેટેજી । ૫ । પુરવ ભવ સુણીને સુતનો સવિ સંબંધ જણાવેજી, મિથીલાપુર પતિ પદ્મરથ રાજા અશ્વે અપહર્યો આવ્યોજી । ૬ । પુષ્પ માલાને તે સુત આપ્યો, નમી ઠવ્યું તસ નામજી, તે મુનિ જનક છે વિદ્યાધરનો તસ વચને ગત કામજી । ૭ । મયણ રેહા એમ શીલ અખંડીત થઇ સાહુણી આપેજી, મણીરથને સર્પ ડસ્યો ગયો નરકે ચંદ્ર જસા નૃપ થાયજી । ૮ । રાજા પદ્મરથે પણ નમિને રાજ દેઇ લીએ દીક્ષાજી, કેવલ પામી મુકતે પહોંત્યા ગ્રહી સદ્ગુરૂની

શીક્ષાજી૦ । ૯ । એક દીન નમિરાયનો હાથી, ચંદ્રજશા પુરી જાયેજી, તેહ નીમીત્તે નમિચંદ્ર જસાને યુદ્ધ સબલ તે થાયજી । ૧૦ । સાધ્વી યુદ્ધ નિવારણ કાજે, બંધવ ચરિત્ર જણાવેજી, નમિને રાજ્ય દેઇને ચંદ્રજસા ગ્રહી સંયમ શીવ જાયજી । ૧૧ । નમિરાય પણ દાહ જવરરોગે વલય શબ્દથી બુઝયોજી, ઇન્દ્રે પરીખ્યો પણ નહિ ચલ્યો કર્મ નૃપતી શું જુઝયોજી । ૧૨ । ઉત્તરાધ્યયને પ્રત્યેક બુદ્ધના વિસ્તારે સંબંધજી, મયણરેહા પણ શીવ સુખ પામી જ્ઞાન વિમલ અનુ બંધેજી । ૧૩ ।

—૦—

## સીતાજીની સજઝાય.

જળહળતી બળતી ઘણીરે લાલ ઝીલે જવાલ અગાર રે, સુજાણ સીતા જાણો કિંશુક ફુલીયારે લાલ૦ । રાતા ખેર અંગારરે સુજાણ સીતા ધીજ કરે સીતા સતીરે લાલ । ૧ । શીલ તણે પરિસાણ રે સુ. રામલક્ષ્મણ ખડા તિહાં રે લાલ, નિરખે રાણારાયરે । સુ. ધી૦ । ૨ । નરનારી મલીઆ ઘણારે લાલ ઉભા કરેરે પોકાર રે, સુ. ભસ્મહોસે એ આગમાંરે લાલ રામ કરે છે અન્યાય રે । સુ. ધી૦ । ૩ । સ્નાન કરી નિર્મલ જલે રે લાલ પાવક પાસે આયરે, સુ. ઉભા જાણે સુરાંગનારે લાલ બિમણો રૂપ દેખાય રે । સુ. ધી૦ । ૪ । રાઘવ વિણુ વાંછયો હુવે રે લાલ સ્વપ્ન માંહ નર કોઇ રે, સુ. તો મુજ અગ્નિ પ્રજ્વાલજો રે લાલ નહિ તો પાણી હોય રે । સુ. ધી૦ । । ૫ । એમ કહી પેઠી અગ્નિમાં રે લાલ તરત અગ્નિ થયું નાંર રે, સુ. જાણે દ્રહ જલસ્યું ભર્યો રે લાલ ઝીલે ધર્મની ધાર રે । સુ. ધી૦ । ૬ । દેવ કુસુમ વૃષ્ટિ કરે રે લાલ મુખ બોલે જયકાર રે, સુ. સીતા ધીજે ઉતરી રે લાલ ભાસ કરે

સંસાર રે । સુ. ધી૦ । ૭ । રળીઆત મન સહુ કો થયા રે લાલ ઉચ્છરંગ થયો બહુ લોક રે, સુ. રામ લક્ષ્મણ ખુશી થયા રે લાલ સીતાશીલ સુરંગ રે । સુ. ધી૦ । ૮ । શીલ તણા ગુણ એહવા રે લાલ અવિચલ શીલ સદાય રે. સુ. કહે જીન હર્ષ સતી તણા રે લાલ નિત્ય પ્રણમી જે પાય રે. સુજાણ સીતા ધીજ કરે સીતા સતી રે લાલ । ૯ ।

—::—

## કમલાવતીની સજ્ઝાય.

મહોલે તે બેઠાં રાણી કમલાવતી, ઉડે કાંઇ ઝીણેરી ખેહ, સાંભળ હો દાસી જોઇને તમાસો ઇષુકાર નગરીનો મનમાં તે ઉપજ્યો સંદેહ, સાંભળ આજ રે નગરીમાં ખેપટ અતિ ઘણી । ૧ । કાંતો દાસી પ્રધાનનો દંડ લીયો, કાં લૂટયાં રાજાએ ગામ સાંભળ, કાં કેહનાં ધનનાં ગાડા નીસર્યા કાં કોઇની પાડી રાજાએ મામા સાંભળ । ૨ । નથી રે બાઇજી પ્રધાનનો દંડ લીયો, નથી લુંટયા રાજાએ ગામ સાંભળ; નથી કેહના ધનનાં ગાડા નીસર્યા, નથી કોઇની પાડી રાજાએ મામ બાઇજી સાંભળ હો બાઇજી હુકમ કરૂં તો ગાડા અહીં ધરૂં । ૩ । ભૃગુ પુરોહીત ને જસા ભારજા, વળી તેહના દોય કુમાર, સાંભળ; સાધુ પાસે જઇ સંજમ આદરે, તેહનું ધન લાવે છે આજ સાંભળ । ૪ । વચણ સુણીને માથુ ધુણાવીચું બ્રાહ્મણ પામ્યો વૈરાગ્ય સાંભળ; તેહની ઋદ્ધિ લેવી જુગતી નહી, રાજાના મોટા છે ભાગ્ય, સાંભળ; રાંજાનો મત એ જુગતો નહિ । ૫ । મહોલેથી ઉતર્યા રાણી કમલાવતી, આવ્યા કાંઇ હેઠ હજુર, સાંભળ; હો રાજા, વચન કહે છે ઘણાં આકરાં, જેમ કોપેથી ચઢીયો બોલે સુર, સાંભળ; હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો । ૬ ।

વમ્યા તે આહારની ઇચ્છા કુણ કરે, કરે વળી શ્વાન ને કાગ, સાંભળ; પહેલા જે દાન દીધું હાથશું, તે પાછું ન લેતાં આવે લાજ સાંભળ; હો રાજા । ૭ । કાંતો રાણી તને ઝોલો લાગીયો, કાં કોઇએ કીધી મતવાળ સાંભળ હો રાણી, કાં કોઇ ભૂત વ્યંતરે છળી, કાં કોઇએ કીધી વિકરાળ સાંભળ; હો રાણી. રાજાને કઠણ વચણ નવિ કીજીએ । ૮ । નથી રે મહારાજા ઝોલો લાગીયો. નથી કોઇએ કીધી મતવાળ, સાંભળ; હો રાજા, નથી કોઇ ભૂત વ્યંતરે છળી, નથી કોઇએ કીધી વિકરાળ, સાંભળ; હો રાજા બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો । ૯ । જગ સઘળાનું ધન ભેગું કરી લાવે કોઇ તોરા ઘરમાંય સાંભળ; હો રાજા તો પણ તૃષ્ણા છીપે નહી, એક તાહરે ધર્મ સુહાય, સાંભળ; હો રાજા । ૧૦ । અગ્નિ થકી વન પરજળે, પશુ બળે તેહને માંય સાંભળ; દુષ્ટ પંખી એમ ચીંતવે, આહાર કરૂં રે ચિત્ત લાય, સાંભળ; । ૧૧ । એમરે અજ્ઞાની આપશું, રાગ દ્વેષ ચિત્ત લાય. સાંભળ; કામ ભોગને વશ થઈ, પરધન લેવા લપટાય, સાંભળ । ૧૨ । એક દિન એહ ધન છાંડવું, પરભવ સગું નહી કોઈ સાંભળ; પરભવ જાતા ઇણ જીવને ધર્મ સખાઈ જ હોય, સાંભળ । ૧૩ । તનધન જોબન સ્થિર નહી, ચંચળ વીજળી સમાન સાંભળ; ક્ષણમાંરે આઉખું ઘટે જીહાં મૂરખ કરે રે ગુમાન સાંભળ । ૧૪ । ખગ મુખ માંસ લેઈ નીસરે, ઇર્ષ્યા કરે રે ખગ તામ સાંભળ; તિમ પરધન ઋદ્ધિ દેખીને, લોભી ચિત્ત ધરે રે, ગુમાન સાંભળ । ૧૫ । ગરૂડ દેખી જિમ સર્પહી ભયે સંકોચે રે દેહ સાંભળ; તિમ અનિત્ય ધન જાણીને, લાલચ છંડો રે એહ સાંભળ । ૧૬ । આરે સંસાર અસાર છે કાળ ચપેટા દેત સાંભાળ, ઓચિંતાનો લેઇ ચાલશે ચેતી શકે તો ચેત સાંભળ । ૧૭ । એહવા વચણ

સમજાવતા રાણી વૈરાગ્યમાં આય સાંભળ, સંયમ લેવાને ઉતાવળી આકુળ વ્યાકુળ થાય સાંભળ હો રાજા આજ્ઞા આપો તો સંજમ આદરૂં । ૧૮ । હાથી રે જેમ બંધન તજે તિમ તજું કુટુંબ પરિવાર સાંભળ હો રાજા જો અનુમતિ દ્યો રાજવી તો ઢીલ ન ક્ષણ લગાર સાંભળ । ૧૯ । રત્ન જડિત રાય તારૂં પાંજરૂં માંહી સુડીલો મને જાણ સાંભળ, હું રે બેઠી તિમ તાહરા રાજ્યમાં રહેતાં ન પામું કલ્યાણ સાંભળ હો રાજા । ૨૦ । મેળવ્યું ધન રહેશે ઇહાં થોડું પણ આવે ન સાથ સાંભળ, આગળ જોશો તો પાધરૂં સંબળ લેજો રે સાથ સાંભળ । ૨૧ । રાણીના વયણ સુણી કરી બુઝયો તવ ઇક્ષુકાર સાંભળ એક ચિત્તે, તન ધન જોબન જાણ્યા કારમાં જાણ્યો સંસાર અસાર સાંભળ એક ચિત્તે છએ જીવે તે સંજમ આદર્યો । ૨૨ । ભૃગુ પુરોહિતને જસા ભારજા, વળી તેહના દોય કુમાર સાંભળ એક રાજા સહીત રાણી કમળાવતી લીધો કાંઇ સંજમ ભાર સાંભળ । ૨૩ । તપ જપ કરી સંજમ પાળતાં કરતાં કાંઇ ઉગ્ર વિહાર સાંભળ કર્મ ખપાવી કેવળ પામીયા પહોત્યા કાંઇ મુકિત મોઝાર સાંભળ એક ચિત્તે છએ જીવે તે સંજમ આદર્યો । ૨૪ । હીરવિજય ગુરૂ હીરલો વીરવિજય ગુણ ગાય સાંભળ, વીનયવિજય ઉવઝાયનો સૌ ને તે ઉપજે વૈરાગ્ય સાંભળ । ૨૫ ।

—o—

## ઇરિયાવંહિયાની સજઝાય.

ગુરૂ સન્મુખ રહી વિનય વિવેકે ઇરિયાવહિ પડિકમીયેજી આ ભવ પર ભવ પાતિક હણીએ ગુણ શ્રેણીયે ચઢીએ । શ્રુત અનુસરીએજી० । ૧ । તરીએ આ સંસાર પાતિક હરીએજી

સદ્ગુરૂને આધાર પાર ઉતરીએજી. ષટ અક્ષરનો અર્થ સુણીને, જાણે તે મસ્તક ડોલેજી મિચ્છામિ દુક્કડં નિર્યુકતે ભદ્ર બાહુ ગુરૂ બોલે । શ્રુત૦ । ૨ । પૃથ્વી અપ તેઉ વાઉ સાધારણ તસ થાવર બાદર સૂક્ષ્મજી, પ્રત્યેક તરૂ વિગલેદ્રિ પજત્ત અપજત્ત અડવીસ । શ્રુત૦ । ૩ । હવે પંચેન્દ્રિ જલથલ રખેચર ઉર પરી ભુજ પરી દીસેજી, ગર્ભ સંમુર્ચ્છિમ દસ પજત્તા અપજત્તાએ વિસે । શ્રુત૦ । ૪ । નારકિ સાતે પજ્જ અપજ્જે, ચૌદ ભેદ મન ધારોજી. કર્મ ભૂમિ અકર્મભૂમિના પંદર ત્રીશ વિચારો । શ્રુત૦ । ૫ । છપ્પન અંતર દ્વીપના માણુસ ગર્ભ સમૂર્છિમ ભેદેજી, તે અપજ્જત પજ્જતા ગર્ભજ ત્રણશેને ત્રણ ભેદ । । શ્રુત૦ । ૬ । ભુવન પતિ દસ દસ તિરિ જંભક પંદર પરમા ધામીજી, વ્યંતર સોસ જ્યોતિષી દસ પણ કીલ બિષયાસુર પામી । શ્રુત૦ । ૭ । બાર સ્વર્ગ નવ લોકાંતિક નવ ગ્રૈવેયક પંચ ઉપરનાજી, એહ નવાણું પજત્તા અપજત્તા એકસો અઠ્ઠાણું સુરના । શ્રુત૦ । ૮ । અભિહ્યા આદિ દસપદ સાથે પાંચસે ત્રેસઠ ગણતાંજી, છપ્પનસોને ત્રીશ થયાં તે રાગ દ્વેષને હણતાં । શ્રુત૦ । ૯ । અગિયાર સહસને બસે સાઠે મન વચન કાયા એ ત્રી ગુણુતાજી, તેત્રીસ સહસને સાતશે અંશી તે વળી આગળત્રિ ગુણા । શ્રુત૦ ।૧૦। કરે કરાવે ને અનુમોદે એક લાખ તેરશેને ચાલીશજી, ત્રણ કાળ શું ગુણતાં તિગલખ, ચાર હજારને વીશ । શ્રુત૦ । ૧૧ । કેવલ શુદ્ધિ મુનિવર આતમ છગુણા લાખ અઢારજી, ચોવીશ સહસને એકસો વીસ સરવાળે અવધાર । શ્રુત૦ । ૧૨ । છઠે વરસે દિક્ષા લીધી નવમે કેવલ ધારીજી, જલક્રીડા કરતા ઉપજતા મુનિવરની બલિહારીજી । શ્રુત૦ । ૧૩ । એમ કોઇ સાધુ શ્રાવક પાતિક ટાલી લહે ભવપારજી, શ્રી શુભવીરનું શાસન વરતે એકવીસ વરસ હજાર । શ્રુત૦ । ૧૪ ।

## પડિકમણાની સજઝાય.

કર પડિકમણું ભાવશુંજી સમભાવે મનલાય, અવિધિ દોષ જો સેવશોજી, તોં નહિ પાતક જાય, ચેતનજી એમ કેમ તરશોજી ।૧। સામાયકમાં સામટીજી નિદ્રા નેન ભરાય, વિકથા કરતા પારકીજી અતિ ઉલ્લસિત મન થાય ચેતનજી ।૨। કાઉસ્સગ્ગમાં ઉભા રહીજી, કરતાં દુઃખેરે પાય, નાટક પ્રેક્ષણ જોવતાંજી, ઉભાં રયણી જાય ચેતનજી ।૩। સંવરમાં મન નવિ રૂચેજી, આશ્રવમાં હુશિયાર, સુત્ર સુણે નહિ શુભ મનેજી વાત સુણે ધરી પ્યાર । ચે૦ ।૪। સાધુજનથી વેગલોજી નીચ શું ધારે નેહ, કપટ કરે કોડો ગમેજી, ધર્મમાં ધ્રુજે દેહ । ચે૦ ।૫। ધર્મની વેલા નવિ દીએજી ફૂટી કોડીરે એક, રાઉલમાં રૂંધ્યો થકોજી, ખુણે ગણી દીએ છેક । ચે૦ ।૬। જીન પુજા ગુરૂ વંદનાજી સામાયિક પચ્ચખ્ખાણ, નવકાર વાલી નવિ રૂચેજી, કરે મન આર્ત ધ્યાન । ચે૦ ।૭। ક્ષમા દયા મન આંણી યેજી કરીયે વ્રત પચ્ચખ્ખાણ ધરીયેં મન માંહિ સદાજી, ધર્મ શુકલ હોય ધ્યાન, ચેતનજી એમ ભવ તરશોજી ।૮। શુદ્ધ મને આરાધશોજી, જો ગુરૂના પદ પદ્મ રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવસુખ સદ્મ ચેતનજી ઇમ ભવ તરશોજી. ।૯।

## ગૌતમ સ્વામીની સજઝાય.

શ્રી ગૌતમ સ્વામી પુછા કરે, વિનય કરી શીશ નમાય હો પ્રભુજી, અવિચલ સ્થાનક મેં સુણ્યું કૃપા કરી મુજ બતાય હો પ્રભુજી, શિવપુર નગર સોહામણું ।૧। અષ્ટ કર્મ અલગાં

કરી સાર્યાં આતમ કામ હો પ્રભુજી, છુટચા સંસારના દુઃખ થકી, તેને રહેવાનું કિહાં ઠામ હો. પ્ર૦ શિ૦ । ૨ । વીર કહે ઉર્ધ્વલોકમાં, સિદ્ધશિલા તણું ઠામ હો ગૌતમ, સ્વર્ગ છવીસની ઉપરે તેહનાં બારે નામ હો ગૌ. શિ. । ૩ । લાખ પીશતાલીશ યોજના લાંબી પહોળી જાણુ હો. ગૌ. આઠ યોજન જાડી વિચે છેડે માખી પાંખ જ્યું જાણુ હો. ગૌ. શિ. । ૪ । ઉજ્વલ હાર મોતી તણા ગોદુગ્ધ શંખ વખાણુ હો. ગૌ. તે થકી ઉજળી અતિ ઘણી ઉલટ છત્ર સંઠાણુ હોં. ગૌ. શિ. । ૫ । અર્જુન સ્વર્ણ સમ દીપતી ગઠારી મઠારી જાણુ હો. ગૌ. સ્ફટિક રતન થકી નિર્મલા સુંવાળા અત્યંત વખાણુ હો. ગૌ. શિ. । ૬ । સિદ્ધ શીલા ઉલંઘી ગયા અધર રહ્યા સિદ્ધરાજ હો. ગૌ. અલોક શું જાઈ અડ્યા સાર્યાં આતમ કાજ હો. ગૌ. શિ. । ૭ । જન્મ નહિ મરણુ નહિ નહિ જરા નહિ રોગ હો. ગૌ. વૈરિ નહિ મિત્ર નહિ નહિ સંજોગ વિજોગ હો. ગૌ. શિ. । ૮ । ભુખ નહિ તૃષા નહિ નહિ હર્ષ નહિ શોક હો. ગૌ. કર્મ નહિ કાયા નહિ નહિ વિષયા રસ યોગ હો. ગૌ. શિ. । ૯ । શબ્દ રૂપ રસ ગંધ નહિ નહિ ફરસ નહિ વેદ હો. ગૌ. બોલે નહિ ચાલે નહિ મૌનપણું નહિ ખેદ હો. ગૌ. શિ. । ૧૦ । ગામનગર તિહાં કોઇ નહિ નહિ વસ્તિ ન ઉજડ હો. ગૌ. કાલ સુકાલ વર્તે નહિ રાત દિવસ તિથિવાર હો. ગૌ. શિ. । ૧૧ । રાજા નહિ પ્રજા નહિ નહિ ઠાકુર નહિ દાસ હો. ગૌ. મુક્તિમાં ગુરૂ ચેલો નહિ નહિ લઘુ વડાઇ તાસ હો. ગૌ. શિ. । ૧૨ । અનંતા સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોત પ્રકાશ હો ગૌ. સહુ કોઇને સુખ સારિખાં સઘલાને અવિચળ વાસ હો. ગૌ. શિ. । ૧૩ । અનંતા સિદ્ધ મુગતે ગયા વલી અનંતા જાય હો. ગૌ. અવર જગ્યા રૂંધે નહિ જ્યોતમાં

જ્યોત સમાય હો. ગૌ. શિ. । ૧૪ । કેવળ જ્ઞાન સહિત છે કેવળ દર્શન ખાસ હો ગૌ. ક્ષાયક સમક્તિ દીપતું કદીય ન હોવે ઉદાસ હો. ગૌ. શિ. । ૧૫ । સિદ્ધ સ્વરૂપ જે ઓલખે આણી મન વૈરાગ હો. ગૌ. શિવસુંદરી વેગે વરે નય કહે સુખ અથાગ હો. ગૌ. શિવ. । ૧૬ ।

## તપની સજઝાય.

કીધાં કર્મ નિકંદવારે લેવા મુકિતનું દાન હત્યા પાતિક છુટવારે, નહિ કોઇ તપ સમાન ભવિક જન તપ સરિખો નહિ કોઇ । ૧ । ઉત્તમ તપના યોગથી રે સુરનર સેવે પાય લબ્ધિ અઠ્ઠાવીસ ઉપજે રે મન વંછિત ફલ થાય । ભવિક૦ । ૨ । તીર્થંકર પદ પામીએ રે નાશે સઘલા રોગ રૂપ લીલા સુખ સાહિબી રે લહીએ તપ સંજોગ । ભવિક૦ । ૩ । તેશું છે સંસારમાંરે તપથી ન હોવે જેહ, જેજે મનમાં કામીએ રે સફલ ફલે સહી તેહ । ભવિક૦ । ૪ । અષ્ટકર્મના ઓઘને રે તપ ટાલે તતકાલ, અવસર લહીને એહનો રે ખપ કરજો ઉજમાલ । ભવિક૦ । ૫ । બાહ્ય અભ્યંતર જે કહ્યા રે તપના બાર પ્રકાર, હોજો તેહની ચાલમાં રે જિમ ધન્નો અણગાર । ભવિક૦ । ૬ । ઉદય રત્ન કહે તપ થકી રે વાધે સુજસ સનૂર સ્વર્ગ હોય ઘર આંગણુ રે દૂર્ગતિ જાયે દૂર । ભવિક । । ૭ ।

—::—

## માન ત્યાગની સજઝાય.

ચતુર સનેહિ ચેતન ચેતીયે રે મુકતું માયા જાલ, સુંદર એ તન શોભા કારમી રે સરવાલે વિસરાલ । ૧ । અકલ

અરૂપી અવિગત આતમા રે શાંતિ સુધારસ ચાખ એ આંકણી, વિષયતણે સુરંગે ફૂલડે રે અટતો મન અલિ રાખ । અકલ । । ૨ । સ્વાર્થને વશ સહુ આવી મિલે રે સ્વાર્થ સુધી પ્રીત, વિણ સ્વાર્થ જગ વ્હાલું કો નહિ રે એ સંસારની રીત । અકલ૦ । ૩ । આદર સમતા મમતા મેલીને રે ધર જીન ધર્મ શું રંગ, ચંચળ વીજ તણી પરે જાણીયે રે કૃત્રિમ ચવિ હું સંગ । અકલ । ૪ । વ્હાલું વૈરી કો નહિ તાહરે રે જુઠો રાગ ને રોષ, પંચ દિવસનો તું છે પ્રાહુણો રે તો શ્યો એવડો શોશ । અકલ । ૫ । રાવણ સરિખો જોજો રાજવી રે લંકા સરિખો કોટ, તે પણ રૂઠે કર્મે રોળવ્યો રે શ્રી રામચંદ્રની ચોટ । અકલ । ૬ । જેહ નર મુચ્છે વળ ઘાલતા રે કરતા મોડા મોડ, તેહ ઉઠી શ્મશાને સંચર્યા રે કાજ અધુરાં છોડ । અકલ૦ । ૭ । મુંજ સરિખે માંગી ભીખડી રે રામ રહ્યા વનવાસ, એણે સંસારે એ સુખ સંપદા રે ધ્યા રાગ વિલાસ । અકલ૦ । ૮ । રાજ લીલા સંસારની સાહેબી રે એ યૌવન રંગ રોલ, ધન સંપદ પણ દીસે કારમીરે જેહવા જલધિ કલ્લોલ । અકલ૦ । ૯ । કિહાંથી આવ્યો કિહાં જાવું અછેરે કિહાં તારી ઉતપત્તિ, ભ્રમ ભૂલ્યો તુ અથિર પદાર્થે રે ચતુર વિચારી જો ચિત્ત । અકલ૦ । ૧૦ । મોહ તણે વશેં દુઃખ દીઠાં ઘણાં રે સંગ ન કર હવે તાસ, ઉદયરત્ન કહે ચતુર તું આતમા રે ભજ ભગવંત ઉલ્લાસ । અકલ૦ । ૧૧ ।

## ચંદનબાલાની સજઝાય.

વીર પ્રભુજી પધારો, નાથ વીર પ્રભુજી પધારો, વીનંતી મુજ અવધારો નાથ-વીર. ચંદનબાળા સતિ સુકુમાલા બોલે

વચન રસાલા, હાથ ને પગમાં જડી દીયા તાળા સાંભળો દીન દયાળા । નાથ૦ । ૧ । કઠણ છે મુજ કર્મની કહાણી, સુણો પ્રભુજી મુજ વાણી, રાજકુંવરી હું ચૌટે વેંચાણી, દુઃખ તણી નથી ખામી । નાથ૦ ।૨। તાતજ મારો બંધન પડીયો. માતા મરણ જ પામી, મસ્તકની વેણી કતરાણી ભોગવી મે દુઃખ ખાણી । નાથ૦ । ૩ । મોંઘી હતી હું રાજકુટુંબમાં આજે હું ત્રણ ઉપવાસી સુપડાને ખુણે અડદના બાકુલા શું કહું દુઃખની રાશી । નાથ૦ । ૪ । શ્રાવણ ભાદરવા માસની પેરે વરસે આંસુની ધારા, ગદગદ કંઠે ચંદનબાલા, બોલે વચન કરૂણા । । નાથ૦ । ૫ । દુઃખ એ સઘળુ ભુલુ પુરવનું, આપના દર્શન થાતા દુઃખ એ સઘળુ હૈયેજ આવે, પ્રભુ તુમ પાછા જાતા । । નાથ૦ । ૬ । ચંદનબાલાની અરજી સુણીને, નીર નયણમાં નીહાળે, બાકુલા લઇ વીર પ્રભુજી પધારે, દયા કરી દીન દયાળે । નાથ૦ ।૭। સોવન કેરી ત્યાં થઈ વૃષ્ટી, સાડીબાર કોડી સારી, પંચ દીવ્ય તે કાલેજ પ્રગટયા બંધન સર્વ વિહારી । નાથ૦ । । ૮ । સંજમ લઇને કાજ સુધાર્યો, ચંદનબાલા કુમારી, વીર પ્રભુની શીષ્યણી પહેલી, પંચ મહા વૃત ધારી । નાથ૦ । ૯ । કર્મ ખપાવી મુક્તિ સીધાવ્યા, ધન્ય સતી શારદમા, વીનયવીજય કહે ભાવ ધરીને, વંદું હું વારંવારા । નાથ૦ । ૧૦ ।

—o—

## જંબુ સ્વામીની સજઝાય.

સરસ્વતી સામીની વિનવું, સદ્દગુરૂ લાગુજી પાય, ગુણરે ગાશું જંબુ સ્વામીના, હરખધરી મનમાંર. ધન ધન જંબુ સ્વામીને । ૧ । ચારિત્ર છે વચ્ચ દોહીલું, વ્રત છે ખાંડાની ધાર, પાયે અણુવાણેજી ચાલવું, કરવાજી ઉગ્ર વીહાર । ધન૦ । ૨ ।

મધ્યાન પછી કરવી ગોચરી, દીનકર તપે રે લલાટ, વેળુ કવલ સમ કોળીયા, તે કિમ વાળ્યા રે જાય । ધન૦ । ૩ । કોડી નવાણુ સોવન તણી, તમારે છે આઠેજી નાર, સંસાર તણા સુખ સુણ્યા નહીં, ભોગવો ભોગ ઉદાર । ધન૦ । ૪ । રામે સીતાના વિજોગડે બહોત કિયા રે સંગ્રામ, છતી રે નારી તુમે કાંઇ તજો તજો ધનને રે ધામ । ધન૦ । ૫ । પરણીને શુંજી પરિહરો હાથ મલ્યાનો સંબંધ, પછી તે કરશો સ્વામી ઓરતો જેમ કીધો મેઘ મુણિંદ । ધન૦ । ૬ । જંબુ કહે રે નારી સુણો અમ મન સંયમ ભાવ, સાચો સ્નેહ કરી લેખવો તો સંયમ લ્યો અમ સાથ । ધન૦ । ૭ । તીણે સમે પ્રભવોજી આવીયો પાંચશો ચોર સંઘાત, તેને પણ જંબુ સ્વામીયે બુઝવ્યો બુઝવ્યાં માતને તાત । ધન૦ । ૮ । સાસુ સસરાને બુઝવ્યા બુઝવી આઠે નાર, પાંચશું સત્તાવીશ શું લીધોજી સંયમ ભાંર । ધન૦ । ૯ । સુ ધર્મા સ્વામી પાસે આવીયા વીચરે છે મનને ઉલ્લાસ, કર્મ ખપાવી કેવળ પામીયા પહોત્યાજી મુકત મોઝાર । ધન૦ । ૧૦ ।

—×—

## ત્રિશલા માતાની સજઝાય.

શીખ સુણો સખી માહરી બોલોને વચન રસાળ, તુમ કુખડીએરે ઉપજ્યા સૌભગી સુકુમાળ ત્રિશલા ગર્ભને સાચવો । ૧ । તીખું કડવું કસાયલું ખાટા ખારાની જાત, મધુરા રસ નવિ સેવીયે વપુ મલય પરિહાર । ત્રિશલા૦ । ૨ । અતિ ઉનું અતિ શિયલડું નયણે કાજળ રેખ, અતિ ભોજન નવી કીજીયે તેલ ન ચોપડીયે રેખ । ત્રિશલા૦ । ૩ । સ્નાન વિલેપન તાહરૂં મન જાણી દુઃખમાય, હળવે મધુરે બોલીયે આસિ

સુખની વાડ । ત્રિશલા૦ । ૪ । ગાડા વહેલ હિંડોળતા ધબધબ ચાલમ બંધન ચાલ, અતી શિયલ જગ સેવના વિણસે પુત્રના કાજ । ત્રિશલા૦ । ૫ । જેમ જેમ દોહલા ઉપજે તેમ તેમ દેજો બહુ માન, ભોગ સંજોગને વારજો હોશે પુત્ર નિદાન । । ત્રિશલા૦ । ૬ । એણી પરે ગર્ભને પાળતાં પુત્ર થયો શુભ ધ્યાન, સંઘમાં જે જે રે સહુ કરે હીરવિજય ગુણ ગાય । । ત્રિશલા૦ । ૭ ।

× × ×

## વૈરાગ્યની સંઝાય.

સતસંગનો રસ ચાખ, પ્રાણી તું તો સતસંગનો રસ ચાખ, પ્રથમ લાગે છે તીખોને કડવો અંતે આંબા કેરો સ્વાદ । પ્રાણી૦ । ૧ । મેડીને મંદીર માળ ખજાના, પડ્યા રહે છે ઘરબાર । પ્રાણી૦ । ૨ । આરે કાયાનો ગર્વ મ કરશો, અંતે થવાની છે રાખ । પ્રાણી૦ । ૩ । જુકિત જોઇને રાચમ જરીયે, ખોટો બધો છે આ ખેલ । પ્રાણી૦ । ૪ । ચાર ગતીમાં જીવ તું ભમીયો, પંચમગતી સંભાળ । પ્રાણી૦ । ૫ । તન ધન જોબન એ નથી તારા, અંતે માટીમાં મીલનાર । પ્રાણી૦ । । ૬ । મારૂ મારૂ કરી દાન ન દીધું, સાથે ન આવે તલભાર । પ્રાણી૦ । ૭ । રાય પ્રદેશી રાજ્યમાં ખુચ્યો, ગુરૂ સંગત જુઓ સાર । પ્રાણી૦ । ૮ । ગુરૂ ઉપદેશથી રાય પ્રદેશી, પામશો મોક્ષદ્વાર । પ્રાણી૦ । ૯ । શ્રેણીક રાજા સમકીત પામ્યા, ગુરૂ અનાથી મુનીરાય । પ્રાણી૦ । ૧૦ । દાસનો દાસ તું તો જીવ અભાગીયો, જ્ઞાન વિમલ ધરો ધ્યાન । પ્રાણી૦ । । ૧૧ ।

---

## રાગ્યની સજઝાય.

કોરા કાગળની પુતળી મન તું મેરારે. તેને ઘડતા ન લાગે વાર સમજ મન મેરારે । ૧ । કાચો કુંભ જળે ભર્યો મનતું મેરારે, તેને ફૂટતા ન લાગી વાર સમજ૦ । ૨ । ભર લાકડ ગાડા ભર્યા મ૦ ખોખરી દોણી તેની સાથ સમજ૦ । ૩ । ઘરણી લુંગાઇ ઘર લગી મ૦ શેરી લગે સગી માય સમજ૦ । । ૪ । સીમ લગે સાજન ભલો મ૦ પછી હંસ એકીલો જાય સમજ૦ । ૫ । સુંદર વરણી ચય બળ મ૦ એનો ધુંમાડો આકાશે જાય સમજ૦ । ૬ । પાંચ આંગળીયે પુન્ય પાપ મન અંતે થાય સખાય સમજ૦ । ૭ । હીરવિજય ગુરૂ હીરલો મન લબ્ધીવિજય ગુણ ગાય સમજ૦ । ૮ ।

## નેમ રાજીમતીની સજઝાય.

રાણી રાજુલ કર જોડી કહે, એ તો જાદવ કુલ શણગાર રે, વાલા મારા, ભવરે આઠેનો નેહલો, પ્રભુ મત મેલો વીસારી રે, વાલા મારા । ૧ । વારી હું જીનવર નેમજી, એક વીનતડી અવધાર રે વાલા મારા, સુરતરૂ સરિખો સાહીબો. હું તો નિત્ય નિત્ય ધરૂ દેદાર રે, વા૦ । ૨ । પ્રથમ ભવે ધનવંતીનો, તું ધન નામે ભરતાર રે, વા૦ નિશાળે ભણુતા મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર રે, વા૦ । ૩ । લઈ દીક્ષા હરખે કરી, તિહાં દેવ તણો અવતાર રે, વા૦ ક્ષણુ વિરહો ખમતાં નહીં, તિહાં પણ ધરતા પ્યાર રે, વાલા૦ । ૪ । ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચિત્ર ગતિ રાજકુમાર રે, વા૦ ભૂપતી પદવી, ભોગવી હું રત્નવતી તુજ નાર રે, વાલા૦ । ૫ । મહાવ્રત પાલી સાધુના, તિહાં

ચોથે ભવે સુરદાર રે. વા૦ આરણ્ય દેવલોકે બેઉ જણાં, તિહાં સુખ વિલસ્યાં શ્રીકાર રે, વા૦ । ૬ । પાંચમો ભવ અતિ શોભતો, તિહાં નૃપ અપરાજિત સાર રે વા૦ પ્રીતમવંતી હું તાહરી, પ્રભુ થઇ હૈયાનો હાર રે વાલ૦ । ૭ । ગ્રહી દીક્ષા હરખે કરી, તિહાં છઠે ભવે સુરદાર રે, વાલ૦ મૌહેંદ્ર દેવલોકમાં તિહાં સુખ વિલસ્યાં વારંવાર રે, વા૦ । ૮ । શંખ રાજા ભવ સાતમો, તિહાં જસવંતી પ્રાણ આધાર રે, વા૦ વીસ સ્થાનક પદ ફરસીયું, તિહાં જીનપદ બાંધ્યું સાર રે, વા૦ । ૯ । આઠેમે ભવ અપરાજીતે, તિહાં વરસ ગયા બત્રીશ હજાર રે વા૦ આહારની ઇચ્છા ઉપની એતો પૂરવ પુન્ય પસાય રે વાલા૦ । ૧૦ । હરિવંશમાંથી ઉપની મારી શીવાદેવી સાસુ મલ્હાર રે, વા૦ નવમે ભવે કયાં પરીહરો, :પ્રભુ રાખો લોક વ્યવહાર રે, વા૦ । ૧૧ । એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારી રે, વા૦ હું તમને તેડવા કારણે, આવ્યો સસરાજીને દારરે, વા૦ । ૧૨ । માની વચન રાજીમતી તિહાં ચાલી પીઉડાની લાર રે, વા૦ અવિચલ કીધો એણે સાહીબો રૂડો નેહલો મુકિતમાં જાય વા૦ । ૧૩ । ધન્ય ધન્ય જીન બાવીશમો, જેણે તારી પોતાની નાર રે, વા૦ ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમાં સીરદાર રે, વા૦ । ૧૪ । સંવત સત્તર ઈકોત્તરે, તિહાં શુભ વેલા શુભ વાર રે, વા૦ કાંતીવિજય રાજુલના, તિહાં ગુણ ગાયા શ્રીકાર રે, વાલા૦ । ૧૫ ।

—::—

## શ્રી નવકાર મંત્રની સજઝાય.

(નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી.)

શ્રી નવકાર જપો મન રંગે, શ્રી જીન શાસન સાર રે, સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જય જય કારરે શ્રી૦ ।

। १ । પહેલે પદ ત્રિભુવન જનપૂજિત, પ્રણમું શ્રી અરિહંત રે, અષ્ટકર્મ વરજિત બીજે પદ, ધ્યાવો સિદ્ધ અનંત રે, શ્રી૦ । ૨ । આચારજ ત્રીજે પદ સમરૂં, ગુણ છત્રીશ નિધાન રે, ચોથે પદ ઉવજ્ઝાય જપીજે, સૂત્રસિદ્ધાંત સુજાણ રે, શ્રી૦ । ૩ । સર્વ સાધુ પંચમ પદ પ્રણમું, પંચ મહાવ્રત ધાર રે, નવ પદ અષ્ટ ઈહાં છે સંપદા અડસઠ વરણ સંભાર રે શ્રી૦ । ૪ । સાત અક્ષર અછે ગુરૂ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર રે, સાત સાગરના પાતક વણે, પદ પંચાશ વિચાર રે. શ્રી૦ । ૫ । સંપૂરણ પણ સય સાગરનાં, જાયે પાતક દૂર રે ઈહ ભવ સર્વ કુશલ મન વંછિત, પરભવ સુખ ભરપૂર રે, શ્રી૦ । ૬ । યોગી સોવન પુરીસો કીધો, શિવકુમર ઈણે ધ્યાન રે, સર્પ મિટી તિહાં કુલમાલા, શ્રીમતીને પરધાન રે, શ્રી૦ । ૭ । જક્ષ ઉપદ્રવ કરતો વાર્યો, પરચો એ પરસિદ્ધ રે, ચોર ચંડ પિંગલને હુંડક, પામે સુરતણી ઋદ્ધિ રે, શ્રી૦ । ૮ । એ પંચ પરમેષ્ટિ છે જગ ઉત્તમ, ચૌદ પૂરવનો સાર રે, ગુણે બોલે શ્રી પદ્મરાજ ગણી, મહિમા જાસ અપાર રે, શ્રી૦ । ૯ ।

## ગણધરની સજ્ઝાય.

વીર પટોધર વંદીયે ગણધર હો શ્રી ગૌતમ સ્વામ, ઋદ્ધી વૃદ્ધી સુખ સંપદા નવે નીધી હો પ્રગટે જસનામ । । વીર૦ । ૧ । અગ્નિ ભૂતી વાયુ ભુતીસુ પંદર શતહો લહે સંજમભાર, વ્યક્ત સુધર્મા સહરા સું તે તરીયા હો શ્રુત દરીયા સંસાર । વીર૦ । ૨ । મંડીત મૌર્ય પુત્રજી સાડાત્રણ હો શત સંજમ લીધ, અકંપીત ત્રણ શતસુ અચલભ્રાતા હો ત્રણ શત પ્રસીદ્ધ । વીર૦ । ૩ । મેતારજ પ્રભાસના સાધુ સાધવી

હો ત્રણ ત્રણ શત ચૌદ સહસ મુની વંદીયે, સાહુણી હો છત્રીસ સહસ મહંત । વીર૦ । ૪ । વીર વીમલ કહે વીધીસુ વીધી વંદો હો એવા અણગાર, તરે તારે તરીસમા સમ ધીર હો શાસન શણગાર । વીર૦ । ૫ ।

## ગૌતમ સ્વામીની સજ્ઝાય.

ગુરૂ ગૌતમ સંભાળતાજી રે કર્મ કલંક હોય નાશ, લબ્ધિ રૂદ્ધી સુખ સંપદાજી રે પામે શીવપુર વાસ રે, જીવડા ભજ ગૌતમ ગણધાર જેમ પામે ભવ પાર રે । જી૦ । ૧ । ગૌયમ ગીરૂઓ ગુરૂ મલ્યોજી રે સૂર ગવી તરૂરત્ન રૂપ, ગોયમ તુઠયો જેહનેજી રે તે હોવે ગૌયમ રૂપ રે । જી૦ । ૨ । ઇધર ઉધર ભટકો નહી જીરે રાખો નિશ્ચલ ધ્યાન, ખટ માસે સીદ્ધી હોવેજી રે ગુરૂ ગૌતમ ભગવાન રે । જી૦ । ૩ । ભગવઇ અંગે પૂછીયાજી રે પ્રશ્ન છત્રીસ હજાર, સહસ પચાસ દીખાયાજી રે, ત્રીપદી રચના સાર રે । જી૦ । ૪ । તીર્થંકર પદ પામવાજી રે ધ્યાવો ગૌતમ ધ્યાન, ધર્મ રત્ન નીર્ભય હોવેજી રે પામે અવિચલ ધામ રે । જી૦ । ૫ ।

## કર્મ ઉપરની સજ્ઝાય.

(કપુર હોયે અતિ ઉજળો રે—એ દેશી.)

સુખ દુઃખ સરજ્યાં પામીયે રે, આપદ સંપદ હોય, લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે, પ્રાણી મન નાણો વિષવાદ, એતો કર્મ તણા પરસાદ રે, પ્રાણી૦ । ૧ । ફળને આહારે જીવીયારે, બાર વરસ વન રામ, સિતા રાવણ લઈ

ગયોરે, કર્મતણા એ કામ રે, પ્રાણી૦ । ૨ । નીર પાંખે વન એકલોરે, મરણ પામ્યો મુકુંદ, નીચ તણે ઘર જળ વહ્યો રે, શિશ ધરી હરિચંદ રે, પ્રાણી૦ । ૩ । નળે દમયંતિ પરિહરીરે, રાત્રિ સમય વનમાંય, નામ ઠામ કુલ ગોપવીરે, નળે નિરવાહ્યો કાળ રે, પ્રાણી૦ । ૪ । રૂપ અધિક જગ જાણીયેરે, ચક્રી સનત કુમાર, વરસ સાતશેં ભોગવીરે, વેદના સાત પ્રકાર રે, પ્રાણી૦ । ૫ । રૂપે વળી સુર સારિખારે, પાંડવ પાંચ વિચાર, તે વનવાસે રંડવડ્યારે, પામ્યા દુઃખ સંસાર રે પ્રાણી૦ । ૬ । સુરનર જસ સેવા કરેરે, ત્રિભુવન પતિ વિખ્યાત, તે પણ કર્મ વિટંબીયારે, તો માણુસ કેઈ માત રે પ્રાણી૦ । ૭ । દોષ ન દીજે કેહનેરે, કર્મ વિટંબર હાર, દાન મુની કહે જીવનેરે, ધર્મ સદા સુખકાર રે, પ્રાણી૦ । ૮ ।

---

## રાજુલીની સજઝાય.

નેમ નેમ કરતી નારી, કોઇની ન ચાલ કારી, રથ લીધો પાછો વાળી રે, સાહેલી મોરી કર્મે કુંવારા રહ્યા રે, મનથી તો માયા મુકી, સૂનિ તો દીસે છે ડેલી, હવે મારૂં કોણ બેલી રે, સાહેલી૦ । ૨ । ચિત્તમાંથી છોડી દીધા, પ્રીતીથી પરવશ કીધા, દુઃખડા તો અમને દીધા રે, સાહેલી૦ । ૩ । જાવમાં જાદવરાયા, આઠ ભવની મેલી માયા, આવો શીવાદેવીના જાયા રે સાહેલી૦ । ૪ । માછલી તો વિણ નીર, બચે નહિ એક ખીણ દાડા કેમ જાશે પીયરરે, સાહેલી૦ । ૫ । આજ તો બની ઉદાશી તુમ દરશન હતી ખાસી, પરણવાની હતી આસી રે સાહેલી૦ । ૬ । જોબનીયા તો કેમ જાશે, સ્વામીવિના કેમ રહેવાસે, દુઃખડા કેને કહેવાશે, સાહેલી૦ । ૭ । જોતા નવિ જોડી મલી આઠ ભવની

પ્રીતી તોડી બાલપણમાં ગયા છો છોડી રે, સાહેલી૦ । ૮ । દેહ તો દાઝે છે મોરી સ્વામી તુમે સું વિસારી, તુમે જીત્યાં હું તો હારી રે । સાહેલી૦ । ૯ । પશુડા છોડાવી દીધા પ્રભુએ અભયદાન દીધા, ઉદાસી તો અમને કીધારે । સાહેલી૦ । ૧૦ । મનમાં વૈરાગ્ય આણી સહેસા વનમાં ગયા ચાલી, સંજમ લીધો મન ભાવીરે । સાહેલી૦ । ૧૧ । રાજુલ વિચારે એવું સુખ છે સુપનાના જેવું, હવે પ્રભુ નેમ સેવું રે । । સાહેલી૦ । ૧૨ । કરમ તો જાય નાસી પહોત્યા શીવપુર વાસી, રત્નવિજય કહે શાબાસી રે । સાહેલી૦ । ૧૩ ।

—×—

## ત્રીજા આચાર્યપદની સજઝાય.

( શાલીભદ્ર ભોગી થયો—એ દેશી )

આચાર્ય આચાર્યનોજી ત્રીજે પદે ધરો ધ્યાન શુભ ઉપદેશ પ્રરૂપતાજી કહ્યાં અરિહંત સમાન સુરીશ્વર નમતાં શિવ સુખ થાય ભવભવના પાતિક જાય । સુ. ન. । ૧ । પંચાચાર પલાવતાજી આપણુ પે પાલંત, છત્રીસ છત્રીસ ગુણેજી અલંકૃત તનુ વિલ સંત । સુ. ન. । ૨ । દર્શન જ્ઞાન ચારિત્રનાજી એકેક આઠ આચાર, બારહ તપ આચારનાજી ઇમ છત્રીસ ઉદાર । સુ. ન. । ૩ । પડિ રૂપાદીક ચઉદે અછેજી વલી દશ વિધ યતિ ધર્મ, બારહ ભાવનાં ભાવતાંજી એ છત્રીસ મર્મ । । સુ. ન. । ૪ । પંચેંદ્રિય દમે વિષયથીજી ધારે નવવિધ બ્રહ્મ, પંચ મહાવ્રત પોષતાંજી પંચાચાર સમર્થ । સ. ન. । ૫ સમિતિ ગુપ્તિ શુદ્ધિ ધરેજી ટાળે ચાર કષાય, એ છત્રીશ આદરેજી ધન્ય ધન્ય તેહની માય । સુ. ન. । ૬ । અપ્રમત્તે અર્થ ભાંખતાંજી ગણિ સંપદ જે આઠ, છત્રીશ ચઉ

વિનયાદકેજી ઇમ છત્રીશ પાઠ । સુ. ન. । ૭ । ગણધર ઉપમાં દીજીએજી યુગ પ્રધાન કહાય, ભાવ ચારિત્ર તેહવાજી તિહાં જિન માર્ગ ઠરાય । સુ. ન. । ૮ । જ્ઞાન વિમલ ગુણ ગાવતાંજી ગાજે શાસન માંહે, તે વાંદિ નિર્મલ કરોજી બોધિ બીજ ઉત્છાહ । સુ. ન. । ૯ ।

× × ×

## પંચમ પદ સજઝાય.

(રાગ—ધનાશ્રી મગધદેશ રાજગૃહી નગરી—એ દેશી)

તે મુનિને કરૂં વંદન ભાવે, જે ષટકાય વ્રત રાખે રે, ઇન્દ્રિય પણ દમે વિષય ઘણાથી, વળી શાંત સુધારસ ચાખે રે, તે મુનિ. । ૧ । લોભ તણા નિગ્રહને કરતાં વળી પડિલેહણાદિક કિરીયારે, નિશ શંસયતનાએ બહુ બુદ્ધી, વળી કરણ શુદ્ધી ગુણ દરીઆ રે તે. । ૨ । અશનિશ સંજમ યોગ શું યુક્તા, દુર્ધર પરિસહ સહતારે, મન વચન કાય કુશળતા જોગે, વરતાવે ગુણ અનુસરતા રે, તે. । ૩ । છંડે નિજ તનુધર્મને. કામે ઉપસર્ગાદિક આવે રે, સત્તાવીસ ગુણે કરી સોહે, સૂત્રા ચારને ભાવે રે, તે. । ૪ । જ્ઞાન દર્શન ચારિત્ર તણા જે. ત્રિકરણ જોગ આચાર રે, અંગે ધરે નિઃસ્પૃહતા શુદ્ધિ, એ સત્તાવીસ ગુણ સાર રે, તે. । ૫ । અરિહંત ભકિત સદા ઉપદિશે વાચક સૂરિના સહાઇ રે મુનિવિણ સર્વે ક્રિયા નવિ સુજે, તીર્થ સકલ સુખદાઇ રે, તે. । ૬ । પદ પંચમ ઇણીપરે ધ્યાવો, પંચમી ગતિને સાધો રે, સુખી કરજો શાસન નાયક, જ્ઞાન વિમલ ગુણ વાધો રે તે. । ૭ ।

—o—

## વર્ધમાન તપની સજઝાય.

પ્રભુ તુજ શાસન અતિ ભલું. તેમા ભલું તપ એહ રે, સમતાં ભાવે સેવતાં, જલદી લહે શિવ ગેહરે, પ્રભુ૦ । ૧ । ષટ રસ તજી ભોજન કરે, વિગય કરે ષટ દૂર રે, ખટપટ સઘળી પરિહરી, કર્મ કરે ચકચૂર રે, પ્રભુ૦ । ૨ । પડિક્કણાં દોય ટંકના, પૌષધ વ્રત ઉપવાસ રે, નિયમ વિચારે સર્વદા, જ્ઞાન ધ્યાન સુવિલાસ રે, પ્રભુ૦ । ૩ । દેહને દુઃખ દેવા થકી, મહાફળ પ્રભુ ભાંખે રે, ખડ્ગધારા વ્રત એ સહી, આગમ અંતગડ શાખે રે, પ્રભુ૦ । ૪ । ચૌદ વર્ષ સાધિક હોવે, એ તપનું પરિણામ રે, દેહના દંડ દૂરે કરે, તપ ચિંતામણી જાણ રે, પ્રભુ૦ । ૫ । સુલભ બોધિ જીવને, એ તપ ઉદયે આવે રે, શાસન સુર સાનિધ્ય કરે, ધર્મ રત્ન પદ પાવે રે, પ્રભુ૦ । ૬ ।

## વર્ધમાન તપની સજઝાય.

પ્રીતમ સેંતી વિનવે પ્રમદા ગુણની ખાણ મેરે લાલ, અવસર આવ્યો સાહિબા કરશું તપ વર્ધમાન મેરે લાલ આંબિલ તપ મહિમાં સુણો. । ૧ । બહોત ગઈ થોડી રહી, કીધા બહુલા સ્વાદ મેરે લાલ, પિંડ પોષીયો લાલચે હવે છોડો ઉન્માદ મેરે લાલ । આ૦ । ૨ । સાડી ત્રણ ક્રોડ રોમ છે પોણા બે બે રોગ મેરે, દેહના દંડ છે એટલા દૂર કરો સબ રોગ મેરે લાલ । આ૦ । ૩ । ષટ કોટીની ઉપરે સાડાબાર લાખ પ્રમાણ મેરે લાલ, આંબિલ તીવ્ર હુતાશને કાયા કંચન વાન મેરે લાલ । આ૦ । ૪ । સવા ચૌદ વરસ લગે એકાદિ શત માન મેરે લાલ, ખડ્ગ ધારા વ્રત પાળશું ધરશું જિનવર

આણુ મેરે । આં૦ । ૫ । નાણુ મંડાવી ભાવશું સામી સામણુ સાથ મેરે લાલ, ઉજમણાં કરવાં ભલાં પૂજશું ત્રિભુવન નાથ મેરે લલ । આં૦ । ૬ । નિયાણું કરશું નહીં સમતા ભાવ ઉદાર મેરે લાલ, ધર્મ રત્ન આરાધવા અમૃત કૃપા વિચાર મેરે લાલ । આં૦ । ૭ ।

## સુંદરીના આયંબીલની સજઝાય.

( સુણુ મોરી સજની રજની ન જાવે રે—એ દેશી )

સરસ્વતી સ્વામિની કરી સુપ સાય રે સુંદરી તપનો ભણું સજઝાય રે, ઋષભદેવ તણી અંગ જાત રે સુંદરીની સુનંદા માત રે ભવિજન ભાવે એ તપ કીજે રે મનુજ જન્મનો લ્હાવો લીજે રે । ૧ । એ આંકણી ઋષભસેન જબ દીક્ષા લીધી રે સુંદરીને આજ્ઞા નવિ દીધી રે, ભરત જાણે મુજ થાશે નારી રે એ મુજ પ્રાણ થકી છે પ્યારી રે । ભવિ૦ । । ૨ । ભરતરાય જબ ખટ ખંડ સાધે રે સુંદરીએ તપ માંડયો સમાધેરે, સાઠ હજાર વર્ષ ગલે સાર રે આંબીલ તપ કીધો નિરધાર રે । ભવિ૦ । ૩ । ચૌદ રત્નને નવ નિધાન રે લાખ ચોરાસી હાથીનું માન રે, લાખ ચોરાશી જેહને વાજી રે ભરતરાય આવ્યા તવ ગાજી રે । ભવિ૦ । ૪ । દોય સહસ યક્ષ કરે સેવા રે ભરતરાય મોટા નર દેવાં રે અયોધ્યાનગરીએ ભરતજી આવ્યા રે માંહો માંહે સર્વે મોતીડે વધાવ્યારે । ભવ૦ । ૫ । આ કોણ દીસે છે દુબલી નારી રે, સહુ કહે સુંદરી બ્હેન તુમારી રે, કાં તુમે એને દુબલી કીધી રે, મુજ બેનડની ખબર ન લીધી રે, ભવિ૦ । ૬ । સહુ કહે આંબીલનો તપ કીધો રે સાઠ હજાર વરસ પ્રસિદ્ધો રે, જાવ બેનડ તુમે દીક્ષા પાળો રે, ઋષભદેવનું કુલ અજવાળો રે, ભવિ૦ । ૭ । ભરતરાયની પામી

શિક્ષા રે, સુંદરીએ તવ લીધી દીક્ષા રે, કર્મ ખપાવીને કેવળ પામી રે, કાંતિવિજય પ્રણમે શિર નામી રે, ભવિજન ભાવે ા ૮ ા

## ગજસુકુમારની સજઝાય.

(શ્રી ગુરૂ પદ પંકજ નમીઝ—એ દેશી)

ગજસુકુમાલ મહા મુનીજી રે, સ્મશાને કાઉસ્સગ કીધ, સોમલ સસરો આવીયોજી રે, દીઠો મહા અણગાર રે પ્રાણી, ધુન ધન તે અણગાર, વંદુ વારંવાર રે, પ્રાણી૦ ા ૧ ા પાળ બાંધી શીર ઉપરેજી, અગ્નિ ધરી તેની માય, ઝળ ઝળ જવાલા સળગતીજી, ઋષી ચડ્યો ઉત્સાહ રે, પ્રાણી૦ ા ૨ ા એ સસરો સાચો સગોજી, આપે મુકિતની પાઘ, ઇણ અવસર ચુકુ નહિજી, ટાળુ કર્મ વિપાક રે, પ્રાણી૦ ા ૩ ા મારૂં કાંઈ બળતું નથીજી, બળે બીજાનું એહ, પાડોસીની આગમાંજી, આપણુ અલગું છેહ રે, પ્રાણી૦ ા૪ા જન્માંતર જે કર્યાજી, આ જીવે અપરાધ, ભોગવતાં ભલિ ભાત શુંજી, શુકલ ધ્યાન આસ્વાદ રે પ્રાણી૦ ા૫ા દ્રવ્યાનલ ધ્યાના નલેજી કાયા કર્મ દહંત, અંતગડ હુવા કેવલજી, ધર્મ રત્ન પ્રણમંત રે, પ્રાણી૦ ા ૬ ા

## બીજની સજઝાય.

બીજ તણે દિન દાખવું રે, દ્વિવિધ ધર્મ પ્રકાર ા પંચ મહાવ્રત સાધુના, શ્રાવકના કહ્યા વ્રત બાર રે, પ્રાણી ધર્મ કરો સહુ કોઇ ા ૧ ા પ્રાણાતિપાત વ્રત જે કહ્યું રે, જાવજીવ તે જાણ ા બીજું મૃષાવાદ જાણીએ રે, મોટું તેહ વખાણ રે ા ા પ્રા૦ ા ૨ ા જાવજીવ ત્રીજું વળી રે, નામે અદત્તાદાન ા ચોથું વ્રત ઘણું પાળતાં રે, જગમાં વાધે માન રે ા પ્રા૦ ા ૩ ા

નવ વિધ પરિગ્રહ છાંડતાં રે, પંચમી ગતિ સુઠામ । વ્રત સુધાં એ પાળતાં રે અણગારી કહ્યો નામ રે । પ્રા૦ । ૪ । બારે વ્રત પાળે સદા રે, શ્રાવકના એ આચાર । પડિક્કમણાં બેહુ ટંકનારે, રાખે ધર્મશું પ્યાર રે । પ્રા૦ । ૫ । એહવા વ્રત પાળે સદા રે, ગ્રંથતણે અનુસાર । આરાધક એહને કહ્યો રે, તે પામે ભવ પાર રે । પ્રા૦ । ૬ । મિથ્યાતમાં ભુલો ભમ્યો રે, એહ અનાદિનો જીવ । સાર ધર્મ નવિ ઓળખ્યો રે, જેહથી મોક્ષ સદીવ રે । પ્રા૦ । ૭ । આરંભ છાંડી આતમા રે, કરો સુમતિ ગુપ્તી શુંપ્રિત ~~ધરો નીતિ~~ । આઠે મદ દૂરે તજી રે, કરો ધર્મ સુવિનીત રે । પ્રા૦ । ૮ । પાળો જિનની આણને રે, જો ચાહો શિવરાજ । શ્રી વિજયરત્ન સૂરીંદ્રના રે, દેવનાં સર્યાં સવિ કાજ રે । પ્રા૦ । ૯ । ઇતિ ।

## પંચમીની સઝાય ૨ જી.

। આલમ જોગીડા રે । એ દેશી ।

શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર વચણથી રે, રૂપકુંભ કંચનકુંભ મુનિ દોય । રોહિણી મંદિર સુંદર આવીયા રે નમી ભવ પૂછે દંપતી સોય, ચઉનાણી વયણે દંપની મોહીઆ રે । ૧ । એ આંકણી । રાજા રાણી નિજ સુત આઠનો રે, તપ ફલ નિજ ભવ ધાંરી સંબંધ । વિનય કરી પૂછે મહારાજને રે, ચાર સુતાના ભવ પ્રબંધ । ચ૦ । ૨ । રૂપવતી શીળવતી ને ગુણવતી રે, સરસ્વતી જ્ઞાન કળા ભંડાર । જન્મથી રોગ શોક દીઠો નથી રે, કુણ પુણ્યે લીધો એહ અવતાર । ચ૦ । ૩ ।

### । ઢાલ ૧ લી । વાલાજી વાગે છે વાંસળી રે । એ દેશી ।

ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરૂ રે, પુત્રી વિદ્યાધરી ચાર, નિજ આયુ જ્ઞાનીને પૂછીઓ રે, કરવા સફળ અવતાર, અવધારો

અમ વિનતિ રે । ૧ । એ આંકણી । ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે, એક દિવસનું આય । એવાં વચન શ્રવણે સુણ્યાં રે, મનમાં વીમાસણ થાય । અ૦ । ૨ । થોડામાં કાર્ય ધર્મનાં રે, કીમ કરીએ મુનિરાજ । ગુરૂ કહે જોગ અસંખ્ય છે રે, જ્ઞાનપંચમી તુજ કાજ । અ૦ । ૩ । ક્ષણ આરાધે સવિ અઘ ટળે રે, શુભ પરિણામે સાધ્ય । કલ્યાણક નવ જિનતણાં રે, પંચમી દિવસે આરાધ । અ૦ । ૪ ।

## । ઢાલ ૨ જી । જઇને કહેજોજી રે । એ દેશી ।

ચૈતર વદિ પંચમી દિને, સુણો પ્રાણીજી રે । ચવીઆ ચંદપ્રભ સ્વામી; લહે સુખ ઠામ, સુણ પ્રાણીજી રે । ૧ । એ આંકણી । અજિત સંભવ અનંતજી, સુણો પ્રાણીજી રે । પંચમી શુદિ શિવ ધામ, શુભ પરિણામ સુણો૦ । ૧ । વૈશાખ શુદિ પંચમી દિને । સુ૦ । સંજમ લીએ કુંથુનાથ, બહુ નર સાથ । સુ૦ । જેઠ શુદિ પંચમી વાસરે । સુ૦ । મુગતિ પામ્યા ધર્મનાથ, શિવપુરી સાથ । સુ૦ । ૨ । શ્રાવણ શુદિ પંચમી દિને । સુ૦ । જન્મ્યા નેમિ સુરંગ, અતિ ઉછરંગ । સુ૦ । માગશર વદિ પંચમી દિને । સુ૦ । સુવિધિ જન્મ શુભ સંગ, પુણ્ય અભંગ । સુ૦ । ૩ । કાર્તિક વદિ પંચમી તિથિ । સુ૦ । સંભવ કેવળજ્ઞાન, કરો બહુ માન । સુ૦ । દશ ક્ષેત્રે નેવું જિના । સુ૦ । પંચમી દિનના કલ્યાણ, સુખના નિધાન । સુ૦ । ૪ ।

## । ઢાલ ૩ જી । હાંરે મારે જોબનીયા । એ દેશી ।

હાંરે મારે જ્ઞાની ગુરૂના વયણ સુણી હિતકાર જો । ચાર વિદ્યાધરી પંચમી વિધિશું આદરે રે લોલ । ૧ । એ આંકણી । હાંરે મારે શાસન દેવના પંચ જ્ઞાન મનોહાર જો । ટાળી રે આશાતના દેવ વંદન સદા રે લોલ । ૨ । હાંરે મારે તપ પુર-

ણુથી ઉજમણાનો ભાવ જો । એહવે વિદ્યુત યોગે સુર પદવી વર્યા રે લોલ । ૩ । હાંરે મારે ધર્મ મનોરથ આળસ તજતાં હોય જો । ધન્ય તેં આતમ અવલંબી કારજ કર્યાં રે લોલ । । ૪ । હાંરે માર દેવથકી તુમે કુખે લીઓ અવતાર જો । સાંભળ રોહિણી જ્ઞાન આરાધન ફળ ઘણાં રે લોલ । ૫ । હાંરે મારે ચારે ચતુરા વિનય વિવેક વિચાર જો । ગુણ કેતા ઓળખીએ તુમ પુત્રીતણા રે લોલ । ૬ ।

## ઢાલ ૪ થી આસણના રે જોગી । એ દેશી ।

જ્ઞાનીનાં વયણુથી ચારે એહની, જાતિ સમરણ પામી રે, જ્ઞાની ગુણવંતા । ત્રીજા ભવમાં ધારણ કીધી, સિધ્યાં મનમાં કામો રે. જ્ઞાની ગુણવંતા । ૧ । એ આંકણી । શ્રી જિન મંદિર પંચ મનોહર । પંચ વર્ણ જિન પડિમા રે । જ્ઞા૦ । જિનવર આગમને અનુસારે । કરીએ ઉજમણાનો મહિમારે । જ્ઞા૦ ।૨। પંચમી આરાધનથી પચમ । કેવળનાણ તે થાય રે । જ્ઞા૦ । શ્રી વિજયલક્ષ્મી સૂરિ અનુભવ નાણે । સંઘ સકળ સુખદાય રે । જ્ઞા૦ । ૩ ।

—×—

## આઠ મદની સજ્ઝાય.

મદ આઠ મહામુનિ વારીએ, જે દુર્ગતિના દાતાર રે । શ્રી વીર જિનેશ્વર ઉપદિશે, ભાખે સોહમ ગણધાર રે । મદ૦ । । ૧ । હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધો રે । ચંડાળતણે કુળે ઉપજ્યા, તપથી સવિ કારજ સીધ્યો રે । । મદ૦ । ૨ । હાંજી કુલમદ બીજો દાખીઓ, મરિચિ ભવે કીધો પ્રાણી રે । કોડાકોડિ સાગર ભવમાં ભમ્યા, મદ મ ધરો

એમ મન જાણી રે । મદ૦ । ૩ । હાંજી બળમદથી દુઃખ પામીઓ, શ્રેણિક વસુભુતિ જીવ રે । દુઃખ નરકતણાં જઇ ભોગવ્યાં, મુખે પાડંતા ઘણા રીવ રે । મદ૦ । ૪ । હાંજી સનત્કુમાર નરેશ્વરૂ, સુર આગળ રૂપ વખાંણ્યો રે । રોમ રોમ કાયા બિગડ ગઇ. મદ ચોથાનો એ ટાણો રે । મદ૦ । ૫ । હાંજી મુનિવર સંયમ પાળતા તપનો મદ મનમાંહે આવ્યો રે । થયો કુરગડુ ઋષિ રાજીયો, પામ્યા તપનો અતરાયો રે । મદ૦ । ૬ । હાંજી દેશ દશારણનો ધણી રાજા દશાર્ણભદ્ર અભિમાની રે; ઇંદ્રની ઋદ્ધિ દેખી બુઝીયા સંસાર તજી થયા જ્ઞાની રે । મદ૦ । ૭ । હાંજી સ્થુલિભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાયી રે । શ્રુતપૂર્ણ અર્થ ન પામીઆ, જુઓ માનતની આધકાઇ રે । । મદ૦ । ૮ । રાય સુભુમ ષટખંડનો ધણી, લાભનો મદ કીધો અપાર રે । હય ગય રથ સબ સાયર ગયા, ગયો સાતમી નરક મોઝાર રે । મદ૦ । ૯ । ઇમ તન ધન જોવન રાંજનો, મ ધરો મનમાં અહંકાર રે । એહ અસ્થિર અસત્ય કાંમું, વિણસે ક્ષણમાં બહુવાર રે । મદ૦ । ૧૦ । મદ આઠ નિવારે વ્રત ધારી, પાળે સંયમ સુખકારી રે । કહે માન વિજય તે પામશે, અવિચળ પદવી નરનારી રે । મદ૦ । ૧૧ ।

## એકાદશીની સઝાય.

ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મૌન એકાદશી કોણે કહી । કેણે પાળી કેણે આદરી, સુણો સ્વામીજી, એહ અપૂર્વ દિન સહી । ૧ । વીર કહે સુણો ગોયમા, ગુણ ગેહાજી, નેમ પ્રકાશી એકાદશી । મૌન એકાદશી નિર્મળી, સુણ ગોયમજી, ગોવિંદ કરે મલારસી । ૨ । દ્વારાવતી નગરી

ભલી । સુ૦ । નવ જોજન આરામ વસી । છપ્પન ક્રોડ જાદવ વસે । સુ૦ । કૃષ્ણ વિરાજે તેણે નગરી । ૩ । વિચરંતા વિચરંતા નેમજી । સુ૦ । આવી રહ્યા ઉજ્વલ શિખરી । મધુર ધ્વનિ દીએ દેશના । સુ૦ । ભવિયણને ઉપકાર કરી । ૪ । ભવ અટવી ભીષણ ઘણી, । સુ૦ । તે તરવા પંચ પર્વી કહી । બીજે બે વિધ ધર્મ સાચવો । સુ૦ । દેશવિરતિ સર્વ વિરતિ સહી । ૫ । પંચમી જ્ઞાન આરાધીએ । સુ૦ । પંચ વરસ પંચ માસ વળી । અષ્ટમી દિન અષ્ટ કર્મનો । સુ૦ । પરભવ આયુનો બંધ કરે । ૬ । ત્રીજે ભાગે નવમે ભાગે । સુ૦ । સત્તાવીશમે ભાગે સહી । અથવા અંતમુહૂર્ત સમે । સુ૦ । શ્વાસોશ્વાસમાં બંધ કરે । ૭ । માયા કપટ જે કેળવે । સુ૦ । નરક તિર્યંચનું આયુ ધરે । રાગતણે વશ મોહીઓ । સુ૦ । વિકળ થયો પરવશ પણે । ૮ । કરણી અકરણી નવિ ગણે । । સુ૦ । મોહતિમિર અંધકાર પણે । મોહે મદ ઘાઢો ફરે । । સુ૦ । દે ઘુમરી ઘણું જોરપણે । ૯ । ઘાયલ જિમ રહે ઘુમતો । સુ૦ । કહ્યું ન માને નેહપણે । જીવ રૂળે સંસારમાં । સુ૦ । મોહ કર્મની સહેલાણી । ૧૦ । અલ્પ સુખ સરસવ જેતું । સુ૦ । તે તો મેરૂ સમાન ગણે । લોભે લંપટ વાહીઓ । સુ૦ । નવિ ગણે તે અંધપણે । ૧૧ । જ્ઞાની વિના કહો કુણ લહે । સુ૦ । શું જાણે છદ્મસ્થપણે । અષ્ટમી એકાદશી ચતુર્દશી । સુ૦ । સામાયિક પોસહ કરે । ૧૨ । ધર્મને દિવસે કર્મનો । સુ૦ । આરંભ કરે જે નરનારી । નિશ્ચે સદ્ગતિ નવિ લહે । સુ૦ । અશુભ કર્મનાં છે ફળ ભારી । ૧૩ । પંચ ભરત પંચ ઐરવતે । સુ૦ । સુ૦ । મહાવિદેહ તે પંચ ભણે । કર્મ ભુમિ સઘળી થઇ । સુ૦ । કલ્યાણક પંચસય ગણે । ૧૪ । શ્રી વિશાળ સોમસૂરિ પ્રભુ । સુ૦ । તપગચ્છકો શિરદાર

ગુણી । તસ ગુરૂ ચરણુકમળ નમી । સુ૦ । સુવ્રત રૂપ સઝાય ભણી । ૧૫ ।

—::—

## અથ શ્રી સોળ સુપનાની સજ્ઝાય.

સુપન દેખી પેલડે, ભાંગી છે કલ્પવૃક્ષની ડાલ રે, રાજા સંજમ લેશે નહીં, દુસમ પંચમ કાલ રે, ચંદ્રગુપ્ત રાજા સુણો । ૧ । અકાલે સુરજ આથમે તેનો સ્યો વીસ્તાર રે । જનમ્યો તે પંચમ કાલમાં, તેને કેવળ જ્ઞાન નવી હોશે રે । ચં૦ । ૨ । ત્રીજે ચંદ્રમા ચારણી, તેનો સ્યો વિસ્તાર રે । સમાચાંરી જુઇ જુઇ હોશે, બારે વાટે ધર્મ હોશે રે । ચં૦ । ૩ । ભુત ભુતાદી દિઠા નાચતા, ચોથા સુપનનો વીસ્તાર રે । કુદેવ, કુગુરૂ, કુધર્મની, માન્યતા ઘણેરી હોશે રે । ચં૦ । ૪ । પાંચમે નાગ દીઠો બાર ફણો તેનો સ્યો વીસ્તાર રે । વરસ થોડાને આંતરે, હોસે બાર દુકાળ રે । ચં૦ । ૫ । દેવ વીમાન છઠે વર્યા તેનો સ્યો વીસ્તાર રે । વિદ્યા તે જંઘા ચારણી લબ્ધી તેવી છેદ હોશે રે । ચં૦ । ૬ । ઉગ્યું તે ઉકરડા મધ્યે, સાતમે કમળ વિમાસે રે, એક નહીં તે સર્વ વાણીયા, જુદા જુદા મત હોશે રે । ચં૦ । ૭ । થાપના થાપશે આપ આપણી, પછે વીરાધીક ઘણા હોશે રે; ઉદ્યોત હોશે જૈન ધર્મનો. વચે મીથ્યાત્વ ઘોર અંધારૂં રે । ચં૦ । ૮ । સુકા સરોવર દીઠા ત્રણ દિશે, દક્ષિણ દિશે ડોળા પાણીરે । ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે । ચં૦ । ૯ । સોનાની રે થાળી મધ્યે, કુતરડો ખાવે છે ખીર રે । ઉંચ તણી રે લક્ષમી નીચ તણે ઘેર હોશે રે । ચં૦ । ૧૦ । હાથી માથે રે બેઠો વાંદરો તેનો સ્યો વીસ્તાર રે । મલેછી રાજા ઉંચા હોશે, અસલી હિંદુ હેઠા હોશે

રે । ચં૦ । ૧૧ । સમુદ્રે મર્યાદા મુકી બારમે, તેનો સ્યો વીસ્તાર રે । શીષ્ય ચેલા ને પુત્ર પુત્રીઓ, નહીં રાખે મર્યાદા લગાર રે । ચં૦ । ૧૨ । રાજકુંવર ચડયો પોઠીયે તેનો સ્યો વિસ્તાર રે, ઉંચો તે જૈન ધર્મ છાંડીને. રાજા નીચ ધર્મ આ- દરશે રે । ચં૦ । ૧૩ । રત્ન ઝાંખા રે દીઠા ચૌદમે તેનો સ્યો વીસ્તાર રે । ભરત ક્ષેત્રના સાધુ સાધવી, તેને હેત મેળાવા થોડા હોશે રે । ચં । ૧૪ । મહાવ્રતે જુત્યા વાછડા. તેનો સ્યો વીસ્તાર રે । બાળક ધર્મ કરશે સદા બુઢા પરમાદમાં પડયા રેશેરે । ચં૦ । ૧૫ । હાથી લડે રે માવદ વીના, તેનો સ્યો વીસ્તાર રે । વરસ થોડાને આંતરે, માગ્યા નહી વરશે મેહ રે । ચં૦ । ૧૬ । વ્યવહાર સૂત્રની ચુલીકા મધ્યે, ભદ્રબાહુ મુનિ એમ ભાખે રે, સોળ સુપનનો અર્થ એ, સાંભળો રાય સૂધીર રે । ચંદ્રગુપ્ત૦ । ૧૭ । ઇતિ,

—o—

## પજુષણની સજઝાય

પરવ પજુષણ આવીયારે લાલ કીજે ઘણા ધર્મ ધ્યાનરે, ભવિકજન. આરંભ સકલ નીવારીએરે લાલ. જીવને દીજે અભેદ્ય દાનરે । ભ૦ । ૧ । સઘલા માસમાં[illegible] સિરરે લાલ । ભાદ્રવો માસ સુમાસરે । ભ૦ । તિ[illegible]મેં આઠ દિન રૂઅડારે લાલ । કીજે સુકૃત [illegible] । ભ૦ । ૨ । ખાંડણ પીસણ ગારનારે લાલ । ન્હાવણ ધોવણ જેહરે । ભ૦ । એહવા આરંભ ટાલિએરે લાલ । પામે સુખ અછેહરે । ભ૦ । ૩ । પુસ્તક વાસી ન રાખીયેરે લાલ । ઓછવ કીજે અનેકરે । ભ૦ । ધર્મસારૂ વિત વાવરોરે લાલ । હઇડે આણી વિવેકરે । ભ૦ । ૪ । પુજી અરચી આંણિ-

યેરે લાલ । સદ્દગુરૂજીને પાસરે । ભ૦ । ઢોલ દદામણ ફેરીયે લાલ । મંગલિક ગાતાં ખાસરે । ભ૦ । ૫ । શ્રીફલ સખર સોપારીયારે લાલ । દીજે સ્વામી હાથરે । ભ૦ । લાભ અનતો બતાવીઓરે લાલ । સ્વયંમુખ ત્રિભોવન નાથરે । ભ૦ । ૬ । નવ વાંચના શ્રીસુત્રનીરે લાલ । સાંભલો સુધે ભાવરે । ભ૦ । સાહમિ ભક્તિ પ્રભાવનારે લાલ । ભવ જલ તારણ નાવરે । ભ૦ । ૭ । ચિત ધરી ચૈત્ય જુહારીયેરે લાલ । પુજા સતર પ્રકારરે । ભ૦ । અંગપુજા સદ્દગુરૂતણીરે લાલ । કીજે હરખ અપારરે । ભ૦ । ૮ । જીવ અમાર પલાવીયેરે લાલ । તિણથી સીવ સૂખ હોયરે । ભ૦ । દાન સંવછરી દીજીયેરે લાલ । ઇણ સમ અવર ન કોયરે । ભ૦ । ૯ । છઠ અઠમ તપસ્યા કરોરે લાલ કીજે ઉજ્વલ ધ્યાનરે । ભ૦ । કાઉસગ્ગ કરીને સાંભલોરે લાલ । આગમ આપણે કાનરે । ભ૦ । ૧૦ । ઈણ વિધે જે આરાધસ્યેરે લાલ । તે લહેસે સૂખ કોડીરે । ભ૦ । મુગતિ મંદિરમાં માલસેરે લાલ । મુનિ હંસ નમે કરજોડીરે । ભ૦ । ૧૧ । ઈતિ ।

× × ×

## શ્રી નવ પદની સઝાય

શ્રી મુનિચંદ્ર મુનિશ્વર વંદીએ ગુણવંતા ગુણધાર સુજ્ઞાની । દેશના સરસ સુધારસ વરસતાં, જીમ પુષ્કર જળધાર । સુ શ્રી । ૧ । અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર । સુ૦ । શ્રી શ્રીપાળ ભણી જાપ આપીઓ, કરી સીધચક ઉધાર । સુ૦ શ્રી૦ । ૨ । આંબિલ તપ વિધી શીખી આરાધીયો, પડિકમણાં દોયવાર । સુ૦ । અરિહંતાદિક પદ એક એકનું, ગણણું દોય હજાર । સુ૦ શ્રી૦ । ૩ । પડિલેહણ દોય

ટંકની આદરે, જીન પૂજા ત્રણ કાળ । સુ૦ । બ્રહ્મચારી વળી ભોંય સંથારવો, વચન ન આળપંપાળ । સુ૦ । શ્રી૦ । ૪ । મન એકાગ્ર કરી આંબિલ કરે, આસો ચૈત્ર માસ । સુ૦ । સુદિ સાતમથી નવ દિન કીજીએ. પુનમ ઓચ્છવ ખાસ । સુ૦ । શ્રી૦ । ૫ । એમ નવ ઓળી એકાશી આંબિલે પુરી પુરણ હર્ષ । સુ૦ । ઉજમણું પણ ઉદ્યમથી કરો, સાડાચારેરે વર્ષ । સુ૦ । શ્રી૦ । ૬ । એ આરાધનથી સુખ સંપદા જગમાં કીર્તી થાય । સુ૦ । રોગ ઉપદ્રવ નાસે એહથી આપદા દુર પલાય । સુ૦ । શ્રી૦ । ૭ । સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ । સુ૦ । મંત્ર જંત્ર તંત્ર સોહતો, મહિમા જાસ પ્રચંડ । સુ૦ । શ્રી૦ । ૮ । ચકેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ । સુ૦ । મન અભિલાષ પુરે સવિ તેહના. જે કરે નવ પદ સેવ । સુ૦ । શ્રી૦ । ૯ । શ્રીપાળે તેણી પરે આરાધીઓ દુર ગયો તસ રોગ । સુ૦ । રાજરુધી દિન દિન પ્રત્યે વાધતો, મન વંછીત લહ્યો ભોગ । સુ૦ । શ્રી૦ । ૧૦ । અનુક્રમે નવમે ભવે સીધી પામશે, સિધચક્ર સુપસાય । સુ૦ । એણી પરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ. જસવાદ ગવાય । સુ૦ । શ્રી૦ । ૧૧ । સંસારી સુખ વિલસી અનુક્રમે, કરી કર્મનો અંત । સુ૦ । ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવે શાશ્વત સુખ અનત । સુ૦ । શ્રી૦ । ૧૨ । એમ ઉત્તમ ગુરૂવયણ સુણી કરી, પાવન હુવા બહુ જીવ । સુ૦ । પદ્મવિજય કહે એ સુરતરૂસમો આપે સુખ સદૈવ । સુ૦ । શ્રી૦ । ૧૩ । સંપૂર્ણ ।

## નવપદ મહાત્મ્યે શ્રીપાલ રાજાની સઝાય

સરસતી માત મયા કરો. આપો વચન વિલાસોરે, મયણા સુંદરી સતી ગાયસું, આણી હૈડે ભાવોરે । ૧ । નવ પદ

મહિમા સાંભલો, મન ધરીયે ઉલાસોરે । મયણાસૂંદરી શ્રીપાલને ફલીયો ધરમ ઉદારોરે । નવ૦ । ૨ । માલવ દેસમાંહે વલી, ઉજેણી નયરી જામરે । રાજ કરે તિહાં રાજીયો, પૃથ્વીપાલ નરીંદરે । નવ૦ । ૩ । રાયતણી મન મોહની, ઘરણી અનોપમ હોયરે । તાસ કુખે સૂતા અવતરી સૂરસૂંદરી મયણા જોડરે । નવ૦ । ૪ । સુરસુંદરી પંડીત કને શાસ્ત્ર ભણી મિથ્યાતોરે । મયણાસૂંદરી સિદ્ધાંતનો, અરથ લીયો સુવિચારોરે । નવ૦ । ૫ । રાય કહે પૂત્રી પ્રત્યે, હું તુઠો તુમ નેહરે । વંછીત વર માગો સદા, આપું અનોપમ તેહરે । નવ૦ । ૬ । સુરસૂંદરી વર માંગીયો, પરણાવી સુભઠામોરે । મયણા સૂંદરી વયણ કહે, કરમ કરે તે હોયરે । નવ૦ । ૭ । કરમે તુમારે આવીયો, વર વરો બેટી જેહરે । તાત આદેસે કરગ્રહી, વરીયો કુષ્ઠી તેહરે । । નવ૦ । ૮ । આંબીલનો તપ આદરી, કોઢ અઢાર તે કાઢરે । સદ્ગુરૂ આજ્ઞા શીરધરી, હુયો રાય શ્રીપાલરે । નવ૦ । ૯ । દેશદેશાંતર ભમી કરી, આયો તે વર સંતરે । નવ રાણી પરણ્યો ભલી, રાજ્ય પામ્યો મન રંગરે । નવ૦ । ૧૦ । તપ પસાય સુખપંપદા, પ્રત્યક્ષ સ્વર્ગ પહુતોરે । ઉપસર્ગ સવી દુર ટલ્યો, પામ્યો સુખ અનંતોરે । નવ૦ । ૧૧ । તપગચ્છ દિનકર ઉગ્યો, શ્રીવિજયસેન સુરીંદોરે । તાસ શીષ્ય વિમલ એમ વિનવે, સતી નામે આણદોરે, નવપદ મહિમા સાંભલો । ૧૨ । ઇતિ,

## નાગકેતુની સજઝાય.

શ્રીજીનને ચરણે નમીરે, સદ્ગુરૂ ચરણ પસાય સલુણા । અઠમનો મહીમા કહુંરે સાચો શીવ સુખદાય સલુણા । ૧ । ભવી ભાવધરી આરાધીએરે, અઠમ તપ સુખકાર । સ૦ ।

આંકણી । ૧ । નાગકેતુ અઠમ કરીરે, જગ પામ્યા જયકાર । । સ૦ । ભવી૦ । ૨ । ચંદ્રકાંતા નયરીએરે, વીજયસેન નરનાહ । સ૦ । શ્રીકાંત વીવહારીઓરે, શ્રી સખીને શીરનાહ । સ૦ । । ભવી૦ । ૩ । દાયઉપાય બહુ કરીરે, શ્રીસખી પામી પુત્ર । । સ૦ । તે દંપતી આનંદીયારે અબ રહેસે ઘેર સુત્ર । સ૦ । । ભવી૦ । ૪ । પર્વ પજુષણ આવિયાંરે, અઠમની કરે વાત । । સ૦ । બાલુડો તે સાંભલીરે, જાતી સમરણ જાત । સ૦ । । ભવી૦ । ૫ । અઠમ તપ તવ આદરીરે, બાલે તજ્યો સ્તન-પાન । સ૦ । લઘુવયના સંજોગથીરે, તનુ ઘુતિ હોત મલીન । । સ૦ । ભવી૦ । ૬ । માતપીતા દેખીનેરે, મનમાં ખેદ ન માય, । સ૦ । મંત્ર જંત્ર મણી ઓષધીરે, કીધા કોડ ઉપાય । સ૦ । । ભવી૦ । ૭ । મુર્છિત થઇ ધરણી ઢલ્યોરે, મૃત જાણી તવ બાલ । સ૦ । લેઇ ઘાલ્યો તે ભુમિમાંરે, પીતા પોહતો કાલ । । સ૦ । ભવી૦ । ૮ । તપ શકતે ધરણીપતીરે, આસન કંપ્યું તામ । સ૦ । અવધિજ્ઞાને દેખીનેરે, આવી તીહાં શીરનામે । । સ૦ । ભવી૦ । ૯ । અમૃતપાને સીંચીનેરે, રાજપુરૂષ આવંત । । સ૦ । ધન હરતા તેવારીઆરે, સવી ભાખે વીરતંત । સ૦ । । ભવી૦ । ૧૦ । ઓછવસું ઘરે મુકીઓરે, ઇંદ્ર ગયા નીજ ધામ । સ૦ । રાય લોક હરખે કરીરે, નાગકેતુ ધર્યો નામ । । સ૦ । ભવી૦ । ૧૧ । છઠ અઠમ તપસાં કરેરે, ધારે શીલ મહંત । સ૦ । ચૈત્ય સંઘ નૃપ લોકનેરે, વ્યંતરથી રાખંત । । સ૦ । ભવી૦ । ૧૨ । એક દિન જીનવર પુજતારે, અંગે ડસ્યો ભુજંગ । સ૦ । ભાવના રસ રંગમાંરે ધ્યાન સકલ ધરે અંગ । । સ૦ । ભવી૦ । ૧૩ । શ્રેણી ક્ષેપક કેવલ લહ્યોરે, મહીયલ કર્યોરે વીહાર । સ૦ । શૈલેશી કરણે કરીરે, કરે શીવ રમણી શું પ્યાર । સ૦ । ભવી૦ । ૧૪ । ઓગણીસેં ઓગણત્રીસમારે,

શ્રાવણ સુદ શુભ ત્રીજ । સ૦ । [illegible] પદ સેવતાંરે, [illegible] દીઓ [illegible]દેરીઝ । સ૦ । ભવી૦ । ૧૫ । ઇતિ ।

## દેવાનંદાની સજ્ઝાય.

જીનવરરૂપ દેખી મન હરખી, સ્તનસે દુધ ઝરાયા તવ ગૌતમકું અચંબા, પ્રશ્ન કરણકું આયા, ગૌતમ એતો મેરી અમ્મા । ૧ । એ આંકણી। તસ કુખે તુમ કાઉ ન વસિયા, કવણુ કીયા ઇમ કમ્મા । ગૌ૦ । ૨ । ત્રીસલાદે રાણી હુતી, દેવાનંદા જેઠાણી, વિષયલોભ કરી કાંઇ ન જાણ્યો કપટ વાત મનમાં આણી । ગૌ૦ । ૩ । એસા શ્રાપ દીયા દેરાણી, તુમ સંતાન ન હોજ્યો, કર્મ આગલ કોઇનું નવિ ચાલે, ઇંદ્ર ચક્રવર્તિ જો જ્યો । ગૌ૦ । ૪ । દેરાણીકી રત્ન ડાબલી, બહુલા રત્ન ચોરાયા, જગડો કરતાં ન્યાય હુઓ તવ, તબ કછુ નાણા પાયા । ગૌ૦ । ૫ । ભરતરાય જબ રૂષભને પુછિ, એહમેં કોઇ જીણંદા । મરિચી પુત્ર ત્રિદંડી તેડો, ચોવીસમો જીણંદા । ગૌ૦ । ૬ । કુલનો ગર્વ કીયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા, મન વચન કાયાએ કરિને, હરખ્યો અતિ આનંદા । ગૌ૦ । ૭ । કર્મ સંયોગે ભીક્ષુકુલ પાયા, જનમન હુએ કબહુ । ઇંદ્ર અવધિએ જોતાં, અપ હરયો દેવ ભુજંગમબાંહે । ગૌ૦ । ૮ । ત્રાસી દિન તિહાંકણે વસીયો હરણગમેષી જવ આયા, સિધારથ ત્રિસલા દેરાણી, તસકુખે છતકાયા । ગૌ૦ । ૯ । રૂષભદતને દેવાનંદા લેસે સંજમ ભારા તવ ગૌતમ એ મુગતે જાસે ભગવતિ સુત્ર વિચારા । ગૌ૦ । ૧૦ । સિધારથ ત્રિસલાદે રાણી, અચુત દેવલોકે જાશે, બીજા ખંડે આચારાંગે, તે સુત્રે કેહવાસે । ગૌ૦ । । ૧૧ । તપગચ્છ શ્રી હીરવિજયસુરી, દિવો મનોરથવાણી, સકલચંદ પ્રભુ ગૌતમ પુછે ઉલટ મનમાં આણી ગૌતમ એતો મેરી અમ્મા । ૧૨ । ઇતિ ।

## શ્રી શાન્તીનાથનું ચૈત્ય વંદન.

દશમે ભવે શ્રી શાંતિજિન મેઘરથ રાજા નામ, પોષહ લીધો પ્રેમથી આત્મ સ્વરૂપ અભિરામ । ૧ । એક દિન ઇંદ્ર વખાણીયો મેઘરથ રાય, ધર્મ ચલાવ્યો નવિ ચલે જોજો પ્રાણી પરલોકે જાય । ૨ । દેવે માયા ધારણ કરી પારેવો સીંચાણો થાય, અણધાર્યું આવી પડ્યું પારેવડું ખોળા માય । ૩ । શરણે આવ્યું પારેવડું થર થર કંપે કાય, રાખ રાખ તું રાજવી મુજને સીંચાણો ખાય । ૪ । જીવ દયા મનમાં વસે કહે સીંચાણાને એહ, નહિ આપું રે પારેવડું કે તો કાપી આપું દેહે । ૫ । અભયદાન દેઇ કરીએ બાંધ્યું તીર્થંકર નામ, ઉદય રત્ન નિત્ય પ્રણમતાં પામે અવિચલ ધામ । ૬ ।


## નેમનાથજીનું ચૈત્ય વંદન.


બાલ બ્રહ્મચારી નેમનાથ સમુદ્રવિજય વિસ્તાર, શિવા દેવીનો લાડકો રાજુલ વર ભરથાર । ૧ । તોરણ આવ્યા નેમજી પશુડે માંડયો પોકાર, મોટો કોલા હલ થયો નેમજી કરે વિચાર । ૨ । જો પરણું રાજુલને જાય પશુનાં પ્રાણ, જીવ દયા મનમાં વસી ત્યાંથી કીધું પ્રયાણ । ૩ । તોરણથી રથ ફેરવ્યો રાજુલ મૂર્છિત થાય, આંખે આંસુડા વહે લાગે નેમજીને પાય । ૪ । સોગન આપું માહરા વળો પાછા એકવાર, નિર્દયથી શું વાલમાં કીધો મારો પરિહાર । ૫ । જીણી ઝબુકે વિજળી ઝરમર વરસે મેહ, રાજુલ ચાલ્યાં સાથમાં વૈરાગે ભીંજાણી દેહ । ૬ । સંજમ લઇ કેવલ વર્યા એ મુક્તિ પુરીમાં જાય, નેમ રાજુલની જોડને જ્ઞાન નમે સુખદાય ।૭।

સંપૂર્ણ.

# પોતાનાં પગલાં ઠાવાનો કોઠો

| માસનાં નામ | પોરિસીના પગલાં | સાઢ પોરિસીનાં પગલા | પરિમઢનાં પગલાં |
|---|---|---|---|
| અષાઢ | ૬ | ૩ | ૦ |
| શ્રાવણ | ૭ | ૪ | ૧ |
| ભાદ્રપદ | ૮ | ૫ | ૨ |
| આશ્વિન | ૯ | ૬ | ૩ |
| કાર્તિક | ૧૦ | ૭ | ૪ |
| માગસર | ૧૧ | ૮ | ૫ |
| પોષ | ૧૨ | ૯ | ૬ |
| માઘ | ૧૧ | ૮ | ૫ |
| ફાગણ | ૧૦ | ૭ | ૪ |
| ચૈત્ર | ૯ | ૬ | ૩ |
| વૈશાખ | ૮ | ૫ | ૨ |
| જયેષ્ઠ | ૭ | ૪ | ૧ |



(રાગ—મહાવીર સુકાની થઇને સાંભળ.)

લાગ્યા છે સદ્‌ગુરૂ દર્શનના કોડ,
ગુરૂજીની શીતળ એ છાંયડી;
વાણી મધુરી જગમાં અજોડ,
ગુરૂજીની શીતળ એ છાંયડી. —૧

જામનગર શહેરમાં જન્મ લઇને,
જૈન કુટુંબને દીપાવ્યું એણે;
સંસ્કાર સુંદર પડ્યા અપાર. ગુરૂજી-૨

ધન્ય હેમકુંવરની કુંખે એ જાયા,
રવજીભાઇના કુળ એણે અજવાળ્યા;
ગુણ એના વિસર્યા ન જાય. ગુરૂજી-૩

ગલાલચંદ ઝવેરીનું કુળ પ્રકાશિત,
આણંદજી પારેખની જાતિ શોભાવી;
સંયમ લીધો એણે ગુરૂપાસ. ગુરૂજી-૪

રત્નત્રયીનું આરાધન કરતાં,
જ્ઞાન ને ધ્યાનમાં એકતાન બનતાં;
સંયમમાં બન્યા છે શિરતાજ. ગુરૂજી-૫

ચુમાલીસ વર્ષનું ચારિત્ર પાળી,
જેઠ સુદ અગિયારસને શનિવારે;
પરલોકે કીધું એણે પ્રયાણ. ગુરૂજી-૬

અર્પો આશિષ ગુરૂજી અમોને,
થાયે ઉદ્ધાર આ અસાર સંસારથી;
માગે એટલું હેતશ્રીનો પરિવાર. ગુરૂજી-૭

જૈન ભાસ્કરોદય પ્રિન્ટિંગ પ્રેસ
આશાપુરા રોડ-જામનગર.